








# શ્રી દેવચંદ્રજી સ્તવન ચોવીશી

## સ્તવન ૧ થી ૧૨ (ભાગ - ૧)

વિવેચક : ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા

॥ શ્રી વીતરાગાય નમો નમઃ ॥

# શ્રી દેવચંદ્રજી મહારાજ સાહેબ કૃત
# સ્તવન ચોવીશી (ભાગ : ૧)

## સ્તવન ૧ થી ૧૨

વિવેચક :
**ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા**

પ્રકાશક :
**શ્રી જૈનધર્મ પ્રસારણ ટ્રસ્ટ**
A-૬૦૨, પાર્શ્વદર્શન કોમ્પ્લેક્ષ, નવયુગ કોલેજ સામે,
રાંદેર રોડ, સુરત-૩૯૫ ૦૦૯
Ph. (0261) 2763070.
Mo. 98983 30835

પ્રકાશક : જૈન ધર્મ પ્રસારણ ટ્રસ્ટ
A-૬૦૨, પાર્શ્વદર્શન કોમ્પ્લેક્ષ, નવયુગ કોલેજ સામે,
રાંદેર રોડ, સુરત-૩૯૫૦૦૯. ગુજરાત, (INDIA)
ફોન : ૦૨૬૧-૨૭૬૩૦૭૦,
મો : ૯૮૯૮૩૩૦૮૩૫

## પ્રાપ્તિ સ્થાન

**ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા**
A-૬૦૨, પાર્શ્વદર્શન કોમ્પ્લેક્ષ,
નવયુગ કોલેજ સામે,
રાંદેર રોડ, સુરત-૩૯૫૦૦૯, (INDIA)
Ph. (0261) 2763070
Mob. : 9898330835

**સેવંતીલાલ વી. જૈન**
ડી-૫૨, સર્વોદયનગર, ગ્રાઉન્ડ ફ્લોર,
પાંજરાપોળ, ૧લી લેન, સી.પી. ટેન્ક
મુંબઈ-૪
Ph. : (022) 2240 4717
2241 2445

**શ્રી યશોવિજયજી જૈન**
**સંસ્કૃત પાઠશાળા**
સ્ટેશન રોડ, રંગ મહોલના નાકે,
મહેસાણા. (ઉ. ગુજરાત)
Ph. (02762) 222927

**સરસ્વતી પુસ્તક ભંડાર**
હાથીખાના, રતનપોળ, અમદાવાદ.
ફોન : (૦૭૯) ૨૫૩૫૬૬૯૨

**જૈન પ્રકાશન મંદિર**
ખત્રીની ખડકી, દોશીવાડાની પોળ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧
Ph. (079) 25956806

| | | |
|---|---|---|
| વીર સંવત ૨૫૪૧<br>વિક્રમ સંવત ૨૦૭૧ | પ્રકાશન<br>વર્ષ | ઈસ્વીસન્ ૨૦૧૫<br>પ્રથમ આવૃત્તિ |
| કિંમત : રૂા. ૧૨૫-૦૦ | | |

કંપોઝ-પ્રિન્ટીંગ-બાઈન્ડીંગ : ભરત ગ્રાફિક્સ
ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રિલીફ રોડ, અમદાવાદ-૧.
ફોન : ૦૭૯-૨૨૧૩૪૧૭૬, મો. ૯૯૨૫૦૨૦૧૦૬
E-mail : bharatgraphics1@gmail.com

# પ્રસ્તાવના.......

પરમાત્મા શ્રી વીતરાગદેવની ભક્તિ કરવાના ઉત્તમ આશયથી ગુજરાતી ભાષામાં કાવ્યરૂપે ચૈત્યવંદનો-સ્તવનો અને સ્તુતિઓ બનાવનારા ૧૬મા સૈકાથી ૧૮મા સૈકા સુધીના કાળમાં અનેક મહાત્મા પુરુષો થયા છે. તેમાં (૧) મહામહોપાધ્યાય પૂ. શ્રી યશોવિજયજી મ. સા. (૨) પૂ. મોહનવિજયજી મ.સા. (૩) પૂ. શ્રી દેવચંદ્રજી મ.સા. (૪) પૂજ્ય શ્રી આનંદઘનજી મ. સા. આવી વ્યક્તિઓના નામો પ્રધાનપણે ગણાય છે. તથા તે મહાત્માઓએ બનાવેલી સ્તવન ચોવીશી આજે પણ ઘેર ઘેર મધુર સ્વરે ગવાય છે.

તે સર્વમાં પૂજ્ય દેવચંદ્રજી મહારાજશ્રીએ બનાવેલાં ચોવીશ સ્તવનો વધારે દ્રવ્યાનુયોગની પ્રધાનતાવાળાં છે. જૈન સમાજમાં આ વાત બહુ જ પ્રચલિત છે તેટલા માટે જ અમે તેઓના બનાવેલાં સ્તવનોના અર્થો લખવાનો અને તેને પ્રકાશિત કરવાનો વિચાર કર્યો હતો. જે આજે મૂર્તસ્વરૂપમાં પ્રગટ થઇ રહ્યો છે.

પૂજ્ય શ્રી દેવચંદ્રજી મહારાજ સાહેબનો જન્મ મારવાડના બીકાનેરનગરની પાસે આવેલા ચંગ નામના ગામમાં થયો હતો. ઓસવાલ વંશના તુલસીદાસ શાહ તે ગામમાં રહેતા હતા. તેમને ધનબાઈ નામે સુસંસ્કારી ધર્મપત્ની હતાં તે ધનબાઇની કુક્ષિએ આ મહાત્માનો જન્મ થયો હતો.

ધનબાઇ જ્યારે સગર્ભાવસ્થામાં હતાં ત્યારે વિચરતા-વિચરતા પૂજ્ય રાજસાગરજી મહારાજશ્રી તેમના ગામમાં પધાર્યા હતા. આ શ્રાવક અને શ્રાવિકા ધર્મપરિણામવાળા હોવાથી દરરોજ મહારાજશ્રીનાં વ્યાખ્યાન સાંભળવા જતાં હતાં. તેના કારણે ધર્મની ભાવનાથી વાસિત ચિત્તવાળાં હતાં. વ્યાખ્યાન આપનાર પૂ. રાજસાગરજી મ.શ્રી પાસે તે પતિ-પત્નીએ એવી પ્રતિજ્ઞા લીધી કે જો અમારે પુત્રરત્ન જન્મશે તો અમે તે બાળકને જૈનશાસનને સમર્પિત કરીશું. માતા-પિતાના કેવા ઉત્તમ સંસ્કારો !!!

ધનબાઇને ગર્ભકાળમાં સુંદર એક સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં પોતાના મુખમાં પ્રવેશ કરતો ચંદ્રમા જોયો. થોડાક સમયમાં ત્યાં પૂજ્ય જિનચંદ્રજી મહારાજશ્રી પધાર્યા. ધનબાઇએ પૂ. મહારાજશ્રીને પોતાના સ્વપ્નની વાત કરી. મહારાજશ્રીએ શાસ્ત્રોના આધારે તે સ્વપ્નનું ફળ કહ્યું કે, તમારે ત્યાં જન્મ પામનાર બાળક મહાપુરુષ થશે. કાં તો છત્રપતિ રાજા-મહારાજા થશે. અથવા દીક્ષા ગ્રહણ કરીને મહાયોગી પુરુષ થશે. આ વાત જાણીને પતિ-પત્ની વધારે વધારે ધર્મપરાયણ બન્યાં.

ગર્ભકાળ પૂર્ણ થતાં ધનબાઈએ વિક્રમ સંવત ૧૭૪૬માં ચંદ્ર જેવા ઉજ્જ્વલ પુત્રરત્નને જન્મ આપ્યો. સ્વપ્નને અનુસારે કુટુંબી લોકોએ તે બાળકનું **દેવચંદ્ર** એવું નામ રાખ્યું.

આ દેવચંદ્ર જ્યારે આઠ વર્ષની ઉંમરવાળા થયા, ત્યારે વિહાર કરતા કરતા પૂજ્ય રાજસાગરજી મહારાજ સાહેબ ત્યાં પધાર્યા. માત-પિતાએ પોતાની પ્રતિજ્ઞાને અનુસારે આ બાળકને ગુરુજીના ચરણોમાં સમર્પિત કર્યો. બે વર્ષ ગુરુજીએ આ બાળકને પોતાની પાસે રાખ્યો. આ આત્મા ઉત્તમ તો હતો જ. ગુરુજીએ દરરોજ વૈરાગ્યવાહી વાણી દ્વારા તેને મઠારી મઠારીને વધારે વૈરાગ્યવાસિત કર્યો.

સમય પાકતાં વિક્રમ સંવત ૧૭૫૬માં ૧૦ વર્ષની વયે દેવચંદ્રને પોતાની ભાવનાને અનુસારે દીક્ષા આપી. થોડોક કાળ ગયા પછી જિનચંદ્રજીએ વડીદીક્ષા આપી. તેમનું **રાજવિમલ** નામ રાખ્યું. પરંતુ લોકો તો તેઓને દેવચંદ્રજી એવા જુના નામથી જ બોલાવવા લાગ્યા. તેમના ગુરુજીનું નામ દીપચંદ્રજી હતું તેઓ શાસ્ત્રાભ્યાસમાં અને આત્મસાધનામાં લયલીન થયા.

કેટલોક સમય ગયા પછી શ્રી રાજસાગરજી વાચકે આ બાળમુનિની યોગ્યતા જોઈને રમણીય એવા વેણા નદીના કાંઠે ભૂમિગૃહમાં રહીને શ્રી સરસ્વતી મંત્રની સાધના કરાવી. પોતાના પુણ્યોદયે મા સરસ્વતી પ્રસન્ન થયાં અને તેમની જીભ ઉપર વસવાટ કર્યો. આ દેવીની પ્રસન્નતાથીશ્રી દેવચંદ્રજીએ ઘણા સાહિત્યની રચના કરી.

પૂજ્ય હરિભદ્રસૂરિજીના બનાવેલા, કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રચાર્યજીના બનાવેલા અને ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ. શ્રીના બનાવેલા ગ્રન્થોનો સવિશેષ અભ્યાસ કર્યો. કર્મગ્રંથ તથા કમ્મપયડિ આદિ ગ્રન્થોનો સવિશેષ અભ્યાસ કર્યો. કર્મગ્રંથ તથા કમ્મપયડિ આદિ ગ્રન્થોમાં સારા નિષ્ણાત પંડિત થયા. તથા કુદરતી રીતે પ્રાપ્ત થયેલી કાવ્ય બનાવવાની સુંદર શક્તિથી કવિરાજ પણ બન્યા.

જૈનશાસનમાં ૬૧ મી પાટે પૂજ્ય શ્રી જિનચંદ્રસૂરિજી થયા. જેઓ શાસનના મહાપ્રભાવક પુરુષ હતા. (પૂજ્યશ્રી હીરસૂરીશ્વરજી મહારાજશ્રીના કાળમાં આશરે ૧૫ મા સૈકામાં આ જિનેશ્વરસૂરિજી થયા. તેઓએ યુગપ્રધાનપદ પ્રાપ્ત કર્યું હતું.

તેમના શિષ્ય પુણ્યપ્રધાનજી થયા. પુણ્યપ્રધાનજીના શિષ્ય શ્રી સુમતિસાગરજી થયા. જેઓ વિદ્યાવિશારદતાના બિરુદને પામ્યા હતા. તેમના શિષ્ય સાધુરંગજી થયા. તેમના શિષ્ય રાજસાગરજી થયા કે જેઓની પાસે આ ચોવીશી બનાવનારનાં માત-પિતાએ આવી પ્રતિજ્ઞા કરી હતી કે, જો અમારે પુત્રરત્ન થશે તો જૈનશાસનને સમર્પિત કરીશું. તે રાજસાગરજી મહારાજ તથા જ્ઞાનધર્મ પાઠક આ બન્ને વડીલ ગુરુઓ હતા. તેમના શિષ્ય દીપચંદ્રજી પાઠક થયા કે જેઓ આ સ્તવન ચોવીશી બનાવનારા શ્રી દેવચંદ્રજી મહારાજના ગુરુજી હતા.

પૂજ્યશ્રી જિનચંદ્રસૂરિજીના આદેશથી શ્રી દીપચંદ્રજીએ વિક્રમ સંવત ૧૭૬૬ ના વૈશાખ માસમાં મૂલતાન (પંજાબ દેશ)માં વિહાર કર્યો અને ત્યાં પૂજ્ય દેવચંદ્રજી મહારાજે **ધ્યાન દીપિકા ચતુષ્પદી** નામનો ગ્રન્થ બનાવ્યો. તે ગ્રન્થની પ્રશસ્તિમાં આ પ્રમાણે કહ્યું છે કે-

**સંવત લેશ્યા[૬] રસને[૬] વારો[૭], જ્ઞેય[૧] પદાર્થ (૧૭૬૬) વિચારોજી।**
**અનુપમ પરમાતમપદ ધારો, માધવમાસ ઉદારોજી ॥**
**ખરતર આચારજ ગચ્છધારી, જિનચંદ્રસૂરિ જયકારીજી।**
**તસુ આદેશ લહી સુખકારી, શ્રી સુલતાન મઝારીજી ॥**
**ધ્યાન દીપિકા એહવા નામો, અરથ અછે અભિરામો જી।**
**રવિશશિ લગી થિરતા એ પામી, દેવચંદ્ર કહે આમોજી ॥**

શ્રી દેવચંદ્રજીએ વિક્રમ સંવત ૧૭૬૬ નું ચાતુર્માસ બીકાનેર (રાજસ્થાનમાં) કર્યું, અને વિક્રમ સંવત ૧૭૬૭ ના પોષ માસમાં "દ્રવ્યપ્રકાશ" નામનો ગ્રન્થ સાત ભાષામાં બનાવ્યો. (તે કાલે તેમની વય ૨૧ વર્ષની). તે ગ્રન્થની પ્રશસ્તિ આ પ્રમાણે છે -

**અન્ય મત સૌ અરૂંદ, બંધત હૈ દેવચંદ્ર ।**
**એસે જૈન આગમમેં, દ્રવ્યપ્રકાશ હૈ ॥**
**વિક્રમસંવત માન યહ [૭]ભય [૬]લેશ્યા કે ભેદ ।**
**[૧૭]શુદ્ધસંયમ અનુમોદિએ કરી આશ્રવકો છેદ॥ (૧૭૬૭)**

ત્યારબાદ વિક્રમ સંવત ૧૭૭૪ માં શ્રી રાજસાગરવાચક તથા ૧૭૭૫ માં શ્રી જ્ઞાનધર્મ પાઠક આ બન્ને વડીલ ગુરુઓ સ્વર્ગસ્થ થયા. ત્યાર પછી મોટા કોટમરોટમાં (રાજસ્થાનમાં) ચાતુર્માસ કર્યું. ત્યાં વિક્રમ સંવત ૧૭૭૬ ના ફાગણ માસમાં પોતાના અત્યન્ત સહાયક મિત્ર એવા દુર્ગાદાસના આત્મકલ્યાણ અર્થે "આગમસારોદ્ધાર" નામના ગ્રન્થની રચના કરી. આ વાત તેઓએ પોતે જ સ્વહસ્તે તે ગ્રંથમાં જણાવી છે. તે આ પ્રમાણે-

**આગમ સારોદ્ધાર યહ, પ્રાકૃત સંસ્કૃત રૂપ ।**
**ગ્રન્થ કીનો દેવચંદ્ર મુનિ, જ્ઞાનામૃત રસકૂપ ॥**
**કર્યો ઈહાં સહાય અતિ, દુર્ગાદાસ શુભચિત્ત ।**
**સમજાવન નિજ મિત્તકુ, કીનો ગ્રન્થ પવિત્ત ॥**
**સંવત સિત્તર છિહુત્તરે, મન શુદ્ધ ફાગણ માસ ।**
**મોટે કોટમરોટમેં, વસતા સુખ ચોમાસ ॥**

ત્યારબાદ વિક્રમ સંવત ૧૭૭૭ માં પાટણ (ગુજરાત) માં પધાર્યા. ત્યાં પૂર્ણિમા ગચ્છના નગરશેઠ શ્રીમાળી વંશીય શ્રાવક દોશી તેજશી જેતસીએ પૂર્ણિમા ગચ્છના આચાર્ય શ્રી ભાવપ્રભસૂરિજીના ઉપદેશથી સહસ્રકુટ જિનબિંબ ભરાવીને તેમની પાસે જ પ્રતિષ્ઠા કરાવી હતી. તે વખતે તપાગચ્છીય શ્રી જ્ઞાનવિમલસૂરિજી મ.સા. પણ ત્યાં ઉપસ્થિત હતા. ત્યારે શ્રી દેવચંદ્રજીએ સહસ્રકુટમાં આવતા ૧૦૨૪ જિનનાં નામો ગણાવતાં બન્ને વચ્ચે (દેવચંદ્રજી અને જ્ઞાનવિમલસૂરિજી વચ્ચે) પ્રીતિ-

મૈત્રી વૃદ્ધિ પામી હતી. તે બન્નેએ સાથે મળીને આનંદઘન ચોવીશીમાં છેલ્લા બે સ્તવનો રચ્યાં છે.

ત્યારબાદ શ્રીમદ્ દેવચંદ્રજીએ અનેક પ્રતિષ્ઠાઓ અને તેના ભવ્ય મહોત્સવો કરાવ્યા, તથા ક્રિયોદ્ધાર પણ કર્યો, તેમાં અપરિગ્રહતાને સવિશેષ પ્રધાનતા આપી. ત્યારબાદ રાજનગરમાં (અમદાવાદમાં) આવી નાગોરી શાળામાં ઉતરી ભગવતી સૂત્રની વાચના કરી અને તત્રસ્થ ઢુંઢક માણેકલાલને મૂર્તિપૂજક બનાવી નવું ચૈત્ય કરાવી તેમાં પ્રતિમાજીની સ્થાપના કરાવી. વિક્રમ સંવત ૧૭૭૯ માં ખંભાત ચાતુર્માસ કર્યું. પછી શત્રુંજય પધાર્યા, ત્યાં તીર્થ ઉપર નવાં ચૈત્ય કરાવ્યાં તથા કેટલાક જુનાં તીર્થોનો જિર્ણોદ્ધાર કરાવ્યો. તેના દ્વારા શત્રુંજયતીર્થનો મહિમા વધાર્યો ત્યાર પછી શ્રી દેવચંદ્રજી અમદાવાદ આવ્યા અને ત્યાંથી સુરત પધાર્યા.

વિક્રમ સંવત ૧૭૮૫-૧૭૮૬-૧૭૮૭ માં પાલીતાણામાં પ્રતિષ્ઠાનું કાર્ય કરીને પુનઃ રાજનગરમાં (અમદાવાદમાં) આવીને ચાતુર્માસ કર્યું. ત્યાં શાન્તિનાથની પોળમાં સહસ્રફણાની પ્રતિષ્ઠા કરાવી અને સમવસરણની પ્રતિષ્ઠા વખતે પણ તેઓ ઉપસ્થિત હતા. ત્યારબાદ વિક્રમ સંવત ૧૭૮૮ માં શત્રુંજય તીર્થ ઉપર શ્રી કુંથુનાથજીની પ્રતિષ્ઠા વખતે શ્રી દેવચંદ્રજી પોતાના ગુરુ શ્રી દીપચંદ્રપાઠકની સાથે ઉપસ્થિત હતા, તે જ વર્ષે તેમના ગુરુ શ્રી દીપચંદ્ર પાઠક સ્વર્ગે સિધાવ્યા. અમદાવાદમાં રત્નસિંહ ભંડારી સુબાના ઈષ્ટ પ્રિયમિત્ર આણંદરાયને ધર્મચર્ચામાં જિતવાથી રત્નસિંહ સુબો દેવચંદ્રજી ઉપર ખુશ હતો તે પણ ત્યાં પાલીતાણા વંદન કરવા આવ્યો હતો. તથા ત્યાં ફાટી નીકળેલા મૃગી નામના ઉપદ્રવને પણ મહાજનોની વિનંતિથી શ્રી દેવચંદ્રજીએ શમાવ્યો હતો, આવા પ્રકારની પ્રભાવકતા તે મહાત્મામાં પ્રવર્તતી હતી.

ધોળકાવાસી શ્રાવક જયચંદ શેઠની પ્રેરણાથી એક વિષ્ણુયોગીને પણ શ્રી દેવચંદ્રજીએ જૈનધર્મનો અનુરાગી બનાવ્યો હતો. ત્યારબાદ વિક્રમ સંવત ૧૭૯૫ માં પાલીતાણામાં અને વિ.સં. ૧૭૯૬ અને ૧૭૯૭ માં જામનગરમાં (જામનગરના નવાનગર નામના પરામાં) સ્થિરતા કરી હતી. ત્યાં ઢુંઢકોને જિતીને બંધ થયેલ જિનપૂજાને પુનઃ ચાલુ કરાવી હતી. ત્યાં વિક્રમ સંવત ૧૭૯૬ ના કારતક સુદ ૧ ના દિવસે જામનગરમાં (નવાનગરમાં) વિચારસાર નામનો ગ્રન્થ અને કારતક સુદ પાંચમા દિવસે **જ્ઞાનમંજરી નામનો ગ્રંથ** પૂર્ણ કર્યો, તેની સાક્ષી રૂપે વિચારસાર ગ્રન્થની પ્રશસ્તિ આ પ્રમાણે છે.

**जा जिनवाणी विजयइ, ताव चिरं चिट्ठउ इमं वयणं ।**
**नूतनपुरम्मि रइयं, देवचन्देण नाणट्ठं ॥**
**[६]रसनिही[९] संजम[१७] ( १७९६ ) वरिसे,**
**सिरिगोयमकेवलस्स वरदिवसे ।**
**आयत्थं उद्धरियो, समयसमुद्दाओ रुद्दाओ ॥**

ત્યારબાદ પટધરીના ઠાકોરને પ્રતિબોધીને શ્રી દેવચંદ્રજી પુનઃ પાલીતાણા તથા નવાનગરમાં પધાર્યા. પછી ૧૮૦૨-૧૮૦૩ માં રાણાવાવમાં સ્થિરતા કરી ત્યાંના રાણાનો ભગંદરવ્યાધિ મટાડ્યો. વિક્રમ સંવત ૧૮૦૪ માં ભાવનગરમાં આવીને ઢુંઢકમતના ઠાકરશીને મૂર્તિપૂજક બનાવ્યો તથા ત્યાંના રાજા ભાવસિંહજીને (જેના નામથી ભાવનગર નામ સ્થપાયું તેને) જૈન ધર્મ પ્રત્યે પ્રીતિવાળો બનાવ્યો. ત્યારબાદ વિક્રમ સંવત ૧૮૦૫-૧૮૦૬ માં લીંબડીમાં (ગુજરાતમાં) સ્થિરતા કરી અને લીંબડીના દેરાસરના મૂલનાયકની બન્ને બાજુએ બે દેરીઓની પ્રતિષ્ઠા કરાવી. તથા

ધાંગધ્રા અને ચૂડારાણપુરમાં પણ જિનબિંબોની પ્રતિષ્ઠા કરાવી. ધાંગધ્રામાં તેમને સુખાનંદજીનો મિલાપ થયો.

વિક્રમ સંવત ૧૮૦૮ માં ગુજરાતથી સંઘ લઈને શત્રુંજય ગયા. ત્યાં વિશિષ્ઠ પૂજા-અર્ચના કરાવી. તેમાં શ્રાવક-શ્રાવિકા વર્ગે ઘણું સારું દ્રવ્ય ખર્ચ્યું. વિક્રમ સંવત ૧૮૦૯-૧૮૧૦ ગુજરાતમાં સુરતમાં ચાતુર્માસ કર્યાં. વિક્રમ સંવત ૧૮૧૦ માં સુરતના શ્રી કચરાકીકા સંઘવીએ શત્રુંજયનો સંઘ કાઢ્યો, તેમાં શ્રી દેવચંદ્રજી પધાર્યા અને શત્રુંજય તીર્થ ઉપર જિનબિંબોની પ્રતિષ્ઠા કરાવી તેમાં કચરાકીકાએ તે કાળના ચલણ પ્રમાણે ૬૦,૦૦૦ સાઅેઠ હજાર દ્રવ્ય ખરચ્યું. સંઘવીના સ્તવનમાં શ્રીમદ્ દેવચંદ્રજી કહે છે કે -

**સંવત અઢારસે ને દસ વરસે, સીત મૃગસીર તેરસીએ ।**
**શ્રી સુરતથી ભક્તિ હરખથી, સંઘ સહિત ઉલ્લસીએ ॥**
**કચરાકીકા જિનવરભક્તિ, રૂપચંદ ગુણવંતજી એ ।**
**જ્ઞાનાનંદિત ત્રિભુવનવંદિત, પરમેશ્વર ગુણલીના એ ।**
**દેવચંદ્રપદ પામે અદ્‌ભુત, પરમ મંગલ લયલીના એ ।**

ત્યારબાદ વિક્રમ સંવત ૧૮૧૧ માં લીંબડીમાં પ્રતિષ્ઠા કરાવી અને વઢવાણમાં ઢુંઢક શ્રાવકોને પ્રતિબોધ્યા, મૂર્તિપૂજક બનાવ્યા.

## વાચકપદપ્રદાન-શિષ્યપરંપરા-સ્વર્ગગમન

વિક્રમ સંવત ૧૮૧૨ માં શ્રીમદ્ દેવચંદ્રજી રાજનગર (અમદાવાદ)માં પધાર્યા, ત્યારે તેમના ગચ્છાધિપતિએ તેમને વાચકપદ અર્પણ કર્યું. શ્રીમદ્ દેવચંદ્રજી વાચકવર અમદાવાદમાં દોશીવાડાની પોળમાં ડહેલાના ઉપાશ્રયે બીરાજતા હતા. ત્યારે વાયુપ્રકોપથી વમનાદિ વ્યાધિ થતાં પોતાના શિષ્યોને બોલાવી હિતશિક્ષા આપી. શ્રી દેવચંદ્રના

મુખ્ય બે શિષ્યો હતા. (૧) શ્રી મનરૂપજી અને (૨) તર્કશાસ્ત્રના અભ્યાસી શ્રી વિજયચંદ્રજી. તે બન્નેને બે બે શિષ્યો હતા.

- દેવચંદ્રજી
  - મનરૂપજી
    - વક્તુજી
    - રાયચંદજી
  - વિજયચંદ્રજી
    - રૂપચંદજી
    - સભાચંદ્રજી

વિક્રમ સંવત ૧૮૧૨ ના ભાદરવા વદી અમાવાસ્યાની રાત્રે એક પ્રહર પૂર્ણ થતાં દશવૈકાલિક તથા ઉત્તરાધ્યયન સૂત્ર વગેરે સૂત્રોનું શ્રવણ કરતાં કરતાં તથા શ્રી અરિહંત પરમાત્માનું ધ્યાન ધરતાં ધરતાં શ્રી દેવચંદ્રજીએ દેહનો ત્યાગ કર્યો. અને સર્વ શ્રાવકોએ મહોત્સવપૂર્વક તેમના મૃતદેહનો હરિપુરા (અમદાવાદ)માં અગ્નિસંસ્કાર કર્યો. તે કાળે અગ્નિસંસ્કારની સારી ઉછામણી થઈ હતી. સર્વે મહાજનોએ મળી તેમના દાહસ્થળે સ્તૂપ કરાવી તેમની ચરણપાદુકા ત્યાં સ્થાપન કરી જે આજે પણ જોવા મળે છે.

વિક્રમ સંવત ૧૭૪૩ માં તપાગચ્છીય મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ.શ્રી ડભોઈમાં સ્વર્ગવાસ પામ્યા. ત્યારબાદ ત્રણ વર્ષે ૧૭૪૬ માં શ્રી દેવચંદ્રજીનો જન્મ થયો. તેમની ૧૭૫૬ માં દીક્ષા થઈ અને ૧૮૧૨ માં સ્વર્ગવાસ પામ્યા. શ્રી દેવચંદ્રજી ખરતરગચ્છના હોવા છતાં તપાગચ્છના શ્રી આનંદઘનજી, શ્રી યશોવિજયજી આદિને પૂજ્ય મહાપુરુષો ગણીને તેમના ગ્રન્થોનો વિશાળ અભ્યાસ કરતા હતા અને પોતાની ગ્રન્થરચનામાં ઠેર ઠેર તેમનાં અવતરણો તેઓશ્રી ટાંકતા હતા.

જૈનેતર યોગસૂત્રકાર પતંજલિને પણ "મહાત્મા પુરુષ" કહીને ઉલ્લેખ્યા છે. વળી તપાગચ્છીય શ્રી ખીમાવિજયજીના શિષ્ય જિનવિજયજી આદિને પાટણમાં જઈને શ્રી વિશેષાવશ્યકભાષ્ય ભણાવ્યું છે. તે અંગેનો પાઠ આ પ્રમાણે છે -

**"શ્રી જ્ઞાનવિમલસૂરિજી કન્હે, વાંચી ભગવતી ખાસ ।**
**મહાભાષ્ય અમૃત લહ્યો, દેવચંદ્ર ગણિ પાસ ॥"**

તથા શ્રી જિનવિજયજીના શિષ્ય શ્રી ઉત્તમ-વિજયજીને ભાવનગરના ચોમાસામાં આગમોનો અભ્યાસ કરાવ્યો હતો તે અંગેનો પાઠ "ઉત્તમવિજયજી નિર્વાણ રાસ"માં છે. તે આ પ્રમાણે -

**ભાવનગર આદેશે રહ્યા, ભવિ હિત કરે મારા લાલ ।**
**તેડાવ્યા દેવચંદ્રજીને, હવે આદરે મારા લાલ ॥**
**વાંચે શ્રી દેવચંદ્રજી પાસે, ભગવતી મારા લાલ ।**
**પન્નવણા અનુયોગદ્વાર, વળી શુભમતિ મારા લાલ ॥**
**સર્વ આગમની આજ્ઞા દીધી, દેવચંદ્રજી મારા લાલ ।**
**જાણી યોગ્ય તથા ગુણગણના વૃંદ મારા લાલ ॥**

તપાગચ્છ, ખરતરગચ્છ અને અંચલગચ્છ વગેરે ગચ્છોના વિદ્વાન મુનિવરો પ્રત્યે તેમનો ઘણો પ્રેમભાવ હોવાથી તથા ગુણાનુરાગિતા, સમભાવદૃષ્ટિ અને આત્મજ્ઞાનિતા ઈત્યાદિ ગુણો તેઓમાં અતિશય વિકાસ પામેલા હોવાથી સર્વ ગચ્છોમાં તેમની હયાતિમાં જ તેઓની પ્રતિષ્ઠા-મહત્તા-ખ્યાતિ અને વિદ્વત્તા ઘણી પ્રસિદ્ધિને પામી હતી. શ્રી પદ્મવજયજીએ બનાવેલા "ઉત્તમવિજયજી નિર્વાણરાસ"માં જણાવ્યું છે કે

**ખરતરગચ્છમાંહે થયા રે, નામે શ્રી દેવચંદ્ર રે ।**
**જૈનસિદ્ધાન્ત શિરોમણિ રે, ધૈર્યાદિક ગુણવૃંદો રે ॥**
**દેશના જાસ સ્વરૂપની રે**

## ૨૨ ગુણોથી અલંકૃત વ્યક્તિત્વ

વિક્રમ સંવત ૧૮૨૫ ના આસો સુદ-૮ ના રવિવારે બનાવેલા (તે દિવસે પૂર્ણતા પામેલા) "દેવવિલાસ રાસ"ના પ્રારંભમાં પૂજ્યશ્રીમાં સુંદર અદ્વિતીય ૨૨ ગુણો હતા તેનો ઉલ્લેખ તથા વર્ણન ત્યાં આપેલું છે. તે ૨૨ ગુણોનાં નામો આ પ્રમાણે છે.

(૧) સત્યવક્તા
(૨) બુદ્ધિમાન
(૩) જ્ઞાનવંતતા
(૪) શાસ્ત્રધ્યાની
(૫) નિષ્કપટી
(૬) અક્રોધી
(૭) નિરહંકારી
(૮) સૂત્રનિપુણ
(૯) સકલશાસ્ત્રપારગામી
(૧૦) દાનેશ્વરી
(૧૧) વિદ્યાદાનશાળાપ્રેમી
(૧૨) પુસ્તકસંગ્રાહક
(૧૩) વાચકપદપ્રાપ્ત
(૧૪) વાદિજીપક
(૧૫) નૂતનચૈત્યકારક
(૧૬) વચનાતિશયવાળા
(૧૭) રાજેન્દ્રપ્રધાનપૂજિત
(૧૮) મારી ઉપદ્રવનાશક
(૧૯) સુવિખ્યાત
(૨૦) ક્રિયોદ્ધારક
(૨૧) મસ્તકે મણિધારક
(૨૨) શાસનપ્રભાવક

## અંતર્મુખી અને સ્વરૂપલક્ષી જીવન

વાચકવર શ્રી દેવચંદ્રજી વિદ્વાન પ્રભાવક, લેખક, અધ્યાપક અને વક્તા હોવાની સાથે સાથે અધ્યાત્મયોગી અંતર્મુખી અને આત્મજ્ઞાની પણ હતા, જેમ આરિસામાં વ્યક્તિનું પ્રતિબિંબ પડે છે તેમ લેખમાં લેખકનું, ગાયનમાં ગાયકનું, ચાલમાં ચાલકનું અને કૃતિમાં કૃતિકારનું વ્યક્તિત્વ

અવશ્ય પ્રતિબિંબિત થાય છે. તેમની રચનાશૈલી ઉપરથી જ તેમનામાં પ્રગટ થયેલી ઉચ્ચ કોટિની આત્મ-દશાની પરિણતિ હતી તેની સહજપણે જ પ્રતીતિ થઈ જાય છે. કારણ કે પોતાના સહજ શુદ્ધ સ્વરૂપની સિદ્ધિ વિના નિજાનંદની મસ્તીનો આટલો બધો ઉછાળો કેમ સંભવે ?

પૌદ્‌ગલિક પદાર્થોના કામરસને છોડ્યા વિના અને આત્મિક શુદ્ધ સ્વરૂપના અનુભવ રસના આનંદને માણ્યા વિના કોઈ પણ આત્માની વૃત્તિ અંતર્મુખી બનતી નથી, કારણ કે દેહાધ્યાસના સંસ્કાર અનાદિકાલીન છે તે દેહાધ્યાસના નાશપૂર્વક આત્મસ્વભાવમાં સ્થિર થવાની પ્રવૃત્તિ જીવ જ્યારે કરે છે ત્યારે જ સચ્ચિદાનંદમય આત્મિકસુખનું આસ્વાદન થાય છે. દેવચંદ્રજી આવી ઉત્તમ દશાના સ્વામી હતા તથા તેઓ બાલબ્રહ્મચારી હતા, વૈરાગી હતા. તેથી તેમની આત્મિક શુદ્ધ ઉપયોગની રમણતામાં ન્યૂનતા કે શૂન્યતા આવતી ન હતી. શ્રી દેવચંદ્રજી વાચકવરે આગમોમાં રહેલા સારામાં સારા અને ગંભીરમાં પણ ગંભીર તત્વોને તથા દ્રવ્યાનુયોગ જેવા ગહન પદાર્થને પણ ચોવીસ તીર્થંકર ભગવંતોનાં સ્તવનો બનાવવા રૂપે પદ્યગ્રંથોમાં સાદી અને સરળ ભાષામાં ગુંથી લીધાં છે.

વિષયો ગુંથ્યા છે એટલું જ નહીં, પરંતુ તેના ઉપર બાલાવબોધ લખીને વિદ્વદ્‌ભોગ્ય સાહિત્યને બાલભોગ્ય પણ બનાવી દીધું છે. તેઓ જ્યારે પ્રભુભક્તિમાં લયલીન થઈને મસ્તમોજી બની જતા હતા, ત્યારે દેહાતીત થઈને બાહ્યભાવથી સર્વથા પરાઙ્મુખ બની જતા હતા અને સ્વરૂપરમણતામાં ખોવાઈ જતા હતા, માટે જ તેમના ગ્રન્થો રૂપી સરોવરમાં ભક્તિરસની સાથે સાથે તત્ત્વરસની, અધ્યાત્મરસની, વૈરાગ્યરસની અને સમતારસની છોળો ઉછળે છે. મોજાઓ ઉછળે છે. ઉત્તમરસથી સર્વે કૃતિઓ છલકાય છે.

આવા ઉત્તમ મહાત્મા પુરુષે બનાવેલાં આ ચોવીશે સ્તવનોને **દેવચંદ્રજી કૃત ચોવીશી** કહેવાય છે. અમે અમારા ક્ષયોપશમ પ્રમાણે તેના અર્થો ખોલવા પ્રયત્ન કર્યો છે.

આ ચોવીશ સ્તવનોના અર્થો લખવામાં નીચેના ચાર પુસ્તકોનો સહારો લીધો છે. તે પુસ્તકોના કર્તાનો ઘણો આભાર હું માનું છું.

(૧) શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ હ. વકીલ સાહેબ, શ્રી મોહનલાલ હીંમચંદભાઈ, પાદરા, પ્રકાશન વર્ષ : વિ. સં. ૧૯૮૫

(૨) શ્રી રાયચંદ ધનજીભાઈ અજાણી, સંપાદક : લક્ષ્મીચંદ શામજી મહેશ્વરી, નવીન કલ્યાણ ધરમશી ડોંબીવલી (પૂર્વ) માનપાડા રોડ, મુંબઈ

(૩) શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક સભા : ૧૨, બી-સત્તર તાલુકા સોસાયટી, પો. નવજીવન, અમદાવાદ-૧૪

(૪) શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર-બેંગ્લોર

આ ચાર પુસ્તકોમાં પ્રથમ પુસ્તકનો વધારે સહારો લીધો છે. આ ચોવીશે સ્તવનો મુખપાઠ કરવાપૂર્વક ભક્તિ રસમાં લીન થઈને પરમાત્માની સામે ગાવા જેવાં છે.

અંતે આ અર્થો ખોલવામાં મારી છદ્મસ્થતાના કારણે તથા ઉપયોગની શૂન્યતાના કારણે કદાચ કંઈ દોષો રહી ગયા હોય તો શ્રી ચતુર્વિધ સંઘ સમક્ષ યાચના કરીને માફી માંગું છું. તથા ક્ષતિઓ વેલાસર જણાવશો તો બીજી આવૃત્તિમાં જરૂર સુધારો થઈ શકશે. એ જ

લિ.
**ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા**
Ph. : (061) 2763070
M. : 98983 30835

**A-૬૦૨, પાર્શ્વદર્શન કોમ્પ્લેક્ષ,**
**નવયુગ કોલેજ સામે, રાંદેર રોડ,**
**સુરત-૩૯૫ ૦૦૯**

# અમારા અન્ય પ્રકાશનો

૧. **શ્રી જૈન ધર્મના મૌલિક સિદ્ધાન્ત :-** નવકારથી સામાઈય-વયજુત્તો સુધીનાં સૂત્રો ઉપર વિવેચન. નવતત્ત્વ, ચૌદ ગુણ-સ્થાનકો, કર્મના ૧૫૮ ભેદો, સાત નયો, સપ્તભંગી અને કાલાદિ પાંચ સમવાયી કારણો ઉપર સરળ ગુજરાતી વિવેચન.

૨. **શ્રી જૈન તત્ત્વ પ્રકાશ :-** દેવસી-રાઈઅ પ્રતિક્રમણનાં સૂત્રો ઉપર સરળ ગુજરાતી વિવેચન.

૩. **જૈન ધાર્મિક પ્રશ્નોત્તર માલા :-** પ્રૌઢ બહેનો અને ભાઈઓને ઉપયોગી ચારસો પ્રશ્ન-ઉત્તરોનો સુંદર સંગ્રહ.

૪. **જૈન ધાર્મિક પારિભાષિક શબ્દકોષ :-** જૈન શાસ્ત્રોમાં વારંવાર વપરાતા પારિભાષિક ધાર્મિક શબ્દોના અર્થો, ધાર્મિક શબ્દકોશ.

૫. **યોગવિંશિકા :-** ઉપાધ્યાયજી કૃત ટીકાના અનુવાદ સાથે. ગુજરાતી સરળ વિવેચન.

૬. **યોગશતક :-** સ્વોપજ્ઞટીકા તથા ટીકાના અનુવાદ સાથે. ગુજરાતી સરળ વિવેચન.

૭. **યોગદૃષ્ટિ સમુચ્ચય :-** પૂ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી કૃત સ્વોપજ્ઞ ટીકા સાથે ટીકાનું અતિશય સરળ ગુજરાતી વિવેચન.

૮. **પ્રથમકર્મગ્રન્થ (કર્મવિપાક) :-** સરળ ગુજરાતી વિવેચન.

૯. **દ્વિતીય કર્મગ્રન્થ (કર્મસ્તવ) :-** સરળ ગુજરાતી વિવેચન.

૧૦. **તૃતીય કર્મગ્રન્થ (બંધસ્વામિત્વ) :-** સરળ ગુજરાતી વિવેચન.

૧૧. **ચતુર્થ કર્મગ્રન્થ (ષડશીતિ) :-** સરળ ગુજરાતી વિવેચન.

૧૨. **પંચમકર્મગ્રન્થ (શતક)** :- પૂજ્યપાદ આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મ.સા. કૃત સો ગાથાના શતક નામના પાંચમા કર્મગ્રન્થનું ગાથા-ગાથાર્થ-શબ્દાર્થ-સંસ્કૃત છાયા સાથે ગુજરાતી સરળ વિવેચન.

૧૩. **છઠ્ઠો કર્મગ્રન્થ (સપ્તતિકા)** :- છઠ્ઠા કર્મગ્રન્થનું ગાથા-ગાથાર્થ-શબ્દાર્થ-સંસ્કૃત છાયા સાથે ગુજરાતી સરળ વિવેચન.

૧૪. **તત્ત્વાર્થાધિગમસૂત્ર** :- સૂત્રોનું સરળ, રોચક સંક્ષિપ્ત વિવેચન.

૧૫. **સમ્યક્ત્વના સડસઠ બોલની સજ્ઝાય** :- ઘણી જ રોચક કથાઓ સાથે તથા સમ્યક્ત્વ સપ્તતિકાની ગાથાઓ સાથે સડસઠ ગુણોનું વર્ણન.

૧૬. **આઠ દૃષ્ટિની સજ્ઝાય** :- પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ. સા. કૃત આઠ દૃષ્ટિની સજ્ઝાયના સરળ ગુજરાતી અર્થો.

૧૭. **સવાસો ગાથાનું સ્તવન** :- પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મ.સા. કૃત, શ્રી સીમંધરસ્વામી પરમાત્માને વિનંતિ કરવારૂપે નિશ્ચયનય અને વ્યવહારનય ગર્ભિત સવાસો ગાથાનું સ્તવન ગુજરાતી અર્થ વિવેચન સાથે.

૧૮. **નવસ્મરણ** :- મૂળ ગાથાઓ, ગુજરાતીમાં ગાથાઓના સરળ અર્થ, ઇંગ્લીશમાં મૂળ ગાથાઓ અને ઇંગ્લીશમાં તે ગાથાઓના અર્થ.

૧૯. **પૂજા સંગ્રહ સાર્થ** :- પંચકલ્યાણક, અંતરાયકર્મ નિવારણ, પિસ્તાલીસ આગમની પૂજા આદિ પૂજાઓ સુંદર ભાવવાહી અર્થ સાથે.

૨૦. **સ્નાત્રપૂજા સાર્થ** :- પૂ. વીરવિજયજી કૃત સ્નાત્રપૂજા અર્થ સાથે.

૨૧. **શ્રી સમ્યક્ત્વ મૂલ બારવ્રત** :- વિવેચન સહ.

૨૨. **શ્રી વાસ્તુપૂજા સાર્થ :-** પૂ. આચાર્ય શ્રી બુદ્ધિસાગરજી કૃત વાસ્તુપૂજાનું સુંદર-સરળ તથા જૈન વિધિ સહ ગુજરાતી ભાષાંતર.

૨૩. **રત્નાકરાવતારિકા(ભાગ-૧) :-** પ્રમાણનયતત્ત્વાલોક ઉપરની પૂ. રત્નાપ્રભાચાર્ય રચિત ટીકા તથા તે ટીકાનો સરળ ગુજરાતી અર્થ. (પરિચ્છેદ ૧-૨)

૨૪. **રત્નાકરાવતારિકા (ભાગ-૨) :-** પૂ. વાદિદેવસૂરિજી રચિત પ્રમાણનયતત્ત્વાલોક ઉપરની પૂ. રત્નપ્રભાચાર્ય રચિત ટીકા તથા તે ટીકાનો સરળ ગુજરાતીમાં અર્થ. (પરિચ્છેદ ૩-૪-૫)

૨૫. **રત્નાકરાવતારિકા (ભાગ-૩) :-** પરિચ્છેદ ૬-૭-૮. પૂ. રત્નપ્રભાચાર્ય મ.સા. રચિત ટીકા તથા તેનું સરળ ગુજરાતી વિવેચન.

૨૬. **દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ :-** પૂ. ઉ. શ્રીયશોવિ. મ. કૃત ગુજરાતી ટબા સાથે તથા ટબાની તમામ પંક્તિઓના વિવેચન અર્થ સાથે.

૨૭. **અઢાર પાપસ્થાનકની સજ્ઝાય :-** અર્થ વિવેચન સાથે.

૨૮. **સમ્મતિ પ્રકરણ :-** પૂજ્ય આ. શ્રી સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી કૃત સમ્મતિ પ્રકરણનું પાઠ્ય પુસ્તકરૂપે ગુજરાતી વિવેચન.

૨૯. **ગણધરવાદ :-** પરમારાધ્ય સિદ્ધાન્તપાક્ષિક પૂજ્યપાદ આચાર્ય શ્રી જિનભદ્રગણિ-ક્ષમાશ્રમણજી વિરચિત શ્રી વિશેષાવશ્યકભાષ્ય આધારિત શ્રી મલધારી હેમચંદ્રાચાર્યજી વિરચિત ટીકાના અનુવાદ રૂપે "ગણધરવાદ".

૩૦. **જ્ઞાનસાર અષ્ટક તથા જ્ઞાનમંજરી :-** દ્રવ્યાનુયોગના પ્રખરાભ્યાસી શ્રી દેવચંદ્રજી મ. કૃત જ્ઞાનમંજરી ટીકા તથા ટીકાના વિવેચન સાથે સરળ ગુજરાતી જ્ઞાનસારાષ્ટકનું વિવેચન.

૩૧. **અમૃતવેલની સજ્ઝાય :-** અર્થ સભર સુંદર ગુજરાતી વિવેચન.

૩૨. **યોગસાર :-** પાંચ પ્રસ્તાવ ઉપર અર્થ સભર સુંદર-ભાવવાહી ગુજરાતી વિસ્તૃત વિવેચન છે.

૩૨. **શ્રી દેવચંદ્રજી મ. કૃત સ્તવન ચોવીશી (ભાગ : ૧-૨)** : પ્રથમ ભાગમાં ૧થી ૧૨ ભગવાનના સ્તવનોના ગુજરાતીમાં ભાવવાહી સુંદર અર્થો તેમજ ભાગ ૨માં ૧૩થી૨૪ ભગવાનના સ્તવનોના ગુજરાતી ભાષામાં સુંદર અર્થો લખેલા છે. ૨

# ભાવિમાં પ્રકાશિત થનારા ગ્રંથો

૩૫. **કર્મપ્રકૃતિ :-** પૂજ્યપાદ્ શ્રી શીવશર્મસૂરિજીકૃત કમ્મપયડી તથા તેનું ગુજરાતી ભાષામાં સરળ વિવેચન. (પ્રેસમાં)

૩૬. **નિહ્નવવાદ :-** પૂજ્ય આચાર્યદેવ શ્રી જિનભદ્રગણિકૃત શ્રી

# અનુક્રમણિકા


| વિષય | પાના નંબર |
|---|---|
| પ્રથમ શ્રી ઋષભદેવ પરમાત્માનું સ્તવન | ૨ થી ૧૪ |
| બીજા શ્રી અજિતનાથ પરમાત્માનું સ્તવન | ૧૫ થી ૩૬ |
| ત્રીજા શ્રી સંભવનાથ પરમાત્માનું સ્તવન-૧ | ૩૭ થી ૫૧ |
| ત્રીજા શ્રી સંભવનાથ પરમાત્માનું સ્તવન-૨ | ૫૧ થી ૬૫ |
| ચોથા શ્રી અભિનંદનસ્વામી પરમાત્માનું સ્તવન | ૬૬ થી ૮૦ |
| પાંચમા શ્રી સુમતિનાથ પરમાત્માનું સ્તવન | ૮૧ થી ૧૦૦ |
| છટ્ઠા શ્રી પદ્મપ્રભ પરમાત્માનું સ્તવન | ૧૦૧ થી ૧૧૩ |
| સાતમા શ્રી સુપાર્શ્વનાથ પરમાત્માનું સ્તવન | ૧૧૩ થી ૧૨૭ |
| આઠમા શ્રી ચંદ્રપ્રભ પરમાત્માનું સ્તવન | ૧૨૮ થી ૧૪૭ |
| નવમા શ્રી સુવિધિનાથ પરમાત્માનું સ્તવન | ૧૪૮ થી ૧૬૧ |
| દસમા શ્રી શીતલનાથ પરમાત્માનું સ્તવન | ૧૬૨ થી ૧૭૬ |
| અગ્યારમા શ્રી શ્રેયાંસનાથ પરમાત્માનું સ્તવન | ૧૭૭ થી ૧૮૮ |
| બારમા શ્રી વાસુપૂજ્ય પરમાત્માનું સ્તવન | ૧૮૯ થી ૨૦૪ |

# પરમ પૂજ્ય
# શ્રી દેવચંદ્રજી મહારાજ સાહેબ કૃત
# ચોવીશી : ભાગ-૧

(સ્વોપજ્ઞ બાલાવબોધ તથા ગુજરાતી વિવેચન સાથે)

સર્વે પણ સંસારી જીવો અજ્ઞાનદશા અને મોહાન્ધદશાના કારણે ઉપકારી એવા દેવતત્ત્વ ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વની સાચી સમજ પ્રાપ્ત કર્યા વિના તેવા પ્રકારની મૂઢતાના કારણે અનંત સંસારચક્રમાં ભટકી રહ્યા છે.

ઉપકારી તત્ત્વોને ન ઓળખવાના કારણે તથા અનાદિ કાળથી મોહની વાસનાનું જોર હોવાના કારણે શરીરસુખ ઈન્દ્રિયસુખ ભોગવિલાસોનું સુખ તથા ધનાદિ ભોગસામગ્રીના પરિગ્રહના સુખને જ સુખ માની તેમાં જ અતિશય આસક્ત થઈને સર્વ જીવોએ કાળ નિર્ગમન કર્યું છે અનાદિકાળથી અનંતભવોમાં પણ આ જીવે આવા પ્રકારની સુખ જંજાળને જ પ્રાપ્ત કરવામાં અને તેવી સુખજંજાળને અનુભવવામાં જ ઘણો ઘણો કાળ પસાર કર્યો છે.

માનવભવ વિના કોઈ પણ ભવમાં આ જીવને કર્તવ્યાકર્તવ્યતાની બુદ્ધિ પ્રગટ થતી નથી. માનવભવમાં પણ અહંકાર અને ભોગવિલાસોના જ સતત પ્રયત્ન નીચે કર્તવ્ય-અકર્તવ્યતાનો વિવેક જાગૃત થતો નથી છતાં તે ભવમાં આ જીવનો કાળ પાક્યો હોય ત્યારે ક્યારેક વિવેક જાગૃત થાય છે અને દેશવિરતિ સર્વવિરતિ ધર્મની આરાધના - સાધના કરી કેવળ જ્ઞાન પ્રાપ્ત કરી અનંત આત્મિક સુખનો આ જીવ સ્વામી બની શકે છે તે માટે જ જૈન શાસ્ત્રોમાં માનવભવની મહત્તા અને કિંમત આંકી છે.

માનવ જીવન મળવા છતાં પણ અનંત ઉપકારી, જગતહિતકારી પરમ પુરુષોત્તમ શ્રી વીતરાગ પરમાત્માનું શાસન મળવું, તેની પ્રાપ્તિ થવી તેમાં એકાકાર થવું ઇત્યાદિ ઉમદાભાવો પ્રાપ્ત થવા ઘણા જ ઘણા મુશ્કેલ છે આવા ઉપકારી ઉમદાભાવો પ્રાપ્ત થવા જો દુષ્કર છે. તો તેવા ભાવો પ્રત્યે હાર્દિક પ્રીતિ થવી તો તેનાથી પણ ઘણી જ મુશ્કેલ અને અતિશય દુર્ઘટ છે.

જૈન શાસ્ત્રોમાં ધર્મ અનુષ્ઠાનોના ચાર પ્રકાર સમજાવવામાં આવ્યા છે. (૧) પ્રીતિ અનુષ્ઠાન (૨) ભક્તિ અનુષ્ઠાન (૩) વચન અનુષ્ઠાન અને (૪) અસંગ અનુષ્ઠાન

જ્યાં અનુષ્ઠાન આચરનારા જીવને અનુષ્ઠાનો પ્રત્યે ઘણો જ આદરભાવ છે તથા તે તે ધર્માનુષ્ઠાન કરવાનો પ્રયત્નવિશેષ પણ જીવનમાં છે તથા તે અનુષ્ઠાન ઉપર દિન-પ્રતિદિન રૂચિવિશેષ વધતી જાય છે બીજાં કામો ગૌણ કરીને પણ વિવક્ષિત ધર્માનુષ્ઠાન નિત્ય આચરે છે તેને પ્રીત્યનુષ્ઠાન કહેવાય છે.

મોહના ઉદયથી સર્વે પણ જીવોને સાંસારિક ભાવો તરફ અનાદિકાળથી આવી પ્રીતિ વર્તે જ છે. તે તોડવી છે. અને આત્મસ્વરૂપ પ્રાપ્ત કરાવનાર આત્મગુણોની પ્રીતિ મેળવવી છે તેનું વર્ણન કરતાં પૂજ્ય દેવચંદ્રજી મહારાજ ઋષભદેવ પરમાત્માના સ્તવનમાં કહે છે કે-

## પ્રથમ શ્રી ઋષભદેવ પરમાત્માનું સ્તવન

**ઋષભ જિણંદશું પ્રીતડી, કિમ કીજે હો કહો ચતુર સુજાણ ?**
**પ્રભુજી જઈ અલગા વસ્યા, તિહાં કિણે નવિ હો કો વચન ઉચ્ચાર ॥**
**ઋષભ જિણંદશું પ્રીતડી ॥ ૧ ॥**

**ગાથાર્થ :-** હે ચતુર સમજુ આત્માઓ ! તમે કહો તો ખરા, કે ઋષભદેવ પરમાત્મા સાથે પ્રીતિ કેવી રીતે કરાય ? કારણ કે તેઓશ્રી તો આપણાથી એટલા બધા અળગા (દૂર) જઈને વસ્યા છે કે જ્યાં કોઈ પણ જાતનો વચન ઉચ્ચાર પહોંચતો નથી. ॥ ૧ ॥

**ભાવાર્થ :-** ઋષભદેવ પ્રભુ હાલ સિદ્ધશીલા ઉપર બીરાજમાન છે તેથી આપણાથી તેઓશ્રી (અગણિત યોજન અને અગણિત ગાઉ) દૂર જઈને વસેલા છે. તેઓ ઉપર પ્રીતિ કેમ કરી શકાય ? પ્રીતિ એવી વસ્તુ છે કે જે નિકટ હોય તેની સાથે જ થાય, દૂર હોય તો તેની સાથે પ્રીતિ કરી શકાતી નથી પૂર્વકાળમાં જે વ્યક્તિ સાથે રહેતી હોય અથવા નિકટ રહેતી હોય અને પ્રીતિ કરી હોય તો પણ તે વ્યક્તિ દૂર દૂર જવાથી તેની સાથેની પ્રીતિ ટકતી નથી. પરંતુ કાલાન્તરે વિનાશ પામે છે. તો પછી દૂર જઈને વસેલા પરમાત્મા સાથે પ્રીતિ કેમ કરી શકાય? અને કદાચ કરીએ તો પણ તે ટકાવી કેમ શકાય ? કોઈ પણ દિવસ મળવાનું નહીં, આપણા સ્થાનમાં તેઓશ્રી આવે નહીં આપણને ત્યાં લઈ જાય નહીં. હળવા-મળવાનું બને જ નહીં, બોલવા-બોલાવવાનો વ્યવહાર નહીં તો આ પ્રીતિ કેમ થાય ? અને થયેલી પ્રીતિ કેમ ટક ?

આપણા વચ્ચે અને પરમાત્મા વચ્ચે ઘણું જ મોટુ ક્ષેત્રનું આંતરું છે. ક્યારેય પરસ્પર મીલન તો સંભવતું જ નથી. આવા સંજોગોમાં પ્રીતિ કેવી રીતે થાય ? અને તે પ્રીતિ કેવી રીતે ટકાવાય ? કોઈપણ જાતની કોલલાઈન પણ નથી. પરસ્પર વચનોચ્ચાર સંભવતો જ નથી. ત્યાં પ્રીતિ કેવી રીતે કરાય ? અને તેને કેવી રીતે ટકાવાય ?

પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ પ્રભુ તો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ એમ ચારે પ્રકારે મારાથી ઘણા દૂર દૂર છે. તેઓની સાથે મીલન કેમ કરી શકાય ? દ્રવ્યથી વિચારીએ તો હું અશુદ્ધ પરિણતિવાળો વિભાવદશાવાળો, કર્મોથી યુક્ત દ્રવ્ય છું. પુદ્ગલ દ્રવ્યોનો ભોગી

દ્રવ્ય છું. જ્યારે ઋષભદેવ પ્રભુ તો શુદ્ધ પરિણતિવાળા, શુદ્ધસ્વભાવદશા યુક્ત, કર્મોના બંધનથી સર્વથા મુક્ત, અને પુદ્ગલ દ્રવ્યના સર્વથા ત્યાગી અભોક્તાદ્રવ્ય છે.

ક્ષેત્રથી હું સંસારમાં ફરનારો, શરીરમાં જ અવગાહના કરનારો, અને પરમાત્મા તો સંસારક્ષેત્રથી સત્યના થર પર, અને અશરીરભાવે રહેનારા છે. તથા કાળથી હું વર્ષોની (વયની) ગણતરીવાળો, જ્યારે પરમાત્મા વર્ષોના વ્યવહારથી પર, ભાવથી વિચારીએ તો હું રાગી દ્વેષી અઢારે પાપસ્થાનકથી ભરેલો, જ્યારે પરમાત્મા તો દેવાધિદેવ, રાગ-દ્વેષાદિ દોષોથી રહિત અત્યન્ત શુદ્ધ, આ રીતે પરમાત્મા મારાથી અતિશય ભિન્ન પ્રકૃતિવાળા છે. તેઓની સાથે મારે પ્રીતિ કેમ કરાય ? અને કદાચ પ્રીતિ કરી લઈએ તો પણ તે પ્રીતિ કેવી રીતે સચવાય ? તથા ત્યાં સુધી સમાચાર મોકલવા-લેવાનું પણ કોઈ સાધન નથી. વચનોનું ઉચ્ચારણ પણ નથી. કોઈ પણ જાતની કોલ લાઇન પણ નથી. માટે આવી પ્રીતિ કેમ કરાય? અને કદાચ સાચી પ્રીતિ થઈ જાય તો પણ તે પ્રીતિ કેમ વહન કરાય? કેમ ટકાવી શકાય ? ॥ ૧ ॥

• • •

અવતરણ :- આ જ વાતને વધારે દોહરાવતા ગ્રંથકારશ્રી કહે છે કે -

**કાગળ પણ પહોંચે નહીં, નવિ પહોંચે હો તિહાં કો પરધાન ।**
**જે પહોંચે તે તુમ સમો, નવિ ભાંખે હો કોઈનું વ્યવધાન ॥**
**ઋષભ જિણંદશું પ્રીતડી ॥ ૨ ॥**

**ગાથાર્થ** :- ત્યાં કાગળ પણ પહોંચતો નથી. કોઈ વડાપ્રધાન જેવો શક્તિશાળી જીવ પણ જઈ શકતો નથી. અને કેવળ જ્ઞાનાદિ ગુણો પ્રાપ્ત કરીને જે ત્યાં પહોંચે છે તે તમારા સમાન વીતરાગી અને બોલવા ચાલવાના વ્યવહાર વિનાનો બની જાય છે. ત્યાં ગયેલા કોઈ

પુરુષ અમને સાચું વ્યવધાન (અંતર) કહેતા નથી. કહેવા માટે પાછા અહીં કોઈ આવતા નથી. ॥ ૨ ॥

**વિવેચન :-** પ્રભુને જો સાક્ષાત્ ન મળી શકાય તો બીજો ઉપાય તે છે કે અહીંથી ભક્તના હૈયાના ભાવો દર્શક કાગળ મોકલીએ અને તેનો ત્યાંથી સુંદર ઉત્તર આવે. આ રીતે કાગળ મોકલવા દ્વારા પ્રીતિ ટકાવી શકાય છે. પરંતુ પરમાત્માના વસવાટવાળું ક્ષેત્ર એટલું બધું દૂર છે કે ત્યાં કાગળ મોકલવાનો અને સમાચાર લાવવા-લઈ જવાનો કોઈ વ્યવહાર નથી.

કાગળ લઈને પ્રભુને આપવા માટે ત્યાં જાય કોણ ? જે જાય છે તે વીતરાગ - અશરીરી થઈને જાય છે માટે ત્યાં જ રહી જાય છે ત્યાંથી સમાચાર લઈને કોઈ પાછું આવતું જ નથી. વડાપ્રધાન જેવા અતિશય લાગવગ ધરાવતા માણસો પણ આ શરીરથી તો જઈ શકતા જ નથી. તો સામાન્ય માનવીની વાત કરવાની જ ક્યાં રહી ? શક્તિશાળી મનુષ્યો પણ પોતાના શરીર સાથે ત્યાં જઈ શકતા નથી. તો કાગળ પણ કોની સાથે મોકલવો ?

જે જે જીવો કર્મ ખપાવીને અશરીરી થઈને ત્યાં ઉપર જાય છે તે તે જીવો હે પ્રભુ ! તમારા જેવા જ વીતરાગ થાય છે અને વાચા વિનાના થાય છે એટલે તમારા અને અમારા વચ્ચે જે વ્યવધાન છે આંતરૂં છે. અર્થાત્ ભેદ છે તે પણ કોણ બતાવે ? બન્નેને જે દેખે તે જ બન્નેની વચ્ચેનું અંતર જણાવે. બન્નેને જોવા માટે જે ત્યાં ઉપર આવે છે તે તમારા સમાન વીતરાગ અને વાચા વિનાના બને છે જેથી તમારા સમાચાર અમને મળી શકતા નથી તો હે પ્રભુ ! તમારી સાથે પ્રીતડી કેમ બાંધવી ? અને તેનું નિર્વહન કેવી રીતે કરવું ? આ કંઈ સમજાતું નથી.

હે પ્રભુ ! મારે તમારી સાથે પ્રીતિ કરવી છે. ધનવાનની સાથે પ્રીતિ કરીએ તો ક્યારેક ધનવાન થવાય. જ્ઞાનીની સાથે પ્રીતિ કરીએ તો ક્યારેક જ્ઞાની થવાય. તેમ વીતરાગ પ્રભુની સાથે પ્રીતિ કરીએ તો ક્યારેક આપણો આત્મા પણ વીતરાગ બને. પરંતુ વીતરાગ પ્રભુ ઘણા દૂર જઈને વસ્યા છે કે જ્યાં કાગળ પહોંચે નહીં. મારાથી જવાય નહીં. જે જાય તે પાછા આવે નહીં તો મારે આ પ્રીતિ ટકાવવી કોના આધાર? હે પ્રભુ ! હું ઘણો જ મુંઝાયેલો છું. મુંઝાયેલો છું. ॥ ૨॥

● ● ●

**અવતરણ :-** પ્રીતિ હંમેશાં રાગીથી જ થાય. રાગી હોય તે ખુશ થાય. આપણાં અટકેલાં કેટલાક કાર્યો રાગીદશાના કારણે તે જીવ કરી આપે, વીતરાગની સાથે પ્રીતિ કરવાથી શો ફાયદો ? તમે વિનંતિ કરી કરીને તુટી જાઓ. ભાંગી પડો તો પણ તેમનું એક રૂંવાટુ પણ ફરકે નહીં તેથી વીતરાગની સાથે પ્રીતિ શું કામની ? તેનો ઉત્તર આ ગાથામાં આપે છે કે -

**પ્રીતિ કરે તે રાગીયા, જિનવરજી હો તુમે તો વીતરાગ ।**
**પ્રીતડી જેહ અરાગીથી, મેળવવી તે હો લોકોત્તર માર્ગ ॥ ૩ ॥**
**ઋષભ જિણંદશું પ્રીતડી**

**ગાથાર્થ :-** જે જીવો પરસ્પર પ્રીતિ કરે છે તે જીવો બન્ને રાગ દશાવાળા હોય છે. અહીં જિનેશ્વરપ્રભુ તો વીતરાગ પરમાત્મા છે. તેથી અરાગી એવા એટલે કે વીતરાગ એવા પરમાત્માની સાથે જે પ્રીતડી બાંધવી છે. તે લોકોત્તરમાર્ગ (લોકોની બુદ્ધિમાં ન આવે તેવો માર્ગ) છે. ॥ ૩ ॥

**વિવેચન :-** હંમેશાં સરાગી જીવની સરાગી જીવની સાથે જ પ્રીતિ થાય. કદાચ એક પાત્રમાં રાગ મંદ હોય તો પ્રીતિ કરવાથી પરસ્પર રાગની વૃદ્ધિ થાય. પરંતુ જે વીતરાગી છે તે કદાપિ રાગી થવાના જ નથી. કારણ કે જિનેશ્વર ભગવાન તો ક્ષાયિકભાવે વીતરાગ બન્યા છે.

ફરી ક્યારેય પણ તેમનામાં રાગદશા આવવાની જ નથી. હે જિનેશ્વરપ્રભ! તમે તો છો જ વીતરાગ. માટે સંસારમાં કોઈ રાગીની સાથે પ્રીતિ કરવી જેથી પરસ્પર ભોગસુખાદિનું કારણ બને આ લૌકિકમાર્ગ છે. અર્થાત્ લોકવ્યવહારમાં પ્રસિદ્ધ માર્ગ છે પરંતુ અરાગી એવા એટલે કે વીતરાગ એવા પ્રભુની સાથે જે પ્રીતડી બાંધવાની શાસ્ત્રકાર મહાત્મા વાત કરે છે તે લૌકિક માર્ગ નથી પરંતુ લોકોત્તરમાર્ગ છે.

જેમ ધનવાનની સાથે ગરીબ માણસ પ્રીતિ કરે તો તે ધનવાન માણસ કંઈ ગરીબ થઈ જતો નથી. પરંતુ ક્યારેક કદાચ ધનવાન માણસ રીઝે તો નિર્ધન માણસ ધનવાન થઈ જાય છે. સાચા સાધુસંતોની વધારે પડતી સોબત કરવાથી અસાધુ આત્મા ક્યારેક વૈરાગી થઈને સાધુ બની જાય છે. ડોક્ટરની સાથે વધારે સંબંધ રાખનાર કંપાઉન્ડર વર્ષો જતાં ક્યારેક ડોક્ટર (અર્ધ ડોક્ટર) થઈ જાય છે તેમ વીતરાગ પરમાત્માની સાથે પ્રીતિ કરનાર સરાગી જીવ ક્યારેક વીતરાગ બની જાય છે તે માટે આ પ્રસિદ્ધ માર્ગ નથી, પણ ક્યારેક આવું બની જાય છે. માટે તેને લોકોત્તર માર્ગ કહેવાય છે.

તે માટે આપણા જીવે આપણા જીવને વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા બનાવવા માટે ક્રમસેક્રમ વીતરાગ પરમાત્માની સાથે પ્રીતિ અવશ્ય કરવી જોઈએ. કરવી જોઈએ એટલું જ નહીં પરંતુ પરસ્પર અતિશય પ્રીતિ બાંધવી જોઈએ કે જેથી આ આત્મા વીતરાગ થઈને જ રહે.

પરમાત્મા પ્રત્યેની રાગદશાવાળી લાકડી એવી જાદુઈ ભરેલી લાકડી છે કે તેને જે વળગે છે તેને પણ અવશ્ય વીતરાગ બનાવે જ છે. વીતરાગને રાગી ન બનાવે પણ રાગી ઉપર કામણ દુમણ કરીને પણ આ લાકડી ભક્તને અવશ્ય ભગવાન બનાવે છે. માટે વીતરાગની સાથે પરમ પ્રીતિ કરનારા તમે બનો આવો ગ્રંથકારશ્રીનો આપણને સમજાવવાનો આશય છે. ॥ ૩ ॥

• • •

અવતરણ :- હે પ્રભુ ! હું ભવોભવથી પ્રીતિ કરવાને માટે ટેવાયેલો છું માતા-પિતા-પતિ-પત્ની અને પુત્રાદિ અનેક સંબંધીઓની સાથે ભવોભવમાં હું પ્રીતિ કરતો જ આવ્યો છું તો શું તમારી સાથે કરાતી પ્રીતિ કોઈ ભિન્ન જાતિની છે ? કે તે પ્રીતિ મારામાં સહેજે સહેજે ન આવે તમે મારા પ્રેમમાં ન ફસાઓ એવું શું બને ખરૂં ? આ વાત સમજાવતાં કહે છે કે -

**પ્રીતિ અનાદિની વિષ ભરી, તે રીતે હો કરવા મુઝ ભાવ ।**
**કરવી નિર્વિષ પ્રીતડી, કિણ ભાતેં હો બને બનાવ ॥**
**ઋષભ જિણંદશું પ્રીતિડી ॥ ૪॥**

**ગાથાર્થ :-** જે વિષથી ભરેલી પ્રીતિ છે. તેવી પ્રીતિ કરવા માટે મારા હૈયાના ભાવો અનાદિકાળથી ટેવાયેલા છે પરંતુ જે વિષ વિનાની પ્રીતલડી છે તે કેવી રીતે થાય ? આ આવડત (કલા) મારામાં નથી તે નિર્વિષ પ્રીતલડી કેમ બને ? તે હે મહાપુરુષો ? તમે મને તે નિર્વિષ પ્રીતલડી બનાવવાની રીત કહો. ॥ ૪ ॥

**વિવેચન :-** સંસારમાં રહેલા સર્વે પણ જીવો પરદ્રવ્યની સાથે પ્રીતલડી કેમ બાંધવી ? તે બહુ જ સારી રીતે જાણે છે. પર એવા જીવદ્રવ્ય સાથે વિકાર અને વાસનાજનક પ્રીતિ કરવાને આ જીવ અનાદિકાળથી ટેવાયેલો છે. તથા અજીવ એવા પુદ્ગલદ્રવ્ય સાથે પણ મનગમતા વર્ણ ગંધ - રસ અને સ્પર્શ સાથે વિકારીભાવપૂર્વક પ્રીતિ કરવાને આ જીવ ટેવાયેલો છે. આ ગમે છે આ નથી ગમતું, આમ આ પ્રીતડીનો અભ્યાસ અનાદિનો છે. પણ તે પ્રીતલડી મોહજન્ય અને મોહજનક હોવાથી વિષથી ભરેલી પ્રીતિ છે જેમ સર્પાદિનું વિષ એકભવમાં જ મારે છે. અર્થાત્ એકવાર મૃત્યુ આપે છે. જ્યારે આ મોહજન્ય વિષ ભવોભવમાં આ જીવને રખડાવે છે અને મારે છે.તેથી આવી અન્ય જીવદ્રવ્ય સાથેની અને પુદ્ગલદ્રવ્યો સાથેની વિકારકારક પ્રીતડી વિષથી ભરેલી છે. આવી મોહના વિષથી ભરેલી પ્રીતિ

કરવાને માટે મારો આ આત્મા સદાને માટે ટેવાયેલો છે. આ પ્રીતિ કરવામાં કોઈને પુછવું પડે તેમ નથી. કોઈની પાસે તેની શિક્ષા લેવી પડે તેમ નથી. આ પ્રીતિના કારણે તો હું અનાદિ કાળથી આ સંસારમાં રખડી રહ્યો છું.

પરંતુ હવે વિષવિનાની એટલે કે ભવોભવમાં ન રખડાવે પણ ભવપરંપરા બંધ કરાવે તેવી પ્રીતિ હે પ્રભુ ! કેમ થાય ? કઈ રીતિએ થાય ? એ મને તમે કહો. મારો આ આત્મા અરૂપી છે. અજન્મા છે. અવિનાશી છે. શુદ્ધજ્ઞાનાદિક ગુણોનો સ્વામી છે. સ્વરૂપભોગી છે. સ્વરૂપ રમણતાવાળો છે સ્વરૂપ આશ્રિત છે. આવા આવા મારા ગુણોનો જ રાગ અને તે પણ મારા ગુણોને પ્રગટ કરવા પુરતો જ જે રાગ છે તે નિર્વિષ પ્રીતલડી છે. આવી પ્રીતિ કરવાની શક્તિ મારામાં નથી. તે માટે હે પ્રભુ ! તમે વીતરાગતાના અભ્યાસી છો. તમે આવા ગુણથી વાસિત છો. માટે આવી નિર્વિષ પ્રીતલડી કેમ બને? તે મને તમે કહા? તમે વીતરાગપ્રભુ છો. એટલે સંસારમાં આ જીવને ન રખડાવે તેના અભ્યાસવાળા છો માટે હે પ્રભુ ! આવી નિર્વિષ પ્રીતલડી કરવાની રીતભાત તમે મને સમજાવો. એ આશયથી હું તમને વિનંતિ કરૂં છું મોહના વિષથી ભરેલી પ્રીતિ કરવાને તો હું ટેવાયેલો છું. પરંતુ નિર્વિષ પ્રીતલડી મને આવડતી નથી. તે કૃપા કરી હે પ્રભુ ! તમે મને સમજાવો અને તેવી નિર્વિષ પ્રીતિ કરવાનું મને સમજાવો ॥ ૪ ॥

• • •

**અવતરણ :-** નિર્વિષ પ્રીતિ પરમાત્મા સાથે કેવી રીતે થાય ? તેનો ઉપાય ગ્રંથકારશ્રી આ ગાથામાં જણાવે છે.

**પ્રીતિ અનંતી પરથકી, જે તોડે હો તે જોડે એહ ।**
**પરમ પુરુષથી રાગતા, એકત્વતા હો દાખી ગુણ ગેહ ॥ ૫ ॥**

**ગાથાર્થ :-** પરદ્રવ્યની સાથે (અન્ય જીવદ્રવ્ય અને મનગમતા પુદ્ગલદ્રવ્યો પ્રત્યે) જે પ્રીતિ અનાદિની છે તે પ્રીતિને જે તોડે છે તે જ જીવ આ (આત્મસ્વરૂપની રમણતાની) પ્રીતિને પામે છે. પરમ પુરુષની સાથે (વીતરાગ પરમાત્મા સાથે) જે રાગ દશા છે. જે એકાકારતા છે તે કાળાન્તરે આ જીવને વીતરાગ પરમાત્મા બનાવનાર હોવાથી ગુણોના ભંડાર રૂપ છે. (અર્થાત્ પ્રારંભમાં કર્તવ્ય છે.) ॥૫॥

**વિવેચન :-** આપણા આ જીવમાં અનાદિકાળથી પરદ્રવ્યની સાથે અનંતી પ્રીતિ વળગેલી છે. મનગમતા પુદ્ગલદ્રવ્યો પ્રત્યે, તેના વર્ણ-ગંધ-રસ અને સ્પર્શ સાથે, તથા આપણી સેવા કરનારા એવા પતિ-પત્ની-પુત્ર-મિત્ર-નોકર-ચાકર આદિ જીવદ્રવ્યો પ્રત્યે આ જીવને ઘણી જ ઘણી પ્રીતિ વળગેલી છે. ઘણીવાર તેના વિના રહેવાતું નથી. રહેવાનું બને તો દુઃખદાયી જ થાય છે. મનગમતું ખાવાનું - પીવાનું સુવાનું કે બેસવાનું ન મળે તો ચાલતું જ નથી. એરકન્ડીશન બધી જ સગવડતાવાળાં બધાં જ ભોગનાં સાધનો જોઈએ છે તેની સાથેની પ્રીતિ અનાદિની છે. ગાઢ છે. અપરાભવનીય છે. ભવોભવના સંસ્કારવાળી આ પ્રીતિ છે.

આ પ્રીતિએ જ આ જીવને સંસારમાં (જન્મ - જરા - મરણના ચક્કરમાં) રખડાવ્યો છે. એટલે પ્રીતિ કરવાના સંસ્કારો તો પડેલા જ છે. પણ તે પ્રીતિ વિષભરેલી છે. માટે આવી અનાદિની મોહજન્ય અને મોહજનક પ્રીતિને જે તોડે - આવી પ્રીતિનો સંબંધ જે તોડી નાખે તે જ આત્મા વીતરાગ થવા માટે વીતરાગ પ્રભુની સાથે સાચી (ગુણો લાવે તેવી) પ્રીતિ જોડી શકે છે. મોહના વિષથી ભરેલી પ્રીતિને જે તોડે તે જ આત્મા નિર્વિષ પ્રીતલડી સાધી શકે છે. પ્રીતિ કરવાના સંસ્કાર અનાદિના છે. એટલે આપણે પ્રીતિ તો હમણાં અવશ્ય કરવાની છે, માત્ર તેનો વિષય બદલવાનો છે. જે સરાગીથી પ્રીતિ છે. તેને તોડીને નિરાગીની સાથે (વીતરાગની સાથે) પ્રીતિ કરવાની છે.

પરમપુરુષની સાથે (વીતરાગ પરમાત્મા સાથે) જે પ્રીતલડી થશે તે કાળાન્તરે આ જીવને વીતરાગતા આપીને જ જશે. આ આત્માને વીતરાગ બનાવવા દ્વારા ગુણોનો ભંડાર પ્રગટ કરશે. ભૂતકાળમાં જે જે મહાપુરુષો વીતરાગ બન્યા છે. પરમપુરુષ બન્યા છે. કેવલજ્ઞાની બની મોક્ષે ગયા છે. અનંત અનંત ગુણોના ઉઘાડ દ્વારા ગુણોના ભંડાર બન્યા છે. તે આ જ માર્ગથી બન્યા છે. માટે પરમ પુરુષ જે વીતરાગપ્રભુ છે. તેમના ઉપરનો વીતરાગતાનો જે રાગ છે તે રાગ સાધક એવા આ જીવને પણ "ગુણગેહ" ગુણોના પ્રગટ ભંડારવાળો બનાવે છે. માટે હે જીવ ! જો તું રાગ જ કરવાને ટેવાયેલો છે તો તે રાગનો વિષય બદલી કાઢ.

રાગી ઉપર રાગ કરવાને બદલે વીતરાગ પરમાત્મા પ્રત્યે વીતરાગ થવા માટેનો રાગ કર, જે તારા ગુણોના ભંડારને પ્રગટ કરીને તને પણ વીતરાગપરમાત્મા બનાવશે જ. ॥ ૫ ॥

• • •

**અવતરણ** :- વીતરાગ પ્રભુનું અવલંબન લેનારો જીવ પણ તેવા પ્રકારના અભ્યાસના કારણે કાળાન્તરે વીતરાગ બને જ છે. તે માટે હૈયાના ભાવપૂર્વક તેઓશ્રીનું જ અવલંબન લો આમ ગ્રંથકારશ્રી જણાવે છે -

**પ્રભુજીને અવલંબતાં, નિજ પ્રભુતા હો પ્રગટે ગુણરાશ ।**
**દેવચંદ્રની સેવના, આપે મુજ હો અવિચલ સુખવાસ ॥**
**ઋષભ જિણંદશું પ્રીતડી ॥ ૬ ॥**

**ગાથાર્થ** :- આ પ્રમાણે વીતરાગ પ્રભુનું હૃદયના ભાવપૂર્વક આલંબન લેતાં પોતાના આત્માની આચ્છાદિત થયેલી ગુણોની રાશિ પ્રગટ થાય. દેવોમાં ચંદ્રમા સમાન એવા વીતરાગ પ્રભુની સેવા આ જીવને અવિચલ સુખના વસવાટવાળું સ્થાન અવશ્ય આપે જ છે. ॥૬॥

**વિવેચન :-** આ પ્રમાણે વીતરાગ પ્રભુનું આલંબન લઈને વીતરાગ પ્રભુની સેવા કરતાં કરતાં આ જીવમાં પોતાના ગુણોની રાશિ જે આવૃત છે તે અનાવૃત થાય એટલે કે જે અપ્રગટ છે તે પ્રગટ થાય.

પરમાત્માની તુલ્ય અનંત અનંત ગુણો આ જીવમાં ભરેલા જ પડેલા છે. ગુણો ક્યાંયથી લેવા જવાના નથી તથા ગુણો ક્યાંયથી આવતા પણ નથી. માત્ર જે આવૃત (ઢાંકેલા) છે તે કર્મપટલ દૂર થતાં અનાવૃત (પ્રગટ) થાય છે. જેમ સંગીતકારની સાથે રહેતા તેમના શિષ્યો તેની કળાથી સ્વયં સંગીતકાર બને છે. ડૉક્ટરને ત્યાં રહેતો કંપાઉન્ડર પણ ડૉક્ટરના સહવાસથી અર્ધો ડોક્ટર બની જાય છે. કાપડીયાને ત્યાં રહેતો નોકર પણ કાળાન્તરે કાપડીયો બને છે તેવી જ રીતે વીતરાગ પ્રભુની ઉપાસના કરનારો સેવક પણ કાળાન્તરે વીતરાગ અવશ્ય બને જ છે.

સેવા કરનારા સેવકમાં પોતાની ઢંકાયેલી ગુણોની રાશિ અવશ્ય પ્રગટ થાય જ છે. આ જીવમાં આવૃત થઈને રહેલા એવા કેવલજ્ઞાન - કેવલ દર્શન - વીતરાગતા. અયોગિતા વિગેરે અનંત ગુણોની રાશિ જે અપ્રગટ છે તે પ્રગટ થાય છે. કોઈપણ સાધકમાં સાધ્ય એવા પરમાત્માના ગુણો ત્યાંથી આવતા નથી જો પરમાત્મામાંથી ગુણો આવે તો પરમાત્મા એટલા ગુણોથી રહિત થઈ જાય માટે કોઈ પણ એક દ્રવ્યના ગુણો બીજા દ્રવ્યમાં ક્યારેય પણ ટ્રાન્સફર થતા નથી.

દૂધ-ચા વિગેરેમાં ખાંડ નાખવાથી દૂધ ગળ્યું થયું એમ કહેવાય છે પરંતુ પારમાર્થિકપણે દૂધમાં દેખાતી તે મીઠાશ ખાંડના કે સાકરના કણોની જ છે. અંદર ભળેલું પરદ્રવ્ય જ (ખાંડ-સાકર જ) ગળ્યાં છે. દૂધ પોતે સ્વયં ગળ્યું બનતું જ નથી. તેમ અહીં પણ જીવની પોતાની વીતરાગતા જે આવૃત છે તે જ અનાવૃત થાય છે. જેટલા જેટલા જીવો મોક્ષે ગયા છે તે સર્વેએ પોતાની જ ઢંકાયેલી વીતરાગતાને જ પ્રગટ

કરી છે અને વીતરાગ બન્યા છે. પ્રભુમાંથી અલ્પમાત્રાએ પણ વીતરાગતા લીધી નથી. જો વીતરાગપ્રભુમાંથી વીતરાગતા આ જીવમાં આવતી હોય તો પ્રભુ તેટલા તેટલા અંશે અવીતરાગ (રાગાદિ દોષોવાળા) બનવા જોઈએ. પણ આમ ક્યારેય પણ ક્યાંય પણ બનતું નથી.

દેવોમાં ચંદ્રમા સમાન એવા વીતરાગ પ્રભુની આ પ્રમાણે ભાવપૂર્વક કરાયેલી સેવા આ આત્માને અવિચલ સુખની રાશિ આપે છે. એટલે આ જીવ પોતાના પ્રયત્નથી જ અવિચલ સુખ રાશિ પ્રાપ્ત કરે છે. પ્રભુની સેવા તે કાર્યમાં પ્રબળ નિમિત્ત કારણ બને છે. એટલે કારણમાં કર્તાનો ઉપચાર કરીને આમ કહેવાય છે કે પ્રભુજી જ આ જીવને અવિચલ સુખરાશિ આપે છે. આ ઉપચાર વાક્ય છે.

વીતરાગ પ્રભુની ઉપાસના કરતાં કરતાં આ જીવ પોતે જ સ્વયં વીતરાગ બને છે તેથી તેમાં પ્રગટ થયેલી ગુણોની રાશિ ક્યારેય પણ ઢંકાતી નથી. તે ગુણરાશિ જતી રહેતી નથી. માટે જ અવિચલ શબ્દનો પ્રયોગ ગ્રંથકારશ્રીએ કર્યો છે.

પરમાત્મા શ્રી અરિહંતપ્રભુની સેવના આ જીવને પરમપદ આપનાર બને છે. અહીં સેવના એટલે પ્રભુના પગ દાબવા કે વિશિષ્ટ પૂજા કરવી તેવો અર્થ ન કરવો, પરંતુ પ્રભુની સેવના એટલે પ્રભુની આજ્ઞાનું પાલન કરવું. અસંયમપણાનો અને આશ્રવભાવોનો ત્યાગ કરવો તથા સંયમભાવ અને સંવર-નિર્જરાના ભાવોનો સ્વીકાર કરવો એને જ પ્રભુસેવા કહેવાય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે -

**आणाकारी भत्तो, आणा छेइओ सो अभत्तोत्ति ॥**

પરમાત્માની આજ્ઞાને જે પાળે તે ભક્ત અને પરમાત્માની આજ્ઞાનો જે છેદ કરે તે અભક્ત.

પરમાત્મા એવા શ્રી ઋષભદેવ પ્રભુ તો વીતરાગ હોવાથી પોતાની આજ્ઞા લોકો પાળે એવી અપેક્ષા ક્યારેય રાખતા નથી. અને પોતાની આજ્ઞા જે ન પાળે તેના ઉપર ક્યારેય દ્વેષ કરતા નથી. પોતે તો પોતાના વીતરાગસ્વભાવમાં જ વર્તે છે. પરંતુ કેવળજ્ઞાન પામ્યા પછી સર્વે જીવોનું હિત કેમ થાય ? તેને અનુલક્ષીને ધર્મોપદેશ તેઓએ આપ્યો છે. તેને અનુસરવું એ જ આપણો ધર્મ છે. તેમાં જ આપણું કલ્યાણ છે. માટે આરાધકજીવે જિનેશ્વરપ્રભુની આજ્ઞા માનવી સ્વીકારવી અને જીવનમાં ઉતારવી એ જ ધર્મ છે એ જ આ જીવનું તારકતત્ત્વ છે. પ્રભુજી પોતે કોઈને પણ હાથ પકડીને તારતા નથી. જે જીવ પ્રભુનો આજ્ઞાંકિત થાય છે તે આજ્ઞાની આરાધના વડે તરે છે. પ્રભુજીમાં તારક તરીકે તેનો ઉપચાર કરાય છે.

ઉપરની વાત સમજ્યા પછી સર્વ સાધક આત્માએ પોતે જ રાગ-દ્વેષ અજ્ઞાન અને અહંકારાદિ દોષો ત્યજીને વીતરાગપ્રભુની આજ્ઞાનું આલંબન લઈને પોતે જ સંસારસાગર તરવાનો પ્રયત્ન કરવાનો છે. માટે સંસારનાં સર્વે પણ કાર્યો ત્યજીને (તેમાંથી ઉદાસીન બનીને), સર્વ પ્રકારના પરભાવોનું વિરમણ કરીને અતિશય ભાવે નિઃસ્પૃહ બનીને પરમોપકારી, તત્ત્વોપદેશક, ધર્મના નાયક અને માર્ગને બતાવનારા એવા અરિહંતપરમાત્માની આજ્ઞાના પાલનમાં તથા તેઓશ્રીની સેવામાં જોડાઈ જવું એ જ સંસાર સાગર તરવાનો પરમકલ્યાણકારી માર્ગ છે. ॥ ૬ ॥

સંસારનો રાગ ઘટાડવા માટે વીતરાગનો રાગ વધારો અને સંસારનો રાગ તુટ્યા પછી વીતરાગનો રાગ પણ ત્યજીને વીતરાગતાના અવલંબી બનો એવો આશય આ સ્તવનમાં છે.

**પ્રથમ સ્તવન સમાપ્ત**

## બીજા શ્રી અજિતનાથ પરમાત્માનું સ્તવન

**જ્ઞાનાદિક ગુણસંપદા રે, તુજ અનંત અપાર ।**
**તે સાંભળતાં ઉપની રે, રુચિ તેણે પાર ઉતાર ॥**
**અજિતજિન તારજો રે, તારજો દીન દયાળ ।**
**અજિત જિન તારજો રે ॥ ૧ ॥**

**ગાથાર્થ :-** હે પરમાત્મા ! તમારામાં જ્ઞાનાદિક ગુણોની સંપત્તિ અનંત અને અપાર છે. તે વિષયની વાતો શાસ્ત્રોમાંથી અને શાસ્ત્રોના જાણકારો પાસેથી સાંભળતાં સાંભળતાં મને પણ તેવી ગુણોની સંપત્તિ પ્રગટ કરવાની રૂચિ પ્રાપ્ત થઈ છે તે કારણે હે પ્રભુ ! મને તમે સંસાર સાગરથી પાર ઉતારો. હે દીનદયાળ અજિતનાથ પ્રભુ મને તમે આ સંસારસાગરથી તારજો, અવશ્ય તારજો ॥ ૧ ॥

**વિવેચન :-** અનંત જ્ઞાન, અનંતદર્શન અને અનંત ચારિત્ર વિગેરે અનંત અને અપાર ગુણોની સંપદા આપશ્રીમાં પ્રગટ થયેલી છે. અને સાથે સાથે શાસ્ત્રો દ્વારા તે પણ જાણ્યું છે કે આ ગુણોની સંપત્તિ તમારામાં પ્રથમથી જ સત્તાગત રીતે હતી. માત્ર તમે તેને પ્રગટ કરી છે તો હવે તેવી જ ગુણસંપત્તિ મારામાં પણ છે જ. આપનું શાસ્ત્ર સાંભળવાથી મેં જાણ્યું છે કે સર્વે પણ આત્મદ્રવ્ય પોતપોતાના અનંત અનંત ગુણોથી ભરેલા છે કોઈ પણ એકદ્રવ્યના ગુણો બીજા દ્રવ્યમાં ક્યારેય જતા નથી. આ બધી વાત શાસ્ત્રો દ્વારા સાંભળ્યા પછી મને પણ મારા આત્મામાં તિરોભાવે રહેલા અનંતગુણોની સંપત્તિ પ્રગટ કરવાની રૂચિ (તાલાવેલી) લાગી છે તેથી હે પ્રભુ ! હવે તમે જ મારી ગુણસંપત્તિને પ્રગટ કરી આપો અને આ અપાર સંસારસાગરથી પાર ઉતારી આપો.

હે અજિતનાથપ્રભુ ! તમે દીનદયાળ છો. માટે મારા ઉપર દયા કરીને આ સેવકને તારજો, ભવપાર ઉતારજો. ફરી ફરી લળી લળીને આપશ્રીને હું આ જ વિનંતિ કરૂં છું. કે હે પ્રભુ ! તમે મને ભવપાર ઉતારજો.

પરમાત્માની સેવના એ નિમિત્તકારણ છે અને આત્માની જાગૃતિ (મોહની મંદતા) એ મુક્તિનું ઉપાદાન કારણ છે. જો કે કાર્ય સદા ઉપાદાનકારણમાં જ થાય છે. તો પણ તે ઉત્પન્ન થતું કાર્ય નિમિત્ત કારણની અવશ્ય અપેક્ષા રાખે જ છે. ઘટાત્મક કાર્ય માટીમાં જ થાય છે. માટે માટી એ ઉપાદાન કારણ છે. પણ દંડ - ચક્રાદિ સામગ્રી નિમિત્ત કારણ છે. જો નિમિત્તકારણ હોય તો જ ઉપાદાન-કારણમાંથી કાર્ય પ્રગટે છે. તેમ અહીં પણ કેવલજ્ઞાનાદિની સંપત્તિ કે મુક્તિની સંપત્તિ સ્વરૂપ કાર્ય આ આરાધકજીવમાં જ સત્તાથી છે માટે આરાધકજીવ ઉપાદાન કારણ કહેવાય છે અને પ્રભુની સેવા એ તેની પ્રગટતામાં નિમિત્તકારણ બને છે.

આવા પ્રકારનો કાર્ય કારણદાવ છે. તેથી પરમાત્માની અનંત અને અપાર ગુણસંપત્તિ સાંભળીને મારા આત્મામાં પણ આવી જ અનંતગુણસંપત્તિ રહેલી છે. આવી અતિશય નિર્મળ રૂચિ (પરમશ્રદ્ધા) મને પ્રગટ થઈ છે અને આપશ્રીની પ્રગટ થયેલી સંપત્તિ જોઇ જોઇને મને પણ મારી આવી સંપત્તિ પ્રગટ કરવા માટે મારૂં મન અતિશય પ્રબળ બન્યું છે. તે ગુણસંપત્તિ લેવા માટે મન અધીરૂ બન્યું છે અને હે પ્રભુ ! હવે તમે જ આ કાર્યમાં પ્રબળ કારણ છો તેથી તમે જ મને ભવપાર ઉતારો અને આવી ગુણસંપત્તિ પ્રગટ કરી આપો, મારી નૌકા હે પ્રભુ ! તમારા હવાલે છે.

પરમાત્મા આપણા સ્વરૂપના કર્તા-ભોક્તા નથી. આપણો જીવ જ પોતાની ગુણસપત્તિનો કર્તા-ભોક્તા અને ઉઘાડનાર છે. પરમાત્મા તો તેમાં પ્રબળ નિમિત્તકારણ છે. નિમિત્તકારણ પણ કાર્ય

તો જ કરી આપે છે કે કર્તા જો નિમિત્તકારણને કાર્યના સાધક તરીકે પ્રયુંજે તોજ, "પેન વિના કોઈનો પણ કાગળ લખાતો નથી" આ વાક્ય જેટલું સાચું છે તેટલું જ "પેન પોતે કોઈનો પણ કાગળ લખી આપતી નથી." આ વાક્ય પણ તેટલું જ સાચું છે પેનને અને કાગળને ભેગા કરીને મુકી રાખો તો લાખો વરસે પણ કાગળ લખાય નહીં તેમ નિમિત્ત કારણ વિના કાર્ય જેમ થતું નથી. તેમ નિમિત્તકારણ પોતે કોઈનું પણ કાર્ય કરી આપતું નથી.

પરંતુ "નિમિત્તને પામીને જો ઉપાદાન પ્રયત્ન કરે અને નિમિત્તને પોતાના કાર્યમાં જોડે તો જ કાર્ય થાય છે" આ સિદ્ધાન્ત ઘણી વખત ભૂલી જવાય છે. આ સિદ્ધાન્તને ભૂલી જઈને કેવળ એકલા દેવને કે ગુરુજીને જ તારવા માટેની ભલામણ આપણે કર્યા કરીએ અને આપણે જો કંઈ સુધરીએ જ નહીં તો અરિહંતભગવાન કે ધર્મગુરુ એવા ગાંડા અને અજ્ઞાની નથી કે દોષોથી ભરેલા પોતાના સેવકને આવા દેવ કે આવા ગુરુ તારી આપે માટે ભગવાનના ભરોસે કે ગુરુના ભરોસે માત્ર રહેવું ઉચિત નથી. પરંતુ જે જીવ જાગૃત થઈને દોષોનું નિવારણ કરતો હોય અને ગુણોની પ્રાપ્તિ કરતો હોય તો તેવા જીવને દેવ પણ સહાયક થાય છે અને ગુરુ પણ અવશ્ય સહાયક જરૂર થાય છે.

સારાંશ કે ઉપાદાનકારણે પોતે જ પોતાનામાં કાર્યસિદ્ધિ કરવા માટે યથોચિતસ્થાને નિમિત્ત કારણનું યુંજન કરવું જોઈએ. આ રીતે ઉપાદાન અને નિમિત્ત એમ બન્ને કારણોના યોગથી યથોચિત સ્થાને યુંજન કરવાથી જ કાર્ય થાય છે. પરંતુ ઉપાદાનમાં જાગૃતિ લાવવા માટે ક્યારેક નિમિત્તની પ્રધાનતા અવશ્ય જણાવાય છે.

વસ્તુતઃ વિચારીએ તો પરમાર્થ રીતિએ ઉપાદાન અને નિમિત્ત આ બન્નેના યોગે જ કાર્ય થાય છે. કેવળ એકલા ઉપાદાનથી કે કેવળ એકલા નિમિત્તથી કાર્ય ક્યારેય પણ થતું નથી. આત્માની પવિત્રતા

એ ઉપાદાનકારણ છે અને વીતરાગપ્રભુ તથા વૈરાગી ગુરુ એ પ્રધાનપણે નિમિત્તકારણ છે. આ બન્નેનો સુયોગ એ કાર્યસાધક છે.

હે પ્રભુજી ! તમારામાં કેવળજ્ઞાન કેવળદર્શન - અબાધિતસુખ અક્ષયસ્થિતિ ઇત્યાદિ અનંત અનંત ગુણોની સંપદા છે અને તે સંપદા અપાર અપાર ભરેલી છે. શાસ્ત્રમાં કહ્યું છે કે (૧) સર્વ દ્રવ્યો અનંતાં છે. (૨) તે સર્વદ્રવ્યો કરતાં તેના પ્રદેશો અનંતગુણા છે (૩) તે પ્રદેશો કરતાં તે દ્રવ્યના ગુણો અનંતગુણા છે. (૪) એ અનંતગણા ગુણો કરતાં અસ્તિ-નાસ્તિ પર્યાયો અનંતગુણા છે.

અસ્તિ પર્યાયો અન્વયરૂપે વર્તે છે. તેવી જ રીતે નાસ્તિ પર્યાયો પણ વ્યતિરેકભાવે વર્તે જ છે. આ સર્વે તમારા પર્યાયો હે પ્રભુ ! નિરાવરણ થયા. અર્થાત્ પ્રગટ થયા તે આગમથી જાણતાં મને પણ મારા ગુણો અને પર્યાયો પ્રગટ કરવાની તાલાવેલી લાગી છે. મારે પણ તમારા જેવી સિદ્ધતા પ્રગટ કરવી છે. મારામાં પણ તમારા જેવી જ ગુણોની સંપત્તિ ઢંકાયેલી રહેલી છે તેનો ઉઘાડ કરવામાં મારો આત્મા ઉપાદાનકારણ છે અને હે પ્રભુજી ! આપ નિમિત્તકારણ છો જો આ બન્નેનો સુમેળ થાય તો મારી પણ ગુણસંપત્તિ આજે જ પ્રગટ થાય તેથી આપને વારંવાર પગે લાગીને વિનવું છું કે મારી ગુણસંપત્તિ ખોલવામાં આપ પ્રબળ નિમિત્તકારણ છો. તેથી આપશ્રી આ કાર્ય કરો આ કાર્ય કરો એમ ભારપૂર્વક વિનંતિ કરૂ છું હે પ્રભુ ! મને આ સંસારસાગરથી તારજો ભવપાર ઉતારજો તમે દીનદયાળ છો. તમે જ કરૂણાના સાગર છો. માટે ઝટ કરો. મને મારી પોતાની ગુણસંપત્તિ લેવાની તરપ લાગી છે. ।।૧।।

• • •

**જે જે કારણ જેહનું રે, સામગ્રી સંયોગ ।**
**મળતાં કારજ નીપજે રે, કરતાતણે પ્રયોગ ॥ ૨ ॥**
**અજિતજિન તારજો રે, તારજો દીનદયાળ ॥**

**ગાથાર્થ :-** જે જે કાર્યનું જે જે ઉપાદાન કારણ છે તે તે ઉપાદાનકારણમાંથી સામગ્રીનો સંયોગ મળતાં જ કર્તાના (કાર્યને પ્રગટ કરવાના) વ્યવસાયાત્મક પ્રયોગથી કાર્ય નીપજે જ છે. આ સત્ય હકિકત છે. ॥ ૨ ॥

**વિવેચન :-** જે જે કાર્યનું જે જે કારણ છે તે તે કારણ તથા તેમાં સહાયક થનારી સામગ્રી, આ બન્નેનો સંયોગ પ્રાપ્ત થતાં જ કર્તાના વ્યવસાયથી કાર્ય નિપજે છે. આવી જગતની સ્થિતિ છે. જેમ કે માટી સ્વરૂપ દ્રવ્ય, ઘટનું ઉપાદાનકારણ છે અને દંડ - ચક્ર - ચીવર આદિ નિમિત્ત સામગ્રી મળી હોય ત્યારે કુંભાર એવા કર્તાનો વ્યવસાય જો અંદર મળે તો કુંભાર એવા કર્તાથી આ ઉપાદાન અને નિમિત્ત કારણના સંયોગ દ્વારા બન્નેનું યથાસ્થાને યુંજન કરવા વડે કુંભારથી ઘટાત્મકકાર્ય અવશ્ય થાય જ છે.

જ્યાં કાર્ય ભિન્ન હોય ત્યાં કર્તા પણ ભિન્ન હોય. જેમ કે ઘટાત્મક કાર્ય કુંભકારથી ભિન્ન છે. ત્યાં કર્તા પણ કુંભકાર ભિન્ન છે પણ જ્યાં કાર્ય અભિન્ન હોય ત્યાં કર્તા પણ અભિન્ન હોય જેમકે આત્માના સર્વગુણોની સંપત્તિનો ઉઘાડ કરવા રૂપ કાર્ય આત્માથી અભિન્ન છે. માટે તેનો કર્તા આત્મા પણ આ સ્વરૂપથી અભિન્ન છે સકલ એવા સ્વગુણોનો આવિર્ભાવ કરવારૂપ કાર્યકરવામાં એટલે કે આત્માની સિદ્ધદશાત્મક કાર્ય પ્રગટ કરવામાં આત્માનો સાનુકૂળ વ્યવસાય તે ઉપાદાન કારણ છે અને શ્રી વીતરાગ અરિહંત પરમાત્મા તથા પરમવૈરાગી ગુરુ આ બન્ને નિમિત્ત કારણ છે.

હે વીતરાગ પ્રભુ ! મારૂં મોક્ષસ્વરૂપ કાર્ય કરવામાં હું ઉપાદાન કારણ છું અને આપશ્રી નિમિત્તકારણ છો તેથી નિમિત્તકારણભુત એવા તમારો આશ્રય લેવાથી મારૂં મોક્ષરૂપ કાર્ય અવશ્ય પ્રગટ થશે જ.

"આત્મા એ કાર્યનો કર્તા છે." જો નિમિત્તકારણભૂત એવા વીતરાગપરમાત્મા અને વૈરાગી ગુરુ મળ્યા હોય છતાં જો કર્તા પોતે પોતાનું કાર્ય કરવામાં ઉપાદાન અને નિમિત્તને યથાસ્થાને યુંજે નહીં, અને પ્રમાદવશ રહે તો કાર્યની સિદ્ધિ થાય નહીં.

અરિહંત પરમાત્મારૂપ દેવતત્ત્વ અને વૈરાગી ગુરુરૂપ ગુરુતત્ત્વ પ્રાપ્ત કરીને પણ જે કર્તા ઉદાસીનપણે વર્તે પોતાનું કર્તૃત્વ મોહને તોડવામાં જો બજાવે નહીં તો મોક્ષાત્મક કાર્ય નીપજે નહીં. આવા અનંતા જીવો અનંત સંસારમાં પરિભ્રમણ કરતા જ રહ્યા છે. માટે ઉપાદાનકારણ હોય કે નિમિત્તકારણ હોય પરંતુ કર્તા વિનાના બધાં જ કારકો પરતંત્ર છે. કર્તા એવો આત્મા જ એક સ્વતંત્ર છે તેથી કર્તા એવા આત્માએ જ મોક્ષાત્મક કાર્ય સિદ્ધ કરવા માટે ઉપાદાન કારણ અને નિમિત્તકારણને બરાબર ઓળખીને જાણીને યથાસ્થાને તેનું યુંજન કરવું જોઈએ, તો જ તે ઈષ્ટકાર્યની સિદ્ધિ કરનાર બને છે. ॥ ૨ ॥

• • •

**અવતરણ :-** ઉપાદાનકારણ અને નિમિત્તકારણનું યુંજન કર્તાને આધીન છે. માટે કર્તાએ જ વધારે સજાગ રહેવું જોઈએ. કર્તા સ્વતંત્ર છે. આ વાત સમજાવતાં ગ્રંથકારશ્રી કહે છે કે-

**કાર્યસિદ્ધિ કર્તા વસુ રે, લહી કારણ સંયોગ ।**
**નિજપદકારક પ્રભુ મળ્યા રે, હોએ નિમિત્તહ ભોગ ॥ 3 ॥**
**અજિતજિન, તારજો રે, તારજો દીનદયાળ**

**ગાથાર્થ :-** કારણની સામગ્રી પ્રાપ્ત કરીને કાર્યની સિદ્ધિ કર્તાને વશ છે. પોતાના શુદ્ધપદના કારક (એટલે કે પ્રબળ નિમિત્તકારણ) એવા

પ્રભુ મળ્યા છે. માટે તે પુષ્ટાલંબનથી કાર્ય કરવા માટે કર્તા એવો આ આત્મા પ્રબળ એવાં નિમિત્તકારણોનો સંયોગ ઇચ્છે. (પ્રમાદ કર્યાવિના પ્રબળ એવાં નિમિત્ત કારણોના સંયોગમાં જ વર્ત્યા કરે.) ॥ ૩ ॥

**વિવેચન :-** કાર્યની સિદ્ધિ કર્તાને આધીન છે જેમ કે માટી સ્વરૂપ ઉપાદાનકારણ અને દંડ ચક્ર ચીવર આદિ નિમિત્તકારણો હાજર હોય પરંતુ કુંભારકર્તા જો કંઈ પ્રયત્ન ન કરે તો ઘટ નિપજે નહીં અને ઘટ ઉપર દંડનો જોરથી પ્રયોગ કરે તો ઘટ બનવાને બદલે ઘટનો ધ્વંસ થઈ જાય. માટે **કાર્યને અભિમુખ પ્રયત્ન કર્તાને જ આધીન છે.** વળી કર્તાકારક સ્વતંત્ર છે તે એકલો હોય તો પણ બધાં જ કારકોને લાવી શકે છે, પરંતુ જો કર્તા ન હોય તો બીજાં બધાં કારકો ભેગાં થયેલાં હોય તો પણ કર્તા વિના કાર્ય થતું નથી. અને તે બધાં કારણો સાથે મળીને પણ કર્તાને લાવી શકતાં નથી. માટે જ કર્તા એ સ્વતંત્ર કારક છે તેથી ઉપાદાન અને નિમિત્તની પ્રવૃત્તિ પણ કર્તાને જ આધીન છે માટે કાર્યની સિદ્ધિ કર્તાને આધીન જ છે આમ કહેવાય છે.

પરંતુ કર્તા એવો આત્મા કારણોની સામગ્રી વિના કાર્ય કરી શકતો નથી. કર્તા હોય અને ઉપાદાન - નિમિત્તાદિકારણો ન હોય તો પણ કર્તા તે તે કારણો લઈ આવી શકે છે અને કારણો લાવીને પછી જ કાર્ય કરી શકે છે, પરંતુ કર્તા જો ન હોય અને કારણસામગ્રી સઘળી પ્રાપ્ત થઈ હોય તો પણ કર્તાને કોઈ લાવી શકતું નથી, અને કાર્ય કરી શકતું નથી. માટે કર્તા એ સ્વતંત્રતત્ત્વ છે. અને નિમિત્ત કારણાદિ અન્ય સામગ્રી પરતંત્રકારણ છે.

પોતાના આત્માના શુદ્ધપદના કારક અને નિમિત્તકારણભૂત એવા પ્રભુજી મળ્યા છે. એટલે હવે સાધકને સાધ્ય સાધવામાં કોઈ ચિંતા નથી. સાધક એવો આત્મા તે તે નિમિત્તોનો યથાસ્થાને ભોગવટો (યુંજન) કરીને પણ પોતાનું મોક્ષાત્મક ઇષ્ટકાર્ય અવશ્ય સિદ્ધ કરશે જ. ॥ ૩ ॥

• • •

અવતરણ :- પોતાની ભવિતવ્યતા જ્યારે પાકે છે, ત્યારે આપોઆપ આવા પ્રકારનાં નિમિત્તોનો યોગ મળી રહે છે અને આ જીવ આત્મકલ્યાણ સાધે જ છે. તે ઉપર સમજાવે છે કે -

**અજકુલગત કેસરી લહેરે, નિજપદ સિંહ નિહાલ ।**
**તિમ પ્રભુભક્તે ભવિ લહે રે, આતમશક્તિ સંભાલ ॥ ૪ ॥**
**અજિતજિત તારજો રે, તારજો દીનદયાળ**

**ગાથાર્થ :-** બકરાંના ટોળામાં રહેલો કેસરીસિંહ બીજા સિંહને જોઈને પોતાનું સિંહપણાનું પદ સંભાળે છે. તેની જેમ આ ભવ્યજીવ પણ પ્રભુજીની ભક્તિ કરતાં કરતાં પ્રભુજીને જોઈ જોઈને પોતાના આત્માની પણ આવી અનંતશક્તિ છે. આમ સંભાળે છે. ॥ ૪ ॥

**વિવેચન :-** કોઈ એક સિંહ પોતાના જન્મથી જ બકરાના ટોળામાં રહ્યો છે અને તેમાં જ મોટો થયો છે. આવા પ્રકારનો સિંહ પોતાનું વાસ્તવિક સિંહપણું ભૂલી જાય છે. અને પોતાની જાતને બકરાઓના ટોળાના કારણે બકરાસ્વરૂપ માની લે છે કારણ કે તે બકરાની સાથે જ મોટો થયો છે. એટલે બકરાંને જ પોતાનું કુટુંબ-પરિવાર મનથી માને છે.

ત્યાં ક્યારેક બીજો સિંહ સામે આવે છે ત્યારે તે બીજા સિંહને જોઈને બધાં જ બકરાં ભાગી જાય છે તેની સાથે પ્રાથમિક સિંહ પણ પોતાની જાતને બકરાતુલ્ય જ માનતો હોવાથી ભાગાભાગ કરે છે. આમ કરતાં કરતાં પ્રથમનો સિંહ બીજા નવા આવેલા સિંહમાં પોતાના સમાન આકારાદિ જોઈને પોતાના આકારાદિને દેખે છે અને સરખાવે છે.

બન્નેમાં સરખાપણું દેખીને વિચારે છે કે પેલા સિંહની જેમ હું પણ સિંહ છું પોતાની જાતને સિંહપણે જાણ્યા પછી અત્યન્ત નિર્ભય થાય છે. આમ બકરાના ટોળામાં ભળેલો સિંહ પોતાનું સિંહપણું ભુલી ગયો હતો. પરંતુ બીજો સિંહ દેખવાથી પોતાની અસલી જાત સ્મૃતિગોચર થાય છે તેવી જ રીતે આ ભવ્યજીવ પણ અનાદિકાળથી ભોગસુખોમાં

આસક્ત બનીને પોતાનું અસલી શુદ્ધસ્વરૂપ (પરમાત્મા સ્વરૂપ) ભૂલી ગયો હતો અને ભોગીના ટોળામાં ભળી ગયો હતો તે જ આત્મા પરમાત્માને જોતાં જ પોતાના આત્માની શુદ્ધજીવત્વ રૂપ ઓળખાણ પામે છે. વીતરાગ પરમાત્માને જોતાં જ પોતાની સત્તાગત રહેલી વીતરાગતા સ્મૃતિગોચર થાય છે અને હું પણ વીતરાગ પરમાત્માની જેવો જ શુદ્ધ-બુદ્ધ-નિઃકર્મા-અનંતગુણમય સ્વરૂપવાળો આત્મા છું. આવી પોતાની અસલીજાત સ્મરણમાં આવે છે.

સામે દેખાતા આ પરમાત્મા પણ પહેલાં મારી જેમ સંસારમાં ભૂલા જ પડેલા હતા, પરંતુ આત્મજાગૃતિ થવાથી પોતાના અસલી સ્વરૂપને પ્રગટ કરનારા બન્યા છે. તો મારે પણ મારૂં અસલી સ્વરૂપ (અનંતગુણાત્મક શુદ્ધસ્વરૂપ) પ્રાપ્ત કરવું જોઈએ જો હું આત્મસાધનાનો પ્રયત્ન કરૂં તો હું પણ પરમાત્મા બની શકું છું. સિદ્ધસ્વરૂપ થઈ શકું છું.

આવી પોતાની જાતની અસલી ઓળખાણ પ્રભુની સેવા કરતાં કરતાં આ જીવને પ્રગટ થાય છે અને આ જીવ સેવાના માર્ગમાં આગળ વધે છે. ॥ ૪ ॥

• • •

**અવતરણ :-** પોતાના શુદ્ધસ્વરૂપને પ્રાપ્ત કરવાનો અર્થી એવો સાધકજીવ પ્રબળ નિમિત્તકારણમાં કર્તાપણાનો આરોપ કરીને પોતાનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરવાની ઘણી ઉમેદ કરે છે પોતાના હૈયામાં શુદ્ધસ્વરૂપ પ્રાપ્ત કરવાની આશા રાખે છે-

**કારણ પદ કર્તાપણે રે, કરી આરોપ અભેદ ।**
**નિજ પદઅર્થી પ્રભુ થકી રે, કરે અનેક ઉમેદ ॥ ૫ ॥**
**અજિતજિન । તારજો રે, તારજો દીનદયાળ.**

ગાથાર્થ :- પ્રબળ કારણભૂત અરિહંતાદિમાં જ કર્તા પણાનો અભેદ આરોપ કરીને પોતાનું શુદ્ધસ્વરૂપાત્મક પદ પ્રાપ્ત કરવાનો અર્થી

એવો આ જીવ પોતાનું સ્વરૂપ પ્રાપ્ત કરવા માટે અનેક પ્રકારની તીવ્ર ઉમ્ભેદ (ઇચ્છાઓ) કરે છે.

**વિવેચન :-** અહીં કદાચ કોઈ જીવ આવો પ્રશ્ન કરે કે મોક્ષમાં ગયેલા શ્રી અરિહંત પરમાત્મા તો વીતરાગ અને અશરીરી હોવાથી કોઈ પરદ્રવ્યના ભલા-ભુંડાના કર્તા નથી. તો તે પ્રભુ આપણને તારશે એવી આશા કેમ રખાય? તેનો ઉત્તર આપતાં ગ્રન્થકારશ્રી કહે છે કે,

કર્તા એવા દેવચંદ્રજી મહારાજશ્રી આ વાત તો જાણે જ છે કે પરમાત્મા મોક્ષે ગયેલા હોવાથી વીતરાગ પણ છે અને અશરીરી પણ છે એટલે કોઇને હાથ પકડીને તારવાનું કામ કરતા નથી વળી વાચા વિનાના છે એટલે ઉપદેશ આપીને પણ તારવાનું કામ કરતા નથી પરંતુ જે કર્તાને પોતાના કલ્યાણનું કામ કરવું જ છે તેના માટે આ પરમાત્મા એ પ્રબળ પુષ્ટ આલંબનરૂપે નિમિત્તકારણ અવશ્ય બને જ છે.

પુષ્ટ આલંબનમાં અભેદભાવે કર્તાપણાનો ઉપચાર કરવામાં આવ્યો છે જેમ કોઈક મનુષ્ય પ્લેન દ્વારા અમેરિકા જાય ત્યારે તે જનાર આમ બોલે છે કે "આ પ્લેને મને અમેરિકામાં પહોંચાડ્યો આ સ્ટીંબરે મને સમુદ્રના પેલે પાર ઉતાર્યો" આ ટ્રેન મને મુંબઈ લઈ જશે ઇત્યાદિ વાક્યોમાં જેમ કારણમાં કર્તાપણાનો અભેદોપચાર કરવામાં આવે છે તેમ અહીં પણ સમજવું.

જે આત્માને પોતાના શુદ્ધપદની પ્રાપ્તિની ભૂખ જ લાગી છે પોતાનું શુદ્ધપદ પ્રાપ્ત કરીને જ જંપવું છે. તે જીવ પોતાના શુદ્ધપદની પ્રાપ્તિના આવા પ્રકારના અનેક ઉપાયો સેવવાની મોટી ઉમેદ (ઇચ્છા) હૃદયમાં રાખે છે જ્યાં જ્યાં પોતાનું કાર્ય થાય એવો સંભવ દેખાય છે. ત્યાં ત્યાં પોતાની હૈયાવરાળ ઠાલવીને મુક્તિપદ મેળવવાની તીવ્ર ઉત્કંઠા વ્યક્ત કરે છે.

અહીં સાધકજીવ પણ વીતરાગ પરમાત્મા પાસે પોતાનું શુદ્ધસ્વરૂપ પ્રાપ્ત કરવાની તાલાવેલી વ્યક્ત કરે છે અને વારંવાર લળી

લળી પ્રભુને વિનંતિ કરે છે કે હે પ્રભુ ! તમે કંઈક કરો...તમે કંઇક કરો, તમે જ કરી શકો તેમ છો. આ સેવક સામે કંઈક મીઠી નજર કરો, શક્તિશાળી છો. છતાં ઉપેક્ષા કેમ કરો છો. હું તમારો છેડો છોડવાનો નથી, જેની પાસે કાર્ય થવાની સંભાવના હોઈ શકે, ત્યાં જડની જેમ શાન્ત થઈને બેસી કેમ રહેવાય ! માટે સાધક એવો મારો આત્મા પ્રબળ પુષ્ટાલંબન પાસે પોતાના ઇષ્ટકાર્યની સિદ્ધિ માટે વિનંતિ કરતાં કરતાં કાર્ય સિદ્ધ થવાની ઉમેદ રાખે છે. માટે હે પ્રભુ! આપશ્રી આ કાર્ય કરવા તત્પર બનો. ॥ ૫ ॥

● ● ●

**અવતરણ :-** ભક્તિથી પરમાત્માની ગુણસ્તુતિ કરે છે.

**અહવા પરમાતમ પ્રભુ રે, પરમાનંદ સ્વરૂપ ।**
**સ્યાદ્વાદ સત્તા રસી રે, અમલ અખંડ અનૂપ ॥ ૬ ॥**
**અજિતજિત તારજો રે, તારજો દીનદયાળ.**

**ગાથાર્થ :-** અથવા આ પ્રભુ પરમાત્મા છે. પરમ આનંદ સ્વરૂપ છે. સ્યાદ્વાદભાવવાળી સત્તાના રસિક છે તથા નિર્મળ છે. અખંડ છે. અને અનુપમ સ્વરૂપવાળા પણ છે. ॥ ૬ ॥

**વિવેચન :-** ઉપરની પાંચમી ગાથામાં પરમાત્મા મારા આત્માનું કલ્યાણ કરશે જ, એવી ઉમેદપૂર્વક સેવક પ્રભુને કલ્યાણ કરવા માટેની વિનંતિ કરે છે. હવે આ છઠ્ઠી ગાથામાં "अथवा" શબ્દ લખીને ગ્રંથકારશ્રી એમ જણાવે છે કે અથવા મારૂં કલ્યાણ કરવાનું પ્રભુને કહેવાની મારે જરૂર જ નથી. કારણ કે તે પરદ્રવ્યના કર્તા નથી. પોતાના સ્વરૂપમાં જ રમનારા છે. વીતરાગ હોવાથી બીજા ઉપર રાગ કરતા નથી. બીજાના કાર્ય કરવામાં જોડાતા નથી. માટે મારૂં કલ્યાણ કરવાનું કામ મારે જ કરવું જોઈએ.

પ્રભુ તો પરમાત્મા છે. સંસારમાં આત્મા ત્રણ પ્રકારના હોય છે. બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા, મોહના ઉદયને જે આધીન હોય તે બહિરાત્મા, શરીર આદિ પૌદગ્ગલિક પદાર્થોમાં ઘણી મમતા રાખીને તેની જ સારસંભાળમાં જે વર્તે તે બહિરાત્મા. તથા મોહના ક્ષયોપશયભાવમાં જે વર્તે તે અંતરાત્મા. ચારથી દસ ગુણઠાણા સુધીના જીવો અંતરાત્મા અને સર્વથા મોહનો જે આત્માએ ક્ષય કર્યો હોય છે તે પરમાત્મા કહેવાય છે. બારમા તેરમા - ચૌદમા ગુણઠાણા વાળા મહાત્મા પુરુષો અને મોક્ષગત આત્માઓ પરમાત્મા કહેવાય છે કારણ કે તેઓનો આત્મા મોહનો સંપૂર્ણપણે ક્ષય કરીને શુદ્ધ આત્મતત્ત્વને પામનાર બન્યો છે.

આ પ્રમાણે વીતરાગ પ્રભુ મોહરહિત હોવાથી પરમાત્મા પણ બન્યા છે. અને વિકારો તથા કર્મજન્ય ઉપાધિઓ ન હોવાથી પરમ આનંદના સ્વરૂપવાળા પણ છે તેમનો આનંદ અપાર અને અનંત તો છે પણ ક્યારેય ન છિનવાઈ જાય તેવો અદ્‌ભૂત અને અકલ્પ્ય આનંદ છે જેમાં એવા પરમાત્મા અપાર આનંદવાળા છે.

તથા આ પરમાત્મા દ્રવ્યથી એકરૂપ છે અને ગુણ તથા પર્યાયથી અનંતાત્મક (અનેકરૂપ) પણ છે. વળી દ્રવ્યથી નિત્ય પણ છે અને પર્યાયથી અનિત્ય પણ છે. પોતાના સ્વરૂપથી અસ્તિ છે તેમજ પરસ્વરૂપથી નાસ્તિ પણ છે. તથા વળી અન્ય દ્રવ્યોની સાથે કથંચિદ્ ભિન્ન પણ છે અને કથંચિદ્ અભિન્ન પણ છે આમ સ્યાદ્‌વાદધર્મવાળી સત્તાના રસિક છે. એટલે કે તેમનું પોતાનું અસ્તિત્વ સ્યાદ્‌વાદભાવવાળું જ છે પણ એકલતાવાળું નથી.

તથા કર્મનો મેલ સર્વથા દૂર કર્યો હોવાથી અને ભવિષ્યમાં પણ ક્યારેય કર્મનો મેલ આવવાનો ન હોવાથી સર્વથા અમલ એટલે નિર્મળ

છે. શુદ્ધ થયા છે. તથા વળી અખંડ છે. ક્યારેય તેમના આત્માના ખંડ થવાના નથી એવી સ્થિતિવાળા છે. સંસારી જીવો તો ક્યારેક છેદાય ક્યારેક ભેદાય. શરીરધારી થવાથી અનેક અવયવોમાં વહેંચાય, પરંતુ પરમાત્મા તો એક જ સ્વરૂપવાળા રહેવાના છે. મોક્ષે જતાં આત્મપ્રદેશોનો જે $\frac{2}{3}$ અવગાહનાવાળો પિંડ બન્યો છે તે જ સદાકાળ રહેનાર છે માટે આપ અખંડ છો. તથા આપશ્રીમાં અનંત અનંત ગુણસંપદા પ્રગટ થયેલી હોવાથી આત્મશ્રી અનુપમ (જેની કોઈ ઉપમા ન આપી શકાય તેવા અનુપમ) સ્વરૂપે ચમકો છો. તમારા તરફ નજર કર્યા પછી બીજે ક્યાંય અમારી આ નજર જતી જ નથી તથા ઠરતી નથી જાણે તમને જોયા જ કરૂં, જોયા જ કરૂં. એવો અભિલાષ થાય છે. ॥૬॥

● ● ●

**અવતરણ :- આપશ્રીના દર્શનથી મારામાં શું પરિવર્તન આવ્યું ? તે આ ગાથામાં જણાવે છે.**

**આરોપિત સુખભ્રમ ટળ્યો રે, ભાસ્યો અવ્યાબાધ ।**
**સમર્યું અભિલાષીપણુ રે, કર્તા સાધન સાધ્ય ॥ ૭ ॥**
**અજિતજિણંદ । તારજો રે, તારજો દીનદયાળ ।**

**ગાથાર્થ :-** ઈન્દ્રિયજન્ય જે આરોપિત (કલ્પિત) સુખ છે. તેમાં જે સુખપણાની બુદ્ધિનો ભ્રમ હતો તે દૂર થયો છે. અને અવ્યાબાધસુખનો રસ લાગ્યો છે. અવ્યાબાધ સુખ જોઈને તે મેળવવાનું અભિલાષીપણું સ્મરણમાં આવ્યું. હવેથી આવા જ અવ્યાબાધસુખને મેળવવાનું કર્તૃત્વ તથા તેનો જ સાધ્ય-સાધનદાવ શરૂ થયો છે. ॥ ૭ ॥

**વિવેચન :-** આત્માનંદના ભોગી અને આત્મસ્વરૂપમાં રમણતા-વાળા તથા શુદ્ધતત્ત્વના જ વિલાસી, એવા વિશિષ્ટ ગુણોવાળા શ્રી વીતરાગદેવને જ્યારથી જોયા છે ત્યારથી પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં જે સુખબુદ્ધિ હતી તે આરોપિતસુખમાં સુખબુદ્ધિનો મારો ભ્રમ ટળી ગયો છે. તેમાં સુખબુદ્ધિ દૂર થઈ ગઈ છે અને આત્માના ગુણોમાં

રમવાપણાનું અવ્યાબાધ જે સુખ છે તે સુખ જ સાચું સુખ છે આમ સમજાયું છે.

અનાદિ કાળથી મોહની વાસનાના લીધે જ્યાં સુધી ઇન્દ્રિય સુખમાં અને પાંચ વિષયોના ઉપભોગમાં સુખબુદ્ધિ હતી, ત્યાં સુધી તે સુખ પ્રાપ્ત કરવાની, અને પ્રાપ્ત થયેલા એવા તે સુખનો અનુભવ કરવાની અભિલાષા હતી, પરંતુ અવ્યાબાધ સુખને જાણ્યા પછી તે વિષયસુખનો રસ ટળી ગયો છે. દૂર જ ગયો છે. અને અવ્યાબાધ સુખનો હું અભિલાષી બન્યો છું. મારૂં અવ્યાબાધસુખનું અભિલાષીપણું હે પ્રભુ ! તમને જોતાં જ મને સ્મરણમાં આવ્યું છે.

જેમ મામાના ગામના લોકોને જોતાં જ મામાનું ગામ (મુસાલ) સ્મૃતિગોચર થાય છે તેમ આપશ્રીને જોતાં જ મને મારૂં અવ્યાબાધસુખનું અભિલાષીપણું તાજું થયું છે.

જે કર્તાને જે કાર્ય સ્મરણમાં આવે છે. તે કર્તા તે કાર્યને સિદ્ધ કરવા તેવી જ કારણસામગ્રી મેળવે છે અને તેવી કારણસામગ્રીનો ઉપયોગ કરીને તે કાર્ય સિદ્ધ કરે જ છે, તેમ હું પણ મારા અવ્યાબાધ સુખનો અભિલાષી બન્યો છું. મારે મારૂં કર્તૃત્વ તેવા સુખના સાધ્ય સાધનદાવને સાધવામાં જ જોડવું છે. અર્થાત્ હવેથી વિષય સુખોને પ્રાપ્ત કરવામાં સમય ગુમાવવાને બદલે આવા પ્રકારના અવ્યાબાધ સુખને મેળવવામાં જ હું રચ્યો પચ્યો રહીશ. ॥ ૭ ॥

• • •

અવતરણ :- પરમાત્માને દેખ્યા પછી આ જીવની જીવનનૌકા બદલાઈ ગઈ છે. અનાદિકાળથી મોહના અભ્યાસના કારણે મોહજન્ય અને મોહજનક ગ્રાહકતા આદિ ભાવો આ જીવમાં હતા. પ્રભુ જોયા પછી તે દિશા બદલીને અવ્યાબાધ સુખ આદિ આત્મગુણોની ગ્રાહકતા આદિ ગુણો આ જીવમાં પ્રગટ થયા છે. આ વાત આ ગાથામાં સમજાવે છે.

**ગ્રાહકતા સ્વામિત્વતા રે, વ્યાપક ભોક્તાભાવ ।**
**કારણતા કારજદશા રે, સકલ ગ્રહું નિજ ભાવ ॥ ૮ ॥**
**અજિતજિન । તારજો રે, તારજો દીનદયાળ ।**

**ગાથાર્થ :-** (૧) ગ્રાહકતા, (૨) સ્વામિત્વતા, (૩) વ્યાપકતા,(૪) ભોક્તાભાવ, (૫) કારણદશા અને (૬) કાર્યદશા ઈત્યાદિ સર્વે ભાવો નિજભાવને (સ્વભાવદશાને) પ્રગટ કરવામાં જ લાગી ગયા છે. ॥૮॥

**વિવેચન :-** (૧) આ જીવ અનાદિકાળથી મોહની પરવશતાના કારણે પાંચે ઈન્દ્રિયોનાં વિષયસુખો અને તેની જ સારસંભાળનો ગ્રાહક હતો, પરંતુ હવે શુદ્ધ અવ્યાબાધ સુખે સુખી એવા શ્રી પરમાત્માને દેખ્યા પછી અવ્યાબાધ સુખનો જ ગ્રાહક થયો છે. તે જ સુખ જોઈએ એવી જોરદાર તમન્ના લાગી છે. ગ્રાહકતા બદલાઈ ગઈ છે.

(૨) અનાદિ કાળથી મોહાધીનતાના કારણે પાંચે ઈન્દ્રિયોના વિષયસુખના અસાધારણકારણભૂત એવા સ્ત્રી-પુત્ર-ધન-વસ્ત્રાદિ અને ભોગ-ઉપભોગની સામગ્રી આદિ જે પરભાવ છે. તેનું સ્વામિપણું આ જીવ સમજતો હતો એટલે ત્યાં માલિકીહક્ક કરતો હતો પરંતુ અનંત જ્ઞાનાદિ ગુણોની સંપત્તિના ભંડાર એવા અરિહંત પરમાત્માને દેખીને આ જીવની દૃષ્ટિ બદલાઈ ગઈ છે હવે પોતાનામાં રહેલા અનંત જ્ઞાનાદિગુણોરૂપી સ્વસંપત્તિનું સ્વામિપણું જણાય છે બાકીની બધી સંપત્તિ પરભાવદશા છે. આ ભવમાં આવ્યા પછી મેળવી છે. અને આ ભવ પૂર્ણ થતાં બધી જ સંપત્તિ મુકીને જ ભવાનારમાં જવાનું છે તેથી ધનાદિ બાહ્ય સંપત્તિ ઉપરથી સ્વામિત્વ બદલીને પોતાના ગુણોની સંપત્તિનું સ્વામિત્વ હવે આ જીવમાં પ્રગટ્યું છે.

(૩) મોહના ઉદયની તીવ્રતાને લીધે દારૂડીયાની જેમ પાંચે ઈન્દ્રિયોનાં વિષયસુખો અને તેનાં સાધનો (ધનાદિ સામગ્રી) મેળવવામાં

જ આ જીવ વ્યાપક હતો. તેના કારણે અનેક લેણદાર - દેવાદારોની સાથે ઝઘડા-બોલાચાલી-મારામારી ઈત્યાદિ કષાયો જ કર્યા છે હવેથી વીતરાગ પરમાત્મા જણાયા હોવાથી આત્માના ગુણોની સંપત્તિ પ્રાપ્ત કરવામાં અને તેમાં જ રચ્યા પચ્યા રહેવાની વ્યાપકતા પ્રગટ થઈ છે.

એટલે સંસારી છે ત્યાં સુધી (ધનાદિ) બાહ્ય સામગ્રી મેળવવાનું કામ કરે છે, પરંતુ પોતાનો સ્વાભાવિક રસ ગુણસંપત્તિ પ્રાપ્ત કરવામાં જ વધારે છે.

(૪) તથા અનાદિકાળથી મોહના ઉદયની તીવ્રતાને લીધે પાંચે ઈન્દ્રિયોનાં સુખો ભોગવવામાં જ આ જીવ ઘણો રસિક હતો. સારૂં-સારૂં ખાવું, સારૂં-સારૂં પીવું, સારૂં-સારૂં પહેરવું, સારી-સારી શરીરવિભૂષા કરવી ઈત્યાદિ મોહજનક શરીરના ભભકામાં જ રમતો હતો, પરંતુ હવેથી વીતરાગપરમાત્મા પ્રાપ્ત થયા બાદ પરમાત્માને સ્વસ્વરૂપના ભોગી દેખીને આ જીવે પણ પોતાના સ્વભાવનો ભોક્તા થવા તરફ પ્રયાણ આદર્યું છે. સ્વગુણરમણતા અને સ્વગુણોની ભોક્તૃત્વતા સમજાણી છે અને તે પ્રગટી છે.

(૫) અત્યાર સુધી વારંવાર પાંચે ઈન્દ્રિયોના વિષયસુખની વાસનાના કારણે ભોગ ઉપભોગો ભોગવવાની જ કારણતા હતી. તેના કારણે આઠે પ્રકારનાં કર્મો બાંધવાની જ કારણતા પ્રવર્તતી હતી, પરંતુ વીતરાગ પરમાત્માને જોયા પછી આત્માના શુદ્ધ સ્વરૂપના ઉપભોગની ઉપાદાન કારણતા સમજાણી અને તેવા શુદ્ધ સ્વરૂપના ઉપભોગની કારણતા તરફ આ જીવનનૌકા મેં વાળી છે.

(૬) આજ સુધી મોહના ઉદયની તીવ્રતાના કારણે વિભાવદશાનો, રાગ-દ્વેષાદિ મોહના વિકારોનો અને આઠ પ્રકારના કર્મના બંધનો મારો આત્મા કર્તા હતો પરંતુ પ્રભુ મળ્યા પછી

યથાર્થતત્ત્વ સમજાતાં હું વિભાવદશાનું કર્તૃત્વ ત્યજીને સ્વભાવદશાનો કર્તા બન્યો છું. સંવર-નિર્જરા રૂપ ગુણપ્રાપક તત્ત્વોનો હું કર્તા બન્યો છું. હેયતત્ત્વોનો ત્યાગ કરીને આત્માને ઉપકારક એવા ઉપાદેય તત્ત્વોનો સ્વીકાર કરનાર હું બન્યો છું.

આ પ્રમાણે અનાદિકાળથી મારી આત્મશક્તિ જે પરભાવમાં રાચી-માચી હતી. તે હે પ્રભુ ! આપ મળ્યા એટલે મને યથાર્થ સાચું મારું તત્ત્વ સમજાયું છે તે માટે મેં મારી ચેતનાને પરભાવમાંથી નિવર્તાવીને સ્વભાવદશામાં જ પ્રયુંજી છે. આ રીતે આપની કૃપાથી મારો વળાંક બદલાયો છે. બાધકભાવમાંથી નીકળીને સાધકભાવ તરફ મારૂં પ્રયાણ શરૂ થયું છે તે આપશ્રી કૃપા કરી પૂર્ણ કરજો. ॥ ૮ ॥

● ● ●

અવતરણ :- આત્માના જે જે ગુણો વિભાવદશામાં રાચનારા હતા તે બધા જ ગુણો પરમાત્માના દર્શન પછી સ્વભાવદશામાં રમનારા થયા છે. આપ મળવાથી મારા કલ્યાણની પ્રાપ્તિ શરૂ થઈ છે. આ વાત આ ગાથામાં સમજાવે છે-

**શ્રદ્ધા ભાસન રમણતા રે, દાનાદિક પરિણામ ।**
**સકલ થયા સત્તા રસી રે, જિનવર દરિસણ પામ ॥ ૯ ॥**
**અજિતજિન । તારજો રે, તારજો દીનદયાળ**

**ગાથાર્થ :-** જિનેશ્વર પરમાત્માનું દર્શન પ્રાપ્ત કરીને શ્રદ્ધાગુણ જ્ઞાનગુણ અને આત્મભાવની રમણતા સ્વરૂપ ચારિત્રગુણ તથા દાન-લાભ-ભોગ-ઉપભોગ અને વીર્ય આદિ સર્વે પણ ગુણોનું પરિણમન આત્મતત્ત્વની સત્તાનું રસિક બની ગયું છે. ॥ ૯ ॥

**વિવેચન :-** જિનેશ્વરપ્રભુનું દર્શન પ્રાપ્ત થવાથી મારા આત્મામાં (૧) શ્રદ્ધાગુણ, (૨) જ્ઞાનગુણ, (૩) ચારિત્રગુણ અને દાનાદિકગુણો

(દાન-લાભ-ભોગ-ઉપભોગ વિગેરે ગુણો) આમ સર્વે પણ ગુણો બદલાઈ ગયા છે. જે ગુણો પહેલાં ભોગરસિક હતા તે બધા જ ગુણો હવેથી પ્રભુ જોયા પછી અવ્યાબાધ સુખના રસિક થયા છે.

(૧) સાતાવેદનીયાદિ જે ૪૨ પુણ્ય પ્રકૃતિઓનો ઉદય છે કે જે સંસારના ભોગસુખોમાં જ આનંદ અને પ્રીતિ કરાવતો હતો. શરીરની સુખાકારી, ગૌરવવંતુ માન, ધનાદિકની ભોગસામગ્રીની પ્રાપ્તિને જ આ જીવ સુખ માનતો હતો. તેવું સુખ મેળવવા જ સતત પ્રયત્નશીલ હતો. તેની જ વૃદ્ધિમાં આનંદ અને તેની જ હાનિમાં શોક મારો આ જીવ કરતો હતો. પરમાત્માના દર્શન પછી મારી આ દૃષ્ટિ બદલાઈ ગઈ છે. હવે ગમે તેવાં રાજાસાઇ સાંસારિક સુખોની જવાળા પણ ઔષધ આદિ પૌદ્ગલિક પરપદાર્થોને આધીન હોવાથી પરાધીન લાગ્યાં છે. હવેથી અવ્યાબાધ સુખ, નિષ્કર્માપણાનું સુખ, અશરીરીપણાનું સુખ ઇત્યાદિ પારમાર્થિક અને ક્યારેય ન ચાલ્યા જવાવાળા આત્મગુણોના આનંદના સુખનું ઘેલું લાગ્યું છે આમ પ્રભુ દેખવાથી આત્મશ્રદ્ધા બદલાણી છે.

(૨) મતિજ્ઞાનાદિક જે ક્ષાયોપશમિકભાવનાં જ્ઞાન (ભાસન) હતાં કે જે જ્ઞાન વૃદ્ધિ - હાનિ પામતાં હતાં. માનાદિ કરાવતાં હતાં તેને છોડીને વૃદ્ધિ - હાનિ વિનાના અને સદાકાળ સમપણે રહેનારા કેવળજ્ઞાન દેવદર્શન આદિ શુદ્ધ આત્મગુણોની લગની લાગી છે. આ રીતે મારી જ્ઞાન ગુણની લગની પણ પ્રભુજોવાથી જ બદલાઇ ગઇ છે.

(૩) આજ સુધી મોહનીય કર્મના ઉદયને કારણે સાંસારિક ભોગસુખોમાં જ ઘણી રમણતા હતી. એટલે કે અવિરતિભાવમાં જ મસ્તી માણતો હતો, પરંતુ પ્રભુજી મળ્યા પછી સ્વભાવદશામાં રમણતા મેળવવાની (એવા પ્રકારનું યથાખ્યાત ચારિત્ર પ્રાપ્ત કરવાની) તીવ્ર ઇચ્છા પ્રગટ થઈ છે. પોતાના આત્માને વિભાવ દશાથી વિરમાવીને સ્વભાવરમણતાવાળો કરવાની તીવ્ર મહેચ્છા હવે મને પ્રવર્તે છે.

(૪) અત્યાર સુધી મોહોદયની તીવ્ર વાસનાના કારણે ધન-

વસ્ત્ર-ખાવાનું વિગેરે પૌદ્ગલિક પદાર્થો આપવાનું જ દાન સમજતો હતો અને તેથી તેને જ મેળવવામાં મારો બધો સમય પસાર થતો હતો. હવેથી પ્રભુજી મળ્યા પછી તેઓના શાસ્ત્રોના સહવાસથી મારી આ વૃત્તિ બદલાઈ ગઈ છે. દાનાદિને આપવા માટે મેળવવું અને બીજાને આપવું અને તેનું માન વહન કરવું આ બધું બરાબર નથી. તેના કરતા પૌદ્ગલિક ભાવોનો સર્વથા સંબંધ જ છોડી દેવો જ્યાં કોઈ પણ પ્રક્રિયા માટે કોઈ પણ પુદ્ગલગ્રહણની આવશ્યક્તા જ ન રહે એવો પુદ્ગલનો સર્વથા ત્યાગ કરવો. શરીરાદિ આત્મા સાથે જે તન્મયપણે અનાદિથી વર્તે છે તેનો પણ ત્યાગ કરી અશરીરી બનવું એ જ મોટો દાનગુણ છે તે હવે મને બરાબર સ્મૃતિગોચર થયો છે.

(૫) એવી જ રીતે ધન-અલંકાર કે કીર્તિ ઇત્યાદિ મેળવવાં તે લાભ સમઝતો હતો અને તેથી જ તેના માટે સતત પ્રયત્નશીલ હતો, પણ હવે તત્ત્વ સમજાયા પછી ખ્યાલ આવે છે કે ધન - અલંકાર કે કીર્તિ આ બધાં એકભવ પુરતાં જ સંબંધવાળાં છે. અંતે તો તે પણ હેય જ છે. છોડીને જ જવાનું છે તેથી તેનો લાભ થાય તો પણ તે લાભ કાયમ ટકવાનો નથી. આમ સમજીને મારી વૃત્તિ બદલાણી છે કે ગુણોનો લાભ એ જ સાચો લાભ છે જે ભવાન્તરમાં પણ નાની ઉંમરથી તે ગુણો પ્રગટી ઉઠે છે અને જો કેવળજ્ઞાનાદિ જેવા ક્ષાયિક-ભાવના ગુણો પ્રાપ્ત કર્યા હોય તો તે પછી ક્યારેય ચાલ્યા જતા નથી માટે ક્ષાયિક ભાવના ગુણોનો લાભ એ જ સાચો લાભ છે.

(૬-૭) આ જ રીતે પૌદ્ગલિક પદાર્થોના ભોગ અને ઉપભોગને હું સત્ય માનતો હતો. એટલે જ સારૂં ખાવા-પીવાનું મળે અને સારૂં પહેરવા - ઓઢવાનું મળે એટલે તેને હું સુખ જ સુખ માનતો હતો અને તેમાં આસક્ત થઈને ફરતો હતો.

તત્ત્વ સમજાયા પછી ખ્યાલ આવે છે કે ભોગોનો ભોગ-ઉપભોગ જરૂર ક્ષણિક તૃપ્તિ આપે જ છે તો પણ મોહદશાની વૃદ્ધિ કરે છે તેનાથી અનંત સંસાર વધે જ છે. તે માટે આ પણ વ્યાજબી નથી. વળી તે તૃપ્તિ પણ ક્ષણવાર પુરતી જ હોય છે. અંતે તો અતૃપ્તિ જ રહે છે. માટે પોતાના ગુણોનો ભોગ - ઉપભોગ એ જ ક્ષાયિક ભાવને લાવનાર છે અને અનંતકાળ આત્મા સાથે રહેનાર છે. માટે ગુણોનો જ ભોગ-ઉપભોગ સાચો છે. તે જ મેળવવા જેવો છે. તેવી જ રઢ લાગી છે.

(૮) આજ સુધી પ્રાપ્ત થયેલું વીર્ય મેં સાંસારિક ભોગોમાં જ વાપર્યું છે કે જેના કારણે કર્મબંધના કારણભૂત મોહના વિકારો આસક્તિ માયા વિગેરે ભાવો મારામાં પ્રગટ્યા છે. વાસ્તવિકપણે તો આ વીર્યગુણ ગુણવૃદ્ધિમાં અને ગુણપાલનમાં જ વાપરવું જોઈએ. આ વાત હે પ્રભુ ! આપ મળ્યાથી સમજાણી છે જેથી વીર્યનો વપરાશ કરવાનો બદલો થયો છે હવેથી ભોગોમાં હું મારૂં વીર્ય નથી વાપરતો પરંતુ ગુણપ્રક્રિયામાં અને ગુણવૃદ્ધિમાં જ મારૂ વીર્ય વાપરૂં છું. આ પ્રમાણે જિનેશ્વર પ્રભુનું દર્શન થવાથી શ્રદ્ધા, ભાસન (જ્ઞાન), ચારિત્રરમણતા અને દાનાદિના જે પરિણામો છે તે સર્વે પણ ગુણો જે ભોગના રસિક હતા તેને બદલે આત્માના ગુણોના રસિક બની ગયા છે. જેથી મારી મુક્તિ અવશ્ય અલ્પકાળમાં થશે જ. ॥ ૯ ॥

• • •

અવતરણ :- આ રીતે પરમાત્મા ! તમે તો મારા માટે નિર્યામક પણ છો. માહણ પણ છો તથા વૈદ્ય છો, ગોવાળ છો અને આધારભૂત પણ છો. ઈત્યાદિ ધર્મો આપનામાં છે આમ કહીને ગ્રંથકારશ્રી પરમાત્માની સ્તુતિ કરે છે.

**તેણે નિર્યામક માહણો રે, વૈદ્ય ગોપ આધાર ।**
**દેવચંદ્ર સુખ સાગરુ રે, ભાવ ધર્મ દાતાર ॥ ૧૦ ॥**
**અજિતજિન ! તારજો રે, તારજો દીનદયાળ**

**ગાથાર્થ :-** તે તે કારણથી હે પ્રભુ ! આપશ્રી અમારા નિર્યામક પણ છો. માહણ પણ છો. વૈદ્ય પણ છો. ગોપ પણ છો અને આધાર પણ છો. સુખના સાગરસમાન અને દેવોમાં ચંદ્રમાં સમાન એવા હે પ્રભુ ! તમે જ મને ભાવધર્મ આપનારા સાચા દાતા છો. ॥૧૦॥

**વિવેચન :-** હે વીતરાગ પ્રભુ ! તમે અમારા નિર્યામક છો. જેમ સમુદ્રમાં ચાલતા વહાણને નિર્યામક (વહાણ ચલાવનાર) વહાણને સુખે સુખે પેલે પાર લઈ જાય છે તેમ હે પ્રભુ ! તમે મારી જીવનનૌકાને ભવસમુદ્રના પેલા પાર લઈ જનારા છો. માટે મારા માટે નિર્યામક છો.

તથા બ્રાહ્મણ હંમેશા અહિંસાના વધારે પૂજારી અને ઉપદેશક હોય છે. તેમ આપશ્રી જીવોની હિંસા કરવારૂપ દ્રવ્યહિંસાના અને કષાયો કરવારૂપ ભાવહિંસાના વિરોધી હોવાથી સદાકાળ દ્રવ્યઅહિંસા અને ભાવ અહિંસાના ઉપદેશક જ રહ્યા છો. તેથી સાચા માહણ (બ્રાહ્મણ) છો. જાતિથી કદાચ ક્ષત્રિય હશો પરંતુ ઉપદેશથી યથાર્થ બ્રાહ્મણ છો.

તથા વળી વૈદ્યો શરીરના કેન્સર-ટીબી, બ્લડપ્રેશર ઈત્યાદિ રોગોના નાશક છે. પરંતુ તે રોગો ફરીથી આવે પણ છે. સર્વથા જાય જ એવો નિયમ નથી. જ્યારે આપશ્રી તો ઉત્તમ અમૃતવાણી દ્વારા મિથ્યાત્વ-અવિરતિ-પ્રમાદ-કષાય ઈત્યાદિ ભાવરોગોનો એવો વિનાશ કરનારા છો કે તે રોગો નાશ થયા પછી અનંતકાળે પણ ક્યારેય પુનઃ આવતા નથી માટે તે રોગો સર્વથા દૂર કરવામાં તમે મહા વૈદ્યસમાન છો.

તથા ગોવાળ જેમ ગાયોની રક્ષા કરે છે. એટલે ગોપ કહેવાય છે. તેવી જ રીતે આપશ્રી અમારામાં આવેલા ગુણોની પૂરેપૂરી માવજત કરનારા એટલે કે રક્ષા કરનારા છો, દ્રવ્યથી છ જીવની કાયાની રક્ષા કરવાના ગુણની રક્ષા કરનારા, અને ભાવથી જ્ઞાન-

દર્શન ચારિત્ર ઈત્યાદિ અમારામાં પ્રગટ થતા ગુણો અને પ્રગટ થયેલા ગુણોની રક્ષા કરનારા છો. માટે અમારા માટે તો હે પ્રભુ ! આપ યથાર્થ ગોપ (ગોવાળ) છો.

તથા જંગલમાં ભટકતા અને માર્ગથી ભૂલા પડેલાને જેમ કોઈ ગામનું પાટીયું અથવા માર્ગ બતાવનાર મુસાફર આધારરૂપ મળી જાય તો તે જંગલમાં ભટકતો પુરુષ કેટલો બધો આનંદ આનંદ પામે છે તેમ હે પ્રભુ ! ભવમાં ભૂલા પડેલા અને અહીં તહીં ભટકતા એવા અમને મુક્તિનો માર્ગ દેખાડનારા તમે મજબૂત આધાર મળ્યા છો. તેનો જ અમને ઘણો ઘણો આનંદ વર્તે છે.

આ રીતે વિચારતાં વિચારતાં હવે સમજાય છે કે દેવોમાં ચંદ્રમા સમાન (ઉજ્જવળ) અને સુખના મહાસાગર એવા હે અજિતનાથ પ્રભુ ! તમે જ અમને સાચા ભાવધર્મના દાતા છો. કારણ કે તમે જ અમને સમ્યગ્જ્ઞાન-સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર સમજાવ્યા છે અને આપ્યાં છે. આવા ગુણોરૂપી ભાવધર્મના હે પ્રભુ ! તમે જ એક સાચા દાતા છો.

આ કારણથી હે પ્રભુ ! તમને જોતાંની સાથે જ અમને ભાવધર્મ (આત્માના ગુણોનો વિકાસ કરવાનું જ) સૂઝે છે. ગમે છે. આપશ્રી પણ તેના જ વધારે વધારે ઉપદેશક છો અમારૂં કલ્યાણ પણ અમારા આવા ગુણોથી જ થવાનું છે માટે અમે તમારૂં જ શરણ સ્વીકારીએ છીએ. અમે હવે તમને ક્યારેય છોડવાના નથી. માટે હે પ્રભુ! અમારી આ વિનંતિને બરાબર સાવધાનીપૂર્વક સાંભળજો. ॥૧૦॥

શ્રી અજિતનાથ પ્રભુનું જીવન નજરસન્મુખ રાખીને બાહ્યભાવ ત્યજીને અંતરદશા ખોલીને નિશ્ચયથી આત્મતત્ત્વની સાધના માટે શ્રી અજિતનાથપ્રભુનું આલંબન લો. (આવો સ્તવનકારશ્રીનો આશય છે.)

• • •

## ત્રીજા શ્રી સંભવનાથ પરમાત્માનું સ્તવન

અવતરણ :- ભક્તિથી ભરેલા હૈયાથી સેવક પ્રભુજીની સ્તુતિ કરે છે -

**શ્રી સંભવ જિનરાજજી રે, તાહરું અકલ સ્વરૂપ ।**
**સ્વપરપ્રકાશક દિનમણિરે, સમતારસનો ભૂપ ॥ જિનવર પૂજા ॥**
**પૂજો પૂજો રે ભવિકજન પૂજો, હાંરે પ્રભુ પૂજ્યા પરમાનન્દ ॥**
**જિનવર પૂજો રે ॥ ૧ ॥**

**ગાથાર્થ :-** હે સંભવનાથ પ્રભુ ! તમે જિનરાજ છો. તમારૂં સ્વરૂપ અકલ (ન કળી શકાય તેવું) છે તમે સ્વતત્ત્વ અને પરતત્ત્વ એમ ઉભયતત્ત્વના પ્રકાશક છો તથા આપશ્રી સમતા રસના રાજા છો. હે ભવિકજનો ! તમે આવા વીતરાગ પ્રભુને પૂજો. વારંવાર પૂજો. આવા પ્રભુને પૂજવાથી પરમ આનંદની પ્રાપ્તિ થાય. ॥ ૧ ॥

**વિવેચન :-** આપણને સેવા કરવા માટે આલંબનરૂપ પ્રાપ્ત થયેલા શ્રી સંભવનાથ પ્રભુ, કેવા છે ? તે વાત આ ગાથામાં સમજાવે છે કે -

(૧) આ સંભવનાથ પ્રભુ જિનરાજ છે. એટલે કે રાગ દ્વેષ અને મોહને સર્વથા જિતીને જે વીતરાગ - કેવલજ્ઞાની બને તેને જિન કહેવાય (જિન એટલે રાગ-દ્વેષને સંપૂર્ણપણે જિતનારા) એટલે સામાન્ય કેવલજ્ઞાની પરમાત્મા. તેમાં હે પ્રભુ ! તમે તો તીર્થંકર નામકર્મના ઉદયવાળા છો એટલે જિનોમાં (કેવળી ભગવંતોમાં પણ) તમે રાજા સમાન છો. સામાન્ય કેવલજ્ઞાની ભગવંતો કેવળજ્ઞાનવાળા અને કેવલ દર્શનવાળા છે. પરંતુ પુણ્યાઈમાં તીર્થંકર નામ કર્મનો ઉદય ન હોવાથી તેઓ જિન છે પણ જિનરાજ નથી. જ્યારે હે સંભવનાથ પ્રભુ ! આપશ્રી તો કેવલજ્ઞાની પણ છો કેવલદર્શની પણ છો અને તીર્થંકર નામકર્મના ઉદયવાળા હોવાથી અનંત ઠકુરાઈવાળા પણ છો.

(૨) તથા વળી હે પ્રભુ ! તમારૂં સ્વરૂપ અકલ (ન કળી શકાય એટલે કે ન સમજી શકાય તેવું) છે. આપશ્રીનું વીતરાગતાનું સ્વરૂપ એટલું બધું અનંતુ અને અપાર છે કે જે કળી શકાતું નથી. માપી શકાતું નથી. સમજી શકાતું નથી અમે પોતે કેવળજ્ઞાની બનીએ ત્યારે જ અનુભવી શકાય તેવું છે.

(૩) તથા વળી હે પ્રભુ ! તમે સ્વધર્મ (આત્માનો ધર્મ આત્માના ગુણો આત્માનું સ્વરૂપ) તથા પરધર્મ (પરદ્રવ્ય ધર્માસ્તિકાયાદિ, તેના ધર્મો તેના ગુણો અને તેનું સ્વરૂપ) પ્રકાશિત કરવામાં હે પ્રભુ ! આપશ્રી તો સૂર્યસમાન છો. જેમ સૂર્ય ખૂણે અને ખાંચરે રહેલી ઝીણી ઝીણી વસ્તુને પણ પ્રકાશિત કરે છે. તેમ હે પ્રભુ ! આપશ્રી આ જગતના ખૂણે ખૂણે રહેલી ઝીણી ઝીણી વસ્તુને પણ કેવળજ્ઞાનથી જોઈને યથાર્થપણે પ્રકાશિત કરનારા છો. માટે દિનમણિ (સૂર્ય) સમાન છો.

(૪) તથા વળી હે પ્રભુ તમે તો સમતારસના રાજા છો. તમારી કોઈ દેવો-માનવો સેવા કરે અથવા કોઈ દેવો અને માનવો ઉપસર્ગ કરે તો પણ તે બન્ને જાતના જીવો ઉપર નહીં રાગ કરનારા કે નહીં દ્વેષ કરનારા. બન્ને ઉપર સમતારસ જ વરસાવનારા છો. એટલે સમતારસના રાજા છો રાજા.

આવા પ્રકારના ગુણોથી ભરેલા પરમાત્માને હે ભવ્યજનો ! તમે ભાવથી પૂજો. એટલું જ નહીં પણ વારંવાર પૂજો. હે ભવ્ય જીવો ! (મોક્ષગમનને યોગ્ય એવા હે ભવ્ય જીવો!) તમે આવા પરમાત્માને ઘણા જ ભાવપૂર્વક પૂજો.

આ વીતરાગપ્રભુ, સામાન્ય વ્યક્તિ નથી, પણ (૧) પોતાના આત્માના સ્વરૂપના જ ભોગી છે. (૨) નિર્મળ શુદ્ધ આનંદમય છે. (૩) જન્મ-જરા-મૃત્યુથી રહિત છે. (૪) આહારાદિ પૌદ્ગલિકભાવોથી

રહિત છે. (૫) શરીર-ઇન્દ્રિયાદિની પરાધીનતા વિનાના છે. (૬) અનંતજ્ઞાનવાળા ત્રિકાળજ્ઞાની છે. (૭) અનંતાનંત પર્યાયોને દેખનારા છે તેથી અનંતદર્શની છે. (૮) ક્ષાયિકભાવજન્ય શુદ્ધસ્વરૂપ વાળા છે.

આવા ઉત્તમોત્તમ સ્વરૂપવાળા પરમાત્માને પૂજતાં પરમાનંદ (પરમ આનંદ) ઉત્પન્ન થાય. સુખાકારી એવા પુદ્ગલો મળવાથી તેવા પુદ્ગલના યોગે અવશ્ય સુખ ઉપજે. પરંતુ તે સુખ અલ્પકાલીન અને પુદ્ગલને પરવશ છે. માટે ઘડી બે ઘડી પુરતું છે. અને ઔપચારિક છે. વિનાશવંત છે. પરદ્રવ્યને આધીન સુખ છે. માટે તેને પરમાનંદ કહેવાતો નથી. જ્યારે આત્મગુણોનું જે સુખ છે તે સ્વાભાવિક છે. અવિનાશી છે. અનંતકાળ રહેનારૂં છે. તથા વળી સર્વ પ્રકારની વ્યાબાધા (પીડા) વિનાનું છે. માટે આત્મગુણના સુખને જ પરમાનંદ સુખ કહેવાય છે.

જેમ ધનવાનોની સેવા-ચાકરી કરીએ તો ધન પામીએ તેમ આવા વીતરાગપ્રભુજીની સેવા કરીએ તો આપણે આપણી વીતરાગતા પામીએ. તે માટે આવા વીતરાગ પ્રભુને પૂજો. અરિહંત પ્રભુને પૂજશો તો તમારી ગુણસંપત્તિ તમે પ્રાપ્ત કરશો.

જોકે અરિહંત પરમાત્મા વીતરાગ હોવાથી પરના ભાવના કર્તા નથી તો પણ જે ઉત્તમ આત્માઓ પરમાત્મામાં રહેલા શુદ્ધ પારિણામિક-ભાવવાળી પરમસિદ્ધ દશા, તેનું લક્ષ્ય બાંધીને વીતરાગ પરમાત્માની ઉપાસના કરે છે તે જીવ અવશ્ય પોતાની વીતરાગતા પ્રગટ કરે જ છે. કારણ કે આ વીતરાગપ્રભુ નિયામક કારણ છે. એટલે સ્વસ્વરૂપ અવશ્ય પ્રગટ થાય જ. જેમ આગ એ દાહનું નિયામક કારણ (નિશ્ચિત) છે. તેમ વીતરાગપ્રભુ આપણા આત્માની વીતરાગતા પ્રગટ કરવાનું નિશ્ચિતકારણ છે. એટલે કાર્ય અવશ્ય થાય જ.

• • •

આવા કારણે આ પ્રભુને હે ભવ્ય જીવો તમે ભજો. ॥ ૧ ॥

**અવિસંવાદ નિમિત્ત છો રે, જગત જેનું સુખકાજ ।**
**હેતુ સત્ય બહુમાનથી રે, જિન સેવ્યાં શિવરાજ ॥**
**જિનરાજ પૂજો રે ॥ ૨ ॥**

**ગાથાર્થ :-** હે પ્રભુ ! જગતના જીવોના આત્મિક અનંતસુખનું કાર્ય કરવામાં આપશ્રી અવિસંવાદી (વિસંવાદવિનાના) કારણ છો. આપ અમારી મુક્તિના હેતુ (પ્રબળ કારણ) છો. તેથી આવા પ્રબળ કારણભૂત જિનેશ્વરપ્રભુને સાચા બહુમાનથી જો સેવવામાં આવે તો અવશ્ય મુક્તિસુખ આ જીવ પામે જ. ॥ ૨ ॥

**વિવેચન :-** હે પ્રભુ !તમે જન્મ્યા ત્યારથી નિર્વાણ પામ્યા ત્યાં સુધી ધર્મદેશના આપવા દ્વારા યથાર્થ માર્ગ બતાવવા સ્વરૂપે આપશ્રીએ જગતના જીવોનો અસીમ ઉપકાર કર્યો છે. આવા પ્રકારનું આત્મિક ગુણોનું સુખ પ્રાપ્ત કરાવવામાં આત્માર્થી જીવોને આપશ્રી અવિસંવાદી-કારણ બન્યા છો.

જે કારણ સેવવાથી કાર્ય થાય અથવા કાર્ય ન પણ થાય તે વિસંવાદી કારણ કહેવાય અને જે કારણ સેવવાથી કાર્ય અવશ્ય થાય જ તે અવિસંવાદી કારણ કહેવાય છે. આપશ્રી અમારી મુક્તિના અવિસંવાદી-કારણ છો.

જે પરમાત્મા મુક્તિસુખના અવિસંવાદી હેતુ (કારણ) છે. તેમના ઉપર સાચું (યથાર્થ મોહના વિકારો વિના) બહુમાન કરવાથી (સાચી પ્રીતિ અને ભક્તિ કરવાથી) અવશ્ય શિવરાજની પ્રાપ્તિ થાય જ છે.

કારણ કે આ પરમાત્મા તો શુદ્ધ-બુદ્ધ-નિરંજન-નિરાકાર છે. હું તો અનાદિકાળથી મોહને પરવશ થયેલો છું. તૃષ્ણા દ્વારા ગ્રસ્ત છું. પુદ્ગલસુખનો રાગી છું. અવિરતિભાવમાં જ રાચ્યો-માચ્યો છું ભોગસુખોમાં જ આસક્ત છું. મિથ્યાત્વમાં ડુબેલો છું. આત્મદશાનું

ભાન ભૂલેલો છું તેથી હે પ્રભુ ! હું નિરાધાર છું. અશરણ છું. આવા ભૂલા પડેલા એવા મને હે પ્રભુ ! તમે તારો તારો. મારા માટે આપ જ શરણરૂપ છો.

હે પ્રભુજી ! તમે તો કરૂણાના સાગર છો. પરમતત્ત્વસ્વરૂપ છો. ત્રણે લોકનો ઉપકાર કરવાવાળા છો. પરમ કરૂણામયી મૂર્તિ રૂપ છો. આવા અનંત ઉપકારી પરમાત્મા દેવનો મને યોગ થયો. આ અવસર મારા માટે ધન્ય ઘડી બની ગયો. આપશ્રીના મીલનમાત્રથી મારા આત્માના જે અસંખ્યાત પ્રદેશો છે. તેમાંના એક એક પ્રદેશે પ્રદેશે અપૂર્વ આનંદ પ્રસર્યો છે. હે પ્રભુ ! આપ તો કર્મરહિત છો. પરના સંગ રહિત છો પોતાના આત્મસ્વરૂપના ભોગી છો.

આપશ્રીનું હૈયાના ભાવપૂર્વક બહુમાન કરતાં કરતાં આપશ્રીને જે સેવે છે તે અવશ્ય શિવરાજને (મુક્તિ સુખને) પામે જ છે. પરમ કલ્યાણને તે પામે છે. આ ગાથામાં લખેલો સત્ય શબ્દ બન્ને બાજુ જોડવો. હેતુ સત્ય હોવાથી જો સત્યપણે બહુમાન કરાય તો તે જીવ અવશ્ય શિવરાજને પ્રાપ્ત કરે જ.

અહીં હેતુસત્યનો અર્થ એ છે કે અરિહંત પરમાત્મા આપણા મુક્તિસુખરૂપ કાર્યના સાચા કારણસ્વરૂપ છે. તેથી તેઓને સાચી રીતે આરાધતાં - સાચી રીતે બહુમાન કરતાં આ જીવ સંસારસાગર અવશ્ય તરી જાય છે. આ લોકનાં સુખ, પરલોકનાં સુખ ઈન્દ્રિયોનાં સુખ અને માન-પાનની આસક્તિનાં સુખ ઈત્યાદિ દુષિતભાવોને ટાળીને પોતાના આત્માના કલ્યાણને માટે ભગવાનના જ્ઞાનાતિશયાદિ ચાર અતિશય-વાળાભાવો તથા પ્રાતિહાર્યાદિની વિભુતિ જોઈને જે જીવ હૃદયથી શુદ્ધ બહુમાન કરે છે હૈયાના ભાવને ચઢતા પરિણામમાં રાખે છે તે જીવ અવશ્ય કલ્યાણને પામે જ છે.

• • •

અવતરણ :- કોઈ પણ કાર્ય કરવામાં જો કે ઉપાદાન કારણ મુખ્ય છે. તો પણ બીજી વિવક્ષાએ નિમિત્તકારણની પ્રધાનતા પણ એટલી જ છે. તે સમજાવતાં કહે છે કે-

**ઉપાદાન આતમ સહી રે, પુષ્ટાલંબન દેવ ।**
**ઉપાદાન કારણપણે રે, પ્રગટ કરે પ્રભુસેવ ॥**
**જિનવર પૂજો રે. ॥ ૩ ॥**

**ગાથાર્થ :-** જો કે ઉપાદાનકારણ આત્મા જ છે. પરંતુ વીતરાગદેવ એ પુષ્ટ આલંબન સ્વરૂપ છે. (એટલે કે પ્રબળ નિમિત્તકારણસ્વરૂપ છે.) પ્રભુની સેવા તે ઉપાદાનકારણમાં ઉપાદાનકારણતા પ્રગટ કરે છે. ॥૩॥

**વિવેચન :-** કાર્ય જેમાં પ્રગટ થાય, અથવા જે કારણ પોતે કાર્ય રૂપે બની જાય તેને ઉપાદાન કારણ કહેવાય છે. જેમ કે ઘર એ કાર્ય માટી નામના કારણમાંથી નીપજે છે. એટલે કે માટી એ પોતે ગૃહાત્મકપણે બને છે. તેથી માટી એ ઘરનું ઉપાદાનકારણ કહેવાય છે. અને ઉપાદાન કારણમાં કાર્ય નિપજાવવા માટે કર્તાના વ્યાપારને કારણે જે પ્રધાનપણે સહકાર આપનારૂં કારણ હોય છે તેને નિમિત્તકારણ કહેવાય છે. ઉપાદાનકારણ પોતે જ કાર્યરૂપે પરિણામ પામે છે માટે અભિન્ન હોય છે. પરંતુ નિમિત્તકારણ તો કાર્ય ઉત્પન્ન કરવામાં સહકારમાત્ર આપીને દૂર જ રહે છે તેથી તે કારણ ભિન્ન હોય છે. જેમ ઘટ બનાવવામાં માટી એ ઉપાદાનકારણ છે અને દંડ-ચક્રાદિની સામગ્રી તે નિમિત્તકારણ છે. તેવી જ રીતે આત્મકલ્યાણ સાધવામાં આત્મા એ ઉપાદાનકારણ છે અને વીતરાગ જિનેશ્વરદેવ એ પ્રબળ નિમિત્તકારણ છે.

સર્વે પણ ઉપાદાનકારણમાં કાર્ય કરવાની કારણતા નિમિત્ત-કારણના સહકારથી પ્રગટે છે. જેમ અંકુરા ઉત્પન્ન કરવાનું ઉપાદાનકારણ બીજ છે પરંતુ પૃથ્વી - પવન અને જલાદિ નિમિત્ત કારણોનો સંયોગ

મળે તો જ તે બીજમાં ઉપાદાનકારણતા પ્રગટ થાય છે. એટલે ઉપાદાનકારણમાં ઉપાદાન કારણતા લાવવા માટે નિમિત્ત કારણોની અપેક્ષા અવશ્ય રહે જ છે. નિમિત્તકારણોના સહકાર વિના ઉપાદાન-કારણમાં કારણતા પ્રગટ થતી નથી.

આત્મા એ કેવળજ્ઞાનાદિ ગુણ સંપત્તિનું ઉપાદાન કારણ ચોક્કસ છે. કારણ કે તે આત્મામાં જ કેવળ જ્ઞાનાદિ ગુણો પ્રગટ થાય છે. પરંતુ તેમાં ઉપાદાનકારણતા પ્રગટાવવી તે પરમાત્માની સેવા કરવા સ્વરૂપ નિમિત્તકારણને આધીન છે એટલે કે પરમાત્માની સેવારૂપ નિમિત્ત-કારણનો યોગ થાય તો જ આ જીવમાં મુક્તિની ઉપાદાનકારણતા (ઉપાદાનકારણપણું) પ્રગટે છે માટે પ્રભુની સેવારૂપ (નિમિત્તકારણ)ની પરમ આવશ્યકતા છે.

વ્યવહારનયથી કાર્ય-કારણ ભિન્ન ભિન્ન છે. જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય બારમાના ચરમ સમયે થાય છે અને કેવળજ્ઞાન તેરમાના પહેલા સમયે થાય છે. મિથ્યાત્વમોહના ઉદયનો નાશ પહેલા ગુણઠાણાના છેલ્લા સમયે થાય છે અને સમ્યક્ત્વની પ્રાપ્તિ ચોથા ગુણઠાણાના પ્રથમ સમયે થાય છે. પૂર્વનો પર્યાય જાય ત્યારે ઉત્તરનો પર્યાય આવે આ સઘળી વ્યવહારનયની દૃષ્ટિ છે આ ભેદગ્રાહી દૃષ્ટિ છે.

પરંતુ નિશ્ચયનયની દ્રષ્ટિ અભેદગ્રાહી છે. કાર્ય અને કારણ સાથે જ એક સમયમાં જ હોય છે. જ્ઞાનાવરણીયકર્મનો ક્ષય જો બારમાના ચરમસમયે છે તો કેવળજ્ઞાનની ઉત્પત્તિ પણ ત્યાં જ બારમાના ચરમસમયે જ હોય છે. મિથ્યાત્વમોહના ઉદયનો નાશ જો પહેલા ગુણઠાણાના ચરમસમયે છે તો સમ્યક્ત્વની પ્રાપ્તિ પણ ત્યાં જ થાય છે તપેલી ઉપરનું છીબુ લઈ લેવું અને તપેલીનું ખુલ્લુ થવું આ બન્ને એક જ સમયમાં સાથે જ થાય છે. આ રીતે પૂર્વપર્યાયનો નાશ એ જ ઉત્તરપર્યાયની ઉત્પત્તિ છે આમ નિશ્ચયનયનું કથન છે.

કેવળજ્ઞાનાદિ શુદ્ધગુણો આ આત્મામાં સત્તાથી અનાદિ કાળથી રહેલા જ છે. એટલે આત્મા એ કેવળ જ્ઞાનાદિ ગુણોનું ઉપાદાનકારણ તો છે જ. પરંતુ તેમાં ઉપાદાનકારણતા પ્રગટી નથી. એટલે કેવળજ્ઞાનાદિ ગુણો પ્રગટ થતા નથી. શ્રી જીનેશ્વરપ્રભુ અર્થાત્ વીતરાગપરમાત્માની સેવા લેવામાં આવે તો તે સેવા પ્રબળ નિમિત્તકારણ હોવાથી આ આત્મામાં ઉપાદાન કારણતા પ્રગટાવે છે. એટલે કે આ આત્મા અરિહંતપ્રભુની દ્રવ્યથી અને ભાવથી ભક્તિ-સેવા કરે તો તેના આલંબને આ આત્મામાં ઉપાદાન કારણતા પ્રગટ થાય છે. તે માટે જગદ્દયાલ એવા આ પરમાત્મા કર્મરોગ દૂર કરવામાં ભાવવૈદ્યસમાન છે, મિથ્યાત્વરૂપ અંધકાર દૂર કરવામાં સૂર્યસમાન છે. આવા ગુણી અને ગુણસાગર એવા પ્રભુની સેવા કરતાં કરતાં આ આત્મામાં મોક્ષરૂપ કાર્ય પ્રગટ કરવાની કારણતા પ્રગટે છે તેથી પ્રભુ એ પુષ્ટ આલંબનરૂપ છે એટલે કે પ્રબળ નિમિત્તકારણરૂપ છે માટે હે ભવ્યજીવો ! તમે તેઓને ભજો (આરાધો) ॥ ૩ ॥

• • •

**અવતરણ :-** ઉપાદાન કારણમાં કાર્ય કેવી રીતે પ્રગટ થાય છે ? તે વાત સમજાવે છે -

**કાર્યગુણ કારણપણે રે, કારણ કાર્ય અનૂપ ।**
**સકલ સિદ્ધતા તાહરી રે, માહરે સાધન રૂપ ॥**
**જિનવર પૂજો રે ॥ ૪ ॥**

**ગાથાર્થ :-** કાર્ય સ્વરૂપે પ્રગટ થયેલા ક્ષયોપસમિક ભાવના ગુણો, ક્ષાયિકભાવના ગુણો પ્રગટ કરવામાં કારણપણે અવલંબવાના છે એટલે કે ક્ષયોપશય ભાવના ગુણો રૂપી કારણ સેવવાથી ક્ષાયિકભાવના ગુણોરૂપી અનુપમ કાર્ય આ જીવમાં પ્રગટ થાય છે.

હે પ્રભુજી ! તાહરી સકલગુણોની જે પ્રગટતા છે તે જ મારા માટે મારા ગુણો પ્રગટ કરવામાં નિમિત્તકારણરૂપે છે. ॥ ૪ ॥

**ભાવાર્થ :-** હે પ્રભુજી ! અમારા આ જીવને શરીર અને ઈન્દ્રિયોને સાચવવામાં ઘણો કાળ ગયો છે. પાંચ ઈન્દ્રિયોના વિષયો અને ચારે કષાયોની આસેવના કરવામાં અનંતો કાળ પસાર થયો છે. અનંતકાળથી રખડતાં રખડતાં હવે તમારું શાસન અને તમારો ધર્મ પ્રાપ્ત થયો છે. જેનાથી સમ્યક્ત્વગુણ પ્રગટ થયો છે.

સમ્યક્ત્વગુણ પ્રગટ થવાના કારણે જે સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર ઈત્યાદિ ક્ષયોપશમ ભાવના થોડા ઘણા ગુણો આ જીવમાં પ્રગટ થયા છે. તેનાથી આ જીવમાં સાચા તત્ત્વોની શ્રદ્ધા, સાચા તત્ત્વોનું યથાર્થજ્ઞાન, અને તત્ત્વમાં જ રમણતા કરવા સ્વરૂપ રત્નત્રયી પ્રગટ થઈ છે, પરંતુ આ ત્રણે ગુણો ક્ષાયોપશમિકભાવના પ્રગટ થયા છે. આટલું કાર્ય થયું છે.

આ રીતે પ્રગટ થયેલા આ ક્ષાયોપશયિકભાવના જે ગુણો છે તે કાર્યરૂપે ઉત્પન્ન થયા હોવાથી કાર્યગુણ કહેવાય છે તેની સાચી સાધના કરતાં કરતાં આ જ જીવમાં આ જ ગુણો ક્ષાયિકભાવના પ્રગટ થાય છે જ્યારે ક્ષાયિકભાવના ગુણો પ્રગટ થાય છે ત્યારે ક્ષાયોપશયિકભાવના પ્રગટ થયેલા આ ગુણો કાર્યભૂત હોવા છતાં પણ ક્ષાયિકભાવના પ્રગટ થતા ગુણોની અપેક્ષાએ કારણરૂપે ગણાય છે.

સારાંશ કે પ્રગટ થયેલા કાર્યભૂત ક્ષાયોપશમિકભાવના આ ગુણો ક્ષાયિકભાવના ગુણોનું કારણ બને છે અને કારણભૂત એવા આ ગુણો દ્વારા અનુપમ (જેની કોઈ ઉપમા ન આપી શકાય) એવા ક્ષાયિકભાવના ગુણો પ્રગટ થાય છે અને તેને કાર્યરૂપ ગુણો કહેવાય છે. આ રીતે ક્ષાયોપશમિકભાવના ગુણો પ્રગટ થાય ત્યારે તે કાર્યરૂપ ગુણો ગણાય

છે અને આગળ જતાં ક્ષાયિકભાવના ગુણો પ્રગટાવવામાં તે જ ગુણો કારણરૂપ બને છે અને આવા ક્ષાયોપશમિક ભાવના ગુણોમાંથી ક્ષાયિક-ભાવના જ ગુણો પ્રગટ થવા રૂપ અનુપમ કાર્ય થાય છે. આ પ્રમાણે પૂર્વકાલીન ગુણો એ કારણ અને પશ્ચાદ્કાલભાવી ગુણો તે કાર્યરૂપ ગુણો આમ ઉપાદાનપણે કાર્ય-કારણદાવ છે.

તેવા ગુણોનું પ્રગટીકરણ કરવામાં હે પ્રભુજી ! તમારી સર્વે પણ ગુણોની જે સિદ્ધતા છે. નિરાવરણતા છે તે મારા માટે મારા ગુણો પ્રગટ કરવામાં એક અનુપમ નિમિત્તકારણ સ્વરૂપ બને છે. મારા પોતાના ક્ષાયોપશમિકભાવના ગુણો તે ક્ષાયિકભાવના ગુણો પ્રગટ કરવામાં ઉપાદાનકારણ છે અને પ્રભુજી ! તમારા ગુણો મારા ગુણો પ્રગટ કરવામાં નિમિત્તકારણ છે. મારા માટે આ આલંબન એ પ્રબળ સાધન સ્વરૂપ છે એટલે હું મારા પોતાના પ્રયત્નથી જ મારા ક્ષાયિકભાવના ગુણો મેળવું છું તો પણ નિમિત્તકારણ તો આપશ્રીના ગુણો જ છે. આ જ તમારો મારા ઉપર મોટો ઉપકાર છે. મારા માટે મોટો આધાર છે તેથી મારા માટે તો તમે જ શરણ રૂપ છો. ॥ ૪ ॥

• • •

**એકવાર પ્રભુવંદના રે, આગમરીતે થાય ।**
**કારણસત્યે કાર્યની રે, સિદ્ધિ પ્રતીત કરાય ॥**
**જિનવર પૂજો રે ॥ ૫ ॥**

**ગાથાર્થ :-** જો એકવાર પણ આગમને અનુસારે (હૈયાના બહુમાન પૂર્વકની) પ્રભુજીને વંદના થાય તો અવશ્ય મારી મુક્તિ થાય જ. કારણ કે જો કારણ સાચું હોય તો કાર્યની સિદ્ધિ અવશ્ય થાય જ છે આ વાત જગતમાં જાણીતી છે. ॥ ૫ ॥

**વિવેચન :-** વીતરાગ પરમાત્મા અનંતજ્ઞાની. અનંતદર્શની

શુદ્ધચારિત્રસંપન્ન, નિર્વિકારી, નિષ્કષાયી, સ્વસ્વરૂપમાત્રભોગી, સ્વ-સ્વરૂપમાં રમણતાવાળા પોતાના સ્વરૂપમાં જ વિલાસ કરનારા, પરમ ઈશ્વરસ્વરૂપ, ત્રણે લોકને માટે પૂજ્ય, સર્વોત્તમ સર્વશ્રેષ્ઠ પુરુષ છે. આ કારણે જો અનુપમભાવથી વીતરાગપ્રભુને વીતરાગ તરીકે ઓળખીને શાસ્ત્રોમાં કહ્યા પ્રમાણે જો આ જીવ એકવાર પણ વંદના કરે.

એટલે કે રોજની કામ કરવાની ટેવ મુજબ વંદના ન કરતાં હૈયાના અહોભાવપૂર્વક આ પરમાત્માને જો અતિશય ભાવપૂર્વક વંદના થાય અને તે વંદના ભલે એકવાર થાય અર્થાત્ તેમનામાં વર્તતા ગુણો ઉપરના બહુમાનથી આશ્ચર્યતાની સાથે હૈયાના ઉમળકાપૂર્વક જો વંદના થાય તો મારો મોક્ષ થવારૂપ મારૂં કાર્ય અવશ્ય સિદ્ધ થાય જ.

એકવારની વંદનાથી નિયમા કાર્યસિદ્ધિ કેમ થાય ? તો કહે છે કે "જો કારણ સાચું હોય તો કાર્યની સિદ્ધિ અવશ્ય થાય જ છે." આવી પ્રતીતિ જગતના જીવોને સહેજે સહેજે હોય છે.

જો કારણ સાચું સેવ્યું હોય તો કાર્ય અવશ્ય થાય જ છે. આવો અનુભવ જગતના સકલજીવોને છે. જેમ આ આત્મા વિષયકષાયોમાં અંજાઈને અશુદ્ધ ઉપાદાનતાવાળો બને છે તો નરક-નિગોદમાં ભટકવા રૂપ સંસાર વધે જ છે તેવી જ રીતે શ્રી વીતરાગ પરમાત્મારૂપી શુદ્ધ નિમિત્ત મળતાં ઉપાદાન એવો આ આત્મા જો શુદ્ધ પરિણામ વાળો બને છે તો શુદ્ધ સિદ્ધદશાની પ્રાપ્તિરૂપ કાર્ય પણ અવશ્ય થાય જ.

અનાદિકાળથી સંસારમાં ભટકતાં ભટકતાં જે નથી આવ્યું તેવું બહુમાન જો અરિહંત પરમાત્મા ઉપર એકવાર પણ આવી જાય તો મારા આત્માની મુક્તિ નીપજવા સ્વરૂપ કાર્યસિદ્ધિ અવશ્ય થાય જ. આ વિષયમાં જરા પણ શંકા નથી. ॥ ૫ ॥

• • •

**પ્રભુપણે પ્રભુ ઓળખી રે, અમલ વિમલ ગુણગેહ ।**
**સાધ્યદૃષ્ટિ સાધકપણે રે, વંદે ધન્ય નર તેહ ॥**
**જિનવર પૂજો રે ॥ ૬ ॥**

**ગાથાર્થ :-** પ્રભુ મોહના મેલ વિનાના એવા અનંતજ્ઞાનાદિ ગુણોવાળા હોવાથી આ પરમાત્મા નિર્મળ છે તથા અનંતગુણોના ભંડાર છે, એવા વીતરાગપરમાત્માને વીતરાગપણે ઓળખીને જે સમ્યગ્દૃષ્ટિ આત્મા સાચો સાધક બનીને આવા પરમાત્માને અતિશય ભાવથી વંદના કરે છે. તે વંદના કરનારો નર પણ ધન્યવાદને પાત્ર છે. ॥ ૬ ॥

**વિવેચન :-** શ્રી જિનેશ્વર વીતરાગ પ્રભુ રાગદ્વેષ વિષય-કષાય ઇત્યાદિ સર્વ દોષોથી સર્વથા રહિત છે. માટે અમલ (મેલ વિનાના) છે. તથા તેમના આત્મામાં અનંત ગુણસંપત્તિ પ્રગટ થયેલી છે. માટે ઉજ્વલતાવાળા છે. તેથી વિમલ છે. તથા જ્ઞાનાદિ અનંત ગુણોના ભંડાર છે. તેથી ગુણગેહ છે. આવા પ્રકૃષ્ટતાવાળા પરમાત્માને પરમાત્માપણે બરાબર ઓળખીને જે સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના આત્માની અનંતગુણસંપત્તિ પ્રગટાવવા માટે તેમાં સાધનપણે આવા વીતરાગ પરમાત્માને ભાવથી વંદના કરે છે. એટલે કે પોતાના ગુણો પ્રગટ કરવારૂપ તત્ત્વ પ્રાપ્ત કરવાનો અર્થી થઈને યથાર્થ સાધક બનીને પોતાનામાં પ્રગટ થયેલા ક્ષાયોપશમિક ભાવના ગુણોને ક્ષાયિકભાવમાં પરિણામ પમાડવા માટે આવા પરમાત્માને ભાવથી વંદના કરે છે તે પુરુષ પણ ધન્યવાદને પાત્ર છે.

આવા ગુણોના ભંડાર વીતરાગ પ્રભુ ફરીથી મળે ક્યાં ? અને કદાચ મળે તો પણ ઓળખાય ક્યાં ? માટે અતિશય દુર્લભતર એવા આ પ્રભુ મળવા અને તેમને ભાવથી ઓળખીને ઉમદા ભાવથી વંદના કરવી અતિશય દુષ્કરતર કાર્ય છે.

આવું કાર્ય જે કરે છે તે વ્યક્તિ પણ ખરેખર સાચા ધન્યવાદને પાત્ર છે. આવો આત્મા કૃતપુણ્ય સમજવો શાસ્ત્રમાં કહ્યું છે કે -

**जे पुण तिलोगनाहो, भत्तिब्भरपूरिएण हियएण ।**
**वंदंति नमंसंति, ते धन्ना ते कयत्था य ॥**

**અર્થ :-** ત્રણલોકના નાથને ભક્તિથી ભરેલા હૃદયપૂર્વક જે આત્માઓ વંદન-નમસ્કાર કરે છે. તે પુરુષો પણ ધન્યવાદને પાત્ર છે અને કૃતાર્થ પણ છે એટલે કે પોતાનું આત્મકલ્યાણ સાધવામાં સફળતાવાળા બને છે. ॥૬ ॥

• • •

**જન્મ કૃતારથ તેહનો રે, દિવસ સફળ પણ તાસ ।**
**જગતશરણ જિનચરણનેં રે, વંદે ધરીય ઉલ્લાસ ॥**
**જિનવર પૂજો રે ॥ ૭ ॥**

**ગાથાર્થ :-** જે આત્માઓ આવા પરમાત્માને ભાવથી વંદના કરે છે તેનો જન્મ કૃતાર્થ થયો જાણવો તથા તેનો તે દિવસ પણ સફળ થયો જાણવો. કે જે આત્મા હૃદયમાં ઉલ્લાસ ધારણ કરીને આખા વિશ્વને શરણ લેવા લાયક એવા શ્રી જિનેશ્વરપ્રભુના ચરણોને ભાવપૂર્વક વંદના કરે છે. ॥ ૭ ॥

**વિવેચન :-** આ જગતના જીવો, મોહરાજાથી મુંઝાયેલા છે, સંસારરૂપી અરવીમાં ભટકનારા બન્યા છે અને મિથ્યાત્વદશાથી પ્રતિદિન આત્મધન જેનું લુંટાય છે તેવા લાચારસ્થિતિવાળા બન્યા છે. તેવા ત્રણે જગતના જીવોને જે શરણ આપનારા છે એવા શ્રી વીતરાગ પરમાત્માના ચરણકમળને જે આત્માર્થી આત્માઓ ભાવધરીને વંદના કરે છે. હૈયાના ઉલ્લાસપૂર્વક વંદના કરે છે. તે આત્માઓનો જન્મ કૃતાર્થ થયો (સફળ થયો) જાણવો. સંસાર તરવાનો સાચો આ જ માર્ગ છે.

આવા તારક, યથાર્થમાર્ગના ઉપદેશક,રાગાદિ સર્વદોષોથી મુક્ત એવા પરમાત્મા મળવા એ જ અતિશય દુષ્કરકાર્ય છે. અનંતો અનંતો કાળ પસાર થાય. ત્યારે ક્યારેક જ મળે. માટે આ અવસર ચુકવા જેવો નથી. ॥ ૭ ॥

• • •

**નિજસત્તા નિજભાવથી રે, ગુણ અનંતનું ઠાણ ।**
**દેવચંદ્ર જિનરાજજી રે, શુદ્ધ સિદ્ધ સુખખાણ ॥**
**જિનવર પૂજો રે ॥ ૮ ॥**

**ગાથાર્થ :-** પોતાના આત્મામાં જ સત્તાથી રહેલું અનંત અનંત ગુણોનું જે સ્થાન (ગુણોનો જે ભંડાર) છે. તે સ્થાન પોતાના આત્મ ભાવમાં રહેવાથી જ પ્રગટ થાય છે.

ખરેખર તો દેવોમાં ચંદ્રમા સમાન ઉજ્વળ એવા જિનેશ્વરપ્રભુ જ શુદ્ધ છે. અનંતગુણોના આવિર્ભાવવાળા છે અને અનંતસુખની ખાણરૂપ છે. (ગર્ભિત રીતિએ "દેવચંદ્ર" શબ્દમાં સ્તવન બનાવનારાએ કર્તાનું નામ પણ સુચવ્યું છે.) ॥ ૮ ॥

**વિવેચન :-** નિજસત્તા-પોતાના આત્મામાં અનાદિકાળથી સત્તા-સ્વરૂપે રહેલા (પોતાનું જે સ્વરૂપ છે. તે સ્વરૂપે રહેલા) એવા અનંત અનંત જ્ઞાનાદિગુણોનું જે સ્થાન છે. આ આત્મા અનંતગુણોનો ભંડાર છે. આ અનંતગુણોની સત્તા નિજ ભાવથી - એટલે આત્માના પોતાના સ્વભાવથી જ રહેલી છે. જેમ સુવર્ણ પોતે પોતાના સ્વભાવથી જ પીતવર્ણવાળું હોય છે અને લોઢુ પોતે પોતાના સ્વભાવથી જ કાળાવર્ણવાળું હોય છે તેમ આ આત્મા પોતાના સ્વભાવથી જ અનંત અનંત ગુણોની સંપત્તિવાળો છે.

પરમાત્માની ભક્તિ કરવાના નિમિત્તથી આ ગુણસંપત્તિ આવિર્ભાવપણાને પામે છે. આત્મસંપત્તિ પ્રગટ કરવામાં પરમાત્માની ભક્તિ એ પ્રધાનતમકારણ છે.

આ પ્રમાણે સ્તવના કરનારા શ્રી દેવચંદ્રજી મહારાજશ્રી કહે છે કે દેવોમાં ચંદ્રમા જેવા અત્યન્ત શીતળતા આપનારા અને અત્યન્ત ઉજ્જવળ એવા શ્રી જિનેશ્વર પ્રભુ (વીતરાગ પરમાત્મા) અત્યન્ત શુદ્ધદ્રવ્ય છે. કારણ કે તે કર્મમેલથી રહિત છે. વળી સિદ્ધ છે કારણ કે તેઓશ્રીએ સર્વ

આવરણોનો નાશ કરેલો છે. તથા આત્માના અનંત ગુણોનો આવિર્ભાવ થવા સ્વરૂપ અનંતસુખની ખાણ છે. સદાકાળ પોતાના ગુણોને અનુભવવારૂપ અપારસુખમાં જ ડુબેલા છે. પરભાવનો સંગ હોય તેને દુઃખ હોઈ શકે છે. જેને પરભાવનો સર્વથા ત્યાગ કર્યો છે. અંશમાત્ર પણ સંગ નથી. એવા શ્રી વીતરાગ પરમાત્માને સ્વગુણોના ઉપભોગરૂપ અનંત અનંતસુખ છે. ગ્રંથકર્તાએ ગર્ભિતરીતે "દેવચંદ્ર" એવું પોતાનું નામ પણ આ સ્તવનમાં સૂચવ્યું છે. ॥ ૮ ॥

સંભવનાથ પ્રભુનું સ્તવન ગાતાં ગાતાં પોતાના આત્મામાં જ સત્તારૂપે રહેલી અનંતગુણસંપત્તિનો આવિર્ભાવ કરીએ. એવો ભાવ આ સ્તવનમાં છે.

● ● ●

## ત્રીજા શ્રી સંભવનાથ પરમાત્માનું સ્તવન-૨

અવતરણ :- ભક્તિથી ભરેલા હૈયાથી સેવક પ્રભુજીની સ્તુતિ કરે છે.

**શ્રી સંભવ જિનરાજજી રે, તાહરું અકલ સ્વરૂપ ।**
**સ્વપરપ્રકાશક દિનમણિરે, સમતારસનો ભૂપ ॥ ૧ ॥**
**॥ જિનવર પૂજો ॥**
**પૂજો પૂજો રે ભવિકજન પૂજો, હાંરે પ્રભુ પૂજ્યા પરમાનન્દ ॥**
**જિનવર પૂજો રે. ॥ ૧ ॥**

**ગાથાર્થ :-** હે સંભવનાથ પ્રભુ ! તમે જિનરાજ છો. તમારૂં સ્વરૂપ અકલ (ન કળી શકાય તેવું) છે તમે સ્વતત્ત્વ અને પરતત્ત્વ એમ ઉભયતત્ત્વના પ્રકાશક છો તથા આપશ્રી સમતા રસના રાજા છો. હે ભવિકજનો તમે આવા વીતરાગ પ્રભુને પૂજો, વારંવાર પૂજો, આવા પ્રભુને પૂજવાથી પરમ આનંદની પ્રાપ્તિ થાય છે. ॥ ૧ ॥

**વિવેચન :-** આપણને સેવા કરવા માટે આલંબનરૂપ પ્રાપ્ત થયેલા શ્રી સંભવનાથ પ્રભુ, કેવા છે ? તે વાત આ ગાથામાં સમજાવે છે કે -

(૧) આ સંભવનાથ પ્રભુ જિનરાજ છે. એટલે કે રાગ દ્વેષ અને મોહને સર્વથા જિતીને જે વીતરાગ - કેવલજ્ઞાની બને તેને જિન કહેવાય (જિન એટલે રાગદ્વેવને સંપૂર્ણપણે જિતનારા) એટલે સામાન્ય કેવલજ્ઞાની પરમાત્મા. તેમાં હે પ્રભુ ! તમે તો તીર્થંકર નામકર્મના ઉદયવાળા છો એટલે જિનોમાં (કેવળી ભગવંતોમાં પણ) તમે રાજા સમાન છો. સામાન્ય કેવલજ્ઞાની ભગવંતો કેવળજ્ઞાનવાળા અને કેવલ દર્શનવાળા છે. પરંતુ પુણ્યાઈમાં તીર્થંકર નામ કર્મનો ઉદય ન હોવાથી તેઓ જિન છે પણ જિનરાજ નથી. જ્યારે હે સંભવનાથ પ્રભુ ! આપશ્રી તો કેવલજ્ઞાની પણ છો કેવલદર્શની પણ છો,અને તીર્થંકર નામ કર્મના ઉદયવાળા હોવાથી (અનંત ઠકુરાઈવાળા) પણ છો.

(૨) તથા વળી હે પ્રભુ ! તમારૂં સ્વરૂપ અકલ (ન કળી શકાય એટલે કે ન સમજી શકાય તેવું) છે. આપશ્રીનું વીતરાગતાનું સ્વરૂપ એટલું બધું અનંતુ અને અપાર છે કે જે કળી શકાતું નથી. માપી શકાતું નથી. સમજી શકાતું નથી અમે પોતે કેવળજ્ઞાની બનીએ ત્યારે જ અનુભવી શકાય તેવું છે.

(૩) તથા વળી હે પ્રભુ ! તમે સ્વધર્મ (આત્માનો ધર્મ, આત્માના ગુણો, આત્માનું સ્વરૂપ) તથા પરધર્મ (પરદ્રવ્ય ધર્માસ્તિકાયાદિ, તેના ધર્મો તેના ગુણો અને તેનું સ્વરૂપ) પ્રકાશિત કરવામાં હે પ્રભુ ! આપશ્રી તો સૂર્યસમાન છો. જેમ સૂર્ય ખૂણે અને ખાંચરે રહેલી ઝીણી ઝીણી વસ્તુને પણ પ્રકાશિત કરે છે. તેમ હે પ્રભ! આપશ્રી આ જગતના ખૂણે ખૂણે રહેલી ઝીણી ઝીણી વસ્તુને પણ કેવળજ્ઞાનથી જોઈને યથાર્થપણે પ્રકાશિત કરનારા છો. માટે દિનમણિ (સૂર્ય) સમાન છો.

(૪) તથા વળી હે પ્રભુ તમે તો સમતારસના રાજા છો. તમારી કોઈ દેવો-માનવો સેવા કરે અથવા કોઈ દેવો અને માનવો ઉપસર્ગ કરે તો પણ તે બન્ને જાતના જીવો ઉપર નહી રાગ કરનારા કે નહી દ્વેષ કરનારા. બન્ને ઉપર સમતારસ જ વરસાવનારા. એટલે સમતારસના રાજા છો રાજા.

આવા પ્રકારના ગુણોથી ભરેલા પરમાત્માને હે ભવ્યજનો ! તમે ભાવથી પૂજો. એટલું જ નહીં પણ વારંવાર પૂજો. હે ભવ્ય જીવા ! (મોક્ષગમનને યોગ્ય એવા હે ભવ્ય જીવો) તમે આવા પરમાત્માને ઘણા જ ભાવપૂર્વક પૂજો.

આ વીતરાગપ્રભુ, સામાન્ય વ્યક્તિ નથી, પણ (૧) પોતાના આત્માના સ્વરૂપના જ ભોગી છે. (૨) નિર્મળ શુદ્ધ આનંદમય છે. (૩) જન્મ-જરા-મૃત્યુથી રહિત છે. (૪) આહારાદિ પૌદ્ગલિકભાવોથી રહિત છે. (૫) શરીર-ઈન્દ્રિયાદિની પરાધીનતા વિનાના છે. (૬) અનંતજ્ઞાનવાળા ત્રિકાળજ્ઞાની છે. (૭) અનંતાનંત પર્યાયોને દેખનારા છે તેથી અનંતદર્શની છે. (૮) ક્ષાયિકભાવજન્ય શુદ્ધસ્વરૂપ વાળા છે.

આવા ઉત્તમોત્તમ સ્વરૂપવાળા પરમાત્માને પૂજતાં પરમાનંદ (પરમ આનંદ) ઉત્પન્ન થાય. સુખાકારી એવા પુદ્ગલો મળવાથી તેવા પુદ્ગલયોગે અવશ્ય સુખ ઉપજે. પરંતુ તે સુખ અલ્પકાલીન અને પુદ્ગલને પરવશ છે. માટે ઘડી બે ઘડી પુરતું છે. અને ઔપચારિક છે. વિનાશવંત છે. પરદ્રવ્યને આધીન સુખ છે. માટે તેને પરમાનંદ કહેવાતો નથી. જ્યારે આત્મગુણોનું જે સુખ છે તે સ્વાભાવિક છે. અવિનાશી છે. અનંતકાળ રહેનારૂં છે. તથા વળી સર્વ પ્રકારની વ્યાબાધા વિનાનું છે. માટે આત્મગુણના સુખને જ પરમાનંદ સુખ કહેવાય છે.

જેમ ધનવાનોની સેવા - ચાકરી કરીએ તો ધન પામીએ તેમ આવા વીતરાગપ્રભુજીની સેવા કરીએ તો આપણી વીતરાગતા પામીએ. તે માટે આવા વીતરાગ પ્રભુને પૂજો. અરિહંત પ્રભુને પૂજશો તો તમારી ગુણસંપત્તિ તમે પ્રાપ્ત કરશો.

જોકે અરિહંત પરમાત્મા વીતરાગ હોવાથી પરના ભાવના કર્તા નથી તો પણ જે ઉત્તમ આત્માઓ પરમાત્મામાં રહેલી શુદ્ધ પારિણામિકભાવવાળી પરમસિદ્ધ દશા, તેનું લક્ષ્ય બાંધીને વીતરાગ પરમાત્માની ઉપાસના કરે છે તે જીવ અવશ્ય પોતાની વીતરાગતા પ્રગટ કરે જ છે. કારણ કે આ વીતરાગપ્રભુ નિયામક કારણ છે. એટલે સ્વસ્વરૂપ અવશ્ય પ્રગટ થાય જ છે. જેમ આગ એ દાહનું નિયામક કારણ છે. તેમ વીતરાગપ્રભુ આપણા આત્માની વીતરાગતા પ્રગટ કરવાનું નિશ્ચિતકારણ છે. એટલે કાર્ય અવશ્ય થાય જ. આવા કારણે આ પ્રભુને હે ભવ્ય જીવો તમે ભજો. ॥૧॥

• • •

**અવિસંવાદ નિમિત્ત છો રે, જગત જેનુ સુખકાજ ।**
**હેતુ સત્ય બહુમાનથી રે, જિન સેવ્યાં શિવરાજ ॥**
**જિનરાજ પૂજો રે ॥ ૨ ॥**

**ગાથાર્થ** :- હે પ્રભુ ! જગતના જીવોના આત્મિક અનંતગુણોના-સુખનું કાર્ય કરવામાં આપશ્રી અવિસંવાદી (વિસંવાદવિનાના) કારણ છો. આપ અમારી મુક્તિના હેતુ (પ્રબળ કારણ) છો. તેથી આવા પ્રબળ કારણભૂત જિનેશ્વરપ્રભુને સાચા બહુમાનથી જો સેવવામાં આવે તો અવશ્ય મુક્તિસુખ આ જીવ પામે જ. ॥ ૨ ॥

**વિવેચન** :- હે પ્રભુ !તમે જન્મ્યા ત્યારથી નિર્વાણ પામ્યા ત્યાં સુધી ધર્મદેશના આપવા દ્વારા યથાર્થ માર્ગ બતાવવા સ્વરૂપે આપશ્રીએ

જગતના જીવોનો અસીમ ઉપકાર કર્યો છે. આવા પ્રકારનું આત્મિક ગુણોનું સુખ પ્રાપ્ત કરાવવામાં આપશ્રી અવિસંવાદીકારણ બન્યા છો.

જે કારણ સેવવાથી કાર્ય થાય અથવા કાર્ય ન પણ થાય તે વિસંવાદી કારણ કહેવાય અને જે કારણ સેવવાથી કાર્ય અવશ્ય થાય જ, તે અવિસંવાદી કારણ કહેવાય છે. આપશ્રી અમારી મુક્તિના અવિસંવાદીકારણ છો.

જે પરમાત્મા મુક્તિસુખના અવિસંવાદી હેતુ (કારણ) છે. તેમના ઉપર સાચું (યથાર્થ મોહના વિકારો વિનાનું) બહુમાન કરવાથી (સાચી પ્રીતિ અને ભક્તિ કરવાથી) અવશ્ય શિવરાજની પ્રાપ્તિ થાય છે.

કારણ કે આ પરમાત્મા તો શુદ્ધ-બુદ્ધ-નિરંજન-નિરાકાર છે. હું તો અનાદિકાળથી મોહને પરવશ થયેલો છું. તૃષ્ણા દ્વારા ગ્રસ્ત છું. પુદ્‌ગલસુખનો રાગી છું. અવિરતિભાવનો જ રાગી છું ભોગસુખોમાં આસક્ત છું. મિથ્યાત્વમાં ડુબેલો છું. આત્મદશાનું ભાન ભૂલેલો છું તેથી હે પ્રભુ ! હું નિરાધાર છું. અશરણ છું. આવા ભૂલા પડેલા એવા મને હે પ્રભુ ! તમે તારો તારો.

હે પ્રભુજી ! તમે તો કરૂણાના સાગર છો. પરમતત્ત્વસ્વરૂપ છો. ત્રણે લોકનો ઉપકાર કરવાવાળા છો. પરમ કરૂણામયી મૂર્તિ રૂપ છો. આવા અનંત ઉપકારી પરમાત્માદેવનો મને યોગ થયો. આ અવસર મારા માટે ધન્ય ઘડી બની ગયો. આપશ્રીના મીલનમાત્રથી મારા આત્માના જે અસંખ્યાત પ્રદેશો છે. તેમાંના એક એક પ્રદેશે પ્રદેશે અપૂર્વ આનંદ પ્રસર્યો છે. હે પ્રભુ ! આપ તો કર્મરહિત છો. પરનાસંગ રહિત છો પોતાના આત્મસ્વરૂપના ભોગી છો.

આપશ્રીનું હૈયાના ભાવપૂર્વક બહુમાન કરતાં કરતાં આપશ્રીને જે સેવે છે તે અવશ્ય શિવરાજને (મુક્તિ સુખને) પામે જ છે. પરમ

કલ્યાણને તે પામે છે. આ ગાથામાં લખેલો સત્ય શબ્દ બન્ને બાજુ જોડવો. હેતુ સત્ય હોવાથી જો સત્યપણે બહુમાન કરાય તો તે જીવ અવશ્ય શિવરાજને પ્રાપ્ત કરે જ.

અહીં હેતુસત્યનો અર્થ એ છે કે અરિહંત પરમાત્મા આપણા મુક્તિસુખરૂપ કાર્યના સાચા કારણસ્વરૂપ છે. તેથી તેઓને સાચી રીતે આરાધતાં-સાચી રીતે બહુમાન કરતાં આ જીવ સંસારસાગર તરી જાય છે. આ લોકનાં સુખ, પરલોકનાં સુખ ઇન્દ્રિયોનાં સુખ અને માન-પાનની આસક્તિનાં સુખો ઇત્યાદિ દુષિતભાવોને ટાળીને પોતાના આત્માના કલ્યાણને માટે ભગવાનના જ્ઞાનાતિશયાદિ ચાર અતિશયવાળા ભાવો તથા પ્રાતિહાર્યાદિની વિભુતિ જોઈને હૃદયથી શુદ્ધ બહુમાન કરે છે હૈયાના ભાવને ચઢતા પરિણામમાં રાખે છે તે જીવ અવશ્ય કલ્યાણને પામે છે.

• • •

અવતરણ :- કોઈ પણ કાર્ય કરવામાં જો કે ઉપાદાન કારણ મુખ્ય છે. તો પણ બીજી વિવક્ષાએ નિમિત્તકારણની પ્રધાનતા પણ એટલી જ છે. તે સમજાવતાં કહે છે કે -

**ઉપાદાન આતમ સહી રે, પુષ્ટાલંબન દેવ ।**
**ઉપાદાન કારણપણે રે, પ્રગટ કરે પ્રભુસેવ ॥**
**જિનવર પૂજો રે. ॥ ૩ ॥**

**ગાથાર્થ :-** જો કે ઉપાદાનકારણ આત્મા જ છે. પરંતુ વીતરાગ-દેવ એ પુષ્ટ આલંબન સ્વરૂપ છે. (એટલે કે પ્રબળ નિમિત્તકારણસ્વરૂપ છે.) પ્રભુની સેવા તે ઉપાદાનમાં ઉપાદાનકારણતા પ્રગટ કરે છે. ।૩।

**વિવેચન :-** કાર્ય જેમાં પ્રગટ થાય, અથવા જે કારણ પોતે કાર્ય રૂપે બની જાય તેને ઉપાદાન કારણ કહેવાય છે. જેમ કે ઘટ

એ કાર્ય માટી નામના કારણમાં નીપજે છે. એટલે કે માટી એ પોતે ઘટાત્મકપણે બને છે. તેથી માટી એ ઘટનું ઉપાદાનકારણ કહેવાય છે. અને ઉપાદાન કારણમાં કાર્ય નિપજાવવા માટે કર્તાના વ્યાપારને કારણે જે પ્રધાનપણે સહકાર આપનારૂં કારણ હોય છે તેને નિમિત્તકારણ કહેવાય છે. ઉપાદાનકારણ પોતે જ કાર્યરૂપે પરિણામ પામે છે માટે અભિન્ન હોય છે. પરંતુ નિમિત્તકારણ તો કાર્ય ઉત્પન્ન કરવામાં સહકારમાત્ર આપીને દૂર જ રહે છે તેથી તે કારણ ભિન્ન હોય છે. જેમ ઘટ બનાવવામાં માટી એ ઉપાદાનકારણ છે અને દંડ-ચક્રાદિની સામગ્રી તે નિમિત્તકારણ છે. તેવી જ રીતે આત્મ-કલ્યાણ સાધવામાં આત્મા એ ઉપાદાનકારણ છે અને વીતરાગ જિનેશ્વરદેવ એ પ્રબળ નિમિત્તકારણ છે.

સર્વે પણ ઉપાદાનકારણમાં કારણતા નિમિત્તકારણના સહકારથી પ્રગટે છે. જેમ બીજ એ અંકુરા ઉત્પન્ન કરવાનું ઉપાદાનકારણ છે પરંતુ પૃથ્વી-પવન અને જલાદિ નિમિત્ત કારણોનો સંયોગ મળે તો જ તેમાં ઉપાદાનકારણતા પ્રગટ થાય છે. એટલે ઉપાદાનકારણમાં ઉપાદાન કારણતા લાવવા માટે નિમિત્ત કારણોની અપેક્ષા અવશ્ય રહે જ છે. નિમિત્તકારણોના સહકાર વિના ઉપાદાનમાં કારણતા પ્રગટ થતી નથી.

આત્મા એ કેવળજ્ઞાનાદિ સંપત્તિનું ઉપાદાન કારણ ચોક્કસ છે. કારણ કે તે આત્મામાં જ કેવળ જ્ઞાનાદિ ગુણો પ્રગટ થાય છે. પરંતુ તેમાં ઉપાદાનકારણતા પ્રગટાવવી તે પરમાત્માની સેવારૂપ નિમિત્તકારણને આધીન છે એટલે કે પરમાત્માની સેવારૂપ નિમિત્તકારણનો યોગ થાય તો જ આ જીવમાં મુક્તિની ઉપાદાન-કારણતા (ઉપાદાનકારણપણું) પ્રગટે છે માટે પ્રભુની સેવાની પરમ આવશ્યકતા છે.

વ્યવહારનયથી કાર્ય-કારણ ભિન્ન ભિન્ન છે. જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય બારમાના ચરમ સમયે થાય છે અને કેવળજ્ઞાન તેરમાના પહેલા સમયે થાય છે. મિથ્યાત્વમોહના ઉદયનો નાશ પહેલા ગુણઠાણાના છેલ્લા સમયે થાય છે અને સમ્યક્ત્વની પ્રાપ્તિ ચોથા ગુણઠાણાના પ્રથમ સમયે થાય છે. પૂર્વનો પર્યાય જાય ત્યારે ઉત્તરનો પર્યાય આવે આ સઘળી વ્યવહારનયની દષ્ટિ છે આ ભેદગ્રાહી દષ્ટિ છે.

પરંતુ નિશ્ચયનયની દ્રષ્ટિ અભેદગ્રાહી છે. કાર્ય અને કારણ સાથે જ હોય છે અને એક સમયમાં જ હોય છે. જ્ઞાનાવરણીયકર્મનો ક્ષય જો બારમાના ચરમસમયે છે તો કેવળજ્ઞાનની ઉત્પત્તિ પણ ત્યાં જ બારમાના ચરમસમયે જ હોય છે. મિથ્યાત્વમોહના ઉદયનો નાશ જો પહેલા ગુણઠાણાના ચરમસમયે છે તો સમ્યક્ત્વની પ્રાપ્તિ પણ ત્યાં જ થાય છે તપેલી ઉપરનું છીબુ લઈ લેવું અને તપેલીનું ખુલ્લુ થવું આ બન્ને એક જ સમયમાં સાથે જ થાય છે. આ રીતે પૂર્વપર્યાયનો નાશ એ જ ઉત્તરપર્યાયની ઉત્પત્તિ છે આમ નિશ્ચયનયનું કથન છે.

કેવળજ્ઞાનાદિ શુદ્ધગુણો આ આત્મામાં સત્તાથી અનાદિ કાળથી છે. એટલે આત્મા એ કેવળ જ્ઞાનાદિ ગુણોનું ઉપાદાનકારણ તો છે જ. પરંતુ તેમાં ઉપાદાનકારણતા પ્રગટી નથી. એટલે કેવળજ્ઞાનાદિ ગુણો પ્રગટ થતા નથી. શ્રી જીનેશ્વરપ્રભુની અર્થાત્ વીતરાગપરમાત્માની સેવા લેવામાં આવે તો તે સેવા પ્રબળ નિમિત્તકારણ હોવાથી આ આત્મામાં ઉપાદાન કારણતા પ્રગટાવે છે. એટલે કે આ આત્મા અરિહંતપ્રભુની દ્રવ્યથી અને ભાવથી ભક્તિ-સેવા કરે તો તેના આલંબને આ આત્મામાં ઉપાદાન કારણતા પ્રગટ થાય છે. તે માટે જગદ્દયાલ, કર્મરોગ દૂર કરવામાં ભાવવૈદ્યસમાન, મિથ્યાત્વરૂપ અંધકાર દૂર કરવામાં સૂર્યસમાન આવા ગુણી અર્થાત્ ગુણસાગર એવા પ્રભુની

સેવા કરતાં કરતાં આ આત્મામાં મોક્ષરૂપ કાર્ય પ્રગટ કરવાની કારણતા પ્રગટે છે તેથી પ્રભુ એ પુષ્ટ આલંબનરૂપ છે એટલે કે પ્રબળ નિમિત્તકારણરૂપ છે. ॥ ૩ ॥

• • •

**અવતરણ :-** ઉપાદાન કારણમાં કાર્ય કેવી રીતે પ્રગટ થાય છે ? તે વાત સમજાવે છે -

**કાર્યગુણ કારણપણે રે, કારણ કાર્ય અનૂપ ।**
**સકલ સિદ્ધતા તાહરી રે, માહરે સાધન રૂપ ॥**
**જિનવર પૂજો રે ॥ ૪ ॥**

**ગાથાર્થ :-** કાર્ય સ્વરૂપે પ્રગટ થયેલા ગુણો, ક્ષાયિકભાવના ગુણો પ્રગટ કરવામાં કારણપણે અવલંબવાના છે તે ક્ષયોપશય ભાવના ગુણો રૂપી કારણ સેવવાથી ક્ષાયિકભાવના ગુણોરૂપી અનુપમ કાર્ય આ જીવમાં પ્રગટ થાય છે.

હે પ્રભુજી ! તાહરી સકલગુણોની જે પ્રગટતા છે તે જ મારા માટે મારા ગુણો પ્રગટ કરવામાં નિમિત્તકારણરૂપે છે. ॥ ૪ ॥

**ભાવાર્થ :-** હે પ્રભુજી ! અમારા આ જીવને શરીર અને ઇન્દ્રિયોને સાચવવામાં ઘણો કાળ ગયો છે. પાંચ ઇન્દ્રિયોના વિષયો અને ચારે કષાયોની આસેવના કરવામાં અનંતો કાળ પસાર થયો છે. અનંતકાળથી રખડતાં રખડતાં હવે સમ્યક્ત્વગુણ પ્રગટ થયો છે.

સમ્યક્ત્વગુણ પ્રગટ થવાના કારણે જે સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર ઇત્યાદિ ક્ષયોપશમ ભાવના થોડા ઘણા ગુણો આ જીવમાં પ્રગટ થયા છે. તેનાથી આ જીવમાં સાચા તત્ત્વોની શ્રદ્ધા, સાચા તત્ત્વોનું યથાર્થજ્ઞાન, અને તત્ત્વમાં જ રમણતા, શુધ્ધસ્વરૂપ ની રત્નત્રયી પ્રગટ થઈ છે, પરંતુ આ ત્રણે ગુણો ક્ષાયોપશમિકભાવના પ્રગટ થયા છે.

આ રીતે પ્રગટ થયેલા આ ક્ષાયોપશયિકભાવના જે ગુણો છે તે કાર્યરૂપે ઉત્પન્ન થયા હોવાથી કાર્યગુણ કહેવાય છે તેની સાચી સાધના કરતાં કરતાં આ જ જીવમાં ક્ષાયિકભાવના આ ગુણો પ્રગટ થાય છે જ્યારે ક્ષાયિકભાવના ગુણો પ્રગટ થાય છે ત્યારે ક્ષાયોપશયિક-ભાવના પ્રગટ થયેલા કાર્યભૂત આ ગુણો ક્ષાયિકભાવના ગુણોની અપેક્ષાએ કારણરૂપે ગણાય છે.

સારાંશ કે પ્રગટ થયેલા કાર્યભૂત ક્ષાયોપશમિકભાવના આ ગુણો ક્ષાયિકભાવના ગુણોનું કારણ બને છે અને કારણભૂત એવા આ ગુણો દ્વારા અનુપમ (જેની કોઈ ઉપમા ન આપી શકાય) એવા ક્ષાયિકભાવના ગુણો પ્રગટ થાય છે અને તેને કાર્યરૂપ ગુણો કહેવાય છે. આ રીતે ક્ષાયોપશમિકભાવના ગુણો પ્રગટ થાય ત્યારે કાર્યરૂપ ગુણો ગણાય છે અને આગળ જતાં ક્ષાયિકભાવના ગુણો પ્રગટાવવામાં તે જ ગુણો કારણરૂપ બને છે અને આવા ક્ષાયોપશમિક ભાવના ગુણોમાંથી ક્ષાયિકભાવના જ ગુણો પ્રગટ થવા રૂપ અનુપમ કાર્ય થાય છે. આ પ્રમાણે પૂર્વકાલીન ગુણો એ કારણ અને પશ્ચાદ્‌કાલભાવી ગુણો તે કાર્યરૂપ ગુણો આમ ઉપાદાનપણે કાર્ય-કારણદાવ છે.

તેવા ગુણોનું પ્રગટીકરણ કરવામાં હે પ્રભુજી ! તમારી સર્વે પણ ગુણોની જે સિદ્ધતા છે. નિરાવરણતા છે તે મારા માટે મારા ગુણો પ્રગટ કરવામાં એક અનુપમ નિમિત્તકારણ સ્વરૂપ બને છે. મારા પોતાના ક્ષાયોપશમિકભાવના ગુણો તે ક્ષાયિકભાવના ગુણો પ્રગટ કરવામાં ઉપાદાનકારણ છે અને હે પ્રભુજી ! તમારા ગુણો મારા ગુણો પ્રગટ કરવામાં નિમિત્તકારણ છે. મારા માટે આ આલંબન એ પ્રબળ સાધન સ્વરૂપ છે એટલે હું મારા પોતાના પ્રયત્નથી જ ક્ષાયિકભાવના ગુણો મેળવું તો પણ નિમિત્તકારણ તો આપશ્રીના ગુણો જ છે. આ જ તમારો મારા ઉપર મોટો ઉપકાર છે. મારા માટે મોટો આધાર છે તેથી તમે જ શરણ રૂપ છો. ॥ ૪ ॥

• • •

**એકવાર પ્રભુવંદના રે, આગમ રીતે થાય ।**
**કારણ સત્યે કાર્યની રે, સિદ્ધિ પ્રતીત કરાય ॥**
**જિનવર પૂજો રે ॥ ૫ ॥**

**ગાથાર્થ :-** જો એકવાર પણ આગમને અનુસારે (હૈયાના બહુમાન પૂર્વકની) પ્રભુજીને વંદના થાય તો અવશ્ય મારી મુક્તિ થાય જ. કારણ કે જો કારણ સાચું હોય તો કાર્યની સિદ્ધિ થાય જ છે આ વાત જગતમાં જાણીતી છે. ॥ ૫ ॥

**વિવેચન :-** વીતરાગ પરમાત્મા અનંતજ્ઞાની. અનંતદર્શની શુદ્ધચારિત્રસંપન્ન, નિર્વિકારી, નિષ્કષાયી, સ્વસ્વરૂપમાત્રભોગી, સ્વસ્વરૂપમાં રમણતાવાળા પોતાના સ્વરૂપમાં જ વિલાસ કરનારા, પરમ ઈશ્વરસ્વરૂપ ત્રણે લોકને માટે પૂજ્ય સર્વોત્તમ સર્વશ્રેષ્ઠ પુરુષ છે. આ કારણે જો અનુપમભાવથી વીતરાગપ્રભુને વીતરાગ તરીકે ઓળખીને શાસ્ત્રોમાં કહ્યા પ્રમાણે જો આ જીવ એકવાર પણ વંદના કરે.

એટલે કે રોજની કામ કરવાની ટેવ મુજબ વંદના ન કરતાં હૈયાના અહોભાવપૂર્વક આ પરમાત્માને જો વંદના થાય અને તે વંદના ભલે એકવાર થાય અર્થાત્ તેમનામાં વર્તતા ગુણો ઉપરના બહુમાનથી આશ્ચર્યતાથી હૈયાના ઉમળકાપૂર્વક જો એકવાર પણ વંદના થાય તો મારો મોક્ષ થવારૂપ મારૂં કાર્ય અવશ્ય સિદ્ધ થાય.

એકવારની વંદનાથી નિયમા કાર્યસિદ્ધિ કેમ થાય ? તો કહે છે કે "જો કારણ સાચું હોય તો કાર્યની સિદ્ધિ થાય જ છે." આવી પ્રતીતિ જગતના જીવોને સહેજે હોય છે.

જો કારણ સાચું સેવ્યું હોય તો કાર્ય અવશ્ય થાય જ છે. આવો અનુભવ જગતના સકલજીવોને છે. જેમ આ આત્મા વિષયકષાયોમાં અંજાઈને અશુદ્ધ ઉપાદાનતાવાળો બને તો નરક-નિગોદમાં ભટકવા

રૂપ સંસાર વધે જ છે તેવી જ રીતે શ્રી વીતરાગ પરમાત્મારૂપી શુદ્ધ નિમિત્ત મળતાં ઉપાદાન એવો આ આત્મા જો શુદ્ધ પરિણામ વાળો બને, અને જો આ આત્મા શુદ્ધપરિણામવાળો બને તો શુદ્ધ સિદ્ધદશાની પ્રાપ્તિરૂપ કાર્ય અવશ્ય થાય જ.

અનાદિકાળથી સંસારમાં ભટકતાં ભટકતાં જે નથી આવ્યું તેવું બહુમાન જો અરિહંત પરમાત્મા ઉપર એકવાર પણ આવી જાય તો મારા આત્માની મુક્તિ નીપજવા સ્વરૂપ કાર્યસિદ્ધિ અવશ્ય થાય જ. આ વિષયમાં જરા પણ શંકા નથી. ॥ ૫ ॥

• • •

**પ્રભુપણે પ્રભુ ઓળખી રે, અમલ વિમલ ગુણગેહ ।**
**સાધ્યદૃષ્ટિ સાધકપણે રે, વંદે ધન્ય નર તેહ ॥**
**જિનવર પૂજો રે ॥ ૬ ॥**

**ગાથાર્થ :-** મોહના મેલ વિનાના અને અનંતજ્ઞાનાદિ ગુણોવાળા હોવાથી નિર્મળ તથા અનંતગુણોના ભંડાર એવા વીતરાગપરમાત્માને વીતરાગપણે ઓળખીને જે સમ્યગ્દૃષ્ટિ આત્મા સાચા સાધક બનીને આવા પરમાત્માને અતિશય ભાવથી વંદના કરે છે. તે વંદના કરનારો નર પણ ધન્યવાદને પાત્ર છે. ॥ ૬ ॥

**વિવેચન :-** શ્રી જિનેશ્વર વીતરાગ પ્રભુ રાગદ્વેષ વિષય-કષાય ઇત્યાદિ દોષોથી સર્વથા રહિત છે. માટે અમલ (મેલ વિનાના) છે. તથા આત્મામાં ગુણસંપત્તિ પ્રગટ થયેલી છે. માટે ઉજ્વલતાવાળા છે. તેથી વિમલ છે. તથા જ્ઞાનાદિ અનંત ગુણોના ભંડાર છે. તેથી ગુણગેહ છે. આવા પ્રસ્તુત પરમાત્માને પરમાત્માપણે બરાબર ઓળખીને જે સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના આત્માની અનંતગુણસંપત્તિ પ્રગટાવવા માટે તેમાં સાધનપણે આવા વીતરાગ પરમાત્માને જે ભાવથી વંદના કરે છે. એટલે કે પોતાના ગુણો પ્રગટ કરવારૂપ તત્ત્વ પ્રાપ્ત કરવાનો અર્થી થઈને યથાર્થ સાધક

બનીને પોતાનામાં પ્રગટ થયેલા ક્ષાયોપશમિક ભાવના ગુણોને ક્ષાયિકભાવમાં પરિણામ પમાડવા માટે આવા પરમાત્માને ભાવથી વંદના કરે છે તે પુરુષ પણ ધન્યવાદને પાત્ર છે.

આવા ગુણોના ભંડાર વીતરાગ પ્રભુ ફરીથી મળે ક્યાં ? અને કદાચ મળે તો પણ ઓળખાય ક્યાં ? માટે અતિશય દુર્લભતર એવા આ પ્રભુ મળવા અને તેમને ભાવથી ઓળખીને ઉમદા ભાવથી વંદના થવી અતિશય દુષ્કરતર કાર્ય છે.

આવું કાર્ય જે કરે છે તે વ્યક્તિ ખરેખર સાચા ધન્યવાદને પાત્ર છે. આવો આત્મા કૃતપુણ્ય સમજવો શાસ્ત્રમાં કહ્યું છે કે -

जे पुण तिलोगनाहं, भत्तिब्भरपूरिएण हियएण ।
वंदंति नमंसंति, ते धन्ना ते कयत्था य ॥

**અર્થ :-** ત્રણલોકના નાથને ભક્તિથી ભરેલા હૃદયપૂર્વક જે આત્માઓ વંદન-નમસ્કાર કરે છે. તે પુરુષો પણ ધન્યવાદને પાત્ર છે અને કૃતાર્થ છે એટલે કે પોતાનું આત્મકલ્યાણ સાધવામાં સફળતા વાળા બને છે. ॥ ૬ ॥

• • •

**જન્મ કૃતારથ તેહનો રે, દિવસ સફળ પણ તાસ ।**
**જગતશરણ જિનચરણનેં રે, વંદે ધરીય ઉલ્લાસ ॥**
**જિનવર પૂજો રે ॥ ૭ ॥**

**ગાથાર્થ :-** જે આત્માઓ આવા પરમાત્માને ભાવથી વંદના કરે છે તેનો જન્મ કૃતાર્થ થયો જાણવો તથા તેનો તે દિવસ પણ સફળ થયો જાણવો. કે જે આત્મા હૃદયમાં ઉલ્લાસ ધારણ કરીને આખા વિશ્વને શરણલેવા લાયક એવા શ્રી જિનેશ્વરપ્રભુના ચરણોને ભાવપૂર્વક વંદના કરે છે. ॥ ૭ ॥

**વિવેચન :-** આ જગતના જીવો, મોહરાજાથી મુંઝાયેલા છે સંસારરૂપી અટવીમાં ભટકનારા બન્યા છે અને મિથ્યાત્વદશાથી પ્રતિદિન આત્મધન જેનું લુંટાય છે તેવા લાચારસ્થિતિવાળા બન્યા છે. તેવા ત્રણે જગતના જીવોને જે શરણ આપનારા છે એવા શ્રી વીતરાગ પરમાત્માના ચરણકમળને જે આત્માર્થી આત્માઓ ભાવ ધરીને વંદના કરે છે. હૈયાના ઉલ્લાસપૂર્વક વંદના કરે છે. તે આત્માઓનો જન્મ કૃતાર્થ થયો (સફળ થયો) જાણવો. સંસાર તરવાનો સાચો આ જ માર્ગ છે.

આવા તારક યથાર્થમાર્ગના ઉપદેશક રાગાદિ સર્વદોષોથી મુક્ત એવા પરમાત્મા મળવા એ જ અતિશય દુષ્કરકાર્ય છે. અનંતો અનંતો કાળ પસાર થાય. ત્યારે ક્યારેક જ મળે. માટે આ અવસર ચુકવા જેવો નથી. ॥ ૭ ॥

• • •

**નિજસત્તા નિજભાવથી રે, ગુણ અનંતનું ઠાણ ।**
**દેવચંદ્ર જિનરાજજી રે, શુદ્ધ સિદ્ધ સુખખાણ ॥**
**જિનવર પૂજો રે ॥ ૮ ॥**

**ગાથાર્થ :-** પોતાના આત્મામાં જ સત્તાથી રહેલું અનંત અનંત ગુણોનું જે સ્થાન (ભંડાર) છે. તે સ્થાન પોતાના આત્મ ભાવમાં રહેવાથી પ્રગટ થાય છે.

ખરેખર તો દેવોમાં ચંદ્રમા સમાન ઉજ્વળ એવા જિનેશ્વરપ્રભુ જ શુદ્ધ છે. અનંતગુણોના આવિર્ભાવવાળા છે અને અનંતસુખની ખાણરૂપ છે. (ગર્ભિત રીતિએ "દેવચંદ્ર" શબ્દમાં સ્તવન બનાવનારે કર્તાનું નામ પણ સુચવ્યું છે.) ॥ ૮ ॥

**વિવેચન :-** નિજસત્તા - પોતાના આત્મામાં અનાદિકાળથી સત્તાસ્વરૂપે રહેલા (પોતાનું જે સ્વરૂપ છે. તે સ્વરૂપે રહેલા) એવા અનંત અનંત જ્ઞાનાદિગુણોનું જે સ્થાન છે. આ આત્મા અનંતગુણોનો ભંડાર છે. આ અનંતગુણોની સત્તા નિજ ભાવથી - એટલે આત્માના પોતાના સ્વભાવથી જ રહેલી છે. જેમ સુવર્ણ પોતે પોતાના સ્વભાવથી જ પીતવર્ણવાળું હોય છે અને લોઢુ પોતે પોતાના સ્વભાવથી જ કાળાવર્ણવાળું હોય છે તેમ આ આત્મા પોતાના સ્વભાવથી જ અનંત અનંત ગુણોની સંપત્તિવાળો છે.

પરમાત્માની ભક્તિ કરવાના નિમિત્તથી આ ગુણસંપત્તિ આવિર્ભાવપણાને પામે છે. આત્મસંપત્તિ પ્રગટ કરવામાં પરમાત્માની ભક્તિ એ પ્રધાનતમકારણ છે.

આ પ્રમાણે સ્તવના કરનારા શ્રી દેવચંદ્રજી મહારાજશ્રી કહે છે કે દેવોમાં ચંદ્રમા જેવા અત્યન્ત શીતળતા આપનારા એવા શ્રી જિનેશ્વર પ્રભુ (વીતરાગ પરમાત્મા) અત્યન્ત શુદ્ધદ્રવ્ય છે. કારણ કે તે કર્મમેલથી રહિત છે. વળી સિદ્ધ છે કારણ કે સર્વ આવરણોનો નાશ કરેલો છે. તથા આત્માના ગુણોનો આવિર્ભાવ થવા સ્વરૂપ અનંતસુખની ખાણ છે. સદાકાળ પોતાના ગુણોને અનુભવવારૂપ અપારસુખમાં જ ડુબેલા છે. પરભાવનો સંગ હોય તેને દુઃખ હોઈ શકે છે. જેને પરભાવનો સર્વથા ત્યાગ કર્યો છે. એવા શ્રી વીતરાગ પરમાત્માને સ્વગુણોના ઉપભોગરૂપ અનંત અનંતસુખ છે. ગ્રંથકર્તાએ ગર્ભિતરીતે "દેવચંદ્ર" એવું પોતાનું નામ પણ આ સ્તવનમાં સૂચવ્યું છે. ॥૮॥

સંભવનાથ પ્રભુનું સ્તવન ગાતાં ગાતાં પોતાના આત્મામાં જ સત્તારૂપે રહેલી અનંતગુણસંપત્તિનો આવિર્ભાવ કરીએ. એવો ભાવ છે.

• • •

## ચોથા શ્રી અભિનંદનસ્વામી પરમાત્માનું સ્તવન

અવતરણ :- અનાદિકાળથી આ જીવ પરદ્રવ્યોની પ્રીત કરીને ભવોભવમાં રખડ્યો છે. તેનો ત્યાગ કરે તો જ વીતરાગ પરમાત્માની સાથે પ્રીતિ થઈ શકે એ જ વાત સમજાવતાં સ્તુતિકાર ભગવાન કહે છે કે -

**ક્યું જાણું ક્યું બની આવશે, અભિનંદન રસ રીત હો મિત્ત ।**
**પુદ્‌ગલ અનુભવ ત્યાગથી, કરવી જસુ પરતીત હો મિત્ત ॥**
**ક્યું જાણું ક્યું બની આવે ॥ ૧ ॥**

**ગાથાર્થ :-** આત્મગુણોનો રસિક આત્મા પોતાના આત્માને કહે છે કે હે આત્મન્ ! અભિનંદન સ્વામિની સાથે રસીલી એવી એકતા (એકમેક થવા)ની રીત કેવી રીતે પ્રગટ થાય અને આ જીવને તે રીત કેવી રીતે પ્રાપ્ત થાય?

પુદ્‌ગલની સાથે લાગેલી સુખબુદ્ધિનો જે અનુભવ છે તેનો ત્યાગ કરવાથી પરમાત્માની સાથે એકતા કરવાની રીતિનો પ્રગટ અનુભવ થાય છે. ॥૧॥

**વિવેચન :-** કોઈ ભવ્ય ઉત્તમ આત્માને શ્રી વીતરાગ દેવને મળવાનું અને મળીને પોતાના આત્માનું કલ્યાણ કરવાનું મન થયું છે. તે આત્મા આ પ્રમાણે બોલે છે કે,

હે અભિનંદન સ્વામી પ્રભુ ! તમને મળવાની - તમારી સાથે એકમેક થવાની - તમારી સાથે રસભરી એકતા કરવાની રીતિ અમે કેમ જાણી શકીએ ? હું શું કરૂં તો તમારી સાથે એક-મેક થવાની રીતિ ઉત્પન્ન થઈને મને તે પ્રગટ થાય ? તમારી સાથે એકમેક થવાની રીતિ હે પ્રભુ ! તમે જ બતાવો આ રીતરસમ તમે જ જણાવી શકો તેમ છો. તમારા વિના બીજા કોઈ આવા વીતરાગ અને સર્વજ્ઞ ન હોવાથી

તે રીત બતાવી શકે તેમ નથી. માટે મારા ઉપર કૃપા કરીને તમારી સાથે પ્રીતિ કરવાની-એકતા કરવાની રીતભાત પણ તમે જ જણાવો.

પરમાત્મા કહે છે કે "પુદ્‌ગલની સાથે જે અનાદિકાળથી પ્રીતિભર્યો અનુભવ છે પૌદ્‌ગલિકસુખની સાથે જે એકાકારતાનો અનુભવ છે. તેનો ત્યાગ કરવાથી જ અભિનંદન સ્વામિની સાથેની રસિલી પ્રીતિ કરવાની રીતભાત પ્રતીત (પ્રગટ) થાય છે.

આ આત્મા અનાદિકાળથી મોહનો પરવશ થયો છે. પુદ્‌ગલાનંદી બનેલો છે. પૌદ્‌ગલિક વર્ણ - ગંધ - રસ અને સ્પર્શના સુખના અનુભવમાં જ ડુબેલો છે. તે સુખના અનુભવનો જેમ જેમ ત્યાગ કરે તેમાંથી સુખબુદ્ધિ જેમ જેમ દૂર કરે તેમ તેમ વીતરાગ પ્રભુ મળવાની શક્યતા વધે છે.

જે પુદ્‌ગલતત્ત્વનો ભોગી આત્મા છે તે પરદ્રવ્યની સાથે રમણતાવાળો હોવાથી તેવા જીવને શુદ્ધ એવા આત્મદ્રવ્યની સાથે એકત્વતા થતી નથી. પરંતુ જે આત્મા પૌદ્‌ગલિકસુખના અનુભવનો ત્યાગી બને, તે જ આત્મા, સ્વરૂપભોગી બની શકે આવી જ આ રસરીતિ બનેલી છે.

વીતરાગ થવા માટે વીતરાગપ્રભુની સાથે જો પ્રીતિ કરવી હોય તો પુદ્‌ગલસુખના આનંદની પ્રીતિ ત્યજવી જ પડે. બન્ને તત્ત્વો સામસામા વિરોધી તત્ત્વો છે. માટે હે ચેતન ! જો તું વીતરાગ પરમાત્મા સાથે પ્રીતિ કરવાનું ચાહતો હોય તો પુદ્‌ગલસુખના અનુભવનો ત્યાગી બન. ॥ ૧ ॥

• • •

**પરમાતમ પરમેસરૂ, વસ્તુગતે તે અલિપ્ત હો મિત્ત ।**
**દ્રવ્યે દ્રવ્ય મીલે નહી, ભાવે તે અન્ય અવ્યાપ્ત હો મિત્ત ॥**
**ક્યું જાણું ક્યું બની આવશે ॥ ૨ ॥**

**ગાથાર્થ :-** આ વીતરાગ પ્રભુ તે પરમાત્મા છે. પરમેશ્વર છે. વાસ્તવિકપણે તે અલિપ્તદશાવાળા છે. એકદ્રવ્ય બીજાદ્રવ્યની સાથે કદાપિ મળે નહીં. ભાવથી આ પરમાત્મા અન્યદ્રવ્યની સાથે ન લેપાયેલું દ્રવ્ય છે. ॥ ૨ ॥

**વિવેચન :-** જે વીતરાગ પ્રભુ છે. તે જ પરમ એવો આત્મા છે અર્થાત્ સર્વથી શ્રેષ્ઠ આત્મા છે. કારણ કે તે જ પરમાત્મા સર્વ દોષોથી મુક્ત છે. વળી આ પરમાત્મા પરમ ઈશ્વર છે કારણ કે અનંતજ્ઞાનાદિ ગુણોની સંપત્તિના સ્વામી છે.

તથા વળી આ પરમાત્મા મૂળભૂત વસ્તુધર્મથી અલિપ્તદશાવાળા છે. કોઈપણ જીવદ્રવ્ય ભલે કર્મોથી લેખાયેલું હોય. તથા બાંધેલા કર્મોના ઉદયને અનુસારે સાનૂકુળ કે પ્રતિકુળ પૌદ્ગલિકભાવોથી ભલે સંકળાયેલું હોય. તો પણ વસ્તુગતે-એટલે વાસ્તવિકપણે શુદ્ધ સંગ્રહનયની અપેક્ષાએ આ જીવદ્રવ્ય કર્મોથી - શરીરથી અને સર્વપ્રકારના પૌદ્ગલિકભાવોથી અલિપ્ત છે. કારણ કે કોઈપણ એકદ્રવ્ય બીજા દ્રવ્યની સાથે સર્વથા મીલન ન પામવાના સ્વભાવવાળું જ હોય છે.

કેવલજ્ઞાની ભગવંતોએ ધર્માસ્તિકાયાદિ છ દ્રવ્યો આ જગતમાં કહેલાં છે તેમાં ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય આ બે દ્રવ્યો અસંખ્યાત પ્રદેશી છે અને લોકાકાશમાં વ્યાપ્ત છે. સંખ્યામાં એક એક દ્રવ્ય છે. આકાશાસ્તિકાય નામનું દ્રવ્ય લોક-અલોકમાં એમ ઉભયમાં વ્યાપ્ત છે. અને અનંતપ્રદેશવાળું છે. તેમાં લોકમાં વર્તતું જે આકાશ છે. તે લોકાકાશ છે. તેના અસંખ્યાત પ્રદેશો છે અને અલોકાકાશ અનંત હોવાથી ત્યાંનું આકાશ અનંતપ્રદેશવાળુ છે. કાળ નામનું ચોથુ દ્રવ્ય અમૂર્ત છે. વ્યવહારકાલ અઢીદ્વિપમાં વ્યાપ્ત છે. વર્તનાસ્વરૂપ જે નિશ્ચયકાળ છે. તે લોકવ્યાપ્ત છે.

જીવદ્રવ્ય અને પુદ્ગલદ્રવ્ય અનંતની સંખ્યામાં છે. તેમાં જીવદ્રવ્ય અમૂર્ત (અરૂપી) છે. પરંતુ શરીરની સાથે જો વિચારીએ તો મૂર્તદ્રવ્ય છે વળી તે જીવદ્રવ્ય શરીરપ્રમાણ છે. પુદ્ગલદ્રવ્ય વર્ણ-ગંધ-રસ અને સ્પર્શવાળું છે એટલે તે રૂપીદ્રવ્ય છે તેના ૮ વર્ગણારૂપે ૮ ભેદ છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, અને કાળ આ ચાર દ્રવ્યો અપરિણામી છે અન્ય કોઈપણ દ્રવ્યની સાથે એકમેક થતાં નથી. પરંતુ જીવ અને પુદ્ગલ આ બે દ્રવ્યો પરિણામી છે. અન્યદ્રવ્યની સાથે સંયોગ પામી એકમેક થઈને રહે છે. તેમાં પુદ્ગલાસ્તિકાય દ્રવ્ય અન્ય પુદ્ગલદ્રવ્ય સાથે મળીને સ્કંધરૂપે અને દેશરૂપે પરિણામ પામે છે.

તથા જીવદ્રવ્ય મિથ્યાત્વાદિ ભાવવાળો બન્યો છતો કાર્મણ-વર્ગણાનાં પુદ્ગલો ગ્રહણ કરીને તેની સાથે સાંયોગિકભાવે એકમેક થાય છે પરંતુ એકજીવ બીજા જીવની સાથે એકમેક થતો નથી. અર્થાત્ બે જીવનો મળીને એકજીવ થતો નથી.

શ્રી અભિનંદનસ્વામી પ્રભુ તો શરીર છોડીને, કર્મોને ખપાવીને મોક્ષે પધાર્યા છે એટલે અન્ય જીવ સાથે પણ મળતા નથી. અને અન્ય પુદ્ગલ સાથે પણ જોડાતા નથી. એટલે આ જીવદ્રવ્ય અન્યદ્રવ્યની સાથે મળે નહીં. પિંડીભાવ થાય નહીં માટે "દ્રવ્યે દ્રવ્ય મીલે નહિ" અર્થાત્ સર્વે પણ મુક્તિગત જીવો સ્વતંત્ર છે. કોઈપણ એક જીવદ્રવ્ય અન્યજીવ દ્રવ્ય સાથે પણ મળતું નથી અને અન્ય પુદ્ગલ સાથે પણ મળતું નથી. એકલો શુદ્ધ આત્મા સ્વતંત્રપણે જ મુક્તિમાં વર્તે છે.

ભાવથી વિચારીએ તો મુક્તિગત સર્વે પણ આત્મા અન્ય દ્રવ્યોની સાથે (અન્ય જીવદ્રવ્ય અને પુદ્ગલદ્રવ્યની સાથે) સદાકાળ અવ્યાપ્ત થઈને જ રહે છે. મોક્ષમાં ગયેલા આત્માઓ ક્યારેય પણ અન્ય જીવદ્રવ્ય સાથે કે અન્ય પુદ્ગલદ્રવ્ય સાથે એકાકાર - સ્વરૂપ થતા

નથી. સદાકાળ અન્યદ્રવ્યથી અવ્યાપ્તભાવે જ વર્તે છે. આ પ્રમાણે મોક્ષમાં ગયેલા શ્રી અભિનંદનસ્વામી પ્રભુ પણ દ્રવ્યથી સ્વતંત્ર એક દ્રવ્ય જ છે. (અન્ય કોઈપણ દ્રવ્ય સાથે વ્યાપ્ત નથી) ક્ષેત્રથી સિદ્ધશીલા ઉપર પોતાની અવગાહનાના $\frac{2}{3}$ ભાગમાં જ વ્યાપીને રહે છે. અન્યક્ષેત્રમાં અવ્યાપ્ત છે. કાળથી સાદિ-અનંત છે. ભાવથી પોતાના ગુણ પર્યાયમાં જ વર્તનારા છે. અન્ય શાસ્ત્રોમાં કહ્યું છે કે -

**द्रव्वं गुणसमुदाओ, खित्तं ओगाह वट्टणा कालो ।**
**गुण पज्जाय पवत्ति, भावो निअ वत्थुधम्मो सो ॥**

**અર્થ :-** ગુણ-પર્યાયોનો સમુદાય તે દ્રવ્ય, તે જીવદ્રવ્યને રહેવાનું જે ક્ષેત્ર (અવગાહનાવાળું ક્ષેત્ર) તે ક્ષેત્ર, ઉત્પાદ-વ્યય અને ધ્રુવભાવે જે વર્તના તે કાળ, અને પોતાના ગુણ-પર્યાયમાં દ્રવ્યનું જે વર્તવું તે ભાવ. આમ આ દ્રવ્યાદિ ચારની જે પરિણતિ તે વસ્તુધર્મ છે. માટે મોક્ષે ગયેલા પ્રભુ કેમ મળે ? આ પરમાત્મા કોઈની પણ સાથે વ્યાપ્ત થતા નથી. અલિપ્તભાવને પામેલા છે. ॥ ૨ ॥

• • •

**અવતરણ :-** મોક્ષે ગયેલા અભિનંદન સ્વામી પ્રભુનું સ્વરૂપ કેવું છે ? તે કહે છે -

**શુદ્ધ સરૂપ સનાતનો, નિર્મલ જે નિઃસંગ હો મિત્ત ।**
**આત્મવિભૂતિએં પરિણમ્યો, ન કરે તે પરસંગ હો મિત્ત ॥**
**ક્યું જાણું ક્યું બની આવશે ॥ ૩ ॥**

**ગાથાર્થ :-** મોક્ષે ગયેલા તે અભિનંદનસ્વામી પ્રભુ કેવા છે ? તો શુદ્ધસ્વરૂપવાળા, દ્રવ્યથી સનાતન એટલે નિત્ય, સર્વથા મેલવિનાના, અન્યદ્રવ્યના સર્વથા સંગવિનાના, આત્માની અનંતીગુણવિભૂતિથી પરિણામ પામેલા. ક્યારેય પણ અન્યદ્રવ્યનો સંગ ન કરનારા એવા આ પરમાત્મા છે. ॥ ૩ ॥

**વિવેચન :-** મોક્ષે ગયેલા અને કેવળજ્ઞાનાદિ આત્મગુણોની વિભૂતિ પામેલા, તથા શરીરાદિ પરદ્રવ્યોના સર્વથા સંગ વિનાના એવા શ્રી અભિનંદનસ્વામી પ્રભુ છે તે આ ગાથામાં સમજાવે છે-

આ અભિનંદનસ્વામી પ્રભુએ સર્વકર્મોનો ક્ષય કરેલો હોવાથી ક્ષાયિકભાવે પ્રગટ થયેલા અનંતજ્ઞાન, અનંતદર્શન અનંતચારિત્ર અને અનંત વીર્ય ઇત્યાદિ શુદ્ધ ગુણમય સ્વરૂપ વાળા આ પ્રભુ છે. વળી જન્મ-જરા-મરણ વિનાના હોવાથી સદાકાળ સનાતનધર્મવાળા છે. એટલે કે દ્રવ્યથી નિત્યભાવવાળા છે. તથા મોહાદિના વિકારો સર્વથા નષ્ટ થયેલા હોવાથી અત્યન્ત નિર્મળ અને સ્વચ્છદ્રવ્યરૂપ છે.

તથા અન્ય સર્વદ્રવ્યોના સંગનો ત્યાગ કરનારા હોવાથી નિઃસંગ છે. આ આત્માના પ્રદેશે પ્રદેશે અનંતી અનંતી કાર્મણ વર્ગણાઓ ચોંટેલી હતી. તથા ઔદારિકાદિ શરીરનાં પુદ્ગલો પણ સાંયોગિકભાવે ચોંટેલાં હતાં તે તમામ પુદ્ગલોને દૂર કર્યા પછી જ સિદ્ધત્વ પામેલા છે. માટે સર્વ એવાં અન્ય પુદ્ગલદ્રવ્યોના સંગવિનાના છે તથા માતા-પિતા-પતિ-પત્ની આદિ ભાવે અન્યજીવ દ્રવ્યોનો જે સંગ હતો તેના પણ ત્યાગી બન્યા છે.

આ પ્રમાણે સર્વથા અન્યદ્રવ્યોના ત્યાગી બનીને પોતાના જ આત્માની જ્ઞાનાદિગુણોમય જે વિભૂતિ છે તેમાં જ પરિણામ પામનારા - તેમાં જ રમનારા જે બન્યા છે તે આ પરમાત્મા ભાવિમાં પણ ક્યારેય અન્યદ્રવ્યનો સંગ કરનારા બનવાના નથી. ક્યારેય પણ અન્ય દ્રવ્ય સાથે લેપાવાના નથી. આવા પરમાત્માને કેમ મળાશે ?

આવા ઉત્તમોત્તમ પરમાત્માને મળ્યા વિના મને સુખ કેમ ઉપજે ? મને આવા ઉત્તમોત્તમ પરમાત્માને મળવાની લગની લાગી છે. તેમને મળ્યા વિના કેમ જીવાય ? ॥૩॥

• • •

અવતરણ :- પરંતુ પ્રભુજીને મળવાનો સુંદર એક ઉપાય મળી આવ્યો છે. તે ઉપાય કહે છે -

**પણ જાણું આગમ બલે, મિલવું તુમ પ્રભુ સાથ હો મિત્ત ।**
**પ્રભુ તો સ્વસંપત્તિમયી, શુદ્ધ સ્વરૂપનો નાથ હો મિત્ત ॥**
**ક્યું જાણું ક્યું બની આવશે ॥ ૪ ॥**

**ગાથાર્થ :-** પરંતુ આગમના બળથી હે પ્રભુ તમારી સાથે મળવાનો ઉપાય મેં જાણ્યો છે. આ પ્રભુ તો પોતાના ગુણોની સંપત્તિવાળા છે અને વળી શુદ્ધસ્વરૂપના સ્વામી છે. (હું જો તેવો થઈશ તો તેમને હું મળી શકીશ. આ મળવાનો ઉપાય છે.) ॥ ૪ ॥

**વિવેચન :-** પ્રભુજીને મળવાનો ઉપાય વિચારતાં વિચારતાં મારા મનમાં એક ઉપાય સ્મૃતિગોચર થયો છે તે ઉપાય આ પ્રમાણે છે-

આગમમાં આ પ્રમાણે કહ્યું છે અને ગુરુજીના મુખેથી મેં આ પ્રમાણે જાણ્યું છે કે જો પ્રભુજીને મળવું જ હોય તો હે આત્મન્ ! વીતરાગ થયેલા અને મોક્ષે ગયેલા પ્રભુ તારા જેવા રાગી અને સંસારી થવાના નથી. કારણ કે તેઓની એ શુદ્ધ સ્થિતિ સાદિ-અનંત છે. પરંતુ તું રાગાદિ કષાયોને છોડીને જો વીતરાગ અને સર્વજ્ઞ થઈ મુક્તિગામી બને તો બન્ને સમાન થવાથી પ્રભુજીને મળી શકાશે અને સરખે સરખાની જ મૈત્રી શોભાયમાન બનશે.

હે આત્મન્ ! તું રાગી અને સંસારી છે. જો પ્રભુ પણ મુક્તિમાંથી નીચે આવે અને રાગી તથા સંસારી બને તો બન્ને સમાન થવાથી મૈત્રી થઈ શકે અને મીલન થાય પરંતુ આ વાત શક્ય જ નથી. કારણ કે પરમાત્મા સાદિ અનંત ભાંગે વીતરાગ કેવલી થયા છે. અને મુક્તિ સુખ પામ્યા છે એટલે પરમાત્મા સંસારી બને આ વાત તો શક્ય નથી.

પરંતુ તું જો વીતરાગ બને અને કેવલી થઈને મોક્ષે જાય તો બન્ને સમાન થવાથી મીલન થઈ શકે છે. માટે હે જીવ ! આ એક જ ઉપાય છે પ્રભુને મળવાનો કે તું પોતે વીતરાગ કેવલી થઈને મુક્તિગામી થા.

પરમાત્મા તો પોતાની અનંતસંપત્તિના સ્વામી બન્યા જ છે. તેઓ તો પોતાના શુદ્ધ સ્વરૂપના નાથ બન્યા જ છે હું જો આવો થઈશ તો હજુ મીલન સંભવિત છે. માટે હે જીવ ! તારે આ બાબતમાં વિલંબ કરવા જેવો નથી. ઝટ કર અને રાગાદિ કષાયોને ત્યજીને વીતરાગ બનીને મુક્તિપદ સાધી લે અને પરમાત્મા સાથે મીલન કરી લે. મીલનનો આ એક જ ઉપાય છે. ॥ ૪ ॥

• • •

**પરપરિણામિતા અછે, જે તુજ પુદ્‌ગલયોગ હો મિત્ત ।**
**જડ ચલ જગની એંઠનો, ન ઘટે તુજને ભોગ હો મિત્ત ॥**
**ક્યું જાણું ક્યું બની આવશે ॥ ૫ ॥**

**ગાથાર્થ :-** હે જીવ ! તને જે આ પદ્‌ગલદ્રવ્યનો યોગ છે. તે પરપરિણામિકતા છે. જડ એવાં, ચલિત એવાં અને જગતની એ તુલ્ય એવાં પુદ્‌ગલદ્રવ્યોનો ભોગ હે જીવ ! તને ઘટતો નથી. તારા માટે શોભાસ્પદ સ્થાન નથી. ॥ ૫ ॥

વિવેચન :- જૈનદર્શનમાં વીતરાગ સર્વજ્ઞ ભગવંતોએ શાસ્ત્રોમાં જે રીતે ફરમાવ્યું છે તે પ્રમાણે જોતાં સાધક એવા આ જીવનું આત્મદ્રવ્ય પણ વાસ્તવિકપણે પરમાર્થથી શુદ્ધ બુદ્ધ છે તેનું પ્રભુજીની સાથે મળવું તે તેની સત્તામાં જ નથી. કારણ કે કોઈ પણ બે દ્રવ્યો મળતાં નથી. સંયોગ થાય છે પણ તે રૂપે બે દ્રવ્યોનું એક દ્રવ્ય થવા રૂપે પરિણામ પામતાં નથી એટલે પ્રભુ મળે તો પણ આ જીવ પોતાના રાગાદિ કષાયોને છોડે નહીં તો પ્રભુ મળવાથી આ આત્મા પરમાત્મા બનતો નથી. તો હવે પરમાત્માને કેવી રીતે મળવું?

તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી જણાવે છે કે આ જીવ અનાદિકાળથી મોહના ઉદયવાળો છે. તેના કારણે આત્માનું સર્વગુણોનું સુખ અવરાયેલું છે. ગુણો અવરાયેલા (ઢંકાયેલા) હોવાથી પુદ્‌ગલના ભોગમાં જ આ જીવને સુખબુદ્ધિ થઈ છે મનને ગમે તેવાં પૌદ્‌ગલિક સુખો મળે એટલે આ જીવ તેમાં અંજાઈ જાય છે અને તેને જ સુખ માની લે છે.

તેને ખબર છે કે પુન્યનો ઉદય પૂર્ણ થતાં જ પૌદ્‌ગલિક સુખો જતાં જ રહેવાનાં છે. કદાચ જીવીએ ત્યાં સુધી પુન્યનો ઉદય ચાલે તો પણ આ જીવનું આયુષ્ય સમાપ્ત થાય ત્યારે રાજા રાજ્યને છોડીને પણ ભવાન્તરમાં જાય છે તો આપણે સંસારની સર્વસંપત્તિ છોડીને પણ ભવાન્તરમાં જવું જ પડે છે એટલે પૌદ્‌ગલિક કોઈ પણ સુખ આ ભવમાં પણ કાયમી નથી અને ભવાન્તરમાં તો સાથે આવતાં જ નથી. તે કારણે પરમાર્થથી તો તે પુદ્‌ગલસુખ અભોગ્ય જ છે.

છતાં મોહના ઉદયને લીધે અને તત્ત્વનો અજ્ઞાની હોવાના કારણે આ જીવ પુદ્‌ગલસુખોનો ભોગી થયો છે. પરભોગી થયો છે. પરપરિણામી બન્યો છે.

આ પરપરિણામિકતાની ચાલ આજની નથી, પણ આ જીવમાં અનાદિની છે. તેના કારણે જ આ જીવ પરદ્રવ્યનો કર્તા, પરદ્રવ્યનો ભોક્તા, પરદ્રવ્યની રમણતાવાળો, અને પરદ્રવ્યની ગ્રાહકતાવાળો બન્યો છે. સારાંશ કે પરપરિણામિકતાવાળો થયો છે.

**પ્રશ્ન :** આ જીવદ્રવ્ય શુદ્ધ-બુદ્ધ ધર્મી દ્રવ્ય છે તો તેવું શુદ્ધદ્રવ્ય પરપરિણામી અને પરભોગી કેમ બન્યું ?

**ઉત્તર :** પુદ્‌ગલદ્રવ્યના અવલંબને જીવની ચેતના પણ પુદ્‌ગલાવલંબી થઈ એટલે કે હે જીવ ! પુદ્‌ગલદ્રવ્યના સંયોગે તારી

જે પરપરિણામિકતા થઈ છે. તે જ તારી અનાદિકાલીન અશુદ્ધતા થઈ છે. તારો આત્મા વિજાતીયભાવે પરિણામ પામ્યો છે. પરદ્રવ્યને પોતાનું સ્વરૂપ માની તેમાં અંજાયેલો છે. આ જ તારો મોટો દોષ છે.

જેમ કોઈના પૈસા પડી ગયા હોય તો પણ તે પરના હોવાથી આપણે લેવા ઉચિત નથી. તેવી જ રીતે આપણું દ્રવ્ય તે જીવદ્રવ્ય છે. તેવા જીવદ્રવ્યને અજીવ એવા પુદ્‌ગલદ્રવ્યનો ઉપભોગ કરવો તે ઉચિત નથી.

વળી હે જીવ ! તું જે પુદ્‌ગલદ્રવ્યનો ઉપભોગ કરે છે તે પુદ્‌ગલદ્રવ્ય જડ છે. તું ચેતન છે. વળી તે પુદ્‌ગલદ્રવ્ય ચલિત છે. ચંચળ છે દરરોજ તેના વર્ણાદિગુણધર્મો બદલાતા જ રહે છે. સવારે રંધાયેલું અનાજ સાંજે જ ચલિતરસવાળું બની જાય છે તું પોતે સદાકાળ અચલિત સ્વરૂપવાળો છે.

તથા વળી જે જે પુદ્‌ગલદ્રવ્યો તું ઉપયોગમાં લે છે તે તે પુદ્‌ગલદ્રવ્યો ભૂતકાળમાં અનંતા જીવો વડે અનંતીવાર ગ્રહણ કરાયેલાં છે. ભોગવાયેલાં છે અને ભોગવી ભોગવીને છોડાયેલાં છે એટલે અનંતા જીવોની એંઠતુલ્ય છે. જેમ કોઈનું ખાતાં ખાતાં વધેલું એંઠું-ભોજન આપણને ખાવું ગમતું નથી એટલું જ નહીં પણ જોવું પણ ગમતું નથી. તો આ પુદ્‌ગલદ્રવ્યો તો અનંતા જીવો વડે અનંતીવાર ભોગવી ભોગવીને મુકાયેલાં છે એટલે અતિશયપણે એંઠ-જુઠ (એઠાં-જુઠાં) છે માટે તેનો ઉપભોગ કરવો તે ઉચિત નથી.

જગતનો સમસ્ત પુદ્‌ગલાસ્તિકાયદ્રવ્ય જુદા જુદા જીવોવડે જુદા જુદા કાળે ભાષારૂપે, ભોજનરૂપે, શરીરરૂપે, મનરૂપે, અનંતીવાર ગ્રહણ કરાઈને મુકાયો છે. આ બધું હે જીવ ! તું જાણે છે તો આ પુદ્‌ગલસુખ એ તો અનંતાજીવોની અનંતીવાર ભોગવાયા રૂપે એંઠમાત્ર છે.

તેવા પુદ્ગલદ્રવ્યોનો ઉપભોગ કરવો તે તારા જેવા આત્મહિતેચ્છુ જીવને ઘટતો નથી. એટલે કે શોભતો નથી. હંસ નામનું પ્રાણી ક્યારેય કચરામાં કે મલીન પાણીમાં ચાંચ નાખતું નથી. અને તું અનંતજીવોથી અનંતીવાર ભોગવાયેલા મેલા-ગંદા પુદ્ગલપદાર્થોમાં ભોગવવાની દૃષ્ટિ રાખે છે. આ વાત કેટલી ગંદી અને હલકી કહેવાય ? ॥ ૫ ॥

• • •

**શુદ્ધ નિમિત્તી પ્રભુ ગ્રહી, કરી અશુદ્ધ પર હેય હો મિત્ત ।**
**આત્માલંબી ગુણલયી, સહુ સાધકનો ધ્યેય હો મિત્ત ॥**
**કયું જાણું કયું બની આવશે ॥ ૬ ॥**

**ગાથાર્થ :-** શુદ્ધ નિમિત્તસ્વરૂપવાળા પ્રભુને આલંબનરૂપે ગ્રહણ કરો અને સર્વથા અશુદ્ધ અને હેય (ત્યજવા લાયક) એવા પરદ્રવ્યની સાથેની એકમેકતાને ત્યજો તથા કેવળ પોતાના આત્મસ્વરૂપના જ આલંબનવાળા અને પોતાના ગુણોમાં જ લયલીન રહેનારા એવા અરિહંત પરમાત્મા અને સિદ્ધપરમાત્મા જ સર્વસાધક આત્માઓ માટે ધ્યેય (ધ્યાન કરવા યોગ્ય) છે. ॥ ૬ ॥

**વિવેચન :-** ઉપરની ગાથામાં સમજાવ્યું તેમ પુદ્ગલના સુખોમાં અંજાવું - રમવું તે પરભોગીપણું અશુદ્ધ નિમિત્ત છે તેને ત્યજીને શુદ્ધ-બુદ્ધ-પૂર્ણાનંદસ્વરૂપ એવા શુદ્ધ નિમિત્તસ્વરૂપવાળા શ્રી વીતરાગપ્રભુનું આલંબન લો. અને અશુદ્ધાલંબનભૂત પુદ્ગલાનુયાયિતાનો હે જીવ ! ત્યાગ કરો કે જે અશુદ્ધ આલંબન સ્વરૂપ છે.

અશુદ્ધ આલંબન ત્યજીને અરિહંતપ્રભુનું આલંબન લેવા રૂપ શુદ્ધાલંબની બનો. કારણ કે અશુદ્ધ આલંબન એ અશુદ્ધ થવાનું નિમિત્તકારણ છે અને શુદ્ધ આલંબન એ શુદ્ધ થવાનું નિમિત્તકારણ છે તેથી પોતાના આત્માની શુદ્ધિ માટે એટલે કે નિર્મળતા માટે હે ભવ્યજીવ ! તું અશુદ્ધ નિમિત્તોને છોડી દે અને શુદ્ધનિમિત્તોનું આલંબન સ્વીકાર કર.

સર્વ પ્રકારનો પરભાવ અશુદ્ધ છે. આત્માને મોહાંધ કરનાર છે અને સર્વથા હેય છે માટે સર્વથા પરભાવને ત્યજીને સ્વસ્વભાવમાં રમણતા મેળવવા માટે સ્વભાવમાં જ રમણતા કરનારા વીતરાગ પરમાત્માને જ ભજો.

આ વીતરાગ પરમાત્મા કેવળ આત્માવલંબી છે. આત્મભાવના જ અવલંબનવાળા છે. આત્માના ગુણોમાં જ લયવાળા છે. આત્મગુણોની જ રમણતાવાળા છે સર્વે પણ સાધકજીવો માટે આ વીતરાગ પરમાત્મા જ ધ્યેયરૂપ છે. એટલે કે અવિરતસમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિઘર, સર્વવિરતિધર બન્ને શ્રેણિમાં વર્તનારા જીવો, અને ધ્યાનદશામાં આરૂઢ થયેલા જીવોને આમ ચોથાથી બારમા ગુણઠાણા સુધીના તમામ સાધક જીવોને આ વીતરાગ પરમાત્મા જ ધ્યેયરૂપ છે.

ધ્યાન બે પ્રકારનું હોય છે. એક સાલંબન ધ્યાન અને બીજું નિરાલંબન ધ્યાન. ત્યાં ૪ થી ૧૨ ગુણઠાણામાં વર્તતા જીવો અરિહંતપરમાત્મા કે સિદ્ધ પરમાત્માનું આલંબન લઈને જે ધ્યાનમાં એકાગ્ર બને - સ્થિર થાય તે સાવલંબનધ્યાન અને બાહ્ય આલંબનને છોડીને અન્તરાત્માનું જ માત્ર આલંબન લઈને કરાતું ધ્યાન તે નિરાલંબન ધ્યાન. પરંતુ ૪ થી ૧૨ ગુણસ્થાનકોમાં વર્તતા જીવોને મુખ્યતાએ સાલંબન ધ્યાન વધારે ઉપકારી છે. આ રીતે આપણો આ જીવ ગુણીનું આલંબન લઈને ગુણોમાં આગળ વધે છે. ॥ ૬ ॥

● ● ●

**જિમ જિનવર આલંબને, વધે સધે એક તાન હો મિત્ત ।**
**તેમ તેમ આત્માલંબની, ગ્રહે સ્વરૂપ નિદાન હો મિત્ત ॥**
**ક્યું જાણું ક્યું બની આવશે ॥ ૭ ॥**

**ગાથાર્થ :-** જેમ જેમ જિનેશ્વર પરમાત્માનું આલંબન લઈને આ

જીવ આગળ વધે છે અને તેઓની સાથે એકતાનતા અર્થાત્ તન્મયતા સાધે છે (એકાગ્રતા લાવે છે) તેમ તેમ પોતાના આત્મતત્ત્વનું આલંબન લેતો છતો પોતાનું આત્મસ્વરૂપ પ્રગટ કરવાની કારણતાને ગ્રહણ કરે છે. ॥૭॥

**વિવેચન :-** આ આત્મા પરમાત્માની ભક્તિ-બહુમાન કરવા રૂપ કાર્યમાં જેમ જેમ એકાગ્ર બને અને તેના દ્વારા બાહ્ય બધા જ ભાવોનું વિરમણ કરીને પરમાત્માના જ આલંબનમાં લયલીન થઈ જાય અને આમ થવાથી તે ભક્તિના કાર્યમાં જ એકતાનતા (તન્મયતા) લયલીનતા સાધે છે તેમ તેમ પરમાત્માના જેવું જ પોતાનું આત્મસ્વરૂપ છે એટલે પોતાના આત્માનું જ તેવું સ્વરૂપ પ્રગટ કરવા માટે પરમાત્માના આલંબનના બહાના દ્વારા પોતાના આત્માનું જ આલંબન ગ્રહણ કરીને તે સ્વરૂપ પ્રગટ થાય તેવી કારણતાને આ જીવ સિદ્ધ કરે છે.

જેમ કોઈ ચિત્રકાર બીજા કાગળમાં છપાયેલા ચિત્રને સામે રાખીને તેમાં જ એકાકાર થઈને પોતે પોતાના કાગળમાં તેવું ચિત્ર આલેખે છે તેવી જ રીતે પરમાત્માના સ્વરૂપમાં મગ્ન બનેલો આ આત્મા તેઓના જ આલંબને પોતાના આત્માના આલંબનની કારણતાને પ્રાપ્ત કરે છે કે જેથી પોતાના આત્મામાં પોતાના ગુણોનો આવિર્ભાવ થવાની કાર્યતા પ્રગટ થાય. ॥ ૭ ॥

• • •

**સ્વસ્વરૂપ એકત્વતા, સાધે પૂર્ણાનંદ હો મિત્ત ।**
**રમે ભોગવે આત્મા, રત્નત્રયી ગુણવૃંદ હો મિત્ત ॥**
**ક્યું જાણું ક્યું બની આવશે ॥ ૮ ॥**

**ગાથાર્થ :-** આ પ્રમાણે પરમાત્માનું આલંબન લેવા દ્વારા જેમ જેમ પોતાના સ્વરૂપની સાથે એકાગ્રતા આવે છે. તેમ તેમ પૂર્ણાનંદપણું

આ જીવ સિદ્ધ કરે છે અને જ્ઞાન-દર્શન ચારિત્રની જે રત્નત્રયી છે. તે પ્રગટ થવાથી તે રત્નત્રયી સ્વરૂપ ગુણોના વૃંદમાં (ગુણસમૂહમાં) જ આ જીવ રમણતા કરે છે તે ગુણોને જ ભોગવે છે. ॥ ૮ ॥

**વિવેચન :-** પરમાત્મા શ્રી વીતરાગ દેવનું આલંબન લેવા દ્વારા તેમની સાથે તન્મય થવા દ્વારા આ આત્મા જેમ જેમ પોતાના શુદ્ધ આત્મસ્વરૂપની સાથે એકમેકતા સાધે છે. પરમાત્માનું આલંબન લેવા દ્વારા પોતાના શુદ્ધસ્વરૂપમાં લયલીન થાય છે. તેમ તેમ આ આત્મા પોતાનું પૂર્ણાનંદમય શુદ્ધસ્વરૂપ પ્રગટ કરે છે. જેમ જેમ સ્વસ્વરૂપની એકાગ્રતા સિદ્ધ થાય છે તેમ તેમ પૂર્ણાનંદતા પ્રગટ થાય છે.

આ પ્રમાણે પૂર્ણાનંદતા પ્રગટ થવાથી ક્ષાયિક ભાવવાળા જ્ઞાન-દર્શન અને ચારિત્ર એમ ક્ષાયિક રત્નત્રયી સ્વરૂપ ગુણોનો વૃંદ (સમૂહ) પ્રાપ્ત કરીને તે ગુણોની રમણતામાં રમે છે. ગુણોની રમણતાને જ ભોગવે છે તેમાં જ લયલીન થઈને કાળ પસાર કરે છે આ આત્મા હવે ક્યારેય વિભાવદશામાં જતો નથી. અનંત અનંત આત્મગુણોનું સ્વરૂપ પ્રગટ થયું હોય તે જીવ લાલચવાળી અને અંતે નાશ પામવાવાળી વિભાવદશામાં કેમ જોડાય ? માટે સ્વરમણતામાં જ વર્તે છે. તેથી ક્યારેય પણ કર્મબંધ થતો નથી. અને ફરીથી સંસારમાં આગમન થતું નથી. ॥ ૮ ॥

• • •

**અભિનંદન અવલંબને, પરમાનંદ વિલાસ હો મિત્ત ।**
**દેવચંદ્ર પ્રભુ સેવના, કરી અનુભવ અભ્યાસ હો મિત્ત ॥**
**ક્યું જાણું ક્યું બની આવશે ॥ ૯ ॥**

**ગાથાર્થ :-** આ પ્રમાણે અભિનંદનસ્વામી પ્રભુનું ભાવથી આલંબન લઈને આ આત્મા પોતાના આત્માના પરમાનંદનો વિલાસ

સાધે છે અને દેવોમાં ચંદ્રમા સમાન એવા વીતરાગ પરમાત્માની સેવા કરવા દ્વારા પોતાના આત્માના ગુણો પ્રગટ કરવાના અનુભવનો અભ્યાસ થતો જાય છે.(ગર્ભિત રીતે **દેવચંદ્રપ્રભુસેવના** આ પદમા સ્તવન બનાવનારાએ કર્તાનું નામ પણ સુચવ્યું છે) ॥ ૯ ॥

**વિવેચન :-** જેમ મુખ દેખીએ દર્પણમાં પણ માથુ ઓળવાનું કામ કરીએ પોતાના માથામાં, તેની જેમ પરમાત્માના ગુણોમાં તન્મય થવા રૂપ આલંબન લઈને તેમાં જ જે જીવ રમે છે તે પોતાના અનંત ગુણોની સંપત્તિ પ્રગટ કરીને તેમાં જ પૂર્ણાનંદ વાળો થયો છતો આત્મિક વિકાસને સાધે છે.

આ પ્રમાણે સર્વ પ્રકારના દેવોમાં ચંદ્રમા સમાન એવા વીતરાગ પરમાત્માની ઉપાસના (સેવા) કરવા દ્વારા પોતાના અનંતગુણોને અનુભવવાના અભ્યાસને આ જીવ પ્રગટ કરે છે.

શુદ્ધ આત્મદશા પ્રગટ કરવાનું આ જ પરમકારણ છે. પોતાનું માથું ઓળવામાં, ચોખ્ખું કરવામાં દર્પણમાં દેખાતું પોતાનું પ્રતિબિંબ જ કારણ છે. તેમ પોતાની ગુણસંપત્તિ પ્રગટ કરવામાં પરમાત્માની સાથે એકતા (તન્મયતા) એ જ પ્રધાનતમ કારણ છે. આ પ્રમાણે આ આત્મા આત્મકલ્યાણમાં આગળ વધે છે. ॥ ૯ ॥

પૌદ્‍ગલિક ભાવોના અનુભવને ત્યજીને પોતાના આત્માના ગુણોનો જ અનુભવ કરીએ. એવો ભાવ આ સ્તવનમાં છે.

(ગર્ભિત રીતેં **દેવચંદ્રપ્રભુસેવના** આ પદમાં સ્તવન બનાવનારાએ કર્તાનું નામ પણ સુચવ્યું છે)

શ્રી અભિનંદનસ્વામીનું સ્તવન સમાપ્ત.

• • •

## પાંચમા શ્રી સુમતિનાથ પરમાત્માનું સ્તવન

**અહો શ્રી સુમતિજિન શુદ્ધતા તાહરી,**
**સ્વગુણ પર્યાય પરિણામરામી ॥**
**નિત્યતા એકતા અસ્તિતા ઇતર યુત,**
**ભોગ્યભોગી થકો પ્રભુ અકામી**
**અહો શ્રી સુમતિજિન શુદ્ધતા તાહરી, ॥ ૧ ॥**

**ગાથાર્થ :-** હે સુમતિનાથ પ્રભુ ! તમારી શુદ્ધદશા જોઈને અહો અમને ઘણું આશ્ચર્ય થાય છે. કારણ કે તમારી શુદ્ધતા કેવી છે ! જેનું વર્ણન જાણીને આશ્ચર્ય ઉત્પન્ન થયા વિના રહેતું નથી. તમે પોતાના ગુણો અને પર્યાયોમાં પરિણામ પામનારા છો છતાં નિત્યતા, એકત્વતા, અને અસ્તિત્વ તથા તેનાથી ઈતર (અનિત્યતા, અનેકત્વતા, અને નાસ્તિતા) થી યુક્ત છો. તથા ભોગ્યવસ્તુના ભોગી છો. છતાં હે પ્રભુ તમે અકામી (કામનાવિનાના) છો. આવું પરસ્પર વિરૂદ્ધ સ્વરૂપ જોઈને અમને ઘણું ઘણું આશ્ચર્ય થાય છે. ॥ ૧ ॥

**વિવેચન :-** મૂલ ગાથામાં કહેલો અહો શબ્દ આશ્ચર્ય સૂચક છે. હે પરમાત્મા ! તમારામાં પરસ્પર વિરોધી દેખાતું આત્મસ્વરૂપ જોઈને અમને ઘણું ઘણું આશ્ચર્ય થાય છે કે તમારામાં પ્રગટ થયેલી આત્માની શુદ્ધતા કેવી છે ? કે જે શુદ્ધતા પોતાના જ્ઞાન-દર્શન-ચારિત્રાદિક ગુણોમાં અને ક્ષણક્ષણના જે પર્યાય કે જે પર્યાયો શબ્દોથી ન વર્ણવી શકાય તે અર્થપર્યાય, અને કંઈક લાંબા કાળના પર્યાય કે જે શબ્દોથી વર્ણવી શકાય તે વ્યંજનપર્યાય, આ પ્રમાણે પોતાના ગુણોમાં અને પોતાના પર્યાયોમાં જ પરિણામ પામનારી આ શુદ્ધતા છે. ક્યાંય પરભાવદશા આવતી નથી. અલ્પમાત્રાએ પણ પરભાવદશા સ્પર્શતી નથી.

હે પ્રભુ ! તમે સ્વગુણ અને સ્વપર્યાયના પરિણમનમાં જ રમ્યા કરો છો. ક્યાંય ક્યારેય વિભાવદશા પ્રવેશતી નથી. આ જોઈને

અમને ઘણું આશ્ચર્ય થાય છે.‘હે પ્રભુ ! તમારામાં નિત્યતા એકત્વતા અને અસ્તિત્વતા આવા ભાવો તો છે. પરંતુ આ ભાવો તેનાથી ઇતર (વિપરીત) ભાવોથી યુક્ત છે. તેથી ઘણું આશ્ચર્ય છે. નિત્યતા પણ અનિત્યતાની સાથે છે. એકત્વતા પણ અનેકત્વતાની સાથે જ છે તથા અસ્તિતા પણ નાસ્તિતાની સાથે જ છે. તથા ભોગ્ય વસ્તુને ભોગવનારા છો છતાં અકામી છો. આમ પરસ્પર વિરૂદ્ધસ્વરૂપ જોઈને અમને ઘણું આશ્ચર્ય થાય છે.

હે પરમાત્મા ! તમે પરભાવથી વિરમીને સ્વભાવમાં જ રમી રહ્યા છો. અનાદિકાળની વળગેલી પરભાવદશા અંશમાત્રરૂપે પણ તમારામાં દેખાતી નથી. જે પરભાવદશામાં આ જીવ અનાદિકાળથી રમ્યો છે, તેનો છાંટો પણ તમારામાં જણાતો નથી. આ જ મોટું આશ્ચર્ય છે.

તથા વળી તમે દ્રવ્યથી નિત્ય છો તેમ પર્યાયથી અનિત્ય પણ છો. સંસારમાં જે નિત્ય હોય તે અનિત્ય ન હોય અને અનિત્ય હોય તે નિત્ય ન હોય આ બન્ને વિરોધી છે છતાં આપશ્રી પરસ્પરવિરોધી બન્ને ભાવવાળા છો આ જાણીને આશ્ચર્ય કેમ ન થાય ? દ્રવ્યથી આપશ્રી નિત્ય છો. છતાં પર્યાયથી અનિત્ય પણ છો.

તથા જ્યાં એકત્વ હોય ત્યાં અનેકત્વ ન હોય છતાં આપશ્રીમાં આ બન્ને વિરોધીભાવો સાથે જ છે. દ્રવ્યથી એક છો, અને ગુણ પર્યાયથી આપ અનેક પણ છો. તથા સ્વદ્રવ્ય સ્વગુણ અને સ્વપર્યાયથી જેમ અસ્તિતારૂપ છો. તેમ પરદ્રવ્ય પરગુણ અને પરપર્યાયથી નાસ્તિતારૂપ પણ છો. આમ પરસ્પર વિરોધીભાવોથી આપશ્રી ભરેલા છો. તે જાણીને અમને ઘણું આશ્ચર્ય ઉપજે છે.

તથા વળી ભોગવવાલાયક આત્મગુણોના ભોગી પણ છો છતાં કામના વિનાના છો. સંસારમાં જે જે ભોગી હોય છે તે તે

કામના (ઇચ્છાઓ) વાળા જ હોય છે, પરંતુ તમારામાં પોતાના ગુણોનું ભોગીપણું છે, પરંતુ વીતરાગ હોવાથી ઇચ્છા વિનાના સ્વભાવરમણતાવાળા છો. આવું સ્વરૂપ જોઈને ઘણું આશ્ચર્ય ઉપજે છે. આ પ્રમાણે હે વીતરાગ પરમાત્મા ? તમારૂં જીવન આશ્ચર્યકારી છે.

• • •

**ઉપજે વ્યય લહે તહવિ તેહવો રહે,**
**ગુણ પ્રમુખ બહુલતા તહવિ પિંડી ।**
**આત્મભાવે રહે અપરતા નવિ ગ્રહે,**
**લોક પ્રદેશ મિત પણ અખંડી ॥**
**અહો શ્રી સુમતિજિન શુદ્ધતા તાહરી ॥ ૨ ॥**

**ગાથાર્થ :-** હે પરમાત્મા ! સમયે સમયે ઉત્પાદ - વ્યય પામો છો તો પણ જેવા છો તેવા જ રહો છો અર્થાત્ ધ્રુવપણ છો. ગુણો અને પર્યાયોની બહુલતા છે. તો પણ દ્રવ્યથી પિંડી એટલે એક સ્વરૂપ પણ છો. સદાકાલ આત્મભાવમાં જ (સ્વભાવદશામાં જ) રહેનારા છો ક્યારેય પણ (અપરતા એટલે) વિભાવદશા પામતા નથી. તથા લોકાકાશ પ્રદેશ પ્રમાણ આત્મપ્રદેશોવાળા છો. તો પણ અખંડ દ્રવ્ય સ્વરૂપ છો. (આમ પરસ્પર વિરોધી સ્વરૂપને ધારણ કરનારા છો.) ॥ ૨ ॥

**વિવેચન :-** આ સંસારમાં કુલ છ દ્રવ્યો છે. ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય આ ત્રણ દ્રવ્યો એક એક છે કાળ એ ઉપચરિતદ્રવ્ય છે. પરમાર્થે દ્રવ્ય નથી. જીવ અને પુદ્ગલ અનંત - અનંત દ્રવ્યો છે.

આ સર્વે પણ દ્રવ્યો પ્રતિસમયે પૂર્વપર્યાયરૂપે (વ્યય) નાશ પણ પામે છે. અને ઉત્તરપર્યાયરૂપે (ઉપજે) ઉત્પન્ન પણ થાય છે. છતાં દ્રવ્યથી જેવું દ્રવ્ય છે તેવું જ તે દ્રવ્ય રહે છે. કદાપિ દ્રવ્યપણે બદલાતું

નથી. જે ઉત્પાદ અને વ્યયવાળું હોય તે ધ્રુવ કેમ હોય ? અને જો ધ્રુવ હોય તો તે ઉત્પાદ-વ્યયવાળું કેમ હોય ? છતાં આપશ્રીમાં આવા આવા વિરોધીભાવો સારી રીતે સાથે સાથે ઘટે છે. માટે આપ નિત્યાનિત્ય છો.

તથા ગુણો અને પર્યાયો અનંત અનંત હોવાથી આપ બહુલતાવાળા છો. એટલે કે અનેક છો. છતાં તેના પિંડરૂપે એક પણ છો જે અનેક હોય તે એક ન હોય અને એક હોય તે અનેક ન હોય તો પણ એક અને અનેક આવા આવા વિરોધીભાવો આપનામાં સારી રીતે સંભવે છે. તે આશ્ચર્યકારી છે.

આપશ્રી મોહદશારહિત હોવાથી સદાકાળ આત્મભાનમાં જ રહેનારા છો. સ્વભાવદશામાં જ રહેનારા છો. ક્યારેય પણ (અપરથા) વિભાવદશા પામતા નથી. સદાકાળ સ્વભાવરમણતામાં વર્તનારા છો તેથી ક્યારેય પણ કર્મોથી લેપાતા નથી. સર્વથા શુદ્ધ-બુદ્ધ જ છો અને તેવા જ રહો છો.

તથા લોકાકાશના જેટલા આકાશપ્રદેશો છે તેટલા આત્મપ્રદેશો આપના છે. એટલે કે અસંખ્યાતપ્રદેશી આત્મા છે. તો પણ તેના ક્યારેય ટુકડા થતા નથી, પણ અખંડ અવિભક્ત એકદ્રવ્યરૂપે રહો છો. આ પ્રમાણે પરસ્પર વિરોધીધર્મોથી યુક્ત આપ છો, જે જાણીને અમને ઘણું જ આશ્ચર્ય થાય છે ।। ૨ ।।

● ● ●

**કાર્યકારણપણે પરિણમે તહવિ ધ્રુવ,**
**કાર્યભેદે કરે પણ અભેદી ।**
**કર્તૃતા પરિણમે નવ્યતા નવિ રમે,**
**સકલ વેત્તા થકો પણ અવેદી ।।**
**અહોશ્રી સુમતિજિન શુદ્ધતા તાહરી ।। ૩ ।।**

**ગાથાર્થ :-** પ્રતિસમયે સર્વે દ્રવ્યો કાર્ય કારણરૂપે પરિણામ પામે છે. જે પૂર્વસમયનો પર્યાય છે. તે જ ઉત્તરસમયના પર્યાયનું કારણ છે. વળી તે ઉત્તરસમયનો પર્યાય જે કાર્ય છે. પરંતુ તે જ ઉત્તર સમયનો પર્યાય તેના પછીના ઉત્તરપર્યાયનું કારણ છે આમ પ્રતિસમયે આ દ્રવ્યો કાર્ય-કારણપણે પરિણામ પામ્યા જ કરે છે આ સ્થૂલવ્યવહારનયથી કાર્ય-કારણભાવ જાણવો.

નિશ્ચયનયથી તો જે સમયે કારણભાવ છે તે જ સમયે કાર્યભાવ છે. કાર્ય - કારણભાવ ભિન્ન ભિન્ન સમયમાં હોતાં નથી. જે સમયે લાકડી ભાંગી તે સમયે જ તેના ટુકડા થવારૂપ કાર્ય થાય છે. આમ નિશ્ચય દૃષ્ટિથી કાર્યકારણભાવ એક જ સમયમાં હોય છે. સર્વે પણ દ્રવ્યો પ્રતિસમયે કાર્ય-કારણભાવે પરિણામ પામે છે તો પણ દ્રવ્ય પણે ધ્રુવ પણ રહે છે. આ એક આશ્ચર્ય છે ઉત્પાદ-વ્યયવાળાં દ્રવ્યો હોવાથી અનિત્ય પણ છે અને દ્રવ્યરૂપે ધ્રુવ પણ છે માટે નિત્યાનિત્ય છે.

તથા આ આત્મામાં જે અનંત અનંત ગુણો છે. તે ગુણો ભિન્ન ભિન્ન કાર્ય કરે છે જેમકે જ્ઞાનગુણ વસ્તુને જાણવારૂપ કાર્ય કરે છે. દર્શનગુણ તત્ત્વોની શ્રદ્ધારૂપ કાર્ય કરે છે ચારિત્રગુણ આત્મભાવમાં સ્થિરતારૂપ કાર્ય કરે છે. અમૂર્તતાગુણ અરૂપીપણાનું કાર્ય કરે છે. આમ સર્વે પણ ગુણો પોતપોતાનું ભિન્ન ભિન્ન કાર્ય કરે છે. છતાં તે સર્વકાર્યોના કારણરૂપ મૂલભૂત દ્રવ્ય જે છે તે સદા એક જ છે. અર્થાત્ અભિન્ન જ છે. કાર્યનો ભેદ હોવા છતાં ઉપાદાનકારણ ભૂત મૂલદ્રવ્યનો અવશ્ય અભેદ છે. આ પણ આશ્ચર્ય છે.

તથા પ્રતિસમયે નવા નવા પર્યાયનો આ જીવ કર્તા છે નવા નવા પર્યાયને કરવાપણે પરિણામ પામે છે તો પણ નવું કંઈ કરતો નથી જે પર્યાયો પોતામાં સત્તાગત રીતે છે. તેને જ પ્રગટ કરે છે જે પર્યાયો પોતામાં સત્તાગત રીતે નથી. તે પર્યાયો આ જીવ કરતો નથી.

એટલે કે કર્તૃતાભાવે પરિણામ પામે છે, પરંતુ પોતામાં સત્તાગતરીતે ન હોય તેવા નવીનભાવોમાં આ જીવ કર્તાપણે રમતો નથી. કર્તા હોવા છતાં સત્તામાં ન હોય તેવા ભાવોનો કર્તા નથી. સત્તાગત જે પર્યાયો છે તેના જ આવિર્ભાવનો કર્તા છે. પરંતુ નવ્યતા (સત્તામાં ન હોય તેવા નવા ભાવોનો કર્તા નથી.) આ પણ આશ્ચર્યવાળી વાત છે.

તથા આ આત્મા જ્યારે કેવળજ્ઞાની બને છે. ત્યારે સર્વદ્રવ્ય-સર્વક્ષેત્ર-સર્વકાળ અને સર્વભાવોનો વેત્તા (જાણકાર) છે. અર્થાત્ સકલવેત્તા (સર્વભાવોનો જાણવાવાળો) છે. તો પણ અવેદી છે. ભોગની અભિલાષા રૂપ વેદ વિનાનો છે. વેત્તા છે પણ સવેદી નથી. સર્વ ભાવોનો જાણનાર છે, પરંતુ તે સર્વભાવોને ભોગવવાની વિકારીવૃત્તિ-વાળો નથી. જે માણસ જે વસ્તુને જાણે છે તે વસ્તુને પોતાના ઉપભોગમાં આવે તે રીતે ભોગવે છે વેદે છે પરમાત્મા જાણે છે બધું જ, પરંતુ કોઈને પણ ભોગવતા નથી કોઈનો પણ ભોગબુદ્ધિએ ઉપયોગ કરતા નથી. આ પણ મોટું આશ્ચર્ય છે.

આ પ્રમાણે હે પરમાત્મા ! આપશ્રીનું સર્વપ્રકારનું જીવન સર્વે પણ જીવોને આશ્ચર્ય ઉપજાવે તેવું છે. પરસ્પર વિરોધીભાવોથી ભરેલું છે. આપના સ્વરૂપનો તાગ કોઈ ન પામી શકે તેવું આશ્ચર્યકારી સ્વરૂપ છે. ॥ ૩ ॥

• • •

**શુદ્ધતા બુદ્ધતા દેવ પરમાત્મતા,**
**સહજ નિજભાવભોગી અયોગી ॥**
**સ્વપર ઉપયોગી તાદાત્મ્યસત્તારસી,**
**શક્તિ પ્રયુંજતો ન પ્રયોગી ॥**
**અહો સુમતિજિન શુદ્ધતા તાહરી ॥ ૪ ॥**

**ગાથાર્થ :-** હે પ્રભુ ! તારામાં સર્વથા શુદ્ધતા છે. સર્વથા બુદ્ધત્વપણ છે તથા દેવત્વ અને પરમાત્મત્વ પણ તારામાં છે. સ્વાભાવિકપણે જ તમે આત્મતત્ત્વના ભાવોના ભોગી છો. છતાં મન-વચન-કાયાના યોગથી રહિત છો. એટલે કે અયોગી છો તથા સ્વસ્વરૂપ અને પરસ્વરૂપના પરિપૂર્ણજ્ઞાનવાળા અને તેના ઉપયોગવાળા છો, પરંતુ આપની રમણના (રસિકતા) તો પોતાના આત્મામાં તાદાત્મ્યભાવે જે ગુણો છે. તેમાં જ રસિકતા છે. અર્થાત્ પરમાં રમણતા નથી. તથા આત્મામાં પ્રગટ થયેલી અનંતી જ્ઞાનાદિ શક્તિનો ઉપયોગ કરો છો સ્વાભાવિકપણે તેમાં વર્તો છો, પરંતુ બુદ્ધિપૂર્વક તેનો પ્રયોગ કરતા નથી. આવું આશ્ચર્યકારી આપશ્રીનું જીવન છે. ॥ ૪ ॥

**વિવેચન :-** હે પરમાત્મા ! આપશ્રીનું જીવન તો સંસારના સર્વજીવોને આશ્ચર્ય પમાડે તેવું છે. કારણ કે -

(૧) સર્વપ્રકારના પુદ્ગલદ્રવ્યના સંયોગ વિનાનું હોવાથી અત્યન્ત શુદ્ધતા વાળું છે. ઔદારિકાદિ શરીર પણ નથી. તથા કાર્મણવર્ગણાના યોગે થનારા કર્મોનો સંબંધ પણ નથી. આમ સર્વપ્રકારના પુદ્ગલના સંયોગથી રહિત હોવાના કારણે અદ્વિતીય (અનુપમ-અજોડ) શુદ્ધતા છે. તથા

(૨) કેવળજ્ઞાન અને કેવળ દર્શન હોવાથી ત્રણે કાળના સર્વદ્રવ્યોના સર્વભાવોની બુદ્ધતા પણ આપશ્રીમાં છે. જાણકારીપણું પણ છે.

(૩) તથા વળી હે પરમાત્મા ! આપશ્રીમાં અદ્ભૂત દેવત્વગુણ પણ શોભે છે. दिव्यति - પોતાના આત્મગુણોમાં રમણતાપણું પણ આપશ્રીમાં અદ્ભૂત છે. એક ક્ષણવાર પણ પરભાવદશા પ્રવેશતી નથી

(૪) તથા વીતરાગ સર્વજ્ઞ કેવલજ્ઞાની હોવાથી પરમાત્મતાને (પરમ - અતિશય ઊંચી - શ્રેષ્ઠ આત્મદશાને) ભોગવનારા પણ છો.

(૫) તથા પોતાના આત્માના સ્વાભાવિક એવા આત્મગુણોના ભાવને (સ્વરૂપને) ભોગવનારા છો.

આમ શુદ્ધ-બુદ્ધ-દેવ-પરમાત્મા અને સ્વગુણભોગી હોવા છતાં પણ હે પરમાત્મા ? તમે અયોગી છો મન-વચન અને કાયાના યોગથી સર્વથા રહિત છો. આ જ મોટુ આશ્ચર્ય છે.

તથા વળી સ્વદ્રવ્યને તથા સ્વસ્વરૂપને અને પરદ્રવ્યોને તથા પરદ્રવ્યોના સ્વરૂપને પુરેપુરૂ જાણો છો. તેને જાણવાના ઉપયોગમાં સતત પ્રવૃત્તિશીલ છો. છતાં પણ પોતાના આત્માના સ્વાભાવિક જે ગુણો છે તેની જ સત્તામાં રસિક છો. એક ક્ષણવાર પણ પરને જાણવા છતાં પરભાવમાં અંજાતા નથી. તેમાં રસિક બનતા નથી. આ પણ આપનું જીવન આશ્ચર્યકારી છે.

તથા વળી અંતરાયકર્મનો ક્ષય થયેલો હોવાથી આત્માની અનંતી શક્તિ પ્રગટ થઈ છે તથા તે અનંતશક્તિનો સ્વગુણરમણતામાં નિરંતર ઉપયોગ કરો છો. સતત પ્રવૃત્તિશીલ છો. તો પણ મન - વચન અને કાયાના યોગ વિનાના છો. એટલે કે અયોગી છો. આવા પ્રકારની ગુણોમાં તન્મયતા હોય તે જીવ યોગવિનાનો કેમ હોય ? છતાં આપ તેવા છો. તેથી પણ ઘણું ઘણું આશ્ચર્ય ઉપજે છે. ॥૪॥

• • •

**વસ્તુ નિજ પરિણતેં સર્વ પરિણામિકી,**
**એટલે કોઈ પ્રભુતા ન પામે ॥**
**કરે જાણે રમે અનુભવે તે પ્રભુ,**

**તત્ત્વસ્વામિત્વ શુચિતત્ત્વ ધામે ॥**

**અહો શ્રી સુમતિ જિન ! શુદ્ધતા તાહરી. ॥ ૫ ॥**

**ગાથાર્થ** :- સર્વે પણ દ્રવ્યો પોતપોતાના ભાવમાં (પોતપોતાના પર્યાયમાં, પરિણામ પામે જ છે એટલે પરિણામી દ્રવ્યો છે. છતાં તે દ્રવ્યોમાં કોઈપણ દ્રવ્ય પ્રભુતા (વીતરાગતા - પરમેશ્વરતા) પામતું નથી કારણ કે તે સર્વ અજીવ દ્રવ્યો છે, પરંતુ જીવદ્રવ્ય જ (તેમાં પણ કોઈક જીવદ્રવ્ય જ) સ્વગુણોનો કર્તા છે. જ્ઞાતા છે. સ્વગુણોમાં રમણતાવાળો છે તથા પોતાના ગુણોનો અનુભવી છે એટલું જ નહીં. પરંતુ આત્મતત્ત્વનો સ્વામી પણ છે અને કર્મરહિત એવા નિર્મળ (પવિત્ર) તત્ત્વના સ્થાનવાળો છે અર્થાત્ અતિશય શુદ્ધદશાવાળા મુક્તિપદનો ભોક્તા છે. ॥ ૫ ॥

**વિવેચન** :- ધર્માસ્તિકાયાદિ સર્વે પણ દ્રવ્યો (૧) નિત્યાનિત્ય (૨) એક - અનેક, (૩) અસ્તિ-નાસ્તિ, (૪) ભિન્ન - અભિન્ન (૫) અન્વય વ્યતિરેક આમ ઉભયભાવવાળાં છે. આ ધર્મો તો છએ દ્રવ્યોમાં છે. તેથી છએ દ્રવ્યો પરિણામી સ્વભાવવાળાં છે. પરિણામી સ્વભાવ હોય એ કંઈ મોટી વસ્તુ નથી. કારણ કે આ ધર્મ તો સર્વદ્રવ્યોમાં સાધારણપણે છે જ. નિત્યાનિત્યાદિ સાધારણ ધર્મ હોય એટલે કંઈ પરમેશ્વરતા આવી જતી નથી. માટે આવા તો અનંત અનંત ધર્મોનાં જોડકાં સર્વદ્રવ્યોમાં છે. તે કંઈ મહત્તાવાળી વાત નથી. વસ્તુનો આવો સ્વભાવ જ છે કે પરસ્પર વિરોધી અનંત અનંત ધર્મોનું તેમાં હોવું. આ વસ્તુસ્વભાવમાત્ર જ છે.

પરંતુ જે દ્રવ્યમાં પોતાના સ્વરૂપનું કર્તાપણું છે. તથા પોતાના ગુણધર્મનું જે જાણપણું છે તે જ વિશિષ્ટધર્મ છે. અજીવ એવાં પાંચે દ્રવ્યો પણ પોતપોતાના પર્યાયમાં પરિણામ પામે છે. પરંતુ કર્તા કે

જ્ઞાતા નથી. એક જીવદ્રવ્ય જ કર્તા અને જ્ઞાતા છે. આ જ જીવદ્રવ્યની ખાસ વિશેષતા છે.

તથા વળી જીવદ્રવ્ય જ પોતાના આત્મગુણોમાં રમણતા કરી શકે છે. તથા જીવદ્રવ્ય જ પોતાના ગુણોનો અનુભવ કરનાર છે. કર્તાપણું - જ્ઞાતાપણું રમવાપણું અને અનુભવવાળાપણું એક માત્ર જીવદ્રવ્યમાં જ છે. તેથી તેને પ્રાપ્ત કરવા જેવો છે અને અરિહંત અવસ્થામાં અનંતજ્ઞાનાદિની સંપત્તિરૂપ તત્ત્વનું સ્વામિત્વ આ જીવમાં છે અને સિદ્ધ અવસ્થા પ્રગટ થાય ત્યારે તે જ આત્મા અન્ય દ્રવ્યથી મુક્ત બન્યો છતો શુચિ (પવિત્ર - સર્વકર્મરહિત) બને છે. અતિશય નિર્મળ શુદ્ધ અવસ્થાવાળા તત્ત્વનું સ્થાન બને છે. મુક્તાવસ્થામાં (સિદ્ધાવસ્થામાં) સર્વકર્મરહિત પોતાના અનંત ગુણોના પ્રાગટ્યવાળી તાત્ત્વિક અવસ્થા આ જીવ પ્રાપ્ત કરે છે. જીવ વિનાનાં સર્વે પણ દ્રવ્યો અજીવ હોવાથી આવી નિર્મળ અવસ્થાને જ્ઞાનાદિ અનંતગુણોની સંપત્તિવાળી અવસ્થાને પામતાં નથી. જીવદ્રવ્યમાં અને અન્યદ્રવ્યોમાં આ જ મોટો તફાવત છે. માટે જીવતત્ત્વ જ પ્રાપ્ત કરવા જેવું છે. જે જે મહાપુરુષોએ પોતાના આત્માની અનંતગુણમય વિભૂતિ પ્રાપ્ત કરી છે અને નિરૂપાધિક અવસ્થા મેળવી છે તે જ તેમનું પૂજ્ય પણું છે પરમ પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજશ્રીએ જ કહ્યું છે કે-

**“જે જે અંશે રે નિરુપાધિકપણું, તે તે કહીએ રે ધર્મ ।**
**સમ્યગ્દૃષ્ટિ રે ગુણઠાણાથકી, જાવ લહે રે શિવશર્મ ॥**

આ આત્મા જેટલા જેટલા અંશે કર્મરૂપ ઉપાધિથી રહિત બને છે. તેટલા તેટલા અંશે રે ધર્મ થયો એમ જાણવું. અવિરતસમ્યગ્દૃષ્ટિ નામના ચોથા ગુણઠાણાથી આવા ધર્મની વૃદ્ધિ થતાં આ આત્મા શિવશર્મ (મોક્ષસુખ)ને પ્રાપ્ત કરે છે. ॥ ૫ ॥

• • •

**જીવ નવિ પુગ્ગલી નૈવ પુગ્ગલ કદા,**
**પુગ્ગલાધાર નહી તાસ રંગી ।**
**પરતણો ઇશ નહિ અપર ઐશ્વર્યતા,**
**વસ્તુધર્મે કદા ન પરસંગી ॥**
**અહો શ્રી સુમતિજિન । શુદ્ધતા તાહરી ॥ ૬ ॥**

ગાથાર્થ :- આ જીવ ક્યારેય પુદ્‌ગલી (પુદ્‌ગલની સાથે મળીને તન્મય) બનતો નથી. તથા આ જીવ પુદ્‌ગલસ્વરૂપ પણ ક્યારેય બનતો નથી. તથા પુદ્‌ગલનો આધાર પણ બનતો નથી, પરંતુ તે પુદ્‌ગલદ્રવ્યની સાથે એકાકારસંબંધવાળો એટલે કે પુદ્‌ગલના મોહવાળો બને છે. આ જીવ, પર એવા પુદ્‌ગલદ્રવ્યનો ઈશ (સ્વામી) છે પરંતુ તેના ઉપર કોઈ અન્યદ્રવ્યની ઐશ્વર્યતા નથી. તથા વાસ્તવિકપણે તો આ જીવદ્રવ્યનો સાચો સત્તાધર્મ તો પરદ્રવ્યનો ક્યારેય સંગી ન બનવું, સંગવાળા ન બનવું. તેવો સર્વથા અલિપ્ત રહેવાનો સ્વભાવ છે. ॥ ૬ ॥

**વિવેચન** :- જીવનું જે વાસ્તવિક સ્વરૂપ છે તે શ્રી સુમતિ નાથ પરમાત્માએ પ્રગટ કર્યું છે તે આત્મસ્વરૂપ કેવું છે ? તે સમજાવે છે.

આ જીવ પુદ્‌ગલી થયો નથી, થતો નથી અને થશે પણ નહીં. પુદ્‌ગલી એટલે કે પુદ્‌ગલદ્રવ્યની સાથે અભેદભાવે એકાકાર થઈ જાય તેવું ક્યારેય બન્યું નથી. અને બનશે પણ નહીં. તથા ક્યારે પુદ્‌ગલ સ્વરૂપ બની જાય એવું પણ બન્યું નથી અને બનશે પણ નહીં. કારણ કે કોઈ પણ એક દ્રવ્ય બીજાદ્રવ્યરૂપે પરિણામ પામતું જ નથી.

તથા વળી પુદ્‌ગલ છે આધાર જેનો એવો પણ આ જીવ બન્યો નથી. બનતો નથી અને બનશે પણ નહીં. કારણ કે જો આ જીવ પુદ્‌ગલના આધારે જ જીવનારો હોય તો ક્યારેય આ જીવનો મોક્ષ

થાય જ નહીં કારણ કે મોક્ષમાં તો સર્વથા પુદ્ગલ વિનાનું જ જીવન છે. માટે આમ પણ બનતું નથી.

ફક્ત "તાસ રંગી" પુદ્ગલદ્રવ્યની સાથે રંગાયેલો રહે છે. તેથી પુદ્ગલના વર્ણાદિ ગુણો ઉપર મોહાન્ધ બને છે. મનગમતા વર્ણાદિવાળું પુદ્ગલ મળે તો રાજી રાજી થઈ જાય છે અને જરાક અણગમતું પુદ્ગલદ્રવ્ય મળે તો કષાયોથી ધમધમેલો થઈ જાય છે. આવી અશુભ પરિણતિથી જ આ જીવ કર્મ બંધ કરે છે પોતાના ગુણોની પ્રગટતા થતી નથી. એટલે પરદ્રવ્યનો ભોગી બન્યો છે. વીર્યાન્તરાય કર્મનો ક્ષયોપશય થયો છે પરંતુ તે ક્ષયોપશમ બીજા સ્વગુણો, કર્મોથી આવૃત હોવાના કારણે સ્વગુણો સાથે જોડાયો નથી તેથી જ તે ક્ષયોપશમ પુદ્ગલાનુયાયી બની ગયો છે અને તેના જ કારણે આ જીવને રાગ - દ્વેષાદિ દોષો ઉત્પન્ન થાય છે.

પોતાના આત્મધર્મો કર્મોથી અવરાયેલા છે એટલે આ જીવ પુદ્ગલનો રાગી અને પુદ્ગલસુખના પ્રેમવાળો બન્યો છે. પરંતુ વિચાર કરતાં આ જીવને પુદ્ગલની સાથે શું સંબંધ ? મૃત્યુ પામીને બીજા ભવમાં જાય ત્યારે આ ભવનાં સમસ્ત પુદ્ગલદ્રવ્ય છોડીને જ જીવ પરભવમાં જાય છે એટલે આ જીવ પરદ્રવ્યનો ઈશ (સ્વામી) છે જ નહીં. મોહમાત્રથી સ્વામિત્વ માની લીધું છે.

આ આત્માની ઐશ્વર્યતા (જ્ઞાનાદિઆત્મગુણોની) છે તેથી તે તો સર્વથી અપર જ છે. (જુદી જ છે) જે આત્માઓ તેના અનુભવી હોય તે જ આ વાત જાણી શકે છે માટે વસ્તુધર્મે (વાસ્તવિકપણે) આ જીવ પોતાના સ્વરૂપે ક્યારેય પણ પરદ્રવ્યનો સંગી છે જ નહીં, પરંતુ આ વાત આ જીવ જ્યારે સમજશે અને જીવન તેવું બનાવશે ત્યારે જ તેને તે ગુણ પ્રગટ થશે અને આત્મકલ્યાણ પ્રાપ્ત કરશે. આ આત્મા સર્વથા સર્વપુદ્ગલાતીત સ્વરૂપવાળો છે. ॥ ૬ ॥

**સંગ્રહે નહી આપે નહી પરભણી,**
**નવિ કરે આદરે ન પર રાખે ॥**
**શુદ્ધ સ્યાદ્‌વાદ નિજભાવ ભોગી જિકે,**
**તેહ પરભાવને કેમ ચાખે ॥**
**અહો શ્રી સુમતિજિન । શુદ્ધતા તાહરી ॥ ૭ ॥**

**ગાથાર્થ :-** શ્રી સુમતિનાથ પરમાત્મા કે જેઓ મુક્તાવસ્થા પામ્યા છે તે પરમાત્મા પરપદાર્થનો (પૌદ્‌ગલિકભાવોનો) ક્યારેય પણ સંગ્રહ કરે નહીં. અન્યને કોઈને આપવા - લેવાનો વ્યવહાર પણ કરે નહીં. પરપદાર્થોને ભેગાં કરે નહીં. પર એવા પૌદ્‌ગલિક ભાવોને આદરમાન ન આપે, તે પરપુદ્‌ગલદ્રવ્યોને પોતાની પાસે રાખે નહીં. પોતાના આત્માને સ્યાદવાદરૂપ અનંતગુણાત્મક જે પોતાનું સ્વરૂપ છે. તેને જ ભોગવતા છતા એટલા બધા સુખી છે. તે આત્મા (જગતની એંઠ  તુલ્ય) પરભાવને કેમ ચાખે ? ॥ ૭ ॥

**વિવેચન :-** ચેતનદ્રવ્ય અને પુદ્‌ગલદ્રવ્ય આ બન્ને અત્યન્ત ભિન્ન ભિન્ન દ્રવ્ય છે. માટે સંસારી જીવન જીવવા માટે ભલે પુદ્‌ગલદ્રવ્ય ગ્રહણ કરવું પડે. પરંતુ તેની સાથે ક્યારેય પણ એકમેક થવાય નહીં. લયલીન થવાય નહીં. જેમ એક ગામથી બીજે ગામ જવા માટે ટ્રેનનો (અને વધારે પૈસાની અનુકૂળતા હોય તો) એસી ચેરકાર કે ફર્સ્ટક્લાસનો ઉપયોગ કરાય. પરંતુ તેની સગવડતા જોઈને આપણું સ્ટેશન આવે તો પણ ન ઉતરીએ અને ટ્રેનના ડબામાં ચોટ્યા જ રહીએ આવું ન બને અને જો આવું કરીએ તો ટ્રેનના જવાબદાર માણસો આપણને મારીકુટીને પણ બહાર કાઢે કારણ કે તે ટ્રેન એ આપણું દ્રવ્ય નથી.

તેવી જ રીતે કોઈ પણ પુદ્‌ગલદ્રવ્ય ગમે તેટલી સગવડતા ભર્યાં કેમ ન હોય ! તો પણ તે દ્રવ્ય આ જીવની માલિકીનાં નથી.

માટે તેમાં રંગાવું નહીં. આ પ્રમાણે વિચારતાં સમસ્ત પુદ્‌ગલાસ્તિકાયદ્રવ્ય (પછી ભલે રૂપિયા હોય, સોના-ચાંદી હોય ઘર-હાટ હોય કે વાસણ-કુસણ હોય તે સર્વ પુદ્‌ગલદ્રવ્ય) આત્માથી પરદ્રવ્ય છે. માટે શક્ય બને તેટલો તેનો સંગ્રહ કરવો નહીં. આવું પુદ્‌ગલદ્રવ્ય ભેગું કરવું નહીં તથા પોતાને જરૂરિયાત હોય તેનાથી પણ ઓછું જ લેવાનું છે ઓછુ જ રાખવાનું છે તો પરને આપવાનું કેમ હોય ? માટે "આપે નહી પરભણી" પરને આપે નહીં (એટલા માટે પરને ન આપે કે પોતે બહુ રાખતો જ નથી)

ઘણો સંગ્રહ કરે તેને પરને આપવાનું ઘટે, સંગ્રહ જ કરવાની ગ્રંથકારશ્રી ના કહે છે તો પરને આપવાનું કેમ હોય ? પર એવા પુદ્‌ગલદ્રવ્યને ભેગુ ન કરે, તેના ઉપર ઘણો આદરભાવ પ્રેમભાવ ન રાખે, તથા પરદ્રવ્યનો ઘણો સંગ્રહ ન રાખે. જેમ કચરો ઘરમાં રખાતો નથી. તેમ આ પુદ્‌ગલદ્રવ્ય પણ પરદ્રવ્ય હોવાથી કચરો જ છે. એમ માનીને તેનાથી દૂર રહેવા ઉત્તમ આત્માઓ પ્રયત્ન કરે છે. એટલે જ જૈન સાધુ-સાધ્વીજી પોતાના નામનું - માલિકીહકવાળું મકાન કે દ્રવ્ય રાખતા નથી. આહાર-પાણીનો પણ સંગ્રહ કરતા નથી. સર્વથા પરદ્રવ્યના ત્યાગી થઈને જ વિચરે છે. વિકાર - વાસના ન થાય તેટલા પુરતાં જ શરીરના આચ્છાદન માટે જ વસ્ત્ર ધારણ કરે છે. પરંતુ વસ્ત્રનો પણ સંગ્રહ કરતા નથી. વસ્તુતઃ શરીર આચ્છાદન પુરતુ જ વસ્ત્રાદિ રાખે છે તેમાં પણ મમતા વિનાના જ હોય છે. આહારાદિનો ક્યારેય સંગ્રહ કરતા નથી.

શુદ્ધ એવું સ્યાદ્‌વાદમય અર્થાત્ અનેકાન્ત સ્વરૂપે જે પોતાના આત્માનું જ્ઞાનાદિ ગુણમય (નિજભાવ) ક્ષાયોપશયિક કે ક્ષાયિકભાવનું સ્વરૂપ છે તે ગુણાત્મક નિજસ્વરૂપને જ આ જીવ ભોગવે છે. જે આત્માને પોતાના સ્વરૂપનો આસ્વાદ મળ્યો હોય તે આત્મા પરભાવને

એટલે પર - પુદ્ગલદ્રવ્યના અનુભવવાળી વસ્તુઓ ચાખવાની કે ભોગવવાની ઇચ્છા પણ કેમ કરે ? અર્થાત્ સ્વદ્રવ્યના સ્વરૂપના ભોગનો એટલો બધો આનંદ વર્તતો હોય છે તે પરપુદ્ગલદ્રવ્યને ચાખવાને કે જોવાને કે ભોગવવાને પણ આ મહાત્મા ઇચ્છતા નથી.

આ તત્ત્વ નહીં સમજવાના કારણે જ ઘણાને આવા પ્રશ્નો થાય છે કે મોક્ષમાં જઈને શું કરવાનું ? ત્યાં નથી ખાવાનું, નથી પીવાનું, નથી વસ્ત્રાદિની શોભા કે નથી સોના-ચાંદીની શોભા, કે નથી ઘરની-શરીરની શોભા. તો ત્યાં જઈને શું કરવાનું ?

પરંતુ હવે સમજાશે કે આ બધી વસ્તુઓનો ઉપભોગ કરવો અને તેમાં આનંદ માનવો. આ આત્માની પરવશતા છે. પરાધીનતા છે. પુદ્ગલદ્રવ્ય આત્માથી ભિન્નદ્રવ્ય જ છે. જેમ પારકાના પૈસાથી ભોગો ભોગવાય નહીં તેમ પરદ્રવ્યનાં સુખો આ આત્માને સુખકારી કેમ લાગે ? ખરેખર આ પરવશતા જ છે. માટે હે જીવ ! પરદ્રવ્યને પરધનની જેમ હેય સમજીને તેનાથી દૂર રહેવું એ જ પરમસુખ છે, પરંતુ આ વાત ઉત્તમ આત્મા વિના કોઈને સમજાતી નથી.

**પુદ્ગલદ્રવ્ય એ આત્માથી પરદ્રવ્ય છે. તેનાથી દૂર રહેવામાં જ સુખ છે. પણ તેને ભોગવવામાં સુખ નથી.** આ વાત હૈયામાં ચોંટી જવી જોઈએ ॥ ૭ ॥

• • •

**તાહરી શુદ્ધતા ભાસ આશ્ચર્યથી**
**ઉપજે રૂચિ તેણે તત્ત્વ ઇહે ।**
**તત્ત્વરંગી થયો દોષથી ઉભગ્યો,**
**દોષ ત્યાગે ઢલે તત્ત્વ લીહે**
**અહો શ્રી સુમતિજિન ! શુદ્ધતા માહરી ॥ ૮ ॥**

**ગાથાર્થ :-** હે પરમાત્મા ! તાહરી અનંત ગુણ મય જે શુદ્ધતા છે. તેનું ભાન થવાથી તો અત્યન્ત આશ્ચર્ય ઉપજે છે. આપને જાણીને રૂચિ ઉત્પન્ન થાય છે અને ત્યારબાદ તેવું જ તત્ત્વ મેળવવાની પ્રબળ ઈચ્છા જાગે છે. તત્વની રૂચિ અને પ્રબળ ઈચ્છા થવાથી આ જીવ તત્ત્વનો રંગી થયો છે અને દોષોથી ઉભગ્યો (નિવૃત્ત થયો) છે. આ પ્રમાણે જીવનમાંથી દોષોનો ત્યાગ કરવાથી આ જીવ તત્ત્વભાવ તરફ ઢળે છે. અને તેમ કરતાં તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરીને આ આત્મ તત્ત્વજ્ઞ બને છે. ॥ ૮ ॥

**વિવેચન :-** શુદ્ધ એવા પરમાત્મા પરભાવને કેમ ચાખે ? અર્થાત્ ન જ ચાખે પરંતુ સ્વરૂપભોગી જ હોય તેનું કારણ શું ? તે કારણ આ ગાથામાં સમજાવે છે.

હે પરમાત્માશ્રી સુમતિનાથ પ્રભુ ? આપશ્રી તો મુક્તિ પદ પામ્યા છો તેથી કૃતકૃત્ય થયા છો, તમારે કંઈજ કરવાનું બાકી નથી. માટે તમે પરજીવોની મુક્તિના કર્તા નથી. તમે સંસારથી અતિશય પર છો. તેથી સંસારી જીવોની સાથે કોઈપણ જાતનો સંપર્ક નથી. તો પછી તમારી સ્તવના અમારે કેમ કરવી જોઈએ ? કારણ કે તમે તો કંઈ અમને મુક્તિપદ આપવાના નથી.

આવા પ્રશ્નનો ઉત્તર આપતાં કહે છે કે, હે વીતરાગ પ્રભુ તમારી શુદ્ધ દશા શાસ્ત્રોથી જાણીને અમને ઘણું આશ્ચર્ય થાય છે કે શું આત્માનું આવું અનંતગુણમય સ્વરૂપ છે ? તમારૂં યથાર્થ સ્વરૂપ શાસ્ત્રો દ્વારા અને ગુરુગમ દ્વારા જાણીને તેવું અમારા આત્માનું પણ સ્વરૂપ છે. આ વાત નિશ્ચિત થાય છે. તેના ઉપર અતિશય રૂચિ (પ્રીતિ - શ્રદ્ધા) પ્રગટ થાય છે.

તેથી જ આત્માનું તેવું શુદ્ધ અનંતગુણમય સ્વરૂપાત્મક તત્ત્વ પ્રગટ કરવાની તીવ્ર ઈહા (ઈચ્છા)થઈ છે કે જેમ પરમાત્માએ પોતાનું સ્વરૂપ પ્રગટ કર્યું તેમ હે જીવ ! તારામાં પણ આવું જ તારૂં સ્વરૂપ છે. તે તું પ્રગટ કર. આવું જાણવાથી હે પ્રભુ ! તમારૂં સ્વરૂપ જોઈને

હું પણ મારા તેવા સ્વરૂપને પ્રગટ કરવા સ્વરૂપ તત્ત્વનો રંગી બન્યો છું તેવું તત્ત્વ પ્રાપ્ત કરવાની તીવ્ર ઝંખનાવાળો બન્યો છું. મને પણ આપનું સ્વરૂપ જોઈને મારૂં તેવું સ્વરૂપ છે એમ જાણીને તેને પ્રગટ કરવાની તીવ્ર અભિલાષા થઈ છે.

મારા પોતાના આત્માનું આવું સ્વરૂપ પ્રગટ કરવાની તીવ્ર અભિલાષા (તાલાવેલી) થવાથી મોહના વિકારીભાવોરૂપ દોષોથી હું ઉભગ્યો છું (એટલે મોહના દોષોથી વિરામ પામ્યો છું).

જેમ જેમ આ જીવને તત્ત્વની ઈહા થાય છે. તેમ તેમ તત્ત્વનો રંગ પ્રગટ થાય છે. અને જેમ જેમ તત્ત્વપ્રાપ્તિનો રંગ પ્રગટ થાય છે. તેમ તેમ રાગ દ્વેષ આદિ અઢાર પાપસ્થાનક રૂપ મોહના વિકારોથી આ જીવ ઉભગે (વિરામ પામે) છે.

જેમ જેમ મોહના દોષો વિરામ પામે છે. તેમ તેમ આ જીવ પોતાના આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરવા તરફ ઢળે (તે તરફ વળે) છે. શુદ્ધસ્વરૂપવાળાપણે પરિણામ પામે છે. અને જેમ જેમ શુદ્ધ સ્વરૂપપણે પરિણામ પામે છે તેમ તેમ તત્ત્વમાર્ગે (સ્વભાવપરિણામ-વાળાપણામાં) આગળ વધે છે. આ જ રીતે જિનેશ્વરપ્રભુનું નિમિત્ત પામીને આ જીવ પોતાનું શુદ્ધસ્વરૂપ પ્રાપ્ત કરવામાં આગળ વધે છે. જિનેશ્વર પ્રભુના સ્વરૂપનું દર્શન એ એકપ્રકારનું નિમિત્ત છે. જે ઉપાદાનભૂતદ્રવ્યની શુદ્ધિનું પ્રબળતર કારણ છે. ॥ ૮ ॥

• • •

**શુદ્ધમાર્ગે વધ્યો સાધ્યસાધન સધ્યો,**
**સ્વામિ પ્રતિછંદે સત્તા આરાધે ।**
**આત્મનિષ્પત્તિ તેમ સાધના નવિ ટકે,**
**વસ્તુ ઉત્સર્ગ આતમ સમાધે ॥**
**અહો શ્રી સુમતિ જિન ! શુદ્ધતા તાહરી ॥ ૯ ॥**

**ગાથાર્થ :-** આ રીતે શુદ્ધમાર્ગની સાધના કરતાં કરતાં આ જીવ આગળ વધે છે. સાધ્યસાધનભાવને પ્રગટ કરે છે. સ્વામિનું પ્રતિબિંબ સામે રાખીને પોતાના આત્માના ગુણોની સત્તા આરાધે (પ્રગટ કરે) છે. જેમ જેમ આત્મગુણોની નિષ્પત્તિ થતી જાય છે. તેમ તેમ સાધના ત્યજતો જાય છે. આમ કરતાં જ્યારે આ આત્મતત્વની સિદ્ધિ ઉત્સર્ગપણે પોતાના આત્માની સમાધિ (મૂળભૂત શુદ્ધસ્વરૂપ) પ્રગટાવે છે. ત્યારે કારણતા (સાધના) રહેતી નથીં. ॥ ૯ ॥

**વિવેચન :-** પરમાત્માનું પ્રતિબિંબ સામે રાખીને મારામાં પણ તેવું અનંતગુણમય સ્વરૂપ છે. તેને જ હું ખોલું. એવા ભાવવાળો બનીને પોતાના જ અનંતગુણમય સ્વરૂપને પ્રગટ કરવાની આરાધના કરે છે. જેમ કોઈ વિદ્યાર્થી ડ્રોઈંગબુકમાં છાપેલા હાથી - ઘોડાનું ચિત્ર જોઈને સામેના બીજા કાગળમાં તે ચિત્ર દોરે છે તેમ આ સાધક જીવ પણ અરિહંત પરમાત્મામાં પ્રગટ થયેલા આત્મસ્વરૂપને લક્ષ્યમાં રાખીને પોતાનું કર્મોથી દલાયેલું આત્મસ્વરૂપ પ્રગટ કરવાનો પ્રયત્ન કરે છે.

સાધના કરતાં કરતાં જેમ જેમ આત્મગુણોની નિષ્પત્તિ થાય (આત્મગુણો પ્રગટ થાય) છે. તેમ તેમ આ ગુણોને પ્રગટ કરવાની સાધના આ જીવ છોડી દે છે. જેમ કોઈ પણ કારણથી તજ્જન્ય કાર્ય થઈ જાય છે ત્યારે તે તે કારણ છોડી દેવાય છે તેમ અહીં પણ સાધ્યસિદ્ધિ થતી જાય છે. તેમ તેમ સાધના પદ્ધતિ ત્યજી દે છે. જેમ કોઈ પણ વિદ્યાર્થી પરીક્ષા ન આપી હોય ત્યાં સુધી તે તે વર્ગનાં પુસ્તકોનું આલંબન લે છે, પરંતુ પરીક્ષા અપાઈ જાય ત્યારબાદ તે તે પુસ્તકો છોડી દે છે. તેમ અહીં પણ કાર્ય નિષ્પત્તિ થયે છતે કારણનો (સાધનનો) આ જીવ ત્યાગ કરે છે. જેમ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પૂર્વે ઘણા જ ઉપસર્ગ પરિષહ સહન કરે છે. કાયોત્સર્ગાદિ સાધનાપદ્ધતિ પણ આ જીવ અપનાવે છે. પરંતુ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી તે સર્વ સાધનાપદ્ધતિનો આ જીવ ત્યાગ કરે છે. કારણ કે જે સાધવું હતું તે સિદ્ધ થઈ ગયું છે. તેમ અહીં પણ સમજવું.

આમ કરતાં વસ્તુનું ઉત્સર્ગસ્વરૂપ (વાસ્તવિક સ્વરૂપ - આત્માના અનંતગુણોનું પ્રગટીકરણ થવું) એ સ્વરૂપ પ્રાપ્ત કરે એટલે કે આત્મગુણોની સમાધિ પામે એટલે આત્મગુણોની સંપૂર્ણપણે પ્રગટતા પામેં ત્યારબાદ કારણતા (સાધના) હોતી નથી. જે સાધનથી જે સાધ્ય સિદ્ધ કરવું હતું તે સાધનથી તે સાધ્ય સિદ્ધ થઈ ગયું છે એટલે હવે તે સાધનની જરૂર રહેતી નથી માટે તે સાધનનો આ જીવ ત્યાગ કરે છે. ॥ ૯ ॥

**માહરી શુદ્ધ સત્તાતણી પૂર્ણતા,**
**તેહનો હેતુ પ્રભુ તુંહી સાચો ॥**
**દેવચંદ્રે સ્તવ્યો મુનિગણે અનુભવ્યો,**
**તત્ત્વભક્તે ભવિક સકલ રાચો ॥**
**અહોશ્રી સુમતિજિન ! શુદ્ધના તાહરી ॥ ૧૦ ॥**

**ગાથાર્થ :-** તેથી મારા આત્માની જે અનંત અનંત ગુણોની શુદ્ધ સત્તા છે. તેને પૂર્ણ કરવામાં (પ્રગટ કરવામાં) હે પ્રભુ ! તમે જ સાચા હેતુ છો. (તમે જ સાચા નિમિત્તકારણ છો.) દેવમાં ચંદ્રમાં સમાન ઉત્તમ આત્માઓએ આ પ્રભુની સ્તવના કરી છે. અને મુનિમહાત્માઓએ પ્રભુના ગુણોનો જે અનુભવ કર્યો છે. તે અરિહંતદેવની તાત્ત્વિકભક્તિથી સર્વ ભવ્ય જીવો આનંદ પામો. તેમની ભક્તિમાં મગ્ન થાઓ. (ગર્ભિત રીતિએ **દેવચંદ્ર સ્તવ્યો** આ પદમાં કર્તાએ પોતાનું નામપણ સૂચવ્યું છે.)॥૧૦॥

**વિવેચન :-** પરમાત્મા શ્રી વીતરાગ દેવમાં અનંત અનંત ગુણો જો કે પ્રગટ થયા છે, પરંતુ તેમાંનો એકપણ ગુણ મારામાં સંક્રમિત થતો નથી. કારણ કે કોઈ પણ એકદ્રવ્યના ગુણો બીજા દ્રવ્યમાં ટ્રાન્સફર થતા નથી, પરંતુ મારા આત્મામાં મારા પોતાના અનંત અનંત ગુણોની જે સત્તા રહેલી છે તેને પૂર્ણ કરવામાં (પ્રગટ કરવામાં)

તે ગુણોની પ્રગટતાનો હે પ્રભુ ! તું જ સાચો હેતુ છે તમે જ સાચા નિમિત્ત કારણ છો.

જેમ કોઈ વિદ્યાર્થી સારા હાથી ઘોડાનું ચિત્ર દોરવા માટે છાપેલા હાથી, ઘોડાના ચિત્રનું નિમિત્ત સામે રાખે છે તેમ હે પ્રભુ! હું તમને નિમિત્તકારણ રૂપે સામે રાખીને મારા ગુણોને પ્રગટ કરીશ.

દેવોમાં ચંદ્રમા સમાન ઉત્તમ મહાત્મા પુરુષોએ આ વીતરાગપ્રભુની સ્તવના કરી છે. અને મુનિમહાત્માઓના સમુદાયે પરમાત્માના ગુણોનો યત્કિંચિત અનુભવ કર્યો છે. તે ગુણો મારે પણ મેળવવા છે. એટલે નિમિત્તકારણરૂપે હું આ પરમાત્માની સ્તુતિ ભક્તિ ગુણગાન કરૂં છું.

દેવોમાં ચંદ્રમા સમાન એવા અરિહંતપરમાત્માની મેં ભક્તિભાવથી સ્તુતિ કરી. મુનિમહાત્માઓએ આ પરમાત્માના ગુણોનો યત્કિંચિત અનુભવ પણ કર્યો છે. (એટલે કે આ પરમાત્માના ગુણો કંઈક અંશે જીવનમાં ઉતાર્યા છે.) તેવા આલંબન લેવા યોગ્ય એવા અરિહંતપરમાત્માની તાત્ત્વિક ભક્તિ (એટલે કે તેમનામાં વર્તતા ગુણોની બહુમાનતા - અનુમોદના) કરવા પૂર્વક હે ભવ્યજીવો ! તમે બધા રાચો, લયલીન બનો. ભક્તિભાવમાં જોડાઈ જાઓ. જેથી આપણા આત્માનું પણ અવશ્ય કલ્યાણ થાય. ॥ ૧૦ ॥

પોતાના આત્માના અનંતગુણોના ભોગી છતાં રાગાદિભાવ રહિત હોવાથી નિત્ય અભોગી એમ પરસ્પર વિરોધી તત્ત્વોથી ભરપૂર ભરેલા હે વીતરાગ પ્રભુ !આપશ્રી પૂર્ણ છો.

(ગર્ભિત રીતિએ **દેવચંદ્ર સ્તવ્યો** આ પદમાં કર્તાએ પોતાનું નામપણ સૂચવ્યું છે.)

શ્રી સુમતિનાથ પ્રભુજીનું સ્તવન સમાપ્ત.

• • •

## છઠ્ઠા શ્રી પદ્મપ્રભ પરમાત્માનું સ્તવન

**શ્રી પદ્મપ્રભ જિન ગુણનિધિ રે લાલ,**
**જગતારક જગદીશ રે ॥ વાલેસર ॥**
**જિન ઉપકારથકી લહે રે લાલ,**
**ભવિજન સિદ્ધિ જગીશ રે ॥ વાલેસર ॥ ૧ ॥**

**તુજ દરિસણ મુજ વાલહુ રે લાલ,**
**દરિસણ શુદ્ધ પવિત્ત રે ॥ વાલેસર ॥**
**દરિસણ શબ્દનયેં કરે રે લાલ,**
**સંગ્રહ એવંભૂત રે ॥ વાલેસર ॥ ૨ ॥**

**ગાથાર્થ :-** શ્રી પદ્મનાથપ્રભુ ગુણોના ભંડાર છે. જગતના જીવોના તારક છે. સમસ્ત જગતના સ્વામી છે. જિનેશ્વર પ્રભુ વડે કરાયેલા ઉપકારથી ભવ્યજીવ જગતના ઈશ્વર બનવાની સિદ્ધિને પ્રાપ્ત કરે છે ॥ ૧ ॥

તમારૂં દર્શન (તમારૂં શાસન) મને ઘણું જ વ્હાલું છે. ઘણું જ ગમે છે. તમારૂં દર્શન (તમારૂ શાસન) ઘણું જ શુદ્ધ (નિર્મળ) છે અને પવિત્ર છે. (દોષ રહિત છે.). તમારૂં દર્શન (શ્રદ્ધા) થાય એટલે આ જીવ શબ્દનયે કરીને સિદ્ધ થાય. તથા સંગ્રહનયથી આ જીવમાં જે શુદ્ધસ્વરૂપ સત્તાગત રહેલું છે તે તમારૂં દર્શન કરવાથી પ્રગટ થાય એટલે એવંભૂતનયરૂપે બને છે. ॥ ૨ ॥

**વિવેચન :-** પોતાના આત્માના ગુણો પ્રગટ કરવામાં શ્રી પદ્મપ્રભપ્રભુજી વિશિષ્ટ નિમિત્ત છે. કારણ કે આ પરમાત્મા ગુણોના ભંડાર છે. અનંત અનંત ગુણો તેમનામાં ભરેલા છે. તથા વળી ત્રણે જગતના જીવોને ધર્મોપદેશ આપવા દ્વારા સંસારથી તારનારા છે.

જગતારક છો. વળી ત્રણે જગતના જીવોને યથાર્થ મોક્ષ માર્ગ બતાવનાર હોવાથી તમે ત્રણે જગતના ઈશ (સ્વામી) છો.

તથા વળી હે પરમાત્મા ? તમારૂં શાસન ઘણા ઘણા જીવોને તારનારૂં છે તેથી મને આ શાસન ઘણું ગમે છે. મને આપનું શાસન અતિશય પ્યારૂં છે વળી હે પ્રભુ ! તમારૂં દર્શન (તમારૂં શાસન) સર્વ પ્રકારના દોષોથી રહિત છે માટે અતિશય શુદ્ધ છે. અને તમારૂં શાસન જે આત્મા પામે છે તે આત્મા આત્મસ્વરૂપનો નિર્ણય કરીને આત્મસ્વરૂપને પ્રગટ કરવા દ્વારા મોહના સર્વ દોષોથી રહિત બને છે. માટે અતિશય પવિત્ર છે.

તથા હે પરમાત્મા ! દર્શન કરવાં એટલે દેખવું. અથવા શુદ્ધ શ્રદ્ધા કરવી આમ બે અર્થ છે ત્યાં પરમાત્માને પરમાત્માપણે ઓળખીને પોતાના આત્માનું પણ આવું જ શુદ્ધસ્વરૂપ છે. આમ માનીને આ આત્મા તે તરફ પ્રવૃત્તિ કરે છે આમ શબ્દનયે કરીને આ આત્મા પરમાત્મા બને છે.

તથા સંગ્રહનયથી આ આત્મામાં અનંત અનંત ગુણોની સંપત્તિ સ્વરૂપ જે સિદ્ધદશા પડેલી છે તે સિદ્ધદશા પરમાત્માનાં ભાવથી દર્શન કરવાથી પ્રગટ થાય છે એટલે એવંભૂતનયસ્વરૂપ બને છે જે સત્તાગત સ્વરૂપ છે. તે પ્રગટ થાય છે એટલે જે સંગ્રહનયસ્વરૂપ છે તે જ એવંભૂત સ્વરૂપે બને છે. તમારા દર્શનનો આવો પ્રભાવ છે. મારા આત્મામાં જે અનંત અનંત ગુણોની સંપત્તિ ભરેલી છે તે પ્રગટ થાય છે.

સંક્ષેપમાં સાત નયોનું સ્વરૂપ આ પ્રમાણે છે ઉપચારને (આરોપને) જે દષ્ટિ માન્ય રાખે તે નૈગમનય જેમકે હાથીના પુતળાને પણ હાથી માને. સિંહના પુતળાને પણ સિંહ સમજે તે નૈગમનય કહેવાય.

એકીકરણની જે દૃષ્ટિ અર્થાત સત્તાગત સ્વરૂપને પણ જે દૃષ્ટિ સ્વીકારે તે સંગ્રહનય સર્વે પણ જીવો સિદ્ધપરમાત્માની તુલ્ય અનંતગુણ સંપત્તિવાળા છે. આમ સમજવું તે સંગ્રહનય.

પૃથક્કરણને જે સ્વીકારે અર્થાત્ જે નય ભેદ કરે તે વ્યવહારનય જેમ કે જીવોના બે ભેદ ત્રસ અને સ્થપાર અથવા ત્રણ ભેદ સ્ત્રી પુરુષ અને નપુંસક ઈત્યાદિ ભેદપ્રધાન જે દૃષ્ટિ તે વ્યવહારનય, તથા વર્તમાનકાળની પ્રધાનતાવાળી જે દૃષ્ટિ તે ઋજુસૂત્રનય જેમ કે કોઈ મનુષ્ય ભૂતકાળમાં ધનવાન હોય પણ હાલ તેની પાસે ઘણું ધન ન હોય તેવા જીવને નિર્ધન માને તે ઋજુસૂત્રનય અથવા પોતાની પરિસ્થિતિને જ જે પ્રધાન કરે. પોતાના માતા-પિતા-પુત્ર કે મિત્રાદિની સંપત્તિને પોતાની ન માને તે ઋજુસૂત્રનય જેમ કે પોતાની પાસે જે ધન હોય તેટલા જ ધનથી તે ધનવાળાપણું માને પણ પિતાની પાસે કરોડોની સંપત્તિ હોય તો પણ તે પિતાની માલિકીની છે માટે મારા માટે તે તુચ્છ છે અર્થાત મારી નથી આમ સમજે તે ઋજુસૂત્રનય.

શબ્દને પ્રધાન કરે લિંગ પ્રમાણે જાતિપ્રમાણે, વચન પ્રમાણે અર્થનો ભેદ કરે તે શબ્દનય જેમ કે તટઃ તટમ્ અને તટી આ ત્રણે શબ્દના અર્થ જુદા જુદા કરે. તળાવના કિનારાને તટ કહે. સરોવરના કિનારાને તટમ્ કહે, અને નદીના કિનારાને તટી કહે તે શબ્દનય.

શબ્દ પ્રમાણે અર્થ હોય તો જ તે શબ્દનો ત્યાં પ્રયોગ કરે તે સમભિરૂઢનય જેમ કે ગાદી ઉપર બેઠેલા રાજામાંથી જે રાજા મનુષ્યોનું વધારે રક્ષણ કરતો હોય તેને નૃપ કહે. અને જે રાજા રાજ્યની ભૂમિનું વધારે રક્ષણ કરતો હોય રાજ્યનો દેશ બચાવવા સીમાડાના રાજા સાથે યુદ્ધો કરે તેમાં ઘણા માણસો મરી જાય પણ ભૂમિ બચે તેવા ખુમારીવાળા રાજાને ભૂપ કહે પણ નૃપ ન કહે. તથા ગાદી ઉપર આવ્યા પછી ન તો ભૂમિની રક્ષા કરે કે ન તો મનુષ્યોની રક્ષા કરવામાં ધ્યાન આપે

કેવળ દરરોજ નવાં નવાં કપડાં અને દાગીના પહેરીને માત્ર પોતાના શરીરને શોભાવે. સારા દેખાવાપણાને જ પ્રગટ કરે તે રાજા. राजते इति राजा આમ શબ્દપ્રમાણે વ્યુત્પત્તિને અનુસાર અર્થ કરે તે સમભિરૂઢ નય કહેવાય છે.

તથા જે શબ્દનો જેવો અર્થ થતો હોય તેવી ક્રિયા પણ હોય તો જ તેવા શબ્દનો પ્રયોગ કરે અન્યથા ન કરે તે એવંભૂતનય. જેમકે જે સાધુ જ્યારે આત્મસાધનામાં વર્તતા હોય ત્યારે જ સાધુ કહેવાય તથા રાજા જ્યારે રાજ્યગાદી ઉપર બેઠા હોય. ન્યાય આપતા હોય. શાસન ચલાવતા હોય ત્યારે જ રાજા પણ સ્નાનાગારમાં હોય કે ભોજનાલયમાં હોય ત્યારે રાજા ન કહેવાય આમ જે માને તે એવંભૂતનય.

આ પ્રમાણે કુલ સાત નયો છે. ત્યાં આ આત્મામાં અનંત અનંત ગુણસંપત્તિ પડેલી છે. તે સત્તામાં છે તેની અપેક્ષાએ આ આત્મા સિદ્ધસમાન છે આમ માનવું તે સંગ્રહનય. અને તે જ ગુણો જ્યારે પ્રગટ થયા હોય, બધાં જ આવરણો નાશ પામ્યાં હોય. ત્યારે આ આત્માને સિદ્ધ કહેવો તે એવંભૂતનય. અર્થાત્ જે સંગ્રહનયે સત્તાગત સ્વરૂપ છે. તેને જ પ્રગટ કરીને એવંભૂતનયરૂપે બનાવવું તે "સંગ્રહ એવંભૂત રે" આવો અર્થ કરવો. ॥ ૧-૨ ॥

• • •

**બીજે વૃક્ષ અનંતતા રે લાલ,**
**પ્રસરે ભૂજલ યોગ રે ॥ વાલેસર ॥**
**તિમ મુજ આતમ સંપદા રે લાલ,**
**પ્રગટે પ્રભુ સંયોગ રે ॥ વાલેસર ॥**
**તુજ દરિસણ મુજ વાલહો રે ॥ ૩ ॥**

**ગાથાર્થ :-** બીજમાં અનંત વૃક્ષો ઉગાડવાની (પ્રગટ કરવાની) સત્તા છે, પરંતુ માટી અને પાણીનો યોગ થાય તો જ તે કાર્ય બને. તેમ મારા આત્મામાં કેવલજ્ઞાનાદિ અનંત ગુણોની સંપત્તિ પડેલી છે. પરંતુ પ્રભુનો સંયોગ થાય તો જ તે પ્રગટે (અન્યથા ન પ્રગટે). ॥ ૩ ॥

**વિવેચન :-** મારા આત્મામાં મારી પોતાની અનંત અનંત ગુણોની સંપત્તિ સત્તાગત છે, પરંતુ તેને પ્રગટ કરવામાં પ્રભુનું નિમિત્ત લેવું જ પડે, તો જ તે સંપત્તિ પ્રગટ થાય. આ વાત સમજાવવા માટે એક દૃષ્ટાન્ત આપે છે.

જેમ બીજમાં અપાર વૃક્ષો પ્રગટ કરવાની શક્તિ છે કારણ કે એક બીજ વાવવાથી એક વૃક્ષ થાય. તેમાં અનેક બીજ થાય. તે અનેક બીજને ફરીથી વાવો તો ફરીથી અનેક વૃક્ષો થાય. એમ પરંપરા ચાલે માટે એક બીજમાં પણ અનંત અનંત (અપાર) વૃક્ષો ઉત્પન્ન કરવાની શક્તિ છે, પરંતુ તે બીજમાં અપાર વૃક્ષો પ્રગટ કરવાની શક્તિ હોવા છતાં પણ તે બીજમાંથી અપાર વૃક્ષો પ્રગટ કરવા માટે માટી અને પાણીનું નિમિત્ત લેવું જ પડે. આ નિમિત્ત મળે તો જ અનંતવૃક્ષો પ્રગટ કરવાનું કાર્ય થાય, અન્યથા ન થાય.

તેવી જ રીતે હે પરમાત્મા ! મારા આત્મામાં મારા જ અનંતગુણોની સંપત્તિ સત્તાગત રહેલી છે પરંતુ જો મારે તેને પ્રગટ કરવી હોય તો પરમાત્માનો સંયોગ લેવો જ પડે. તો જ તે સંપત્તિ પ્રગટ થાય. કેવું આશ્ચર્ય છે કે બીજમાં પોતાનામાં જ મહાવૃક્ષો બનાવવાની શક્તિ છે. પરંતુ ભૂજલના સંયોગ વિના તે પ્રગટ થતી નથી. તેમ આ આત્મામાં જ અનંત ગુણોની સંપદા પોતાની માલીકીની છે. પરંતુ પ્રભુના નિમિત્તનું આલંબન લીધા વિના તે પ્રગટ થતી નથી.

સારાંશ કે મારા પોતાના આત્મામાં મારા પોતાના જ જ્ઞાન દર્શન - ચારિત્ર આદિ અનંતગુણોની સંપત્તિ સત્તાગત છે જ. મારે કોઈની પારકી સંપત્તિ લેવાની નથી. મારી સંપત્તિ મારી પાસે જ છે તો પણ તેનો પ્રગટ કરવી હોય તો અરિહંતપરમાત્માનું નિમિત્ત લેવું જ પડ. જો અરિહંત પરમાત્માનું નિમિત્ત લેવામાં આવે તો જ તે સંપત્તિ પ્રગટ થાય. આ વાત સમજાવવા માટે બીજનું ઉદાહરણ આપ્યું છે કે જેમ બીજમાં મોટું વૃક્ષ અને પરંપરાએ અનેકવૃક્ષો ઉત્પન્ન કરવાનો સ્વભાવ છે. તો પણ માટી - પાણી - અનુકૂલ પવન ઇત્યાદિ નિમિત્તોનો આશ્રય લેવો જ પડે છે. તેમ અહીં પણ સમજવું. પરમાત્માનું આલંબન લેવાનું સમજી લેવું. ॥૩॥

• • •

**જગતજંતુ કારજ રુચિ રે લાલ,**

**સાધે ઉદયે ભાણ રે ॥ વાલેસર ॥**

**ચિદાનંદ સુવિલાસતા રે લાલ,**

**વાધે જિનવર ઝાણ રે ॥ વાલેસર ॥**

**તુજ દરિસણ મુજ વાલહોરે ॥ ૪ ॥**

ગાથાર્થ :- સંસારી સર્વ જીવો પોત પોતાનું કાર્ય કરવાની રૂચિ ધરાવે છે. પરંતુ સૂર્યનો ઉદય થવારૂપ નિમિત્ત પામીને જ કરે છે તે જ પ્રમાણે અનંતજ્ઞાનની આનંદતા અને અવ્યાબાધસુખાદિ ગુણો આ આત્મામાં જ સત્તાગતરીતે છે, પરંતુ જિનેશ્વરપ્રભુનું ધ્યાન કરવા રૂપ નિમિત્ત સેવીએ તો જ આ ગુણસંપત્તિ પ્રગટ થાય છે. ॥ ૪ ॥

વિવેચન :- સંસારમાં વર્તતા સર્વે પણ જીવોમાં આહાર લેવો, આહાર બનાવવો, વેપાર ધંધા કરવા, પૈસા કમાવવા, પાંચ ઇન્દ્રિયોના વિષયો મેળવવા. તેનો ઉપભોગ કરવો. ઇત્યાદિ અનેકપ્રકારનાં કાર્યો

કરવાની રૂચિ છે. ઈચ્છા છે. પરંતુ સૂર્યનો ઉદય થાય ત્યારે જ આ બધાં કાર્યો જીવ કરે છે. એટલે કે સૂર્યનો ઉદય થયો એ પ્રબળ નિમિત્તકારણ છે. તે સૂર્યનો ઉદય કોઈને કહેતો નથી કે હું આવી ગયો છું તમે કાર્ય કરવા માંડો. આમ તે સૂર્ય જીવોને પ્રેરણા કરતો નથી. તો પણ લોકો તેને પામીને જ કાર્ય કરે છે. તેની જેમ આ જીવમાં જ ગુણોની સંપત્તિ પડેલી છે. ચિદાનંદતા પડેલી છે. (જ્ઞાનાદિ ગુણોની સંપત્તિનો આનંદ પડેલો છે) તથા સુવિલાસતા એટલે કે અનંતગુણોની સંપત્તિને ભોગવવાપણું આ આત્મામાં પડેલું જ છે. પરંતુ તે ત્યારે જ પ્રગટ થાય છે કે જ્યારે આ આત્મા જિનેશ્વર પરમાત્માનું ધ્યાન સાધે. અર્થાત્ જિનેશ્વર પરમાત્માના શાસનનું આલંબન લે તો જ આ સત્તાગત રહેલી ગુણસંપત્તિ પ્રગટ થાય છે.

જેમ સૂર્ય કંઈ કરતો નથી કોઈને કંઈ કહેતો નથી તો પણ સૂર્ય ઉગે ત્યારે જ બધા લોકો પોત-પોતાનાં કાર્યો કરે છે. તેમ પરમાત્મા કંઈ જ કરતા નથી. કારણકે તે પરભાવના કર્તા નથી. તો પણ તેમના શાસનનું આલંબન લઈને જ સંસારી જીવો પોતાની ગુણસંપત્તિ પોતે જ પ્રગટ કરે છે. સૂર્યના ઉદયની જેમ પરમાત્મા તો નિમિત્ત માત્ર છે. કર્તા નથી. તો પણ તે નિમિત્તના આશ્રય વિના કાર્ય થતું નથી માટે નિમિત્તનો નિમિત્તભાવે આશ્રય લેવો પડે છે.

હે પરમાત્મા ! તાહરૂં દર્શન મને ઘણું વહાલું છે કારણ કે અનંત અનંત ભવોમાં ભમતાં ભમતાં હું જે ન પામ્યો. તે તમારૂ દર્શન (શાસન) જો મને મળે તો મારૂં પોતાનું તે અંતરંગસ્વરૂપ પ્રગટ થાય અનંતા અનંત ભવોમાં ભમતાં ભમતાં હું જે ન પામ્યો. તે તમારૂં દર્શન કરવાથી મારું અનંતાનંત કાળનું દારિદ્ર દૂર થાય અને કર્મોથી અવરાયેલું ગુણસંપત્તિરૂપ ધનાઢય પણું પ્રગટ થાય. માટે તમારૂં નિમિત્ત મારા માટે અત્યન્ત પ્રબળ કારણ છે. ॥ ૪ ॥

• • •

**લબ્ધિ સિદ્ધ મંત્રાક્ષરે રે લાલ,**
**ઉપજે સાધક સંગ રે ॥ વાલેસર ॥**
**સહજ અધ્યાતમ તત્ત્વતા રે લાલ,**
**પ્રગટે તત્ત્વીરંગ રે ॥ વાલેસર ॥**
**તુજ દરિસણ મુજ વાલહો રે ॥ ૫ ॥**

**ગાથાર્થ :-** આકાશગામી આદિ લબ્ધિઓની સિદ્ધિ જો કે મંત્રાક્ષરોમાં છે તો પણ તેવા પ્રકારના ઉત્તરસાધકનો યોગ મળે તો જ તે લબ્ધિઓ પ્રગટ થાય છે. તેવી જ રીતે અધ્યાત્મથી ભરપૂર ભરેલી તત્ત્વતા સ્વાભાવિકપણે તો આ આત્મામાં સત્તાગત રીતે તો છે જ. પરંતુ તેની પ્રગટતા તો ત્યારે જ થાય છે કે જ્યારે તત્ત્વદશા પામેલા વીતરાગપરમાત્માનો યથાર્થ સંગ થાય ત્યારે જ. ॥ ૫ ॥

**વિવેચન :-** આકાશગામી. તથા અનેકરૂપ બનાવવાની શક્તિ ઈત્યાદિ અનેકપ્રકારની લબ્ધિઓની સિદ્ધિ જોકે મંત્રાક્ષરોમાં જ છે. અને તે મંત્રાક્ષરો સાધક આત્માને આવડતા હોય છે એટલે પોતે સ્વયં મંત્રજાપ કરી શકે છે છતાં તે લબ્ધિઓની સિદ્ધિ ઉત્તરસાધકનો યોગ મળે તો જ થાય છે. ઉત્તરસાધકની સહાય વિના લબ્ધિઓની સિદ્ધિ પોતાને થતી નથી.

તેવી જ રીતે જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ અનંત ગુણોની સંપત્તિ રૂપ તત્ત્વતા પોતાના આત્મામાં જ રહેલી છે. બહારથી ક્યાંયથી લાવવાની નથી. અને બહારથી ક્યાંયથી આવતી પણ નથી. પોતાના આત્મામાં સત્તાગત છે જ, તે જ પ્રગટ થાય છે તો પણ જે પરમાત્મામાં યથાર્થતત્ત્વ પ્રગટ થયું છે. તેવા શુદ્ધ દશાવાળા નિર્મળ બનેલા, પોતાના આત્માના અસંખ્યાત પ્રદેશોમાં સર્વત્ર પુદ્ગલના પ્રદેશોથી રહિત બનેલા, આત્મ ભાવમાં જ રમનારા, આત્મતત્ત્વનો જ આશ્રય કરનારા, એવા વીતરાગ પરમાત્માના આલંબનમાં આ જીવ

એકરસવાળો બને ત્યારે જ તે જીવ કર્મરહિત બનીને પોતાના ગુણોની સંપત્તિને પ્રગટાવનાર બને છે.

વીતરાગ પરમાત્માનું યથાર્થ આલંબન ગ્રહણ કરે તો જ જ્ઞાનાવરણીયાદિ અષ્ટવિધ કર્મો ખપાવીને આ જીવ યથાર્થ નિરાવરણતાને પામવા દ્વારા પોતાના શુદ્ધસ્વરૂપનો પ્રગટ કરનાર બને છે. આ નિમિત્ત લીધા વિના શુદ્ધ સ્વરૂપનો પ્રગટ કરનાર બનતો નથી. ॥ ૫ ॥

**લોહ ધાતુ કાંચન હુવે રે લાલ,**
**પારસ ફરસણ પામી રે ॥ વાલેસર ॥**
**પ્રગટ અધ્યાતમદશા રે લાલ,**
**વ્યક્તગુણી ગુણગ્રામ રે ॥ વાલેસર ॥**
**તુજ દરિસણ મુજ વાલહોરે લાલ ॥ ૬ ॥**

**ગાથાર્થ :-** જેમ લોહ (લોખંડ) નામની જે ધાતુ છે તે પારસમણિનો સ્પર્શ પામીને કંચન (સુવર્ણ) પણાને પામે છે તેવી જ રીતે પ્રગટ ગુણવાળા એવા અરિહંતપરમાત્માના ગુણગ્રામનું (એટલે કે અરિહંત પરમાત્માના ગુણસમૂહનું) આલંબન લઈને આ આત્મામાં પણ અધ્યાત્મદશા પ્રગટે છે.) ॥ ૬ ॥

**વિવેચન :-** પાંચમી ગાથામાં એક ઉદાહરણ આપ્યું છે કે લબ્ધિઓની સિદ્ધિ મંત્રાક્ષરોમાં છે. તો પણ ઉત્તરસાધકનો યોગ નિમિત્તરૂપે લેવો જ પડે છે તેવી જ રીતે આ ગાથામાં બીજુ પણ એક દૃષ્ટાન્ત ગ્રંથકારશ્રી આપે છે કે -

જેમ લોઢુ પોતે જ કંચન (સુવર્ણ) બને છે, પરંતુ પારસમણિના સ્પર્શનું નિમિત્ત પામીને જ બને છે એમને એમ લોઢુ સુવર્ણ બનતું નથી.

તેવી જ રીતે ભવ્યજીવમાં પોતાના આત્માની શુદ્ધદશા સત્તાથી અંદર પડેલી છે. તો પણ કર્મોના આવરણથી રહિત થયેલા એવા વ્યક્તગુણવાળા જે શ્રી અરિહંત પરમાત્મા છે. તેમનામાં પ્રગટ થયેલો જે ગુણગ્રામ (ગુણોનો સમૂહ) છે. તેનું આલંબન લેવાથી, તેમના ગુણોનું નિરંતર સ્મરણ કરવાથી, સતત તેમના ગુણોમાં જ રચ્યા-પચ્યા રહેવાથી આ આત્મા સંપૂર્ણગુણીપણું પામે છે. પોતાના બધા જ ગુણો આવિર્ભાવને પામે છે.

અનાદિ કાળથી આ આત્મા પુદ્‌ગલ સ્વરૂપ પર દ્રવ્યની સાથે અંજાઈને તેની સાથે તન્મય થઈને મોહાંધ થયો છતો કર્મોનો બંધ જ કરે છે તેથી જો આ પુદ્‌ગલના સંયોગ સ્વરૂપ પરનિમિત્તોનો ત્યાગ કરે તો જ મુક્તિપદ પામે, તે માટે પુદ્‌ગલદ્રવ્ય રૂપ પરનિમિત્તનો ત્યાગ કરવા માટે અરિહંત પરમાત્મા રૂપ નિર્મળ શુદ્ધ નિમિત્તનું આલંબન ગ્રહણ કરે તો જ કલ્યાણ પામે. તે માટે અરિહંત પરમાત્માના આલંબન વિના અનાદિની લાગેલી આ મોહદશાની ચાલરૂપ પરદ્રવ્યનો સંયોગ ટળે નહીં તે માટે વીતરાગપરમાત્મા રૂપ શુભ નિમિત્તોના આલંબનથી જ આ પરદ્રવ્યનો યોગ છુટે છે માટે તેઓનું જ મજબૂત આલંબન લો. આમ ગ્રંથકારશ્રીનો કહેવાનો આશય છે. ॥ ૬ ॥

**આત્મસિદ્ધિ કારજ ભણી રે લાલ,**
**સહજ નિયામક હેતુ રે ॥ વાલેસર ॥**
**નામાદિક જિનરાજનાં રે લાલ,**
**ભવસાગર મહાસેતુ રે ॥ વાલેસર ॥**
**તુજ દરિસણ મુજ વાલહો રે લાલ ॥ ૭ ॥**

**ગાથાર્થ :-** આત્મતત્ત્વની સિદ્ધિ કરવા રૂપ કાર્ય કરવા માટે આ પરમાત્મા સ્વાભાવિક નિર્ણયાત્મક (નિશ્ચિત) કારણરૂપ છે. જિનેશ્વર પરમાત્માના નામ-સ્થાપના-દ્રવ્ય અને ભાવ એમ ચારે નિક્ષેપાએ કરાતું પરમાત્માનું ધ્યાન ભવસાગર તરવામાં મહાન સેતુ (પુલ) સમાન છે. ॥ ૭ ॥

**વિવેચન :-** આત્માના શુદ્ધ સ્વરૂપની સિદ્ધિ (પ્રાપ્તિ) સ્વરૂપ કાર્ય કરવા માટે શ્રી વીતરાગ પરમાત્મા તે સ્વાભાવિક નિશ્ચિત કારણરૂપ છે જો વીતરાગ પરમાત્માની હૃદયના ભાવપૂર્વક ભક્તિ-સ્તુતિ-વંદના કરવામાં આવે તથા તેમનું આલંબન લેવામાં આવે તો આત્મતત્ત્વની સિદ્ધિરૂપ કાર્ય થાય જ. તે માટે શ્રી અરિહંત પરમાત્માના નામાદિ ચારે નિક્ષેપા આરાધવા યોગ્ય છે.

"અરિહંત" એવું નામ માત્ર સાંભળીને, આવા નામનું વારંવાર ઉચ્ચારણ-સ્મરણ-કરીને અનેકજીવો પરમાત્માનું નામ લેતા લેતા તેમના ગુણોનું આલંબન લઈને સમ્યક્ત્વાદિ ગુણો પામીને મુક્તિ પામ્યા છે.

"તથા શ્રી અરિહંત પરમાત્માની" સ્થાપના કરવા દ્વારા તેમની મૂર્તિ દ્વારા તેમનામાં સમતાનો સમુદ્ર, વિષયવિકારરહિતતા, ચોત્રીસ અતિશયોથી સંપન્નતા, આવા આવા અપારગુણો દેખીને પરના ગુણો જોવા દ્વારા પોતાના ગુણોનું સ્મરણ કરીને અનેક જીવો સિદ્ધિપદ પામ્યા છે.

શરીરધારી દ્રવ્યનિક્ષેપે વિચરતા પરમાત્માનું ઉપસર્ગો આવવા છતાં અચલપણું જાણીને તથા તેમના વિહારાદિ પ્રસંગો જાણીને તેમની અનુમોદના કરવા દ્વારા ઘણા જીવો સંસાર સાગર તર્યા છે.

તથા સમવસરણમાં બીરાજમાન ચોત્રીસ અતિશયથી શોભતા, કેવલજ્ઞાનાદિ ભાવલક્ષ્મીથી સંયુક્ત તથા કોડાકોડી દેવો વડે સ્તવાતા એવા પરમાત્માનું સતત ચિંતન મનન કરવા વડે પણ ઘણા જીવો સંસારસાગર તર્યા છે.

આ પ્રમાણે અરિહંત પરમાત્માના નામાદિ ચાર નિક્ષેપાનું જે આલંબન છે, તે સંસારરૂપી મોટા સમુદ્રમાં સેતુસમાન (પુલસમાન) છે. તથા મોટી સ્ટીમર સમાન છે. માટે હે આત્મન્ ! આવા પરમાત્માના નામાદિ ચારે નિક્ષેપાઓનું આલંબન લઈને આત્મસિદ્ધિ (આત્માના કેવલજ્ઞાનાદિ ગુણોની સિદ્ધિ) કરવી.

આ પરમાત્મા ભવસમુદ્રમાંથી તારવામાં સ્ટીમર સમાન છે. ॥૭॥

**સ્તંભન ઇન્દ્રિય યોગનો રે લાલ,**
**રક્તવર્ણ ગુણ રાય રે ॥ વાલેસર ॥**
**દેવચંદ્રવૃન્દે સ્તવ્યો રે લાલ,**
**આપ અવર્ણ અકાય રે ॥ વાલેસર ॥**
**તુજ દરિસણ મુજ વાલહોરે લાલ ॥ ૮ ॥**

**ગાથાર્થ :-** ઇન્દ્રિયો અને મન-વચન-કાયાના યોગોનો સ્તંભન કરનારા (તેને રોકનારા) લાલવર્ણવાળા અને આત્મિક ગુણોના રાજા એવા શ્રી પદ્મપ્રભપ્રભુજી છે કે જેઓ દેવોમાં ચંદ્રમાસમાન એવા ભવનપતિ આદિ ચારે નિકાયના દેવોના સમૂહ વડે સ્તવાયા છે. વળી આ પરમાત્મા વર્ણાદિ પૌદ્ગલિક ગુણો વિનાના તથા શારીરિક કાયા વિનાના છે. (ગર્ભિત રીતે **દેવચન્દ્રવૃન્દે** આ પદમાં કર્તાએ પોતાનું નામ સુચવ્યું છે.) ॥ ૮ ॥

**વિવેચન :-** પદ્મપ્રભસ્વામી શરીરે રક્તવર્ણવાળા હતા. તેથી કવિરાજ તેની કલ્પના કરે છે કે અનાદિકાળથી આ જીવને પાંચે ઇન્દ્રિયો (ઇન્દ્રિયોના ૨૩ વિષયો) અને મન-વચન-કાયાના શુભાશુભ યોગો પ્રવર્તતા હતા તેનાથી આ જીવ કર્મો બાંધતો હતો અને સંસારમાં રખડતો હતો તેથી આવા પ્રકારની દુઃખદાયી સંસારની સ્થિતિ વધારનારા ઇન્દ્રિયોના સમૂહને અને યોગને અટકાવવા માટે જ જાણે તેના ઉપર ભગવાન ગુસ્સે ભરાયા હોય અને તેથી લાલચોળ થયેલા હોય એવા આ પદ્મપ્રભપ્રભુજી છે. તથા ગંભીરતા - ઠરેલતા - સમતાભાવ ઇત્યાદિ ગુણોના રાજા છે. તથા દેવશબ્દથી ધર્મદેવ જે સાધુ-સાધ્વીજી આદિ, નરદેવ તે ચક્રવર્તી રાજા આદિ અને ભાવદેવ તે ભવનપતિ વિગેરે જે દેવો, તે સર્વદેવોમાં ચંદ્રમા સમાન એવા ગણધરભગવંતો આદિ મહામુનિઓના વૃંદ વડે (સમૂદાયવડે) સ્તવાયેલા, તથા વર્ણ-ગંધ-રસ સ્પર્શ વિનાના હોવાથી કારણ કે સિદ્ધ થયા ત્યારે શરીર જ નથી માટે વર્ણાદિ વિનાના, અને કાયા વિનાના કેવળ એકલો છે આત્મા જેનો

એવા પરમાત્માશ્રી પદ્મપ્રભપ્રભુજી આ સંસારસાગર તરવામાં મને આધારભૂત છે. આપ મારા માટે પરમશરણરૂપ છો. આપશ્રીનું આલંબન જો અમે લઈએ તો અવશ્ય પરમપદ નીપજે જ. તેવા પરમાત્માની હું સ્તુતિ - ભક્તિ અને વંદના કરૂં છું. ॥૮॥

મારા પોતાના આત્મામાં જ અનંત ગુણોની સંપત્તિ છે. તે પરમાત્માનું નિમિત્ત મળતાં જ પ્રગટ થાય છે.

(ગર્ભિત રીતે **દેવચન્દ્રવૃન્દે** આ પદમાં કર્તાએ પોતાનું નામ સુચવ્યું છે.) ॥ ૮ ॥

**શ્રી પદ્મપ્રભપ્રભુજીનું સ્તવન સમાપ્ત.**

● ● ●

# સાતમા શ્રી સુપાર્શ્વનાથ પરમાત્માનું સ્તવન

**શ્રી સુપાસ આનંદમેં, ગુણ અનંતનો કંદ હો જિનજી ।**
**જ્ઞાનાનંદે પૂરણો, પવિત્ર ચારિત્રાનંદ હો જિનજી ॥**
**શ્રી સુપાસ આનંદ મેં ॥ ૧ ॥**

**ગાથાર્થ :-** શ્રી સુપાર્શ્વનાથ પરમાત્મા અનંત આનંદમાં વર્તે છે. વળી અનંત ગુણોનો કંદ (મૂળ) છે. જ્ઞાનના આનંદથી ભરપૂર ભરેલા છે. વળી આ આત્મા અતિશય પવિત્ર પણ છે અને ચારિત્રના આનંદથી પણ વ્યાપ્ત છે. ॥ ૧ ॥

**વિવેચન :-** આ પરમાત્માનાં બધાં જ કર્મો ક્ષય પામેલાં હોવાથી ક્ષાયિક ભાવના શુદ્ધ આનંદવાળા છે. જે પરમાત્મામાં પરદ્રવ્યના સંગનો અલ્પમાત્રાએ પણ મેલ નથી. એવા નિર્મળ છે. તથા વળી પરમાત્માનો આત્મા, અનંત અનંત ગુણોનો કંદ છે. ગુણો સદા દ્રવ્યમાં જ વર્તે. છે. ગુણમાં ગુણ વર્તે નહીં ગુણો હંમેશાં નિર્ગુણ જ હોય. ગુણોનો આધાર સદા દ્રવ્ય જ હોય, પણ ગુણોનો આધાર ગુણ ક્યારેય ન હોય.

द्रव्याश्रया निर्गुणा गुणाः इति

(તત્ત્વાર્થસૂત્ર અધ્યાય પાંચમો)

આ પ્રમાણે તત્ત્વાર્થસૂત્રકારનું કથન છે. આ વીતરાગ પરમાત્મા એ શુદ્ધ દ્રવ્ય છે. અને દ્રવ્ય હંમેશાં ગુણોનો આધાર હોય છે. એટલે પરમાત્મા કેવળજ્ઞાનાદિક અનંતગુણોના આધાર છે. તથા અનંતગુણોમાં મુખ્યગુણ જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ છે તે પરમાત્મા જ્ઞાનગુણના આનંદથી ભરપુર ભરેલા છે. પ્રદેશે પ્રદેશે અનંત જ્ઞાનગુણ વર્તે છે. લોકાલોક એમ સર્વ ક્ષેત્રનું, જીવ પુદ્ગલાદિ અનંત દ્રવ્યોનું, ત્રણે કાળનું, અને સર્વદ્રવ્યોના સર્વપર્યાયોનું જ્ઞાન વર્તતું હોવાથી જ્ઞાનના આનંદથી ભરપૂર ભરેલા આ પરમાત્મા છે. જ્ઞાનની જ મસ્તી હોવાથી પરમપવિત્ર આત્મા છે.

તથા સર્વ આત્મપ્રદેશોમાં નિરાવરણ હોવાથી અત્યન્ત પવિત્ર (શુદ્ધતમ) આ આત્મા છે. કાષાયિક અને પૌદ્ગલિક સુખોની આશારૂપી મોહના દોષોથી રહિત કેવળ આત્મભાવમાં સ્થિરતા પામવા રૂપ અનંત ચારિત્રગુણના આનંદવાળા છે. આવા ગુણોથી ભરેલા શ્રી સુાર્શ્વનાથ પરમાત્માને હું ભાવથી વંદના કરૂં છું. ॥ ૧ ॥

• • •

**સંરક્ષણ વિણ નાથ છો, દ્રવ્ય વિના ધનવંત હો ॥ જિનજી ॥**
**કર્તા પદ કિરિયા વિના, સંત અજેય અનંત હો. ॥ જિનજી ॥**
**શ્રી સુપાસ આનંદમેં ॥ ૨ ॥**

**ગાથાર્થ :-** હે પરમાત્મા ! તમે કોઈ પણ જાતનું સંરક્ષણદળ (પોલીસોનો કાફલો) રાખતા નથી. છતાં સર્વના નાથ છો. તથા દ્રવ્ય વિનાના છો. (પૈસા પાસે રાખતા નથી.) છતાં અગણિત ધનવાન છો. કોઈપણ જાતની ક્રિયા કરતા નથી કારણ કે શરીર જ નથી. છતાં

કર્તાપદવાળા છો. તમે સંત છો (શાન્તમુદ્રાવાળા છો) છતાં સર્વથી અજેય છો અને કોઈકાલે વિનાશ ન પામો તેવા છો. ॥ ૨ ॥

**વિવેચન :-** જે જે નાથ હોય (રાજા હોય) છે. તે તે પોતાના આશ્રિતની હંમેશાં રક્ષા કરે છે. હે પરમાત્મા ! તમે વીતરાગદશા વાળા અને આત્મસ્વભાવમાં જ લયલીન હોવાથી અન્ય કોઈપણ જીવની રખેવાલી કરતા નથી. કોઈ જીવ નરકમાં જતો હોય. કોઈ જીવને અન્ય જીવો હણતા હોય તો તેની રખેવાલી કરવા તમે મોક્ષમાંથી સંસારમાં આવતા નથી. આમ વીતરાગ હોવાથી સર્વથા નિર્લેપ છો. છતાં પણ તમે ત્રણે લોકના નાથ છો. ત્રણે લોકના જીવો તમને નાથ (સ્વામી) તરીકે સ્વીકારે છે. આ મોટું આશ્ચર્ય છે.

તથા તમે સંસાર છોડીને સાધુ થયા હતા. ત્યારબાદ ઘાતીકર્મો ખપાવી કેવળજ્ઞાની બન્યા હતા અને હાલ અઘાતી કર્મોથી પણ રહિત બની મુક્તિમાં પધાર્યા છો. એટલે તમારી પાસે સોનુ-રૂપુ કે નાણાં એ દ્રવ્ય બીલકુલ નથી. છતાં તમે અનંત ધનવાળા છો. તમારી પાસેનું (જ્ઞાનાદિ ગુણોનું) ધન કોઈ લઈ ન શકે, લુંટી ન શકે તેવું છે. આ પણ આશ્ચર્યકારી બીના છે.

તથા હે પ્રભુ ? તમે અશરીરી હોવાથી ગમનાગમનની ક્રિયા વિનાના છો તો પણ પોતાના અનંતગુણોના કર્તાપદે બીરાજો છો તથા આરાધક જીવોને પોતાના ગુણોનો આવિર્ભાવ કરવામાં આરાધ્ય રૂપે કર્તાભાવ વાળા છો. તમારી આ બધી વર્તણુક આશ્ચર્ય ઉપજાવે તેવી છે.

તથા વળી તમે સંત છો મહાત્મા છો. ઉત્તમ પુરુષ છો એટલે ક્રોધાદિ અને યુદ્ધાદિભાવોથી રહિત છો છતાં તમને કોઈ જીતી ન શકે તેવા અજેય પણ છો.

જે રાજા યુદ્ધમાં ઉતરે સામેના રાજાને જિતવા ન દે, સામેના રાજાનો પરાભવ કરે તો જ તે અજેય કહેવાય. તમે તો શાન્તમુદ્રાવાળા

છો, યુદ્ધમાં ઉતરતા જ નથી. કોઈની પણ સાથે યુદ્ધ કરતા જ નથી. અત્યન્ત શાન્ત-ગંભીર અને ક્રોધાદિભાવોથી રહિત છો તો પણ સર્વથી અજેય છો. રાગ-દ્વેષ આદિ મોહના વિકારો, પરિષહો અને ઉપસર્ગોથી અજેય છો.

કોઈ કાલે તમે સિદ્ધાવસ્થામાંથી પડવાના નથી તે સિદ્ધ અવસ્થામાં સદાકાળ રહેનારા છો માટે અનંત પણ છો. તમારૂં આ ચરિત્ર સર્વ શ્રોતાગણને આશ્ચર્યકારી લાગે છે. ॥ ૨ ॥

• • •

**અગમ અગોચર અમર તું, અન્વય ઋદ્ધિ સમૂહ હો ॥ જિનજી ॥**
**વર્ણ ગંધ રસ, ફરસ વિણું, નિજભોક્તા ગુણવ્યૂહ હો ॥ જિનજી ॥**
**શ્રી સુપાસ આનંદ મેં ॥ ૩ ॥**

**ગાથાર્થ :-** હે વીતરાગ પરમાત્મા ? સામાન્ય જ્ઞાની માણસોથી ન જાણી શકાય એવા અગમ્યસ્વરૂપવાળા આપ છો. તથા ઈન્દ્રિયોના જ્ઞાનથી અગોચર છો. તથા આયુષ્યકર્મ ન હોવાથી અમર (મૃત્યુ વિનાના) છો. કેવળજ્ઞાનાદિક આત્મિકગુણોની સંપત્તિરૂપ ઋદ્ધિના સમૂહ વાળા છો. તથા વર્ણ-ગંધ-રસ અને સ્પર્શ આદિ પૌદ્ગલિક ભાવો વિનાના છો. પોતાના ગુણોના ભોક્તા છો તથા અનંત આત્મગુણોના વ્યૂહાત્મક છો. ॥ ૩ ॥

**વિવેચન :-** હે વીતરાગ પરમાત્મા ! સામાન્ય મતિ - શ્રુતજ્ઞાનવાળા છદ્મસ્થ આત્માઓ દ્વારા ન જાણી શકાય તેવા અગમ્યસ્વરૂપવાળા આપ છો. આપના સ્વરૂપને જાણવા ગમે તેટલો પ્રયત્ન કોઈ પણ માણસ કરે તો પણ છદ્મસ્થ જ્ઞાનીઓ તમારૂ સ્વરૂપ ન જાણી શકે તેવું છે માટે આપ અગમ્ય છો.

તથા ઈન્દ્રિયોના વિષયથી અગોચર છો. એટલે કે ઈન્દ્રિયોથી દેખી શકાય કે ન જાણી શકાય તેવા તમે છો.

વળી આયુષ્યકર્મ ક્ષીણ થયેલ હોવાથી મુક્તાવસ્થામાંથી ક્યારેય પણ ચ્યવવાના નથી. અર્થાત્ અમર છો (મરણ વિનાના છો.) તથા અન્વય ઋદ્ધિના સમૂહવાળા છો. સદાકાળ આત્માની સાથે રહેનારી જ્યાં આત્મા ત્યાં જે સંપત્તિ અવશ્ય હોય જ એવી અનંતજ્ઞાન અનંતદર્શન અને અનંતચારિત્રાદિ ગુણોની જે ઋદ્ધિ (સંપત્તિ) તેના સમૂહથી સદાકાળ ભરેલા જ રહો છો ક્યારેય એક કણ જેટલી પણ ગુણની ઋદ્ધિ કમ-ઓછી થતી નથી. એવા તમે છો.

તથા કષાય મોહ માયા વિકારીવૃત્તિઓ ઈત્યાદિ દોષોનો સદાકાળ અભાવ હોવાથી અકષાયી, નિર્મોહી, માયાકપટરહિતતા તથા સદા નિર્વિકારીભાવ ઈત્યાદિ વ્યતિરેક સંપત્તિથી પણ આપશ્રી સદાકાળ ભરેલા છો.

વળી હે પ્રભુ ! મુક્તિમાં ગયા પછી ક્યારેય તમે શરીરાદિ પુદ્ગલનો સંયોગ કરવાના નથી, માટે વર્ણ ગંધ રસ અને સ્પર્શ ઈત્યાદિ પરદ્રવ્યના ગુણોથી સદા રહિત છો. અવર્ણી, અગંધયુક્ત, અરસ અને અસ્પર્શવાળા છો.

સદાકાળ પોતાના આત્માના ક્ષાયિકભાવવાળા ગુણોના જ ભોક્તા છો. પરદ્રવ્યનો ભોગ સર્વથા જેણે ત્યજી દીધો છે તેવા તમે છો તથા કેવળજ્ઞાન કેવળદર્શન અવ્યાબાધસુખ અનંતચારિત્ર. અક્ષયસ્થિતિ અરૂપી પણું અગુરૂલઘુ અને અનંતવીર્ય ઈત્યાદિ અનંતગુણોના સમૂહથી ભરપૂર ભરેલા છો. હે વીતરાગ પ્રભુ ! આપ આવી અવર્ણનીય અનેક સંપત્તિથી યુક્ત છો. વધારે તો શું કહીએ ? આમ અવર્ણનીય અનંત સંપત્તિના આપશ્રી ભોક્તા છો. ॥ ૩ ॥

• • •

**અક્ષય દાન અચિંતના, લાભ અયત્ને ભોગ હો ॥ જિનજી ॥**
**વીર્ય શક્તિ અપ્રયાસતા, શુદ્ધ સ્વગુણ ઉપભોગ હો ॥ જિનજી ॥**
**શ્રી સુપાસ આનંદ મેં ॥ ૪ ॥**

**ગાથાર્થ :-** ક્ષય ન પામે તેવું દાન, ચિંતવી ન શકાય તેવો લાભ, વિના પ્રયત્ને ભોગ, પ્રયાસ વિનાની વીર્યશક્તિ, તથા શુદ્ધ એવા પોતાના ગુણોનો જ નિરંતર ઉપભોગ આવા આવા ઘણા ગુણો આપશ્રીમાં સાદિ અનંતભાંગે પ્રગટ થયા છે. ॥ ૪ ॥

**વિવેચન :-** હે વીતરાગ પરમાત્મા ! તમે અનંત અનંત ગુણોનો પ્રતિસમયે ઉપભોગ કરો છો. તમારામાં પ્રગટ થયેલા વીર્યગુણથી જ્ઞાન-દર્શન-ચારિત્ર ગુણમાં નિત્ય પ્રવર્તન કરનારા છો. એટલે સર્વગુણોમાં સહકાર આપે એવો વીર્યગુણ છે. તથા જ્ઞાનગુણના ઉપયોગ વિના વીર્યગુણની પ્રવૃત્તિ થઈ શકે નહીં. તે માટે અનંતજ્ઞાન-ગુણવાળા પણ છો. તથા નિરંતર જ્ઞાનગુણમાં જ રમણતા કરવી આ જ આપશ્રીનો ચારિત્રગુણ છે. આ પ્રમાણે કોઈ પણ એક ગુણ બીજા ઘણા ગુણોને સહાયક છે.

તથા વળી હે પરમાત્મા ! તમે તમારા પોતાના આત્મામાં અનંત અનંત ગુણોને પ્રતિસમયે પ્રવર્તવા દો છો, આવવા દો છો. ગુણોને વર્તવાની છુટ આપો છો. આવો અનુપમ દાનગુણ આપનામાં છે. પોતાના ગુણોને પોતાના આત્મામાં પ્રવેશ કરવા દેવાના દાનગુણવાળા છો. સંસારના કેટલાક લોકો ધનનું દાન આપે. વસ્ત્રાદિનું દાન આપે. સોના-રૂપાનું દાન આપે. પરંતુ તે દાન પરદ્રવ્યનું હોવાથી લીમીટવાળું જ હોય અને અમુકકાળ પુરતું જ હોય જ્યારે આપશ્રી તો સ્વગુણોનું (પોતાના ગુણોનું) આ આત્માને દાન કરો છો તે ક્યારેય ખુટતું નથી. અટકતું નથી. એટલે અક્ષયદાન ગુણવાળા છો.

તમારા આત્મામાં અનંત અનંત ગુણોનો જે લાભ થયો છે. તે અચિન્ત્ય-ન ચિતવી શકાય અર્થાત્ ન કલ્પી શકાય તેવો છે. અલ્પનીય એવા અનંત ગુણોનો ઉઘાડ થવો એ અનંત લાભગુણ આપનામાં છે.

તથા લોકોને જે ભોજનાદિ પ્રાપ્ત થયાં હોય તેને ખાવાં-પીવાં હોય એટલે કે તેનો ભોગ કરવો હોય તો તે આહારને લેવા હાથ હલાવવા પડે. ચાવવા માટે મુખ ચલાવવું પડે. પકાવવા માટે જઠરાગ્નિને મજબૂત કરવી પડે. જ્યારે આપશ્રી તો પોતાને મળેલા ગુણોનો ભોગવટો આવા પ્રકારના કોઈપણ જાતના પ્રયત્ન વિના જ કરો છો એટલે કાયિકાદિના પ્રયત્ન વિના જ ભોગગુણવાળા છો.

વળી હે પરમાત્મા ! સર્વ ગુણોમાં પ્રવર્તવામાં સહાય કરે તેવા અમાપ અનંત વીર્યગુણવાળા છો. પ્રતિસમયે ઘણું ઘણું વીર્ય કેવળજ્ઞાનાદિના ઉપયોગમાં પ્રવર્તાવારૂપે વાપરો છો તો પણ ક્યારેય ન ખુટે તેવા અનંતવીર્યગુણવાળા આપશ્રી છો.

તથા ક્ષાયિકભાવે પ્રગટ થયેલા પોતાના જ અનંત ગુણોનો નિરંતર ઉપભોગ કરનારા છો આ ઉપભોગ ક્યારેય પણ વિરામ ન પામે તેવો અપાર છે.

આ પ્રમાણે સ્વરૂપનું જ દાન, સ્વરૂપનો જ લાભ, સ્વપર્યાયનો જ ભોગં, સ્વગુણોનો જ ઉપભોગ, અને પોતાની જ વીર્યપરિણતિનો સહકાર આવા પ્રકારના ક્ષાયિક ભાવના પાંચે ગુણો આપશ્રીમાં પ્રગટ થયા છે અને તેનો આપશ્રી નિરંતર ઉપયોગ કરો છો. તમને અમારા ભાવથી લાખો લાખો વંદન હોજો કે જે પરમાત્મા સદાકાળ સ્વગુણોની જ રમણતાવાળા છે. પરભાવનો લેશ અંશમાત્ર પણ જ્યાં નથી. તેના કારણે જ કર્મબંધાદિથી સર્વથા રહિત છો. ॥ ૪ ॥

• • •

**એકાન્તિક આત્યંતિકો, સહજ અકૃત સ્વાધીન હો ॥ જિનજી ॥**
**નિરુપચરિત નિર્દ્વન્દ્વ સુખ, અન્ય અહેતુક પીન હો ॥ જિનજી ॥**
**શ્રી સુપાસ આનંદ મ ॥ ૫ ॥**

**ગાથાર્થ :-** એકાન્તિક, આત્યન્તિક, સ્વાભાવિક, કોઈના વડે પણ નહી કરાયેલું, અર્થાત્ પોતાના આત્માને જ આધીન, અકૃત્રિમ સ્વાધીન ઉપચાર વિનાનું, જોડકા વિનાનું, અન્યકારણો નથી જેમાં તેવું તથા પુષ્ટ (પ્રબળ) એવું સુખ આપશ્રીમાં વર્તે છે. ॥ ૫ ॥

**વિવેચન :-** હે વીતરાગ પરમાત્મા ! સંસારી જીવોના ભૌતિકસુખ કરતાં તો આપશ્રીનું ગુણો સંબંધીનું સુખ ન કલ્પી શકાય, ન સમજી શકાય, બુદ્ધિમાં પણ ન ઉતરે તેવું અમાપ અને અકલ્પનીય છે તથા નીચે સમજાવાતા નવ વિશેષણવાળું તે સુખ છે.

**(૧) એકાન્તિક** - કેવળ એકલું સુખ જ છે. જ્યાં સુખ કાળે કે સુખનો ઉપભોગ કર્યા પછી પણ ક્યારેય દુઃખ આવવાનું જ નથી. એવું એકાન્તિક સુખ જ માત્ર છે, દુઃખ તો લેશમાત્ર પણ નથી.

**(૨) આત્યન્તિક** - અત્યન્ત સુખ સર્વથી શ્રેષ્ઠ સુખ. જે આપના સુખ કરતાં સંસારમાં ક્યાંય વધારે સુખ નથી એવું સર્વોત્તમ અને સર્વશ્રેષ્ઠ સુખ છે.

**(૩) સહજ** - સંસારી લોકોના સુખમાં પલંગ ગાદી. ભોજન, પાણી, વસ્ત્ર આદિ અનેક પરપદાર્થોનો યોગ જોડવો પડે. અનેક પૌદ્ગલિક વસ્તુઓ લાવવી પડે. તેથી પરાધીનતાવાળું સુખ છે. મોટર ગાડીવાળાને સુખ છે પણ પરાધીન છે તે મોટરગાડી ક્યાં અટકે, ક્યારે અટકે, કેવી ભીટકાય કેવો એક્સીડંટ થાય તે કંઈ નક્કી નહીં. જ્યારે આપશ્રીને તો આપશ્રીના ગુણોનું જ અનંત સુખ છે. કે જે સુખ સ્વાભાવિક છે. વૈભાવિક નથી. કોઈ પણ પરપદાર્થની અપેક્ષા વિનાનું સુખ છે. આ સુખ તો જે માણે તે જ જાણે તેવું છે. સંસારી જીવોને તો તે સુખની ગંધ પણ ન આવી શકે આવું સ્વાભાવિક સ્વગુણોનું અમાપ સુખ છે.

**(૪) અકૃત** - આત્માના ગુણોના ઉપભોગનું જે સુખ છે તે કોઈ

પણ પ્રકારના પરપદાર્થોવડે કરાયેલું સુખ નથી. માટે અકૃત છે એટલે કે અકૃત્રિમ સુખ છે. જે સુખ પરપદાર્થો વડે કરાયેલું હોય છે તે પરપદાર્થોની અપેક્ષા વાળું હોવાથી પરાધીન છે. અને અમુકકાળ પુરતું જ હોય છે માટે તે વાસ્તવિક સુખ જ નથી. મોક્ષના જીવોને આવું પરાધીન સુખ નહીં. પરંતુ સ્વાધીન અને કોઈ પણ પ્રકારના પરપદાર્થો વડે નહીં કરાયેલું અકૃત્રિમ અનંત સુખ હોય છે.

(૫) **સ્વાધીન** - હે પરમાત્મા ! તમારૂં સુખ તમારા પોતાના આત્માને જ આધીન છે. તેમાં કોઈ અન્ય પરપદાર્થનો યોગ કરવો પડતો નથી. પરપદાર્થની આધીનતા નથી.

(૬) **નિરુપચિત** - ઉપચાર વિનાનું આ સુખ છે. જેમાં કોઈ પણ પ્રકારનો આરોપ કરવો પડે. ઉપચાર કરવો પડે તેવું આ સુખ નથી. સર્વ પ્રકારની કલ્પનાઓથી રહિત આ મુક્તિસુખ છે.

(૭) **નિર્દ્વન્દ્વ** - જોડકા વિનાનું આ સુખ છે. સંસારનાં તમામ સુખો દુઃખોથી મિશ્ર હોય છે જેમ કે સંસારમાં ખાણી-પીણીનું જે સુખ છે. તે ભોજન માટેના પૈસા કમાવવા મજુરી કરવી. નોકરી કરવી. ઈત્યાદિ અનેક દુઃખોથી પણ ભરેલું છે. તથા વધારે ભોજન થઈ જાય તો અજીરણ - ઉલટી - પેટપીડા આદિ દુઃખોથી પણ ભરેલું સુખ છે એટલે કે સુખ-દુઃખનું દ્વન્દ્વ જ હોય છે. અલ્પમાત્રાએ પણ દુઃખ ન હોય અને કેવળ એકલું સુખ જ હોય એવું નિર્દ્વન્દ્વ સુખ તો મુક્તિમાં જ છે.

(૮) **અન્ય અહેતુક** - સંસારનાં તમામ સુખો અન્ય પદાર્થોની કારણતાવાળાં છે જેમકે ખાવાનું સુખ પૌદ્ગલિક પદાર્થોની અપેક્ષાવાળું છે. ઉંઘવાનું સુખ અનુકૂળ પથારી ગાદલા આદિની અપેક્ષાવાળું છે. રહેવાનું સુખ મકાન આદિની અપેક્ષાવાળું છે. તેવી રીતે ભોગસુખ સ્ત્રી આદિ અન્ય પદાર્થોની અપેક્ષાવાળું છે. જ્યારે મુક્તિગત જીવમાં

ગુણોનું જે સુખ છે તે આવા પ્રકારના કોઈપણ પરપદાર્થોની અપેક્ષા વિનાનું છે. માટે અન્ય અહેતુક સુખ કહેવાય છે.

(૯) **પીન** - પુષ્ટ સુખ અર્થાત્ પ્રબળ સુખ છે. ક્યારેય ખુટે નહીં તેવું ક્યારેય ઓછું ન આવે તથા ઓછું ન થાય તેવું પ્રબળ સુખ છે.

આ પ્રમાણે મુક્તિમાં ગયેલા આત્માઓને પોતાના જ ગુણોનું જે સુખ છે તે અવર્ણનીય અને અમાપ સુખ છે. આવા સુખની કલ્પના પણ સંસારીજીવોમાં આવતી નથી. તેથી જ ઘણા અજ્ઞાનીજીવો આવું બોલતા હોય છે કે મોક્ષમાં જઈને શું કરવાનું ? ત્યાં નથી ખાવાનું સુખ કે નથી સારાં ઠંડાં પીણાનું સુખ, કે નથી ઉંઘવાની પથારીનું સુખ, કે નથી સ્ત્રી આદિની સાથેના ભોગનુ સુખ, આવી આવી કલ્પનાઓ ઘણા સંસારી જીવો કરતા હોય છે. જેઓએ ગુણોના સુખનો સ્વાદ ચાખ્યો જ નથી હોતો તેઓને આ સુખની કલ્પના પણ આવી શકતી નથી. ॥ ૫ ॥

• • •

**એક પ્રદેશે તાહરે, અવ્યાબાધ સમાય હો ॥ જિનજી ॥**
**તસુ પર્યાય અવિભાગતા, સર્વાકાશ ન માય હો ॥ જિનજી ॥**
**શ્રી સુપાસ આનંદમેં ॥ ૬ ॥**

**ગાથાર્થ :-** હે પરમાત્મા ! તમારા આત્માના કોઈપણ એક આત્મપ્રદેશમાં જે અવ્યાબાધ સુખ સમાયેલું છે. (રહેલું છે) તેનો જેના બે ભાગ ન થાય તેવો એક પર્યાય (એક નાનો ટુકડો) પણ લોક-અલોક એમ સર્વ આકાશમાં પણ ન માય તેવો છે. ॥ ૬ ॥

**વિવેચન :-** હે પરમાત્મા ! તમારા આત્માના એક એક પ્રદેશમાં જે અનંત અનંત ગુણો છે. તે ગુણોનો એક નાનો અંશ. (કે જેના કેવલીભગવાનની બુદ્ધિએ પણ બે ભાગ ન થાય તેવો) અવિભાજ્ય

અંશ (તમારા ગુણોના સુખનો આટલો) નાનો અંશ પણ જો લોકમાં છુટો મુકીએ તો લોકાકાશ અને અલોકાકાશના સર્વ આકાશપ્રદેશોમાં તેને રાખીએ તો પણ માય નહીં સમાય નહીં એટલો અમાપ સુખનો લવ છે.

સારાંશ કે લોક-અલોકના સર્વ આકાશપ્રદેશો કરતાં આપના એક આત્મપ્રદેશનું અવ્યાબાધસુખ અમાપ છે. અનંત અવિભાગવાળું આપનું આત્મગુણોનું સુખ છે આ સુખ તો જે માણે તે જ જાણે તેવું છે ભૌતિકસુખની બુદ્ધિવાળાને તો આ અવ્યાબાધસુખ કલ્પનામાં પણ ન આવે તેવું છે. ॥૬॥

• • •

**એમ અનંતગુણનો ધણી, ગુણ ગણનો આનંદ હો ॥ જિનજી ॥**
**ભોગ રમણ આસ્વાદયુત, પ્રભુ તું પરમાનંદ હો. ॥ જિનજી ॥**
**શ્રી સુપાસ આનંદમેં ॥ ૭ ॥**

**ગાથાર્થ :-** હે વીતરાગ પરમાત્મા ! આપશ્રી આ પ્રમાણે અનંત અનંત ગુણના સ્વામી છો. અને આપનામાં વર્તતા અનંત ગુણોનો જે સમૂહ છે. તેનો જ પરમઆનંદ તમારામાં વર્તે છે. તથા તે જ અનંત ગુણોને ભોગવવાનું, તે જ અનંત ગુણોમાં રમવાનું, તથા તે જ અનંત ગુણોના આસ્વાદનથી આપ યુક્ત છો. તેથી જ હે પરમાત્મા તમે પરમાનંદવાળા છો. ॥ ૭ ॥

**વિવેચન :-** આ પ્રમાણે હે વીતરાગ પરમાત્મા ? તમે અનંત અનંતગુણોના સ્વામી છો. તમારામાં રહેલા ગુણો ગણી શકાય તેમ પણ નથી, જાણી શકાય તેમ પણ નથી એટલા બધા અપાર અને અગણિત ગુણો છે તે ગુણોનું જ સુખ આપશ્રીમાં અપાર છે આપશ્રીમાં વર્તતા થોડાક ગુણોનાં નામો લખીએ છીએ.

જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, અવ્યાબાધસુખ, અરૂપિત્વ અનંતદાન, અનંતલાભ, અનંતભોગ, અનંતઉપભોગ, સ્વગુણોનું કર્તૃત્વ, સ્વગુણોનું ભોક્તૃત્વ, સ્વગુણોમાં જ પરિણામ પામવાપણું, અણાહારિત્વ, અચલત્વ, અક્રિયત્વ, શુદ્ધસત્તાનું આવિર્ભાવપણું, અવિનાશિત્વ, અનંતત્વ, અજત્વ (જન્મ રહિતત્વ) અનાશ્રયિત્વ (કોઈનો પણ આશ્રય નહી લેવાપણું). અશરીરિત્વ, અયોગિત્વ, અલેશિત્વ, અવેદિત્વ, અકષાયિત્વ, અસંખ્યાતપ્રદેશિત્વ, નિત્યત્વ તથા અનિત્યત્વ, એકત્વ અને અનેકત્વ, સત્ત્વ અને અસત્ત્વ, ભેદત્વ અને અભેદત્વ, ભવ્યત્વ, પોતાના ગુણોમાં પરિણામ પામવાની યોગ્યતાવાળાપણું તેવી ભવ્યતા અને અભવ્યત્વ પરદ્રવ્યો સાથે સમાન આકાશ પ્રદેશોમાં રહેવા છતાં તે દ્રવ્ય સ્વરૂપે ન થવા પણું આવી અભવ્યતા સામાન્યત્વ અને વિશેષત્વ, આવા પ્રકારના અનંત અનંત ગુણોના આપ સ્વામી છો.

તે તે ગુણોનો ભિન્ન ભિન્ન આનંદ છે. જેમ સંસારી જીવને ધનનું સુખ, રૂપનું સુખ, ભોજનનું સુખ, જોવાનું સુખ, સ્થાનનું સુખ, ભિન્ન ભિન્ન છે, તેમ પરમાત્મામાં દરેક ગુણોનું સુખ ભિન્ન ભિન્ન છે. આ કારણે ગુણો અનંત હોવાથી એક એક ગુણનો અનંત અનંત આનંદ આ જીવમાં પ્રવર્તે છે.

જેટલા ગુણોનો આનંદ છે. તેટલા ગુણોનો ઉપભોગ પણ પ્રવર્તે છે. કારણ કે ગુણોનો ઉપભોગ (અનુભવ) કરે તો જ તેનો આનંદ અનુભવાય. અન્યથા તે આનંદનો અનુભવ ન થાય. તથા પ્રતિસમયે તે તે અનંત ગુણોમાં આ જીવની રમણતા પણ વર્તે છે તે રમણતાનો પણ ઘણો આનંદ છે.

આ રીતે અનંતા ગુણોને અનુભવતો છતો આ જીવ અનંત આનંદને વિલસે છે. માટે અનંતા આનંદનો આસ્વાદ છે. તેથી હે પરમાત્મા ! તમે પરમાનંદી છો. ॥ ૭ ॥

● ● ●

**અવ્યાબાધ રુચિ થઈ, સાધે અવ્યાબાધ હો ॥ જિનજી ॥**
**દેવચંદ્ર પદ તે લહે, પરમાનંદ સમાધ હો. ॥ જિનજી ॥**
**શ્રી સુપાસ આનંદમેં ॥ ૮ ॥**

**ગાથાર્થ :-** પરમાત્માના અવ્યાબાધ સુખની વાર્તા શાસ્ત્રોમાંથી સાંભળીને તેવું સુખ મેળવવાની રૂચિ જેને થાય. તે જીવ તેવા અવ્યાબાધ સુખને સિદ્ધ કરે. (પ્રાપ્ત કરે) અને આવો જીવ જ દેવોમાં ચંદ્રમાસમાન એવું જે પદ (અરિહંતપદ અને સિદ્ધપદ) તેને પ્રાપ્ત કરે અને પરમાનંદપદ તથા પરમસમાધિવાળી અવસ્થા આવો જીવ પ્રાપ્ત કરે છે. (ગર્ભિત રીતે **દેવચંદ્ર પદ** આ પદમાં કર્તાએ પોતાનું નામ સુચવ્યું છે.) ॥ ૮ ॥

**વિવેચન :-** કોઈપણ જાતની આધિ-વ્યાધિ અને ઉપાધિ વિનાનું પરમાનંદરૂપ અવ્યાબાધ સુખ પરમાત્માશ્રી વીતરાગદેવમાં જ છે આવો મને પાકો નિર્ણય થયો છે. તથા એવો પણ મને નિર્ણય થયો છે કે જેવું વીતરાગદશાવાળું અને પરમાનંદસ્વરૂપ આત્માનું સ્વરૂપ શ્રી સુપાર્શ્વનાથનું છે તેવું જ સુખ મારા આત્મામાં પણ છે. આ વાત શાસ્ત્રોથી હવે મને સમજાણી છે તો મારા જ આત્મામાં સત્તાગત રહેલું જે આવું પરમાનંદસ્વરૂપ સુખ છે. તેને મારે મેળવવું જોઈએ. આવો ઉપયોગ મને આવ્યો છે. હવે મને તેની લગની લાગી છે.

જેમ ચાતકપક્ષી વરસાદના પાણીની આતુરતાપૂર્વક ઝંખના કરે છે. તેમ મારો આ જીવ પણ અવ્યાબાધ એવા આત્મિકગુણોના સુખની તીવ્ર ઉત્કંઠાવાળો થયો છતો પુદ્ગલના સંયોગજન્ય જે ખાણી પીણીના વ્યવહારોનું તથા અનુકૂળતારૂપ જે શારીરિકાદિ સુખ છે તે તો આ જીવને મોહાન્ધ કરવા દ્વારા અનંતસંસારમાં ભટકાવનાર છે. માટે વિષભક્ષણથી પણ અધિક ભયંકર છે એમ સમજીને તે સુખ તો

આત્મસ્વરૂપનું ઘાતક છે આવું જાણીને તે સુખથી હું ઉદ્વેગ પામ્યો છતો ફક્ત આત્મગુણોની રમણતાનું સુખ મને ક્યારે પ્રગટે ? તેની જ હવે મને લગની લાગી છે અને સાંસારિક ભાવોથી ઉદાસીન બનીને આત્માના ગુણોની સાધનામાં સહાયક એવા મુનિરાજના ચરણકમલોની ભાવપૂર્વક સેવા કરતાં કરતાં આ આત્મા પોતે જ પોતાના આત્મામાંથી જ અવ્યાબાધસુખ પ્રગટ કરવા માટે ગુરુજીની પાસે સ્યાદવાદયુક્ત એવી આગમવાણીનું શ્રવણ કરે. પાંચ આશ્રવોનો વિરામ કરે, શુદ્ધ સંયમની પાલના કરે, શરીર પ્રત્યે નિઃસ્પૃહ થઈને તપ-જપ-સાધના આદિ કાર્ય કરીને પોતે જ પોતાનો મોક્ષ સાધે. આમ હવે હું ઇચ્છું છું.

શાસ્ત્રમાં કહ્યું છે કે -

**पंचासवविरत्ता, विसयविजुत्ता समाहिसंपत्ता ।**
**रागदोषविमुत्ता, मुणिणो साहंति परमत्थं ॥**
**आउस्स खीणमाणा, सुप्पाणवियोगेवि जे समाहिपया ।**
**सावय दट्ठवयावि हु मुणिणो साहंति परमत्थं ॥**

પાંચ આશ્રવથી વિરક્ત બનેલા, પાંચ ઇન્દ્રિયોના વિષયમાંથી વિયુક્ત (ત્યાગી) બનેલા, સમાધિઅવસ્થાને પામેલા તથા રાગ અને દ્વેષથી રહિત બનેલા મુનિઓ પરમાર્થને સાધે છે.

આયુષ્યકર્મ દિવસે દિવસે ઓછું થાય છે. એમ સમજીને પોતાના પ્રાણોનો વિયોગ (મૃત્યુ) થાય તો પણ સમાધિપદમાં વર્તનારા, શિકારી પ્રાણીઓ સામે આવે તો પણ દઢ વ્રતવાળા જે જીવો સ્થિર રહે છે આવા તે મુનિઓ પરમાર્થને સાધે છે.

આવા મહાત્માઓ ત્રણેકાળે પાંચ ઇન્દ્રિયોના વિષયોને નહી ઇચ્છનારા, તત્ત્વની ગવેષણા કરનારા, તત્ત્વના જ રસિક, તત્ત્વપ્રાપ્તિમાં

જ આનંદ માણવાની રૂચિવાળા, પોતાના આત્માનું જ યથાર્થતત્ત્વ અનાદિકાળથી કર્મોવડે દબાયેલું છે તે પ્રગટ કરવા માટે, સર્વ પ્રકારના પૌદ્‌ગલિકભાવોથી વિરક્ત બનીને જે આત્મા પોતાના શુદ્ધ આત્મસ્વરૂપને પ્રગટ કરે છે અને ઉત્તમ નિમિત્તોનું અવલંબન લઈને પોતાના જ સ્વરૂપમાં લયલીન બનીને ક્ષમકશ્રેણી ઉપર આરોહણ કરીને ઘનઘાની કર્મોને ખપાવીને સયોગી કેવલી થઈને શૈલેશીકરણ કરીને સર્વથા કર્મરહિત બનીને દેવોમાં (એટલે મુનિઓમાં) ચંદ્રમા સમાન એવું અરિહંતપદ પ્રાપ્ત કરીને પરમાનંદની ઉત્તમ સમાધિને સાધે છે.

સકર્માવસ્થા એ મહાવ્યાધિ છે અને નિરાવરણ નિઃકર્માવસ્થા એ પરમસમાધિ છે. શ્રી સુપાર્શ્વનાથ પ્રભુનું આલંબન લેવાથી આ જીવ આવી પરમાનંદસમાધિવાળી અવસ્થાને પામે છે માટે હે જીવ તું શ્રી સુપાર્શ્વનાથ પ્રભુની સેવા કર. ॥ ૮ ॥

સંરક્ષણ નથી છતાં અપાર લક્ષ્મીના નાથ છો. આમ પરસ્પર વિરોધી ભાવોથી ભરેલા છો. આપનું જીવન જ આશ્ચર્યકારી છે.

(ગર્ભિત રીતે **દેવચંદ્ર પદ** આ પદમાં કર્તાએ પોતાનું કર્તા તરીકેનું નામ સુચવ્યું છે.) ॥ ૮ ॥

**શ્રી સુપાર્શ્વનાથપ્રભુજીનું સ્તવન સમાપ્ત**

—o—

## આઠમા શ્રી ચંદ્રપ્રભ પરમાત્માનું સ્તવન

**શ્રી ચંદ્રપ્રભ જિનપદ સેવા, હેવાયે જેં હલીયા જી ।**
**આતમગુણ અનુભવથી મલિયા, તે ભવભયથી ટલિયાજી ॥ ૧ ॥**

**ગાથાર્થ :-** આઠમા શ્રી ચંદ્રપ્રભ પ્રભુજીના ચરણકમળની સેવા કરવાની રીતભાતમાં જે ટેવાયેલા છે. તે જીવો આત્માના ગુણોનો અનુભવ કરવાની સાથે એકાકાર બનેલા છે અને તેઓ જ ભવના ભયથી દૂર થયેલા છે. ॥ ૧ ॥

**વિવેચન :-** હેવાયે એટલે ચાલ અથવા રીતભાત, અને હલીયા એટલે ટેવાયેલા. હળેલા.

આઠમા શ્રી ચંદ્રપ્રભપ્રભુના ચરણકમલની સેવા કરવાની રીતભાતથી (હેવાયેં) જે મહાત્માઓ (હલિયા) ટેવાયેલા છે. જે મહાત્માઓ પરમાત્માની વંદના - સ્તુતિ - નમસ્કાર - પૂજા આદિ વિવિધ ઉપાયો દ્વારા સેવા કરવાની ટેવથી (સેવા કરવાની રીતભાતથી) ટેવાયેલા છે. અનુભવી બન્યા છે તે સેવામાં જ જેઓ એકાકાર થયા છે તે જીવાત્માઓ સ્વધર્મના (પોતાના જ્ઞાનાદિ ગુણોના) કર્તા, સ્વધર્મના ભોક્તા, પોતાના આત્માના ગુણોનો અનુભવ કરનારા બન્યા છે. આત્મગુણના ભોગી બન્યા છે. તેવા આત્માઓ ચાર ગતિમાં રઝળવારૂપ સંસારના ભયથી ટળ્યા છે. એટલે કે નરક - તિર્યંચ - મનુષ્ય અને દેવ એમ ચાર ગતિમાં રખડવા રૂપ અનંતકાળ જન્મ-મરણાદિ દુઃખો જ પામવાનો જે ભય હતો. તે ભયથી ટળ્યા છે તેવા ભયવિનાના બન્યા છે. કારણ કે પરમાત્માની સ્તવના - વંદના - પૂજનાદિ કાર્ય કરતાં આ આત્માનાં કર્મો તુટી જતાં સંસારની રખડપટ્ટી બહુ જ પરિમિત થઈ ગઈ છે એટલે ભવમાં ભટકવાનો ભય આવા જીવને હવે રહેતો નથી.

જ્યાં કારણ પ્રાપ્ત થયું હોય ત્યાં કાર્ય નિપજે જ, આ ન્યાયે જ્યાં આ આત્મા અરિહંત પરમાત્માની સેવા કરવાના ભાવમાં પરિણામ પામ્યો. પ્રભુ મળ્યાનો હર્ષ થયો, ત્યારે જ સંસારની રખડપટ્ટી તુટી જાય છે. અતિશય અલ્પ થઈ જાય છે. ભગવાનની ભક્તિ-પૂજા-સ્તવના કરતાં ભક્તનો સંસાર કપાઈ જાય છે. અલ્પમાત્રાવાળો થઈ જાય છે. ॥ ૧ ॥

• • •

**દ્રવ્યસેવ વંદન નમનાદિક, અર્ચનવલી ગુણગ્રામોજી ।**
**ભાવ અભેદથાવાની ઇહા, પરભાવે નિઃકામો જી ॥**
**શ્રી ચંદ્રપ્રભ જિનપદ સેવા ॥ ૨ ॥**

**ગાથાર્થ :-** વીતરાગ પરમાત્માની સેવા ચાર પ્રકારે હોય છે (૧) નામસેવા, (૨) સ્થાપના સેવા, (૩) દ્રવ્યસેવા, (૪) ભાવસેવા.

ત્યાં વંદન નમનાદિ તથા ગુણોના સમૂહનું પૂજનાદિ દ્રવ્યસેવા કહેવાય છે તથા ભાવ સેવાની સાથે અભેદ થવાની જે પ્રબળ ઈચ્છા તથા પરભાવદશામાં જવાની અનિચ્છા આ સઘળી દ્રવ્ય સેવા જાણવી ॥૨॥

**વિવેચન :-** ત્યાં પરમાત્માના નામનું વિશેષ પ્રકારે રટન કરવું. તેમના નામની માળા ગણવી તે નામસેવા. તથા તેમની મૂર્તિની ફોટાની વંદના-સ્તવના કરવી તે સ્થાપના સેવા, આ બન્ને સેવા સુગમ છે. દ્રવ્યસેવાના બે ભેદ છે એક આગમથી અને બીજી નોઆગમથી.

ત્યાં સેવનાપદનો જે અર્થ જાણે સેવા કરવાની વિધિ પણ જાણે પણ સેવા કરતી વખતે ઉપયોગ ન હોય તે આગમથી દ્રવ્યસેવા કહેવાય છે. ઉપયોગની શૂન્યતાએ જે કામ થાય તે દ્રવ્ય કહેવાય છે.

દ્રવ્યસેવાનો બીજો ભેદ જે નોઆગમથી દ્રવ્યસેવા છે. તેના ત્રણભેદ છે. (૧) જ્ઞશરીર, (૨) ભવ્યશરીર, અને (૩) તદ્વ્યતિરિક્ત સેવા.

ત્યાં જે આત્માઓ સેવા કરવાના ભાવમાં પરિણામ પામ્યા હતા, પરંતુ મૃત્યુ પામી પરલોકમાં સીધાવ્યા છે. પ્રાણમુક્ત બન્યા છે. તેમનાં શરીર તે જ્ઞશરીર દ્રવ્ય સેવા. કારણ કે આ શરીરમાં રહેલો આત્મા પહેલાં વંદનાદિ સેવાવિધિને જાણતો હતો. જાણકારી હતી તે આગમ, પરંતુ તે આત્મા હાલ નથી. માટે નોઆગમથી દ્રવ્ય નિક્ષેપ, આ રીતે આ આગમથી જ્ઞશરીરનો દ્રવ્યનિક્ષેપ કહેવાય.

તથા જે આત્મા હમણાં સેવાના પરિણામમાં પરિણત થયા નથી. પરંતુ ભવિષ્યકાળમાં ભાવસેવા કરવાના પરિણમવાળા બનશે. તે ભાવસેવાના પરિણામવાળા બનવાને યોગ્ય હોવાથી આગમથી ભવ્યશરીર દ્રવ્યનિક્ષેપ કહેવાય છે.

તથા આ જીવ સેવા કરવાની પ્રવૃત્તિમાં વર્તે પણ મારામાં ભાવસેવા કેમ આવે ? એવા ભાવે અંતરંગપણે ભાવસેવાનું કારણ બને તે રીતે દ્રવ્યસેવામાં જે વર્તે તે આગમથી તદ્વ્યતિરિક્ત દ્રવ્યસેવા કહેવાય છે.

તેમાં સાધનામાં વર્તતા મુનિ મહાત્માને વંદન નમસ્કાર આદિ કરવાની જે પ્રવૃત્તિ કરાય તે વ્યવહારનયથી દ્રવ્યસેવા, કારણ કે વંદના -નમસ્કારાદિનો વ્યવહાર ચાલું છે. બાહ્યક્રિયા દ્વારા કાયિક શુભયોગ છે અને દ્રષ્ટિગોચર થાય તેવી સેવા છે માટે દ્રવ્યસેવા.

તે ક્રિયા કરતાં કરતાં અંતરંગ પરિણામમાં જે બહુમાનાદિનો ભાવ છે તે ઋજુસૂત્રનયથી દ્રવ્યસેવા જાણવી, સારાંશ કે જે જીવ અરિહંતપરમાત્માને વંદના, કર જોડન, નમન, મસ્તક નમાવવું અંજલિગ્રહણ કરવું. ચંદન પુષ્પાદિકે પૂજા કરવી. ગુણગાન ગાવા. ઇત્યાદિ રીતે પ્રભુસેવા કરે છે તે સઘળી દ્રવ્યસેવા જાણવી. ભાવની રૂચિપૂર્વક જો દ્રવ્યસેવા કરાય તો તે દ્રવ્યસેવા પણ કર્મનિર્જરાનું કારણ બને છે.

પરંતુ ભાવરૂચિ વિના કરાતી દ્રવ્યસેવા તે બાલલીલા સમાન જાણવી. ભાવસેવાની સાથે અભેદ થવાની ઈચ્છાથી કરાતી દ્રવ્ય સેવા તે કામની છે. દ્રવ્યસેવા વિના એકલી ભાવસેવા હોય તો હજુ કર્મનિર્જરા કરાવે છે. પરંતુ ભાવસેવા વિનાની એકલી દ્રવ્યસેવા હોય તો તે બાળલીલાસમાન છે.

ભાવધર્મ વધારે પ્રધાન છે. દ્રવ્યધર્મ વિના ભાવધર્મ હોય તો હજુ પણ કલ્યાણ થાય છે. પરંતુ ભાવધર્મ વિના દ્રવ્યધર્મ માત્ર જ હોય તો કલ્યાણ થતું નથી. આત્માના ગુણોની પ્રાપ્તિની અભિલાષા વિના કરાતો પુણ્યકર્મનો બંધ એટલો બધો ઉપકારક થતો નથી. પુણ્યબંધની અભિલાષા વિના કરાતી દ્રવ્યસેવા પણ કામની છે. વિશેષવર્ણન ગુરુગમથી જાણવું. ॥ ૨ ॥

• • •

**ભાવસેવા અપવાદે નૈગમ, પ્રભુગુણને સંકલ્પે જી ।**
**સંગ્રહ સત્તા તુલ્યારોપે, ભેદાભેદ વિકલ્પે જી ॥**
**શ્રી ચંદ્રપ્રભ જિનપદ સેવા ॥ ૩ ॥**

**ગાથાર્થ :-** પરમાત્માના ગુણોનું આલંબન લેવાનો માનસિક જે સંકલ્પ થયો તે નૈગમનયથી અપવાદે ભાવસેવા જાણવી. તથા પરમાત્માના તુલ્ય ગુણોની સત્તા મારા આત્મામાં પણ રહેલી છે. આવું વિચારવું તે સંગ્રહનય જાણવો. તથા પરમાત્માના ગુણોની સાથે મારા આત્માનો અપેક્ષાએ ભેદાભેદ છે. આવા વિચારો કરવા તે સંગ્રહ નયથી અપવાદે ભાવસેવા જાણવી. ॥ ૩ ॥

**વિવેચન :-** આગમ અને નોઆગમના ભેદથી ભાવનિક્ષેપો બે પ્રકારે છે.

ત્યાં ભાવસેવાના અર્થને જાણે અને તેમાં ઉપયોગ પૂર્વક જે પ્રવૃત્તિ કરે તે આગમથી ભાવસેવા કહેવાય છે. તથા જે આત્માઓ

ભાવસેવા કરવામાં પરિણામ પામ્યા છે તેમની ભક્તિ કરવી સેવા કરવી વિગેરે નોઆગમથી ભાવસેવા કહેવાય છે.

અહીં મૂલભૂત વસ્તુનો ધર્મ વિચારીએ તો આ આત્મદ્રવ્ય સ્વતંત્રતત્ત્વ છે. સેવ્ય સેવકભાવ નથી. કોઈ આત્મા સેવ્ય હોય અને કોઈ આત્મા સેવક હોય આવો નિયમ નથી. સત્તાથી સર્વે પણ આત્માઓ અનંત અનંત ગુણોના સ્વામી હોવાથી સર્વ આત્માઓ સત્તાયે કરી સર્વ સમાન છે. તથા કોઈ આત્માના ગુણો બીજા આત્મામાં ક્યારેય પણ ટ્રાન્સફર થતા નથી. કોઈ પણ એક આત્મા બીજા આત્માના ગુણોને લેતા - દેતા નથી. સર્વે પણ આત્મદ્રવ્યો સ્વતંત્ર છે. પોત પોતાના ગુણોથી ભરપૂર ભરેલા છે.

પરંતુ સંસારી જીવ કર્મોને પરવશ થયેલો છે તેથી અઢારે પાપસ્થાનકોમાં પરિણામ પામ્યા છતા વિભાવદશાથી વાસિત થયો છતો પાંચ ઇન્દ્રિયોના વિષયભોગરૂપ પુદ્ગલદ્રવ્યોનો આ જીવ ભિખારી થયો છે તેથી પુદ્ગલસુખમાં આનંદિત થાય છે. તત્ત્વમાર્ગથી ચૂકે છે. મોહાન્ધતાને પામ્યો છે તેથી દુઃખમય અવસ્થાવાળો બને છે.

તેમાંથી જ્યારે જાગે છે અને પોતાના સ્વરૂપને પ્રગટ કરે છે કેવલજ્ઞાની થઈને મોક્ષે જાય છે ત્યારે સાચી યથાર્થ આત્મદશાનો સ્વામી બને છે, પરંતુ આવી ઉંચી પોતાની દશા હોવા છતાં જ્યારે કર્મવિનાના અને તત્ત્વભોગી એવા અરિહંત પરમાત્માનું આલંબન ગ્રહણ કરે છે ત્યારે જ આવી શુદ્ધદશા આ જીવની પોતાની પ્રગટે છે.

તેથી પોતાની આવી શુદ્ધદશા પ્રાપ્ત કરવા માટે સર્વગુણો જેમાં પ્રગટ થયા છે એવા સિદ્ધ પરમાત્માનું અવલંબન લઈને અંતરંગપરિણતિથી (ભાવથી) સેવા કરે છે. જ્યાં સુધી પોતાના આત્માની શુદ્ધ સત્તા સંપૂર્ણપણે પ્રગટ ન થાય ત્યાં સુધી પોતાની શુદ્ધસત્તા પ્રગટ કરવા માટે પ્રભુને ભજે તે કાલે આ આત્મા સેવક અને

પ્રગટગુણોવાળા સિદ્ધ પરમાત્મા સેવ્ય કહેવાય છે. આમ જાણીને પોતાનું સાધ્ય સાધવા માટે અરિહંતાદિ શુદ્ધસત્તાવાળા મહાત્માઓની સેવા કરવી એ જ તેનો સાચો ઉપાય છે.

આત્માનો જે સંપૂર્ણ નિર્મળ અને નિર્દોષ સ્વભાવ છે. તે પ્રગટ થાય જેનાથી હવે બીજી કોઈ ઉંચી અવસ્થા પ્રાપ્ત કરવાની બાકી રહેતી નથી. આવી સર્વશ્રેષ્ઠ દશાની પ્રાપ્તિ થવી તે ઉત્સર્ગસેવા કહેવાય છે. અને તેવી ઉત્સર્ગદશાને પ્રગટ કરવા માટે કારણપણે જે સાધનાનો માર્ગ સ્વીકારાય તે અપવાદ સેવા કહેવાય છે.

આત્મતત્ત્વની સંપૂર્ણપ્રાપ્તિ થવી તે ઉત્સર્ગસેવા અને તે આત્મતત્ત્વની સંપૂર્ણ પણે પ્રાપ્તિ કરવાના નિમિત્તે જે જે કારણોનું અવલંબન લેવામાં આવે તે સર્વ અપવાદસેવા કહેવાય છે. ત્યાં અરિહંત પરમાત્માની સેવા ઉપાસના કરવી તે આત્મતત્ત્વની સાધનાનું કારણ છે તેથી તેને અપવાદસેવા કહેવાય છે. આ અપવાદ સેવા સાત નયોથી વિચારીએ તો સાત પ્રકારે છે. આ સમજવા માટે સાત નયોનું સંક્ષેપમાં સ્વરૂપ આ પ્રમાણે છે.

**(૧) अनेके गमाः ( सङ्कल्पाः-आरोपाः ) यत्र सः नैगमः** - જ્યાં વસ્તુને જાણવા માટે અનેક માર્ગો (સંકલ્પો ઉપચારો) છે ત્યાં તે નૈગમનય કહેવાય છે જેમ કે હાથીના પુતળાને પણ હાથી માને અને હાથી કહે તે નૈગમનય. કોઈ વ્યક્તિનો હાથ અડી જાય તો પણ તે વ્યક્તિનો મને સ્પર્શ થયો એમ માનવામાં આવે તે નૈગમનય એક અંશમાં અંશીનો ઉપચાર.

**(૨) संगृहणाति - वस्तुसत्तात्मकं सामान्यं सः संग्रहः** - જ્યાં સર્વનો સંગ્રહ કરવામાં આવે - એકીકરણ કરવામાં આવે તે સંગ્રહનય. સામાન્યપણે સર્વનું જે એકીકરણ કરવું તે સંગ્રહનય જેમ કે એકેન્દ્રિય - વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય જીવો ભિન્ન ભિન્ન છે. છતાં જીવપણે

સમાન હોવાથી સર્વને જીવપણે સરખા માનવા તે સંગ્રહનય.

(૩) **सङ्ग्रहगृहीतं अर्थविशेषेण विभजतीति व्यवहारः ।** સંગ્રહનયે એકીકરણરૂપે ગ્રહણ કરેલા ભાવોને ભિન્ન ભિન્ન વિવક્ષાએ જે જુદુ જુદુ ગ્રહણ કરે તે વ્યવહારનય. જેમ કે બધા જ જીવો જીવપણે ભલે સરખા હોય. તો પણ એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય ઈત્યાદિરૂપે ભિન્ન ભિન્ન છે. આમ એકીકરણવાળી જે દૃષ્ટિ તે સંગ્રહનય અને પૃથક્કરણવાળી જે દૃષ્ટિ તે વ્યવહારનય આ બંને નયો લગભગ સામસામા પ્રવર્તે છે.

(૪) **ऋजु - अतीतानागतवक्रत्वपरिहारेण सरलं वर्तमानं सूत्रयतीति ऋजुसूत्रः** - જે દૃષ્ટિ અતીતકાલ અનાગતકાળરૂપ વક્રતાને ત્યજીને માત્ર વર્તમાનકાળની વસ્તુને જ સ્વીકારે અને તે પણ સરળપણે સ્વીકારે તે ઋજૂસૂત્રનય. જેમ કે જે માણસ ભૂતકાળમાં પૈસાદાર હોય અથવા ભાવિમાં પૈસાદાર થવાનો હોય. પરંતુ હાલ વર્તમાનકાળમાં તેની પાસે લાંબો પૈસો ન હોય તો તેન નિર્ધન કહે તે ઋજુસૂત્ર નય. આ નય પોતાની પાસે હાજર હોય અને કામ લાગે તેમ હોય તેને જ માને છે. બીજાની પાસે હોય અને પોતાને જરૂર પડે ત્યારે કામ આવે તેમ ન હોય. તેવા ધનાદિને કાંકરા બરાબર માનીને નિરર્થક માને છે તે ઋજુસૂત્ર નય જેમ કે બેંકમાં એફડીરૂપે પડેલા ધનથી જીવ ધનવાન ન કહેવાય. તે આ નય જાણવો. કારણ કે બેંક બંધ હોય ત્યારે તે પૈસા ન મળે તે માટે.

(૫) **શબ્દનય :** શબ્દને વધારે પ્રધાન કરે તે શબ્દનય. જેમ કે બધા જ મનુષ્યો મનુષ્યપણે સમાન હોવા છતાં પણ જે સ્ત્રીઓ છે તે પુરુષપણાનું કામ કરી શકતી નથી. તેથી સ્ત્રીઓ એ જુદી વસ્તુ છે અને પુરુષો તે સ્ત્રીપણાનું કામ કરી શકતા નથી. માટે પુરુષો એ પણ ભિન્ન વસ્તુ છે આ જ પ્રમાણે લિંગભેદે, વચનભેદે અને જાતિભેદે વસ્તુને ભિન્ન ભિન્ન માને તે શબ્દનય કહેવાય છે.

(૬) **समभिरुढनय - सम्यक्प्रकारेणार्थपर्यायवचनपर्यायतः सकल-भिन्नवचन भिन्नभिन्नार्थत्वेन गृहणाति स समभिरुढः** - જે જે વસ્તુના વિદ્યમાન પર્યાયવાચી શબ્દો છે તે સર્વશબ્દોના અર્થ જે ભિન્ન ભિન્ન માને તે સમભિરૂઢનય કહેવાય છે. જેમ કે નૃપ-भूप-राजा આ ત્રણે શબ્દોનો અર્થ રાજા જ થાય છે તો પણ જે રાજા મનુષ્યોનું વધારે રક્ષણ કરે તે નૃપ અને જે રાજા પૃથ્વીનું વધારે રક્ષણ કરે તે ભૂપ. અને જે રાજા મનુષ્યોનું કે પૃથ્વીનું રક્ષણ ન કરે પરંતુ શરીર ટાપટીપ રાખે, નવાં નવાં વસ્ત્રો અને દાગીના પહેરીને શરીરશોભા માત્ર કરે તે રાજા કહેવાય. આમ પર્યાયવાચી શબ્દોમાં પણ અર્થભેદ કરે તે સમભિરૂઢનય.

(૭) **એવંભૂતનય** - જે શબ્દનો જે અર્થ થતો હોય તે પ્રમાણે ક્રિયા પણ તેમાં હોય તો જ તે વસ્તુને તે શબ્દથી બોલાવે તે એવંભૂતનય જેમ કે નૃપને નૃપ ત્યારે જ કહે કે જ્યારે રાજા યુદ્ધમાં ઉતરીને મનુષ્યોનું રક્ષણ કરતો હોય, ત્યારે જ નૃપ કહેવાય, પૃથ્વીનું રક્ષણ કરતો હોય ત્યારે જ ભૂપ કહેવાય. આમ ક્રિયાપરિણત અર્થને જે માને તે એવંભૂતનય.

આ સાત નયોને અનુસારે ભાવસેવાના સાત ભેદો છે (૧) જે અરિહંત પરમાત્મા છે. તે આપણા આત્માથી સ્વજાતીય અન્યદ્રવ્ય છે. તેમના (અરિહંતપરમાત્માના) સ્વરૂપને ચિંતવતાં ચિંતવતાં પ્રભુના ગુણોનો આ આત્મા અવલંબન લેનારો બને, પરમાત્માના ગુણોને જાણવાના, મેળવવાના જે સંકલ્પો થયા તે પૂર્વે ક્યારે થયા ન હતા. તે સંકલ્પ થવાથી પોતાના આત્માને ઈન્દ્રિયોના વિષયોથી નિવારીને પ્રભુના ગુણોમાં જોડે તે પ્રભુના ગુણોનું નિમિત્તાવલંબન લઈને આત્મસાધના કરે તે નૈગમનયથી અપવાદ ભાવસેવા જાણવી.

(૨) તથા અરિહંત પરમાત્માના આત્મામાં પ્રદેશે પ્રદેશે અનંત ગુણો જેવા પ્રગટ થયા છે. તેવા જ અનંતગુણો મારા આત્મામાં પણ

છે. મારા આત્મામાં પણ સત્તાથી તેવા જ ગુણો છે. ઉભયનો આત્મા તુલ્યગુણવાળો છે. પરંતુ પરમાત્માં તે અનંતગુણો પ્રગટ થયા છે. મારામાં પ્રગટ થયા નથી. તેવું વિચારીને પરમાત્મા ઉપર ઘણું જ બહુમાન કરે. પોતાના આત્મામાં ગુણો પ્રગટ ન થયાનો પશ્ચાતાપ કરે.

તથા પરમાત્માના આત્માની સાથે દ્રવ્યથી ક્ષેત્રથી કાળથી અને ભાવથી મારો આત્મા ભિન્ન છે. સત્તાગતધર્મે કરીને અભિન્ન છે. આ પ્રમાણે પરમાત્મા પ્રત્યે અતિશય ભક્તિ બહુમાન પૂર્વક પોતાના ગુણોને પ્રગટ કરવાની રૂચિવાળો માનસિક જે પરિણામ તે સંગ્રહનયે અપવાદભાવસેવા જાણવી અને પોતાની સત્તાગત અનંતગુણોની સત્તાને પ્રગટ કરીને પરમાત્માની સાથે તુલ્યતા પ્રાપ્ત કરવી તે એવંભૂતનયથી ભાવસેવા જાણવી.

આ પ્રમાણે નયોની અપેક્ષાએ આત્મગુણોનો ઉઘાડ કરવા માટે પરમાત્માની સેવાનું આલંબન લહે તે અપવાદભાવ સેવા જાણવી અને પોતાના ગુણોની પ્રગટતા કરી પરમાત્માની તુલ્ય સર્વગુણ સંપન્નતા મેળવવી અને તેવા ગુણોમાં વર્તવું તે ઉત્સર્ગ ભાવસેવા જાણવી. ॥૩॥

• • •

**વ્યવહારે બહુમાન જ્ઞાન નિજ, ચરણે જિનગુણ રમણાજી ।**
**પ્રભુગુણ આલંબી પરિણામે, ઋજુપદ ધ્યાન સ્મરણાજી ॥**
**શ્રી ચંદ્રપ્રભ જિનપદ સેવા. ॥ ૪ ॥**

**ગાથાર્થ :-** જિનેશ્વર પરમાત્મા પ્રત્યે અતિશય બહુમાન પણું, તથા તેને વિષે જ પોતાનો જ્ઞાનોપયોગ જોડે. તે સઘળી વ્યવહારનયથી ભાવસેવા જાણવી તથા પરમાત્માના ગુણોનું આલંબન લેવાના પરિણામપૂર્વક ધર્મધ્યાન કરવા દ્વારા પરમાત્માના ગુણોના સ્મરણમાં લયલીન બનવું તે ઋજુસૂત્ર નયથી અપવાદ/ભાવસેવા જાણવી. ॥ ૪ ॥

**વિવેચન** :- પરમાત્મા શ્રી વીતરાગદેવમાં કેવલજ્ઞાન અને કેવળદર્શન શુદ્ધ સ્વરૂપાત્મક સંપત્તિ છે. તેમાં, તથા ધર્મની દેશના આપવા સ્વરૂપ તેઓની જે ઉપકારસંપદા છે તેમાં, તથા ૩૪ અતિશય, પાંત્રીસ ગુણોવાળી વાણી અને આઠ પ્રાતિહાર્યરૂપ જે બાહ્ય સમૃદ્ધિ છે તેમાં જ ઉપયોગ રાખીને પરમાત્મા પ્રત્યે હાર્દિક ઘણું જ બહુમાન હૃદયમાં રાખે, આ પરમાત્મા જ સૌથી મહાન છે. ઉપકારી છે. તેમની સેવાથી જ મારૂં આત્મકલ્યાણ છે. આમ વિચારી જિનેશ્વર પરમાત્માના ગુણોને વિષે જ રમણતા (એકમેકતા) પ્રાપ્ત કરીને પ્રભુજીના ગુણોનું જ આલંબન લેવાના પરિણામ હૃદયમાં રાખીને તેમાં જ પોતાના જીવનું એકાકાર કરવું તે વ્યવહારનયથી અપવાદ ભાવસેવા જાણવી.

હવે ઋજુસૂત્ર નયથી ભાવસેવા સમજાવે છે. શ્રી વીતરાગ પરમાત્મા યોગવિનાના, લેશ્યાવિનાના, આશ્રવવિનાના છે. તેમનું આલંબન ગ્રહણ કરીને તેમનું નિરંતર સ્મરણ કરતાં કરતાં ધર્મધ્યાનનું આલંબન લેવા દ્વારા પોતાના આત્મગુણોની સાધનામાં આ આત્મા જોડાય. તે ઋજુસૂત્રનયથી અપવાદ ભાવસેવા કહેવાય છે. ॥ ૪ ॥

**અવતરણ :- હવે શબ્દાદિ ત્રણ નયોથી અપવાદ ભાવસેવા કોને કહેવાય ? તે સમજાવે છે ?**

**શબ્દે શુક્લ ધ્યાનારોહણ, સમભિરૂઢ ગુણ દશમે જી ।**
**વીર્ય શુક્લ અવિકલ્પ એકત્વે, એવંભૂત તે અમમે જી ॥**
**શ્રી ચંદ્રપ્રભ જિનસેવા ॥ ૫ ॥**

**ગાથાર્થ** :- જ્યારે આ આત્મા શુક્લધ્યાન ઉપર આરોહણ કરે છે. ત્યારે અત્યન્ત નિર્મળ પરિણામની ધારા હોવાથી શબ્દનયની દૃષ્ટિએ અપવાદ ભાવસેવા કહેવાય છે. સમભિરૂઢ નયની અપેક્ષાએ જ્યારે આ જ આત્મા દશમા સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક ઉપર આરૂઢ

થાય છે અને મોહનો સંપૂર્ણ પણે ક્ષય કરે છે ત્યારે અપવાદે ભાવસેવાવાળો કહેવાય છે અને જ્યારે અનંતવીર્ય સાથે શુક્લધ્યાનના બીજા પાયા સાથે નિર્વિકલ્પ એવા એકત્વભાવમાં આરૂઢ થાય છે ત્યારે અત્યન્ત નિર્મોહદશામાં એવંભૂતનયથી અપવાદે ભાવસેવા કહેવાય છે. ॥ ૫ ॥

• • •

**વિવેચન :-** શ્રી તીર્થંકર પરમાત્મા જેવા શુદ્ધ દ્રવ્યનું આલંબન ગ્રહણ કરીને જે જીવ ભાવથી તત્ત્વની રૂચિ વાળો થઈને દર્શન જ્ઞાન અને ચારિત્ર સ્વરૂપી રત્નત્રયીની સાથે એકાકારપણે પરિણામ પામીને પૃથક્ત્વવિતર્કસવિચાર નામના શુક્લ ધ્યાનના પ્રથમ પાયા ઉપર આરૂઢ થાય છે ત્યારે પોતાના પરિણામની ધારા અતિશય નિર્મળ હોવાથી શબ્દનયની દૃષ્ટિએ અપવાદ ભાવસેવા જાણવી.

જ્યાં સુધી અરિહંત પરમાત્માના ગુણોનું આલંબન હતું. ત્યાં સુધી પરનિમિત્તક આત્મપરિણામ હોવાથી ઋજુસૂત્ર નય હતો. પરંતુ જ્યાં પર એવા પ્રશસ્ત આલંબનનું પણ કામ રહે નહીં. આત્મસાધના કરનારા એવા ભવ્યજીવને પોતાના જ ગુણો પરમાત્માની સાથે તુલ્ય જણાવાથી તે પોતાના ગુણોનું જ આલંબન ગ્રહણ કરે અને તે પોતાના ગુણોની સાથે એકાકાર થઈને શુક્લ ધ્યાન રૂપે પરિણામ પામે તેવો આત્મા તે શબ્દનયથી ભાવસેવાવાળો જાણવો.

આ જ આત્મા જ્યારે મોહનીયકર્મની લગભગ બધી જ પ્રકૃતિ ખપાવીને સૂક્ષ્મસંપરાય નામના દશમા ગુણસ્થાનક ઉપર આરૂઢ થાય છે અને શુક્લ ધ્યાનનો પ્રથમ ભેદ પૂર્ણ થવા આવે અને એકત્વ વિતર્ક અવિચાર નામના બીજા પાયા ઉપર આ જીવ આરૂઢ થાય છે ત્યારે મોહના સર્વ વિકલ્પો નાશ પામવાથી નિર્મોહદશા વાળું શુક્લધ્યાન આવતાં આ જીવ સમભિરૂઢ નયથી અપવાદે ભાવસેવાવાળો કહેવાય છે. અહીં નિર્મોહ દશા પ્રગટ થયેલી હોવાથી યથાર્થ એવી અપવાદે

ભાવસેવા પ્રગટ થઈ છે. એમ કહેવાય છે. આ યથાર્થ એવી ભાવસેવા હોવાથી સમભિરૂઢ નયથી ભાવ સેવા કહેવાય છે.

તથા જ્યારે મોહનીય કર્મ સર્વથા ક્ષય થઈ જાય છે અને બારમા ગુણઠાણે આ જીવ પહોંચે છે ત્યારે શુક્લધ્યાનના બીજા પાયા ઉપર આરૂઢ થયો છતો મોહના બધા જ વિકલ્પોથી રહિત થઈને સંપૂર્ણપણે નિર્વિકલ્પ સમાધિ અવસ્થાને જ્યારે આ જીવ પ્રાપ્ત કરે છે ત્યારે આત્મસાધનાની પૂર્ણતા પ્રગટ થાય છે તેથી ત્યારે એવંભૂતનયથી અપવાદે ભાવસેવા કહેવાય છે.

**પ્રશ્ન :** ચૌદમા અયોગી ગુણઠાણા સુધી આત્મસાધના ચાલુ જ છે તો ચૌદમે જ અંવુભૂતનયથી આત્મસાધના કહેવી જોઈએ, અહીં બારમા ગુણઠાણે એવંભૂતનયથી આત્મ સાધના કેમ કહો છો ? હજુ તો સાધના બાકી છે.

**ઉત્તર :** અયોગી ગુણઠાણે તો યોગનો સંપૂર્ણ અભાવ થવાથી સર્વસંવરભાવ - સંપૂર્ણપણે અનાશ્રવદશા વિગેરે ગુણો પ્રગટ થવાથી ઉત્સર્ગ ભાવસેવા પ્રગટ થાય છે અને આ પ્રકરણ તો અપવાદ ભાવસેવાનું ચાલે છે એટલે બારમા ગુણઠાણે જ અપવાદ ભાવસેવા પ્રગટ થાય છે. અપવાદ ભાવસેવાની આ અન્તિમ સિદ્ધિ દશા છે. જ્યાં સુધી શ્રુતજ્ઞાનનું આલંબન છે અને ક્ષયોપશમભાવ છે ત્યાં સુધી અપવાદે જ ભાવસેવા કહેવાય છે. જ્યારે ક્ષાયિકભાવ આવે ત્યારે જ ઉત્સર્ગસેવા કહેવાય છે. અપવાદે ભાવસેવા એ કારણ છે. અને ઉત્સર્ગે ભાવસેવા એ કાર્ય છે.

આ પ્રમાણે અપવાદે ભાવસેવા ઉપર સાતનયો સમજાવવામાં આવ્યા છે. ॥ ૫ ॥

• • •

અવતરણ :-હવે ઉત્સર્ગમાર્ગે ભાવસેવાના સાત નયો વડે સાતભેદ સમજાવે છે.

**ઉત્સર્ગે સમકિતગુણ પ્રગટ્યો, નૈગમપ્રભુતા અંશેજી ।**
**સંગ્રહ આતમ સત્તાવલંબી, મુનિપદ ભાવ પ્રશંસેજી ॥**
**શ્રી ચંદ્રપ્રભ જિનસેવા ॥ ૬ ॥**

**ગાથાર્થ :-** જ્યારે આ આત્મામાં સમ્યક્ત્વગુણ પ્રગટ થયો ત્યારે નૈગમનયની અપેક્ષાએ આ આત્માની આંશિક પ્રભુતા પ્રગટ થઈ કહેવાય. આ ઉત્સર્ગમાર્ગે ભાવસેવા કહેવાય. આત્મતત્ત્વનું સત્તાથી જે સ્વરૂપ છે. તેનું આ જીવ આલંબન લઈને આગળ વધે છે તે સંગ્રહનયથી ઉત્સર્ગે ભાવસેવા કહેવાય છે. તથા આ જીવમાં અપ્રમાદવાળી મુનિ અવસ્થા પ્રગટ કરીને આત્મતત્ત્વ સાધવાનો જે પ્રયત્ન વિશેષ છે તે વ્યવહારનયથી ઉત્સર્ગે ભાવસેવા જાણવી. ॥૬॥

**વિવેચન :-** અપવાદે ભાવસેવા ઉપર સાત નયો સમજાવીને હવે ઉત્સર્ગે ભાવસેવા ઉપર સાત નયો સમજાવે છે. નૈગમનય - આ આત્મામાં જ્યારે શંકા - આકાંક્ષા આદિ પાંચ અતિચાર વિનાનો નિર્મળ ક્ષાયિક સમ્યક્ત્વ ગુણ પ્રગટ થાય છે. ત્યારે સાધના કરતાં તે જીવનો પ્રભુતાગુણ કંઈક અંશે પ્રગટ થયો. આ રીતે આ આત્માનું આંશિક કાર્ય સિદ્ધ થયું. તે નૈગમનયથી ઉત્સર્ગે ભાવસેવા પ્રગટ થઈ કહેવાય છે.

આ આત્મામાં મુક્તિપદની જેટલી જેટલી ઉપાદાનકારણતા સિદ્ધ થતી જાય છે. તેને ઉત્સર્ગે ભાવસેવા કહેવાય છે. આત્માની જેટલી જેટલી ઉપાદાનકારણપણાની નિર્મળતા પ્રગટ થતી જાય છે. તે ઉત્સર્ગે ભાવસેવા કહેવાય અને તેમાં જે નિમિત્તકારણરૂપ હોય છે તેને અપવાદે ભાવસેવા કહેવાય છે. સારાંશ કે નિમિત્ત કારણતા તે અપવાદ ભાવસેવા અને ઉપાદાનકારણતા તે ઉત્સર્ગભાવસેવા સમજવી.

(૨) જો કે આ આત્મામાં અનંતગુણોની સત્તા છે પરંતુ તે કર્મોથી અવરાયેલી છે છતાં અંદર ગુણોની સત્તા છે તો જ આવરણ દૂર થતાં તે ગુણોની સત્તા પ્રગટ થશે જ જો ગુણોની સત્તા જ ન હોત તો આવરણ

જાય તો પણ ગુણો પ્રગટ થાય જ નહીં. કોઠીનું ઢાંકણ લઈ લઈએ તો પણ જો કોઠીમાં ધાન્ય હોય તો જ પ્રગટ થાય. તેમ આ આત્મામાં અનંતગુણોની જો સત્તા છે તો જ આવરણ દૂર થતાં પ્રગટ થાય છે. માટે આ સત્તા છે. તે સંગ્રહનયથી ઉત્સર્ગે ભાવસેવા સમજવી.

(૩) સાધક એવા આ જીવમાં અપ્રમાદી એવું મુનિજીવન જ્યારે આવે છે અને આત્માની ઉપાદાન કારણતા જે ભોગો તરફની છે તે બદલીને જ્યારે આત્મગુણોના આલંબનવાળી (સ્વસ્વરૂપાવલંબી) બને છે તે અવસ્થાને વ્યવહારનયથી ઉત્સર્ગે ભાવસેવા કહેવાય છે.

આવી અપ્રમત્તમુનિપણાની અવસ્થા તે આત્મભાવની પ્રવૃત્તિ-સ્વરૂપ, આત્મભાવની ગ્રાહકતા સ્વરૂપ, આત્મભાવને ભોગવવા સ્વરૂપ, આમ સર્વ પ્રકારે આત્મસ્વરૂપને મેળવવામાં જ લયલીનતા જે પ્રગટે છે તે વ્યવહાર નયથી ઉત્સર્ગે ભાવસેવા જાણવી. તે કાલે અંતરંગ આત્મ ગુણો પ્રગટ કરવાનો જે કોઈ વ્યવહાર છે તે વ્યવહાર આત્માને ઉપકાર કરનાર બને છે માટે આ વ્યવહારનયથી ઉત્સર્ગે ભાવસેવા કહેવાય છે. ॥૬॥

• • •

અવતરણ :- ઋજુસૂત્રનયથી અને શબ્દનયથી ઉત્સર્ગે ભાવસેવા સમજાવે છે -

**ઋજુસૂત્રે જે શ્રેણિપદસ્થે, આત્મશક્તિ પ્રકાશે જી ।**
**યથાખ્યાત પદ શબ્દસ્વરૂપે, શુદ્ધધર્મ ઉલ્લાસેજી ॥**
**શ્રી ચંદ્રપ્રભ જિનસેવા ॥ ૭ ॥**

**ગાથાર્થ** :- ક્ષપકશ્રેણિમાં વર્તતો છતો આ જીવ પોતાના આત્માના ગુણો સ્વરૂપ આત્મશક્તિને જે પ્રગટ કરે છે. તે ઋજુસૂત્ર નયથી ઉત્સર્ગે ભાવસેવા જાણવી. તથા યથાખ્યાત ચારિત્ર આ આત્મામાં આવે ત્યારે ૧૨ - બારમા ગુણઠાણે ક્ષાયિકભાવના ચારિત્ર સ્વરૂપ શુદ્ધધર્મની જે પ્રાપ્તિ થાય છે. તે શબ્દનયથી ઉત્સર્ગે ભાવસેવા જાણવી.

**વિવેચન** :- આ આત્મા અપ્રમત્ત મુનિપણું પ્રાપ્ત કરીને તેની

ઉપાસના કરતાં કરતાં જ્યારે ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થાય છે ત્યારે આત્મિક ગુણોની જે શક્તિ ઉલ્લસિત થાય છે તે ઋજુસૂત્ર નયથી ઉત્સર્ગે ભાવસેવા જાણવી. આ ક્ષપકશ્રેણિનો કાળ હોવાથી હવે આ જીવનું પતન થવાનું નથી. વર્તમાનકાળ નિયમા સિદ્ધિપદ અપાવનાર જ છે માટે અહીં ઋજુસૂત્રનય જાણવો.

તથા આગળ વધતાં વધતાં જ્યારે ૧૨ - બારમા ગુણ સ્થાનકે આ જીવ આરૂઢ થાય છે ત્યારે ક્ષાયિકભાવનું ચારિત્ર પ્રગટ થાય છે. તેથી શુદ્ધ, અકષાયી, અસંગી અને નિઃસ્પૃહતા રૂપ શુદ્ધ ધર્મની પ્રાપ્તિ આ જીવ મેળવે છે અને ચારિત્રની સાથે સાથે ક્ષાયિકભાવના દાન-લાભ ભોગ - ઉપભોગ - અને વીર્યાદિ ગુણો પણ પ્રાપ્ત કરે છે. આ સર્વે પણ ગુણો આત્મભાવમાં રમણતાવાળા બન્યા. પૌદ્ગલિક ભાવ વિરામ પામ્યો. આ આત્મા હવેથી સ્વરૂપરમણી (આત્મસ્વભાવમાં જ રમણતાવાળો) બન્યો. પરદ્રવ્યોનો અસહાયી બન્યો તે શબ્દનયથી ઉત્સર્ગે ભાવસેવા જાણવી. ॥ ૭ ॥

• • •

અવતરણ :- સમભિરૂઢનય અને એવંભૂતનયથી ઉત્સર્ગે ભાવસેવા સમજાવે છે.

**ભાવ સયોગી અયોગી શૈલેશે, અંતિમદુગનય જાણોજી ।**
**સાધનતાએ નિજગુણવ્યક્તિ, તેહ સેવના વખાણોજી ॥**
**શ્રી ચંદ્રપ્રભ જિનસેવા ॥ ૮ ॥**

**ગાથાર્થ** :- સયોગી કેવલી અને અયોગી કેવલી ગુણસ્થાનકે સમતિરૂઢનયથી અને એવંભૂત નયથી ઉત્સર્ગે ભાવસેવા જાણવી. સાધનતાની સેવના કરતાં કરતાં પોતાના ગુણોની જે પ્રગટતા થાય છે. તે જ ઉત્સર્ગે ભાવસેવા કહેવાય છે. ॥ ૮ ॥

**વિવેચન** :- સમભિરૂઢનયથી અને એવંભૂતનયથી ઉત્સર્ગમાર્ગે ભાવસેવા કોને કહેવાય ? તે આ ગાથામાં સમજાવે છે.

સંયોગી કેવલી નામના તેરમા ગુણઠાણે ઘનઘાતી ચારે કર્મોનો

ક્ષય થવાથી અનંતજ્ઞાન - અનંતદર્શન અનંતચારિત્ર અને અનંતવીર્ય એમ ચારે ગુણોનો ક્ષાયિકભાવે જે પ્રાદુર્ભાવ થાય છે તે, તથા તેની સાથે પ્રગટ થનારા બીજા કેટલાક ગુણો ક્ષાયિકભાવે જે પ્રગટ થાય છે તે ગુણોનો જે આવિર્ભાવ થયો છે તે સમભિરૂઢ નયની અપેક્ષાએ ઉત્સર્ગે ભાવસેવા જાણવી.

તથા સર્વથા કર્મનો આશ્રવ વિરામ પામે, શૈલેશી કરણવાળી અવસ્થા પ્રગટ થાય. આત્મપ્રદેશોની ઘનીભૂતતા થાય જેનાથી ૨/૩ અવગાહના થાય. આવા પ્રકારની સર્વથા કર્મના આગમનના નિરોધરૂપ આત્માની જે નિર્મળ અવસ્થા ચૌદમાં ગુણસ્થાનકે થાય છે. તે એવંભૂતનયથી ઉત્સર્ગે ભાવસેવા જાણવી.

હજુ મુક્ત અવસ્થા મેળવવાની બાકી છે તે માટે આ ચૌદમુ ગુણસ્થાનક એ પદ મુક્તિ માટેનું સાધનામાર્ગ છે માટે અહીં પણ ઉત્સર્ગે સાધના કહેવાય છે. આ સાધનાનો અંત અયોગીના ચરમસમયે જ થશે. માટે અયોગીકેવલી ભગવાન એવંભૂતનયથી સાધનાવાળા છે માટે આ સાધના તે એવંભૂતનયથી ઉત્સર્ગે ભાવસેવા જાણવી. ॥૮॥

• • •

**અવતરણ :-** અપવાદભાવસેવા અને ઉત્સર્ગભાવસેવામાં તફાવત શું ? તે વાત સ્પષ્ટ કરતાં જણાવે છે કે -

**કારણભાવ તેહ અપવાદેં, કાર્યરૂપ ઉત્સર્ગે જી ।**
**આત્મભાવ તે ભાવદ્રવ્યપદ, બાહ્યપ્રવૃત્તિ નિઃસર્ગેજી ॥**
**શ્રી ચંદ્રપ્રભ જિનસેવા ॥ ૯ ॥**

**ગાથાર્થ :-** જે જે કારણભાવ છે તે તે અપવાદે ભાવસેવા છે. અને જે જે કાર્યભાવ છે. તે તે ઉત્સર્ગે ભાવસેવા છે. જેટલા અંશે આત્મભાવ (આત્માના ગુણો) પ્રગટે છે તે સઘળી ઉત્સર્ગે ભાવસેવા જાણવી અને જે બાહ્યપ્રવૃત્તિ સ્વાભાવિકપણે પ્રવર્તે છે. તે સઘળી અપવાદે ભાવસેવા જાણવી. ॥ ૯ ॥

વિવેચન :- આત્મતત્ત્વની સાધના કરવામાં જેટલો જેટલો કારણભાવ છે. તે સઘળી અપવાદે ભાવસેવા જાણવી અને જેટલા જેટલા અંશે આત્મગુણોની પ્રગટતા થવા રૂપ કાર્યનિષ્પત્તિ છે તે સઘળી ઉત્સર્ગે ભાવસેવા જાણવી.

ઉત્સર્ગ ભાવસેવા એ સાધ્ય છે કાર્યસ્વરૂપ છે અને અપવાદે જે ભાવસેવા છે તે સાધન છે. કારણ છે. વ્યવહાર છે. આ પ્રમાણે ઉત્સર્ગ અને અપવાદ ભાવસેવાનાં લક્ષણો તથા તેનું સ્વરૂપ અને તેના ઉપરના સાત નયોથી યથાર્થ સ્વરૂપ જાણવું.

આ વિષયનો વધારે વિસ્તાર શ્રી બૃહત્કલ્પભાષ્યમાં તથા તેની ટીકામાં છે ત્યાંથી વિસ્તારરૂચિ જીવે વધારે જાણી લેવું જેટલા જેટલા અંશે આત્માનો ઉપકાર કરે તેવું બાહ્ય આધ્યાત્મિક પ્રવર્તન (કરણી) છે તે સઘળો વ્યવહારનય (એટલે દ્રવ્ય નિક્ષેપો) સમજવો અને જેટલા-જેટલા અંશે આત્મભાવની મોહના ક્ષયોપશમાદિ ભાવવાળી ગુણપ્રાપ્તિ સ્વરૂપ નિર્મળતા છે તે સઘળો નિશ્ચયનય (એટલો ભાવનિક્ષેપો) જાણવો.

આત્મામાં પોતાના જ ઢંકાયેલા ગુણોને પ્રગટ કરવા માટે કેટલોક વ્યવહાર જરૂરી (આવશ્યક) હોય છે. **વ્યવહાર હંમેશાં નિશ્ચયનો પ્રાપક હોય છે અને નિશ્ચય હંમેશાં વ્યવહારનો શોધક હોય છે.** આમ બન્ને નયો એક બીજાના ઉપકારક અને પોષક છે માટે સાધ્યની સિદ્ધિ થાય તે રીતે નયોનું યુંજન કરવું ॥ ૯ ॥

● ● ●

**અવતરણ :- કાર્ય અને કારણને પરસ્પર કેવો સંબંધ છે ? તે આ ગાથામાં સમજાવે છે-**

**કારણભાવ પરંપર સેવન, પ્રગટે કારજભાવો જી ।**
**કારજસિદ્ધે કારણતા વ્યય, શુચિ પારિણમિકભાવો જી ॥**
**શ્રી ચંદ્રપ્રભ જિનસેવા ॥ ૧૦ ॥**

**ગાથાર્થ :-** કારણભાવને સેવતાં સેવતાં પરંપરાએ કાર્યભાવ

પ્રગટ થાય છે અને કાર્યભાવ પ્રગટ થાય એટલે કારણભાવનો વ્યય (વિનાશ) થાય છે. આમ થવાથી આ આત્મા અત્યન્ત પવિત્ર એવો પોતાનો શુદ્ધ પારિણામિકભાવ પ્રાપ્ત કરે છે. ॥ ૧૦ ॥

**વિવેચન :-** શ્રી અરિહંત પરમાત્માની સ્તવના કરવી. પૂજન કરવું, ભક્તિ કરવી, ઈત્યાદિ કારણભાવનું નિરંતર સેવન કરતાં કરતાં ભાવસેવા રૂપ કાર્ય પ્રગટ થાય છે, અને ભાવસેવા પ્રગટ થવાથી ઉત્સર્ગધર્મ (એટલે સેવકના આત્માના પોતાના) ક્ષાયિક ભાવના ગુણો પ્રગટ થવા સ્વરૂપ કાર્યભાવ પ્રગટે છે. આત્માના પોતાના ગુણો પ્રગટાવવા એ જ ઉત્સર્ગધર્મ હતો. તે સાધ્યની સિદ્ધિ થવાથી હવે કારણની આવશ્યકતા રહેતી નથી. તેથી તેનો (કારણભાવનો) ત્યાગ થાય છે.

કાર્ય નિપજાવવા માટે જ કારણની સેવના હતી. તે કાર્ય પ્રગટ થવાથી હવે કારણની સેવના વ્યર્થ હોવાથી તેનો વ્યય થાય છે જેમ કે પરમાત્મા શ્રી મહાવીરપ્રભુએ કેવળજ્ઞાન સ્વરૂપ કાર્ય સિદ્ધ કરવા માટે સાડાબાર વર્ષ સુધી ઘોર સાધના કરી. મરણાન્ત કષ્ટો સહન કર્યા છે. પરંતુ કેવલજ્ઞાન પ્રગટ થવા સ્વરૂપ કાર્યની સિદ્ધિ થયા બાદ આવી સાધના કરી નથી. જે સાધના કરતા હતા તે સાધનાની હવે આવશ્યકતા ન હોવાથી તેની ઉગ્ર સાધનાનો પરમાત્માએ ત્યાગ કર્યો છે. એટલે જ સાડાબાર વર્ષમાં કેટલો તપ કર્યો ? કેટલાં પારણાં કર્યા ? ઈત્યાદિ સાધનાનું વર્ણન આવે છે, પરંતુ કેવલજ્ઞાન પ્રગટ કર્યા પછી આવો કોઈ વિશિષ્ટ તપ કર્યો હોય કે કોઈ વિશિષ્ટપણે પારણું કર્યું હોય એવું વર્ણન આવતું નથી.

આ પ્રમાણે કારણની ઉપાસના કાર્યની સિદ્ધિ સુધી જ હોય છે, પણ કાર્યની સિદ્ધિ થયા પછી કારણની ઉપાસનાનો ત્યાગ હોય છે.

કાર્ય સિદ્ધ થયા પછી તો આ જીવ વીતરાગ અને કેવલજ્ઞાની

હોવાથી પોતાનું યથાર્થ અનંતગુણમય શુદ્ધ સ્વરૂપ જીવના પારિણામિકભાવે જે સ્વાભાવિક હતું તે જ પ્રગટ થઈ જ જાય છે. માટે તે પ્રગટ થયેલા સ્વરૂપમાં રમણતા કરનારા બને છે. હવે કંઈ મેળવવાનું બાકી રહેતું જ નથી. કે જેના માટે પ્રયત્ન કરવો પડે. પોતાના શુદ્ધ ક્ષાયિકભાવવાળા અનંતગુણાત્મક પારિણામિક ભાવમાં સદાકાળ વર્તે છે. તેનો જ આનંદ અનુભવે છે. આ જ આત્મતત્ત્વની સિદ્ધિ થઈ આમ કહેવાય છે. ॥ ૧૦ ॥

• • •

**પરમગુણી સેવન તન્મયતા, નિશ્ચય ધ્યાને ધ્યાવે જી ।**
**શુદ્ધાતમ અનુભવ આસ્વાદી, દેવચંદ્ર પદ પાવે જી ॥**
**શ્રી ચંદ્રપ્રભ જિનસેવા ॥ ૧૧ ॥**

**ગાથાર્થ :-** ઉત્કૃષ્ટ ગુણો વાળા એવા અરિહંત પરમાત્માની સેવા કરવાની તન્મયતાથી (એકમેકપણાથી) પોતાના નિશ્ચયાત્મક શુદ્ધસ્વરૂપનું ધ્યાન કરવા દ્વારા જે આત્મા ધ્યાનદશામાં આરૂઢ થાય છે. તે આત્મા પોતાના આત્માના ક્ષાયિકભાવના નિર્મળ ગુણોને પ્રગટ કરીને તેનો આસ્વાદ ચાખીને તેની રમણતા દ્વારા દેવોમાં ચંદ્રમા સમાન એવા પોતાના પદને પ્રાપ્ત કરે છે.(ગર્ભિત રીતિએ **દેવચંન્દ્રપદ પાવેરે** આ પદમાં કર્તાએ પોતાનું નામ સુચવ્યું છે.) ॥ ૧૧ ॥

**વિવેચન :-** આ પ્રમાણે પરમગુણવાળા (અર્થાત્ ઉત્કૃષ્ટ એવા શ્રેષ્ઠ ગુણોવાળા) એવા શ્રી અરિહંત પરમાત્માની આવા પ્રકારની ભાવસેવા પ્રાપ્ત થવી અતિશય દુષ્કર છે. કેટલાય ભવોમાં ભટકતાં ભટકતાં ક્યારેક જ માનવનો ભવ મળે છે અને તેમાં પણ ક્યારેક જ જૈનધર્મની પ્રાપ્તિ થાય છે તેમાં પણ ક્યારેક જ આવી દૃષ્ટિ ખુલે છે. તેથી આ અરિહંત પરમાત્માના માર્ગને જાણવો અને તે માર્ગને અનુસરવારૂપ ભાવસેવા મળવી અતિશય દુષ્કર છે.

આવી દુર્લભ અરિહંતપરમાત્માની સેવા મળી છે તો તે સેવામાં જ તન્મયતા કેળવીને, સંસારીભાવો ભૂલી જઈને, મોહદશાને ઢીલી કરીને, પોતાના આત્માનું પણ આવું જ અનંતગુણી સ્વરૂપ છે. તેને યાદ કરીને, નિરંતર તેની પ્રાપ્તિનું ધ્યાન કરવા દ્વારા મોહરાજાના સૈનિકો ઉપર વિજય મેળવીને શુદ્ધ એવું જે આત્મસ્વરૂપ છે. અનંત ચિદાનંદમય જે સ્વરૂપ છે. તેના અનુભવનો આસ્વાદ પ્રાપ્ત કરીને જલ્દી જલ્દી મુક્તિપદ પ્રાપ્ત કરવા જેવું છે તે મુક્તિપદ ચારે નિકાયના દેવોમાં ચંદ્રમા સમાન ઉજ્વળ છે. નિરતિચાર છે. પ્રકાશમય છે. તેવા સ્થાનને આ જીવ પ્રાપ્ત કરે છે.

શ્રી ચંદ્રપ્રભુની સેવાથી આ આત્મા કલ્યાણ પામે છે તેથી હે ભવ્યજીવો ! જો તમે તમારા આત્મસુખના વાંછુક હો. અને તે સુખ મેળવવું જ હોય તો આત્માના શુદ્ધ ગુણોમાં જ આનંદ પામો. તેમાં જ રચ્યાપચ્યા રહો. જો પોતાના આત્માનું શુદ્ધ નિર્મળ ક્ષાયિકભાવવાળું અનંતગુણાત્મક સ્વરૂપ પ્રગટ કરવું હોય તો અશરણને શરણભૂત, જગદાધાર, જગતના સર્વે પણ જીવોના પરમોપકારી, મોહતિમિરનો નાશ કરવામાં ભાવસૂર્ય સમાન, કર્મરોગને દૂર કરવામાં પરમવૈદ્યસમાન, મહામાહણ, મહાગોપ, મહાનિર્યામક, મહાસાર્થવાદ, સમ્યગ્દૃષ્ટિ જીવોના જીવનપ્રાણ, દેશવિરતિધરને માટે મહામંત્રની જેમ સાધવા યોગ્ય, સાધુ-સાધ્વીજી મહારાજશ્રી જેમની આજ્ઞામાં નિત્યપ્રવર્તે છે એવા, જે અરિહંતપ્રભુ છે. તેમની હે ભવ્યજીવો ! તમે સેવા કરો. આ પરમાત્મા જ સાચા આધારરૂપ છે. જ્યાં સુધી તમારી સંપૂર્ણ પણે સિદ્ધદશા પ્રગટ ન થાય. ત્યાં સુધી શ્રી ચંદ્રપ્રભપ્રભુજીની સેવામાં અખંડપણે રહો. જીવનનો આ જ સાર છે. ॥ ૧૧ ॥

(ગર્ભિત રીતિએ **દેવચંન્દ્રપદ પાવેરે** આ પદમાં કર્તાએ પોતાનું નામ સુચવ્યું છે.)

**શ્રી ચંદ્રપ્રભપ્રભુજીનું સ્તવન સમાપ્ત**

—o—

## નવમા શ્રી સુવિધિનાથ પરમાત્માનું સ્તવન

**દીઠો સુવિધિ જિણંદ, સમાધિરસેં ભર્યો હો લાલ ॥ સમાધિ ।**
**ભાસ્યો આત્મસ્વરૂપ, અનાદિનો વીસર્યો હો લાલ ॥ અનાદિના॥**
**સકલ વિભાવ ઉપાધિ, થકી મન ઓસર્યો હો લાલ ॥ થકી ॥**
**સત્તાસાધન માર્ગ, ભણી એ સંચર્યો હો લાલ ॥ ભણી ॥ ॥ ૧ ॥**

**ગાથાર્થ :-** સમાધિરસથી ભરપૂર ભરેલા એવા શ્રી સુવિધિનાથ પ્રભુજીને મેં હવે જોયા. પ્રભુને જોતાં જ અનાદિકાળથી ભૂલાઈ ગયેલું મારા આત્માનું સ્વરૂપ તાજુ થયું. (સ્મરણમાં આવ્યું). પ્રભુને જોતાં જ સર્વ વિભાવદશારૂપી ઉપાધિથી મારૂ મન દૂર થયું છે. અને મારા આત્મા પાસે જ સત્તામાં રહેલા અનંત આત્મગુણોની સાધના કરવાના માર્ગ તરફ મેં પ્રયાણ શરૂ કર્યું છે. ॥ ૧ ॥

**વિવેચન :-** આ સ્તવનમાં સ્તુતિકાર શ્રી સુવિધિનાથ પ્રભુજીની સ્તુતિ કરતાં કહે છે કે -

મારો આ આત્મા અનાદિકાળથી મોહદશાને પરાધીન થયો છતો મિથ્યાત્વ અવિરતિ પ્રમાદ કષાય યોગ ઈત્યાદિ કર્મબંધનાં કારણોને સેવતો છતો સૂક્ષ્મ બાદર એકેન્દ્રિય આદિ સંબંધી અનંતભવભ્રમણામાં ભટકતો ભટકતો અનેક કુદેવોમાં સુદેવપણે બુદ્ધિ કરીને તેને જ આરાધતો છતો, અને ક્યારેક વીતરાગ પરમાત્મા મળી ગયા. તો પણ તે જ મારા કલ્યાણના કર્તા છે. આમ માનીને પરમાં જ કર્તૃત્વબુદ્ધિ પામવારૂપ અનેક દોષો સેવતાં સેવતાં જ્યારે મારી ભવસ્થિતિનો પરિપાક થયો ત્યારે કોઈક પૂર્વબદ્ધ પુણ્યના ઉદયથી શ્રી સુવિધિનાથ પરમાત્માને મેં યથાર્થ પણે જોયા. તેમની મુખમુદ્રા મેં દીઠી.

પરમાત્માની મુખમુદ્રા દેખી એટલું જ નહીં પરંતુ આ પરમાત્મા જ અનંતઅનંત ગુણોથી સંપન્ન છે. અપાર સમાધિરસથી ભરપૂર ભરેલા છે એવી શ્રદ્ધા થઈ. પરમાત્માની અનંત ઉપકારકતા છે તે સમજમાં આવી. પરમાત્મામાં ભરેલો સમાધિરસ કેવો છે ? તે કંઈક સમજાયો તે સમાધિરસ આ પ્રમાણે છે.

આ સમાધિનો રસ સર્વ પ્રકારની ઉપાધિથી રહિત છે (૧) આત્મગુણોનું મોહમાયામય વિપરીતભાવોમાં પ્રવર્તન તે ઉપાધિ, (૨) વિષય અને કષાયોને આધીન આ જીવનું જે પ્રવર્તન તે ઉપાધિ, (૩) તથા વળી ઉદ્ધતાઈ, વક્રતા, મોહમયવૃત્તિ આ પણ ઉપાધિ. આવા પ્રકારની સર્વ ઉપાધિઓથી નિવૃત્તિ પામેલા એવા અને સમાધિના રસથી ભરપૂર ભરેલા એવા સુવિધિનાથ પરમાત્માને મેં આજે યથાર્થપણે જોયા છે. તેમનાં દર્શન કર્યાં છે.

સમાધિરસથી ભરપૂર એવાં પરમાત્માનાં દર્શન કરવાથી મને લાભ થયો. શું લાભ થયો ?

આ આત્માનું અનંતજ્ઞાનાદિ ગુણાત્મક જે સ્વરૂપ છે તે શુદ્ધ ચિદાનંદમય સ્વરૂપ એવું સ્મરણમાં આવ્યું. કે તે સ્વરૂપ મારા આત્મામાં હોવા છતાં અનાદિકાળથી હું વીસરી ગયો (ભૂલી ગયો) હતો જેમ આપણું નીકટનું સગું (પતિ અથવા પત્ની) મૃત્યુ પામ્યું હોય અને વર્ષો પછી તેના સમાન મુખાકૃતિ આદિ ભાવોવાળું કોઈ પાત્ર જોઈએ અને તે જોઈને પોતાનું સગું (પતિ અથવા પત્ની) સ્મરણમાં આવે છે. હૈયુ ભરાઈ જાય છે. શોકાદિભાવોથી આ જીવ વ્યાપ્ત થઈ જાય છે. તેમ મને મારા આત્માનું શુદ્ધ સ્વરૂપ આ પરમાત્મા જેવું જ છે. આમ સ્મરણ થઈ આવ્યું.

પરમાત્માના દર્શન દ્વારા પોતાના આત્માના યથાર્થ સ્વરૂપનો

ભાસ થતાં આ આત્માની સકલ વિભાવદશાથી (પરદ્રવ્ય પ્રત્યેની મોહમાયારૂપ અશુદ્ધદશાથી) આ આત્માનું મન ઓસરી ગયું. એટલે કે મોહમાયારૂપ વિભાવદશામાંથી મારૂં મન ઉઠી ગયું છે. એટલે હવે પૌદ્‌ગલિક ભાવોમાં રમવું, ભોગવવું, તેમાં જ પ્રીતિ-અપ્રીતિ કરવી. આ બધુ મને શોભે નહીં. આ બધી વાતો મારૂં હિત કરનારી નથી. આમ સમજીને જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મોના ક્ષયોપશમથી પ્રગટ થયેલી જ્ઞાનદર્શન ગુણોની શક્તિ રાગથી દ્વેષથી અને અવિરતિભાવથી નિવર્તન થવા લાગી. પ્રગટ થયેલા આ ગુણોની જે શક્તિ છે તે વિભાવદશામાં જ પ્રવર્તતી હતી, તેને અટકાવી છે અને સ્વભાવમાં દશામાં જોડી છે.

આત્માની આ જ્ઞાનાદિગુણોની શક્તિ જે વિભાવ દશામાં રમતી હતી તેને વિભાવદશાથી વિરામ પમાડીને આ આત્મામાં સત્તાગત જે અનંત ગુણોની સંપત્તિ છે. તે ગુણોની સત્તાને પ્રગટ કરવાના સાધનભાવવાળા માર્ગ તરફ જ આ આત્મશક્તિને કામે લગાડી છે.

આત્માની પોતાની અનંતગુણમય સંપત્તિ કેમ પ્રાપ્ત થાય ? તે ભણી આત્મસત્તા પ્રગટ કરવાના માર્ગ ભણી આ આત્મા આગળ ચાલ્યો. ગુણોને પ્રગટ કરવાના પ્રયત્નવાળો બન્યો છે. ॥ ૧ ॥

• • •

**તુમ પ્રભુ જાણગ રીતિ, સર્વ જગ દેખતા હો લાલ ॥ સર્વ ॥**
**નિજ સત્તાયે શુદ્ધ, સહુને લેખતા હો લાલ ॥ સહુને ॥**
**પરપરિણતિ અદ્વેષ, પણે ઉવેખતા, હો લાલ ॥ પણે ॥**
**ભોગ્યપણે નિજશક્તિ, અનંત ગવેષતા હો લાલ ॥ અનંત ॥ ॥૨॥**

ગાથાર્થ :- હે પ્રભુજી ! તમે જગતના સર્વભાવોને જાણો છો તથા દેખો પણ છો, તથા વળી જગતના સર્વ જીવો પોતપોતાના

ગુણોની સત્તાની અપેક્ષાએ શુદ્ધ છે આમ પણ જાણો છો. તથા સંસારી સર્વજીવોમાં પરપરિણતિ છે તે દેખો છો. છતાં કોઈના પણ ઉપર દ્વેષ કરતા નથી, અને દ્વેષ કર્યા વિના જ તેની ઉપેક્ષા કરો છો. તે તે જીવમાં રહેલી ભોગ્ય એવી અનંતગુણોની પોત પોતાની શક્તિને જ દેખો છો. ॥ ૨ ॥

વિવેચન :- તથા વળી હે પ્રભુજી ? તમે કેવલ જ્ઞાન અને કેવળ દર્શન વડે જગતના સર્વદ્રવ્યોને અને તેના સર્વ પર્યાયોને પ્રત્યક્ષપણે દેખો છો. છતાં ક્યાંય જરા પણ રાગ-દ્વેષ કરતા નથી. રાગ-દ્વેષ રહિતપણે સર્વ ભાવોને જાણો છો. તમે કેવલજ્ઞાનથી કદાચ કોઈને શુભ પરિણામવાળા દેખો છો તો તમે તેમાં રાગી બની જતા નથી અને તે જ કેવલજ્ઞાનથી કદાચ કોઈને અશુભપરિણામવાળા દેખો છો તો તમે તેના ઉપર દ્વેષવાળા બની જતા નથી. કેવું આશ્ચર્ય છે ? અમારા જેવા સંસારી જીવો શુભપરિણામવાળી વસ્તુને જોઈએ તો અંજાયા વિના (રાગી થયા વિના) રહેતા નથી અને અશુભ પરિણામવાળી વસ્તુને જોઈએ તો દ્વેષ કર્યા વિના રહેતા નથી. અમારા મોઢાનાં રૂપરંગ જ બદલાઈ જાય છે તમારી સભામાં તમારા ઉપરના રાગી કે બહુમાનવાળા જીવો આવે કે દ્વેષ કરનારા જીવો આવે પરંતુ આપની મુખમુદ્રા સમાન જ રહે છે ! હે પરમાત્મા ? આ જ ઘણું મોટું આશ્ચર્ય છે.

તથા વળી હે પ્રભુ ! તમારામાં જગતના સર્વભાવોનું જાણપણું છે પરંતુ ક્યાંય કર્તાપણું - ભોક્તાપણું ગ્રાહકપણું કે સ્વામીપણું નથી. તથા અહંકારવાળી બુદ્ધિ રહિત સર્વભાવોના યથાર્થપણે માત્ર જાણકાર છો.

તથા વળી કેવળજ્ઞાનથી સર્વદ્રવ્યોને પોતપોતાની સત્તાથી શુદ્ધ દ્રવ્યરૂપે લેખો છો. (ગણો છો) એકેન્દ્રિયનો જીવ હોય કે પંચેન્દ્રિયનો જીવ હોય, પણ નિજસત્તાની અપેક્ષાએ સર્વદ્રવ્યો સર્વથા શુદ્ધ છે.

નિર્દોષ છે. અને નિઃસંગ છે. આમ જ દેખો છો. પંચાસ્તિકાયમાંથી ધર્મ-અધર્મ અને આકાશ આ ત્રણ દ્રવ્યો તો અરૂપી હોવાથી જ પોતાના સ્વરૂપે જ પરદ્રવ્યોના સંગ વિનાનાં છે અને પુદ્ગલદ્રવ્ય જીવની સાથે સંયોગ પામનારૂં છે પરંતુ પોતે કર્તાભાવવાળું નથી. સ્વયં પોતે જીવની સાથે મળી જઈને જીવરૂપે બની જતું નથી અર્થાત પોતાની પુદ્ગલદ્રવ્યપણાની સત્તા છોડી દેતું નથી અર્થાત્ સંયોગમાત્ર થાય છે, પરંતુ અન્ય દ્રવ્યરૂપે પરિણામ પામતું નથી. પોતાની સત્તા ને ત્યજતું નથી.

તેવી જ રીતે જીવદ્રવ્ય પણ અનાદિકાળથી વિભાવ દશાવાળું છે, તો પણ સત્તાપણે તો મૂલધર્મરૂપે જ રહે છે આ રીતે સર્વે પણ દ્રવ્યો પોતપોતાની સત્તાની અપેક્ષાએ શુદ્ધ છે એમ આપ જાણો છો.

જીવદ્રવ્યમાં પરપરિણતિ (પરદ્રવ્ય પ્રત્યેનો રાગાદિ ભાવવાળો પરિણામ) થાય છે. તેનાથી ભાવની અશુદ્ધતા આવે છે. જ્ઞાનાવરણીયાદિ કર્મો પણ આ જીવ તેવી પરિણતિથી બાંધે છે. કામક્રોધાદિ ભાવો પણ આ જીવમાં આવી જાય છે આ બધું આપ કેવલજ્ઞાનથી દેખો છો. છતાં કોઈના પણ ઉપર દ્વેષ કરતા નથી. અદ્વેષમાં રહીને જીવમાત્રમાં રહેલી આવી અશુદ્ધપરિણતિની ઉપેક્ષા કરો છો. અશુદ્ધ પરિણતિ દેખવા છતાં ગુસ્સે થતા નથી.ઉપેક્ષા કરો છો આ જ તમારામાં મોટો ગુણ છે.

તથા વળી હે સુવિધિનાથ પ્રભુ ! તમે તમારા પોતાના ગુણોને જ ભોગ્યપણે ગણીને ભોગવો છો. તમારા પોતાના આત્મામાં જ રહેલા અનંતગુણો અને પર્યાયોને જ ભોગ્ય ગણીને ભોગવો છો. પરમચૈતન્યતા, પરમાનંદતા, સહજસુખાનુભવતા અનંતચારિત્રાદિ ગુણોને ભોગવતા છતા તત્ત્વના જ વિલાસી થઈને તે અનંતગુણોને જ ભોગ્ય તરીકે ગવેષો છો.

હે સુવિધિનાથ પ્રભુ ! તમે જ સાચા પોતાના શુદ્ધ સ્વરૂપના ભોગી છો અને પરદ્રવ્યની સાથે ભોગીપણાના સંબંધથી રહિત છો. ॥ ૨ ॥

• • •

**દાનાદિક નિજભાવ, હતા તે પરવશા હો લાલ ॥ હતા તે ॥**
**તે નિજસન્મુખ ભાવ, ગ્રહી લહી તુજ દશા હો લાલ ॥ ગ્રહી ॥**
**પ્રભુનો અદ્‌ભૂત યોગ, સ્વરૂપતણી રસા હો લાલ ॥ સરૂપ ॥**
**ભાસે વાસે તાસ, જાસ ગુણ તુજ જિસા હો લાલ ॥ જાસ ॥ ॥૩॥**

**ગાથાર્થ :-** દાનાદિક જે નિજભાવ (પોતાના ગુણો) પણ જે પરવશપણે હતા. તે સઘળા પણ હે પ્રભુ ! તારી દશા પ્રાપ્ત કરીને આત્માવલંબી થાય છે. પ્રભુજી તમારો યોગ જ અદ્‌ભૂત છે કે જે આત્મસ્વરૂપની ભૂમિકા તૈયાર કરે છે. તમારા જેવા ગુણો જેહમાં પ્રગટ્યા હોય તેમાં જ અનંતજ્ઞાનાદિ ગુણોનો વાસ થાય છે. ॥ ૩ ॥

**વિવેચન :-** અનાદિ કાળથી આ જીવમાં દાન-લાભ-ભોગ-ઉપભોગ અને વીર્ય ઇત્યાદિ ગુણો પોતાનામાં હતા. પરંતુ તે ક્ષયોપશમ ભાવવાળા હતા અને પરાનુયાયી હતા. પર એવા પુદ્‌ગલદ્રવ્યને આપવા-મળવા-ભોગવવાના વ્યવહારવાળા હતા. પરદ્રવ્યાશ્રિત હોવાથી પરવશ હતા તે બધા જ ગુણો તારી દશા (તમારી શુદ્ધદશા) પ્રાપ્ત કરીને (કેવલજ્ઞાન પ્રાપ્ત કરીને) ક્ષયોપશમને બદલે ક્ષાયિક ભાવના આ જીવે પ્રાપ્ત કર્યા અને પુદ્‌ગલાનુયાયી હતા તે જ સર્વગુણો અરિહંત પરમાત્માના શુદ્ધ આલંબનવાળા બન્યા છતા સ્વસ્વરૂપના અવલંબી થયા.

સારાંશ કે આ જીવ પહેલાં ધન અને આહારાદિનું (આમ પરદ્રવ્યનું) દાન કરતો હતો. તથા ધન અને ખાણી પીણી પ્રાપ્ત કરતો હતો તથા તે ધનને અને ધન દ્વારા પ્રાપ્ત કરેલા પૌદ્‌ગલિક વિષયોનો

ભોગ-ઉપભોગ કરતો હતો. તે હવેથી બદલીને અરિહંતપરમાત્માના અવલંબનવાળો બનીને પરદ્રવ્યોના ભોગોનો સર્વથા ત્યાગ કરીને સ્વસ્વરૂપના અવલંબનવાળો આ જીવ થાય છે. એટલે આત્મગુણાવલંબી થાય છે. ધન કમાવું અને પછી બીજાને દાન આપવું આ માર્ગ ત્યજીને ધનાદિ પૌદ્ગલિક સર્વભાવોનો ત્યાગ કરવા રૂપ અને અરિહંત પરમાત્માનું આલંબન ગ્રહણ કરવા રૂપ દાનાદિગુણો પ્રગટ્યા છે. એમ કરતાં કરતાં ક્ષાયિકભાવ આવતાં જ પોતાના આત્માના જ ગુણો પૂર્ણ પણે પ્રગટ કરીને પોતાના આત્માને જ ભેટ ધરવા રૂપ દાન અને લાભ તથા તે ગુણોમાં જ રમવા - આનંદ માનવા રૂપ ભોગ અને ઉપભોગાદિ ગુણો પ્રગટ કર્યા છે.

તથા હે પ્રભુ ! તમારામાં અદ્ભૂત યોગદશા તમે પ્રગટ કરી કે જે યોગ દશાની ભૂમિકા રત્નત્રયીની રમણતારૂપ છે. નિર્વિકારી છે. નિર્મળ છે. પરિપૂર્ણરૂપ છે. આ દશા સતત વર્તે છે. સર્વક્ષેત્રના સર્વકાળના સર્વભાવો જાણવા રૂપ અનુપમ જ્ઞાનગુણ વર્તે છે તથા જે પદાર્થ જેમ છે તે પદાર્થને તેમ નિશ્ચિત કરવા રૂપ દર્શનગુણ પણ આપશ્રીમાં અનુપમ વર્તે છે.

તથા વીતરાગદશા, નિશ્ચલતા, સ્વભાવદશામાં જ સ્થિર થવા રૂપ અનુપમ ચારિત્ર આવા અનંત અનંત ગુણો આપનામાં વર્તે છે. ઉત્પાદ - વ્યય - ધ્રુવધર્મયુક્ત, ભેદાભેદયુક્ત અસ્તિ-નાસ્તિ ધર્મથી યુક્ત એવી રત્નત્રયી આપનામાં વર્તે છે.

આપશ્રીમાં પ્રગટેલા આ સર્વ ગુણોનું જ્ઞાન તેને જ થાય છે કે જે આત્મામાં તમારા જેવા કેવલજ્ઞાનાદિ ગુણો પ્રગટ થયા હોય. તે વિના છદ્મસ્થ જીવોથી તો ગણી ન શકાય. જોઈ પણ ન શકાય. માપી પણ ન શકાય. અને જાણી પણ ન શકાય. તેવા ગુણી પુરુષ તમે છો.॥૩॥

• • •

**મોહાદિકની ઘૂમી, અનાદિની ઉતરે હો લાલ ॥ અનાદિની ॥**
**અમલ અખંડ અલિપ્ત, સ્વભાવ જ સાંભરે હો લાલ ॥ સ્વભાવજ॥**
**તત્ત્વરમણ શુચિધ્યાન, ભણી જે આદરે હો લાલ ॥ ભણી ॥**
**તે સમતારસ ધામ, સ્વામિમુદ્રા વરે હો લાલ ॥ સ્વામી ॥ ॥ ૪ ॥**

**ગાથાર્થ :-** અનાદિ કાળથી લાગેલી મોહાદિના વિકારોરૂપી ઘૂમી (નશો) દૂર થયે છતે જ નિર્મળ, અખંડ અને પરભાવથી અલિપ્ત એવો શુદ્ધ આત્મસ્વભાવ સ્મરણગોચર થાય છે. ત્યારબાદ જ આ જીવ તત્ત્વરમણતા અને નિર્મળ ધ્યાન આદિ ગુણો તરફ વળે છે. આમ ગુણ તરફ પ્રયાણ થવાથી સમતારસનું પવિત્ર શ્રેષ્ઠ સ્થાન અને વીતરાગ પરમાત્માની (વીતરાગ પરમાત્મા જેવી) મુદ્રા (આત્મદશા) આ જીવ પ્રાપ્ત કરે છે. ॥ ૪ ॥

**ભાવાર્થ :-** આ જીવમાં મોહદશાની ઘૂમી (મોહદશાનો નશો) અનાદિ કાળનો છે. આ નશાના કારણે જ આ જીવ પોતાના શુદ્ધસ્વરૂપનો અગ્રાહક બન્યો છે અને પરભાવનો ગ્રાહક બન્યો છે. આવા પ્રકારની પરભાવની રમણતાનો નશો કે જેને વિભાવદશા કહેવાય છે, તે અનાદિકાળથી આ આત્મામાં છે. તે મોહદશાની ઘૂમી (મોહદશાનો નશો) સમતાભાવથી ભરપૂર એવી પરમાત્માની મુદ્રાને જોતાં જ ઉતરી જાય છે ચાલી જાય છે.

**પ્રશ્ન :** આત્મામાં પ્રગટ થયેલી આ વિભાવદશાની પરિણતિ જે અનાદિની છે. તે સ્વપરિણતિ કહેવાય ? કે પરપરિણતિ કહેવાય ? જો સ્વપરિણતિ કહો (એટલે આત્માની પોતાની પરિણતિ છે) આમ કહો તો તેને વિભાવ કેમ કહેવાય ? અને પરપરિણતિ કહો તો જ્યારે કર્મ નામનું પરદ્રવ્ય જીવમાં આવ્યું ત્યારે આ પરપરિણતિ પ્રગટ થઈ આમ જો કહેશો તો તે અનાદિની કેમ ઘટે ? આત્માને જ્યારે કર્મ આવ્યું ત્યારથી આ વિભાવ પરિણતિ આવી. આમ કહેવું જોઈએ. તેથી આદિવાળી કહેવી જોઈએ પણ અનાદિની કેમ કહેવાય ?

**ઉત્તર :** આ વિભાવપરિણતિ તે અનાદિની છે અને કર્મના સંયોગથી જ આવેલી છે. મોહના વિકારીભાવોવાળી આ પરિણતિ છે. જીવ અને કર્મનો સંબંધ અનાદિનો છે તેથી આ પરપરિણતિ પણ અનાદિની છે.

**પ્રશ્ન :** જો આ પરપરિણતિ સ્વરૂપ વિભાવદશા અનાદિની છે. તો તેનો અંત કેમ થાય ? જે અનાદિ હોય તે હંમેશા મેરૂપર્વતાદિની જેમ અનંત જ હોય ?

**ઉત્તર :** આ વિભાવપરિણતિ અનાદિકાળથી જીવમાં છે તો પણ પરદ્રવ્યના સંયોગજન્ય છે. પરંતુ આત્માના પોતાના સ્વાભાવિક સ્વરૂપાત્મક નથી. તેથી શરીર ઉપર છાંટેલા પાવડરની જેમ દૂર થઈ શકે છે.

**પ્રશ્ન :** આ આત્મા આવા પ્રકારની વિભાવદશાનો કર્તા કેમ બન્યો છે ? જે દશા પોતાના આત્માની નથી. તેનું કર્તૃત્વ કેમ હોય?

**ઉત્તર :** પારમાર્થિક પણે તો આ આત્મા સ્વરૂપનો જ કર્તા છે. પરંતુ જ્યારે પોતાનું આત્મસ્વરૂપ કર્મોથી અવરાયેલું છે. ત્યારે મોહની તીવ્રતાના કારણે પરભાવનું કર્તાપણું પણ જીવમાં આરોપિતભાવે આવેલું છે. જે દૂર કરવા જેવું છે તેને દૂર કરવા જ આ પ્રયત્ન કરાય છે. આરોપિત ભાવે આ જીવ પરપરિણતિનો કર્તા છે.

આ પ્રમાણે મોહદશાની આ ઘૂમી (નશો) જેમ જેમ આ આત્મા દૂર કરે છે તેમ તેમ તે આત્મામાં જે નિર્મળ એવું તથા અખંડ એવું અને પરભાવદશાથી અલિપ્ત એવું આ આત્માનું જે સ્વાભાવિક શુદ્ધ સ્વરૂપ છે તે સ્મૃતિગોચર થાય છે. વિભાવદશાનો નશો જેમ જેમ ઉતરે છે. તેમ તેમ સ્વભાવદશાનું ભાન આ જીવને થાય છે અને અણસમજમાં કાળ નિર્ગમન કર્યાનો પસ્તાવો થાય છે.

મોહદશાનો નશો દૂર કરવા માટે પ્રારંભમાં અરિહંત પ્રભુના આલંબનવાળો થાય અને પછી પોતાના આત્માના સ્વરૂપનો અવલંબી થાય અર્થાત્ પોતના જ ગુણોના અવલંબનવાળો બને. અને સ્વભાવદશાને સતત સ્મૃતિગોચર કરનારો બને.

"હું" પરમાર્થે તો પરદ્રવ્યના સંગ વિનાનો જ છું. આમ અલિપ્ત સ્વભાવને જ નિરંતર સ્મૃતિગોચર કરે છે. મને જે કર્મનો સંબંધ થયો છે. તે અન્યદ્રવ્યના સંયોગરૂપ હોવાથી વિભાવ સ્વરૂપાત્મક છે. હું નિઃસંગ છું. આવો મારો સાધક આત્મા છે. આવી દૃષ્ટિ ખુલતાં નિશ્ચય નયથી આ આત્મા પોતાના ગુણોમાં જ રમનારો બને છે. અને તેથી તત્ત્વની રમણતા પ્રાપ્ત કરવા દ્વારા પવિત્ર એવા ધ્યાન તરફ આગળ વધે છે. આર્ત-રૌદ્રધ્યાન ત્યજીને ધર્મધ્યાન તરફ જોડાવાનો પ્રયત્ન કરે છે. પુદ્ગલસંબંધી વર્ણાદિમાં જે અશુદ્ધ રમણતા હતી. તે ત્યજીને પોતાના જ્ઞાનાદિ ગુણોની જ રમણતામાં લયલીન બને છે. તેનાથી તાત્ત્વિક ચારિત્રગુણવાળો આ જીવ થાય છે.

આ રીતે અરિહંતાદિનું આલંબન લેવા દ્વારા સ્વગુણમાં રમણતા પ્રાપ્ત કરીને ધર્મધ્યાનનું આલંબન લઈને પોતાના ક્ષાયિકભાવના અનંત પર્યાયોને પ્રગટ કરવા માટે આત્માના ગુણોની સાથે એકાગ્રતા કેળવીને વિભાવદશાનો ક્ષય કરીને પરમ એવી જે સમતારસની ભૂમિકાવાળી જિનેશ્વર પરમાત્માની પારમાર્થિક અને યથાર્થ એવી જે મુદ્રા છે. તેને પ્રાપ્ત કરે છે. અર્થાત્ આ આત્મા પણ વીતરાગ અવસ્થાને પામે જ છે. અને પોતાના ગુણોનો નિર્મળ પૂર્ણાનંદી બને છે. ॥ ૪ ॥

• • •

**પ્રભુ છો ત્રિભૂવનનાથ, દાસ હું તાહરો, હો લાલ ॥ દાસ ॥**
**કરૂણાનિધિ અભિલાપ, અછે. મુઝ એ ખરો હો લાલ ॥ અછે ॥**

**આતમવસ્તુ સ્વભાવ, સદા મુઝ સાંભરો. ॥ હો લાલ ॥ સદા ॥**
**ભાસનવાસન એહ, ચરણ ધ્યાને ધરો હો લાલ ॥ ચરણ ॥ ॥ ૫॥**

ગાથાર્થ :- હે પરમાત્મા ! આપ ત્રણે ભૂવનના નાથ છો. હું તમારો દાસ છું. હે કરૂણાનિધિ પરમાત્મા ! મારી સદા આ ખરી - સત્ય અભિલાષા છે કે, મારા આત્માનો જે પારમાર્થિક ક્ષાયિકભાવ વાળો યથાર્થ વસ્તુ સ્વભાવ છે. તે મને હંમેશાં સ્મૃતિગોચર થાઓ મારા આત્મસ્વભાવનું જ મને ભાન હો. મારી સતત તેમાં જ વાસના હો. વસ્તુ સ્વભાવને આચરવા દ્વારા તેનું જ ધ્યાન કરનારો (તેને જ પ્રાપ્ત કરનારો) હું બનું એવી મારી ભાવના છે. ॥ ૫ ॥

**વિવેચન :-** ભાવનાની ધારામાં આગળ વધેલો આ આત્મા પરમાત્માને વિનંતિ કરે છે કે ત્રણે ભૂવનના હે નાથ ? હે પરમાત્મા? તમે સ્વામી છો. અને હું તમારો દાસ છું. તમારો સેવક છું તમે જ કરૂણાના સાગર છો. તમે જ સમ્યગ્દર્શનાદિ ગુણો જેનામાં ન હોય તેને પમાડનારા અને જેનામાં તે ગુણો હોય તેનું રક્ષણ કરનારા છો. માટે જ નાથ છો અને દયાના સાગર છો તમે જ અમારા તરણ-તારણ છો.

તમારી પાસે મારી એક ખરેખરી (સાચી) વિનંતિ છે કે "મારા પોતાના આત્માનો જે શુદ્ધ ક્ષાયિકભાવવાળો નિર્મળ સ્વભાવ છે. જેનું મને નિરંતર સ્મરણ થાય છે." તેની જલ્દી જલ્દી પ્રાપ્તિ થાઓ અને જ્યાં સુધી તે પ્રાપ્ત ન થાય ત્યાં સુધી પણ તેનું જ સતત સ્મરણ, તેનું જ સતત ભાસન (જ્ઞાન) તથા તેની જ નિરંતર વાસના, નિરંતર તેમાં જ રમણતા કરવા સ્વરૂપ ચારિત્રગુણ મારામાં હો.

તથા સતત આવા ગુણોની પ્રાપ્તિનું જ ધ્યાન ધરનારો હું બનું. એવી આશિષ મને આપો. તમારી પાસેથી આવા ગુણોની પ્રાપ્તિના આશિષ હું ઈચ્છું છું. ॥ ૫ ॥

• • •

**પ્રભુમુદ્રાને યોગ પ્રભુ પ્રભુતા લખે. હો લાલ. ॥ પ્રભુ ॥**
**દ્રવ્યતણે સાધર્મ્ય, સ્વસંપત્તિ ઓળખે હો લાલ ॥ સ્વસંપત્તિ ॥**

**ઓળખતાં બહુમાન, સહિત રૂચિ પણ વધે હો લાલ ॥ સહિત ॥**
**રૂચિ અનુયાયી વીર્ય, ચરણધારા સધે, હો લાલ ॥ ચરણધારા ॥ ॥૬॥**

**ગાથાર્થ :-** પરમાત્માની મુદ્રાને જોઈ જોઈને પરમાત્માની પ્રભુતાને બરાબર ઓળખે છે અને મારો આત્મા અને પરમાત્માનો આત્મા દ્રવ્યપણે સમાન છે. માટે મારામાં પણ આવી અનંત ગુણોની સંપત્તિ છે તેને બરાબર જાણીને તેના ઉપર ઘણાં માન બહુમાન થાય છે. તેની રૂચિ (શ્રદ્ધા-પ્રીતિ) વધે છે. તે રૂચિને અનુસારે વીર્ય પ્રગટે છે. તેમાં જ અતિશય રમણતા થાય છે. આમ આ આત્માની મુક્તિદશા પ્રગટ થાય છે. ॥ ૬ ॥

**વિવેચન :-** આ આત્મા પોતે જ અનંતગુણી છે તો પ્રભુજીના ગુણોનું સ્મરણ કરવાનું શું કામ છે ? આવો અહીં કદાચ પ્રશ્ન થાય. તેનો ઉત્તર આપતાં ગ્રન્થકારશ્રી કહે છે કે -

મારો પોતાનો આત્મા અનંતગુણી છે. પરંતુ મોહદશા અને અજ્ઞાનદશાના બળે મારો આત્મા આ દશાને ભૂલી ગયો છે. અને પરભાવદશાનો પ્રેમી અને પરભાવદશામાં જ વધારે લીન બન્યો છે પોતાનું ઘર ભૂલી ગયો છે તેની ઓળખ પ્રભુને જોવાથી થાય છે. માટે જ કહે છે કે પ્રભુજીની વીતરાગાવસ્થાસૂચક મુદ્રાને નીહાળીને આ આત્મા પોતાના આત્માની પ્રભુતાને બરાબર ઓળખે છે. પોતાની પ્રભુતાને જાણતો થાય છે. આ પરમાત્મા જેમ અનંતજ્ઞાની છે. અનંતદર્શની છે. વીતરાગ છે. અનંતવીર્યાદિ ગુણવાળા છે. તેમ મારો આત્મા પણ તેવો જ છે. હું અને પરમાત્મા અમે બન્ને દ્રવ્યપણે સમાન સ્વરૂપવાળા છીએ માટે મારામાં પણ સત્તાથી આવા અનંત ગુણો છે. આમ અનંતગુણમય સ્વસંપત્તિ સ્મૃતિગોચર થાય છે. તેના કારણે પરમાત્મા ઉપર ઘણું બહુમાનભાવ પ્રગટ થાય છે. જેમ મામાના ગામના માણસોને દેખીને મામાનું ગામ. મામાનું ઘર અને

મુસાળસંબંધી બધો જ પક્ષ સ્મૃતિગોચર થાય છે. તેમ પરમાત્માને જોઈને પોતાના આત્માની ગુણસંપત્તિનું સ્મરણ થઈ આવે છે તેના કારણે પ્રભુજી ઉપર અતિશય બહુમાન ભાવ પ્રગટ થાય છે અને મારા આત્મામાં પણ આવા પ્રકારના અનંતગુણો સત્તાથી છે આવી અતિશય રૂચિ (શ્રદ્ધા - પ્રીતિ) પ્રગટ થાય છે.

એકવાર આવી રૂચિ પ્રગટ થાય એટલે તેને પ્રાપ્ત કરવા આ જીવ પોતાનું વીર્ય તે તરફ ફોરવે છે અને પોતાનામાં જ રહેલા વીતરાગતા આદિ ગુણોને પ્રગટ કરવા દ્વારા પોતાના જ અનંતચારિત્ર ગુણને પ્રગટ કરે છે. આમ ગુણોની ધારામાં આગળ વધતાં આ આત્મા પોતાનું પરમાત્મપણું પણ સિદ્ધ કરે જ છે. ॥ ૬ ॥

• • •

**ક્ષાયોપશમિક ગુણ સર્વ, થયા તુજ ગુણરસી હો લાલ, ॥ થયા ॥**
**સત્તાસાધન શક્તિ, વ્યક્તતા ઉલ્લસી હો લાલ ॥ વ્યક્તતા ॥**
**હવે સંપૂરણ સિદ્ધિ, તણી શી વાર છે હો લાલ ॥ તણી ॥**
**દેવચંદ્ર જિનરાજ, જગત્રય આધાર છે હો લાલ. ॥જગત્રય ॥ ॥૭॥**

**ગાથાર્થ :-** હે પરમાત્મા ! મારા ક્ષાયોપશમિક ભાવતા સર્વે પણ ગુણો તમારા ક્ષાયિકભાવના ગુણોના રસિક બન્યા છે. તેથી સત્તામાં રહેલા ગુણોની સાધના કરતાં કરતાં આ શક્તિ પ્રગટ થાય છે. ઉલ્લાસ પામે છે. તેના કારણે ગુણોથી સંપૂર્ણ સિદ્ધિ મેળવવામાં હવે શી વાર છે? અલ્પ કાળમાં જ મને ક્ષાયિકભાવના ગુણોનો આવિર્ભાવ થશે જ. દેવોમાં ચંદ્રમા સમાન જિનેશ્વપ્રભુ, તમે જ ત્રણે જગતને આધારરૂપ છો. (ગર્તિત રીતિએ **દેવચંદ્ર જિનરાજ** આ પદમાં કર્તાએ પોતાનું નામ સુચવ્યું છે.) ॥ ૭ ॥

**વિવેચન :-** હે પરમાત્મા ! મારામાં ક્ષાયોપશમિકભાવના ગુણો છે, પણ ક્ષાયિકભાવના ગુણો નથી. તે કારણથી તે ગુણોમાં કાળે કાળે હાનિ-વૃદ્ધિ થાય છે, પરંતુ આપશ્રી મળ્યા પછી મારા ક્ષાયોપશમિક

ભાવના તમામ ગુણો તમારા ક્ષાયિકભાવના ગુણોના રસિક બન્યા છે. આ કારણથી મારા પોતાનામાં ક્ષાયિકભાવના ગુણોની શક્તિ તો અવશ્ય છે, પરંતુ તે ગુણોની શક્તિ કર્મોથી આવૃત્ત થયેલી છે. તેના કારણે ક્ષાયિક ભાવના ગુણો પ્રગટ થતા નથી, પરંતુ મારા ક્ષાયિકભાવના ગુણોને પ્રગટ કરવામાં સાધનભૂત આત્મશક્તિનો ઉલ્લાસ વ્યક્ત થયો છે. તે પ્રગટ કરવામાં નિમિત્તભૂત પરમાત્મા તમે પ્રાપ્ત થયા છો. આ કારણથી મારો આત્મા તત્ત્વની રૂચિવાળો થયો છતો તત્ત્વાવલંબી બન્યો છે આ કારણે સંપૂર્ણપણે આત્મગુણોની સિદ્ધિ પ્રગટ થતાં શી વાર લાગે ? અર્થાત્ અલ્પસમયમાં જ મારા ક્ષાયિકભાવના ગુણો અવશ્ય પ્રગટ થશે જ. એવો મને પરમવિશ્વાસ છે કારણ કે નિમિત્તકારણ અતિશય પ્રબળ છે. તેથી ઉપાદાનકારણતા પણ અવશ્ય પ્રગટશે જ.

કારણ કે "પુષ્ટ કાર મળે છતે કાર્ય અવશ્ય થાય જ" આ માટે સર્વપ્રકારના દેવોમાં ચંદ્રમા સમાન એવા શ્રી વીતરાગ પ્રભુ, આપ જ સર્વ જીવોના આધારભૂત છો. સર્વ જીવોને આ સંસારસાગરથી તારનારા છો. આવા પ્રકારની પ્રભુની પ્રતિમાના આલંબને અનંત જીવો મુક્તિપદ પામ્યા છે તે માટે "અરિહંત પ્રભુના આલંબને આ આત્માની સિદ્ધતા પ્રગટશે જ" તે માટે અરિહંત પરમાત્માનું સ્મરણ, નમન, વંદન, સ્તવન, અને ગુણગાન વિશેષે કરવા લાયક છે. અને હું તે કાર્યોમાં જોડાયો છું. લયલીન બન્યો છું.

હે સાધક આત્માઓ ! આપણને સર્વને આ પરમાત્મા જ તથા આ પરમાત્માની સેવા ભક્તિ જ આધાર રૂપ છે. સંસાર સાગરથી તારનારી છે. માટે વિના વિલંબે તેમાં જોડાઈ જવા વિનંતી છે. ॥ ૭ ॥

(ગર્તિત રીતિએ કર્તાએ **દેવચંદ્ર જિનરાજ** આ પદમાં પોતાનું નામ સુચવ્યું છે.)

**શ્રી સુવિધિનાથ પરમાત્માનું સ્તવન સમાપ્ત થયું.**

## દસમા શ્રી શીતલનાથ પરમાત્માનું સ્તવન

**શીતલ જિનપતિ પ્રભુતા પ્રભુની, મુઝથી કહીય ન જાય જી ।**
**અનંતતા નિર્મલતા પૂર્ણતા, જ્ઞાન વિના ન જણાય જી ॥ ૧ ॥**

**ગાથાર્થ :-** શીતલનાથ પરમાત્માની પ્રભુતા મારાથી જાણી શકાતી નથી. કેવળ જ્ઞાનની પ્રાપ્તિ વિના આપશ્રીના ગુણોની અનંતતા, ગુણોની નિર્મળતા અને ગુણોની સંપૂર્ણતા જાણી શકાતી નથી, કહી શકાતી નથી. ॥૧॥

**વિવેચન :-** હે શીતલનાથ પ્રભુ ! આપશ્રીમાં પ્રગટ થયેલી ગુણોની અનંતતા અને આત્મિક પ્રભુતા તો કેવલજ્ઞાની ભગવંતો જ જોઈ શકે છે. જાણી શકે છે. મારા જેવાનું તેમાં કામ નથી. તથા વળી સમ્યગ્દૃષ્ટિ આત્માઓ પણ તત્ત્વરૂચિએ કરી આપશ્રીમાં અનંતગુણોની સંપત્તિ જાણે છે અને તેનું યથાસ્થિત આગમાનુસારે વર્ણન કરે છે.

હે પરમાત્મા ! આપના આત્મામાં અનાદિ કાળથી જે વિષયોનો રાગ, કષાયો, નોકષાયો આવા પ્રકારના તમામ વિકારો - વિલાસો જે હતા તે સર્વથા શાન્ત થઈ ગયા છે અને અતિશય શુદ્ધ એવી પરમ વીતરાગતા આપશ્રીમાં પ્રગટ થઈ છે તથા અતિશય નિઃસ્પૃહતા અને પરભાવદશાની અભોગ્યતા વિગેરે આત્મિક ગુણો પ્રગટ થવાથી આપશ્રીમાં અતિશય શીતળતા નામનો ગુણ પ્રગટ્યો છે.

તથા જિનપતિપ્રભુતા ગુણ પ્રગટ્યો છે. એટલે કે સર્વથામોહનો જે આત્માઓએ ક્ષય કર્યો છે એવા ક્ષીણમોહી જીવોના જે પતિ અર્થાત્ સ્વામી તે જિનપતિ-જિનેશ્વરપ્રભુ, તેઓની જે પ્રભુતા એટલે કે ઠકુરાઈ સારાંશ કે અનંત ગુણોની આત્મીય સંપદા આપશ્રીમાં પ્રગટ થઈ છે. મારામાં મતિશ્રુતજ્ઞાન પણ ઘણાં અલ્પ છે. તેવા અલ્પજ્ઞાની મારા વડે આપશ્રીની અનંત ગુણસંપદા કેમ કહી શકાય ? અર્થાત આપશ્રીની જે ગુણસંપદા છે તે અવર્ણનીય આ ગુણસંપદા છે.

સિદ્ધ પરમાત્મામાં તો સર્વ ગુણો અને તેના પર્યાયો સ્વચ્છપણે ઉઘડેલા છે. સર્વ આવરણો ક્ષય પામ્યાં છે. એટલે અભિલાપ્ય અને અનભિલાપ્ય એમ સર્વ ગુણો સિદ્ધ પરમાત્મામાં પ્રગટ થયા છે. અનભિલાપ્ય ગુણો તો વાચાથી જ અગોચર છે. તેથી કહી શકાતા નથી. અને અભિલાપ્ય ગુણો કહી શકાય તેમ છે, પરંતુ વક્તાનું આયુષ્ય પરિમિત છે અને ગુણો અનંતા છે અને તે પણ જીભ દ્વારા ક્રમસર જ કહી શકાય છે. માટે આયુષ્યનું પ્રમાણ અલ્પ હોવાથી સર્વ ગુણો કહી શકાતા નથી.

આ સંસારમાં અનંતા જીવદ્રવ્યો અને અનંતાં પુદ્ગલદ્રવ્યો છે તથા ધર્માસ્તિકાયાદિ જે એક એક દ્રવ્યો છે તે દરેક દ્રવ્યોના અસંખ્યાત અસંખ્યાત પ્રદેશો છે. પ્રદેશે પ્રદેશે પોત પોતાના અનંત ગુણો છે અને વળી તે ગુણોની તરતમતા રૂપ અનંતા અનંતા પર્યાયો છે આટલું વર્ણન પરિમિત આયુષ્યવાળાથી કેમ થાય ?

આ આત્માના ગુણો ઉપરનાં સર્વકર્મોનો જ્યારે ક્ષય થાય છે અને સર્વ ગુણો નિરાવરણ બને છે ત્યારે અમાપ (અપરિમિત) નિર્મળતા, નિઃસંગતા અને નિઃસહાયતા આવા આવા ગુણો પ્રગટ થાય છે જે કેવલી પરમાત્મા જ જોઈ શકે છે. એટલે આત્માના અનંત ગુણોની અનંતતા, નિર્મળતા અને પૂર્ણતા આ સઘળું ય કેવલજ્ઞાન વિના જાણી શકાતું નથી. ॥ ૧ ॥

• • •

**ચરમજલધિ જલ મિણ અંજલિ, ગતિ ઝીંપે અતિવાયજી ।**
**સર્વ આકાશ ઓલંઘે ચરણે, પણ પ્રભુતા ન ગણાય જી ॥ ૨ ॥**

**ગાથાર્થ :-** કદાચ કોઈક શક્તિશાળી મનુષ્ય છેલ્લા સ્વયંભૂરમણ સમુદ્રનું પાણી અંજલિથી માપી શકે અથવા કોઈ મનુષ્ય ગતિ દ્વારા

અતિશય ઝડપી વાતા વાયુને પણ જીતી લે, અથવા કોઈક મનુષ્ય સર્વ લોકાલોક પ્રમાણ આકાશાસ્તિકાય દ્રવ્યને પગે ચાલવા દ્વારા પસાર કરે તો પણ પ્રભુજીની પ્રભુતા ગણી શકાતી નથી. ॥ ૨ ॥

**વિવેચન :-** વીતરાગ પરમાત્મામાં મોહનો ક્ષય થવાથી અને કેવળજ્ઞાન-કેવળદર્શન પ્રગટ થવાથી ક્ષાયિકભાવના જે અનંતગુણો પ્રગટ થયા છે તે ગુણો કેટલા બધા છે આ વાત ત્રણ ઉપમાઓ આપીને ગ્રંથકારશ્રી આ ગાથામાં જણાવે છે.

(૧) છેલ્લામાં છેલ્લો જે સ્વયંભૂરમણ સમુદ્ર છે, કે જેની પરિધિ (ગોળ ઘેરાવો) ત્રણ રાજથી પણ કંઈક વધારે થાય છે. તેનું પાણી કેટલું બધું અપરિમિત હશે ? તે તમામ પાણીને અંજલિ દ્વારા ધારો કે માપે. (જો કે આ મપાય તેમ તો નથી પણ કલ્પના માત્ર કરવામાં આવી છે.)

(૨) અથવા વાયુ સૌથી વધારે ઝડપી ગતિવાળો કહેવાય છે. ધારો કે કોઈ મનુષ્ય ગમનક્રિયા દ્વારા વાયુને પણ જીતી લે. એટલે કે વાયુ કરતાં વધારે ઝડપથી દૂનિયાને ચક્કર મારી લે.

(૩) અથવા પગે ચાલવા દ્વારા લોકાકાશ અને અલોકાકાશ મળીને અનંત આકાશને પણ ઓળંગી જાય તો પણ પરમાત્માના ગુણો આવા પ્રકારના શક્તિશાળી માણસથી પણ ગણી શકાતા નથી. એટલા બધા અપાર ગુણો શ્રી વીતરાગપરમાત્મામાં છે. આ વાત કંઈ પક્ષપાતથી કહેવાતી નથી, પરંતુ હકિકત છે કે પ્રભુમાં આટલા બધા અપાર ગુણો છે. કેવળજ્ઞાની વિનાના સર્વે પણ જીવો ક્ષાયોપશમિક ભાવવાળા જ છે તેવા જીવોથી પ્રભુના સર્વ ગુણો ગણી શકાતા નથી. જાણી શકાતા નથી તો કહી તો કેમ શકાય ? માટે શ્રી વીતરાગ પરમાત્માની પ્રભુતા તો સંપૂર્ણજ્ઞાની અર્થાત્ જે સર્વજ્ઞ હોય તે જ

જાણે. તે સર્વજ્ઞ ભગવંત પણ જાણી શકે છે. પરંતુ વાચા દ્વારા કહી શકતા નથી. કારણ કે વાચા ક્રમવર્તી છે, અને પોતાનું આયુષ્ય પરિમિત છે માટે વીતરાગપ્રભુના ગુણો કહી શકાતા નથી. ॥ ૨ ॥

• • •

**સર્વ દ્રવ્ય પ્રદેશ અનંતા, તેહથી ગુણ-પર્યાય જી ॥**
**તાસ વર્ગથી અનંત ગુણ પ્રભુ, કેવલજ્ઞાન કહાય જી ॥ ૩ ॥**

**ગાથાર્થ :-** સર્વ દ્રવ્યો મળીને અનંતાં છે. તેના કરતાં તેના પ્રદેશો અનંતા અધિક છે. તેના કરતાં ગુણો અને ગુણો કરતાં પર્યાયો અનંતગુણા છે. તેનો વર્ગ કરીને તેને પણ અનંતે ગુણીએ તેટલું માપ કેવલજ્ઞાનનું છે. અર્થાત્ અપરિમિત માપવાળું કેવળ જ્ઞાન છે. ॥૩॥

**વિવેચન :-** આ સંસારમાં છ મૂળભૂત દ્રવ્યો છે. તેમાં જીવો અને પુદ્‌ગલો આ બે દ્રવ્યો અનંતા અનંતા છે. કાળના સમયો અનંતા છે. તથા ધર્મ - અધર્મ અને આકાશ એક એક દ્રવ્ય છે. આમ સર્વ મળીને અનંતા દ્રવ્યો છે. તેના કરતાં તેમના પ્રદેશો ઘણા વધારે છે. જીવ - ધર્મ - અને અધર્મના પ્રદેશો એક એક દ્રવ્યના અસંખ્યાતા - અસંખ્યાતા છે. આકાશાસ્તિકાયના પ્રદેશો અનંતા છે. પુદ્‌ગલના પ્રદેશો અનંતા છે. આમ દ્રવ્યો કરતાં પ્રદેશો અનંતા વધારે છે. તેના કરતાં તેના ગુણો અનંતગુણા છે. તેના કરતાં તેના પર્યાયો અનંતગુણા છે. એક એક ગુણની હાનિવૃદ્ધિ રૂપ તરતમતાના કારણે ગુણો કરતાં પર્યાયો અનંતગુણા છે. કેવળજ્ઞાન આ સર્વને જાણે છે. તે માટે તે ગુણો અને પર્યાયો કરતાં પણ કેવળજ્ઞાન અને કેવળ દર્શન અનંતગણું છે.

દ્રવ્યો અનંતા છે. તેના કરતાં તેના પ્રદેશો અસંખ્યાતગણા (અને આકાશના અનંતગુણા) છે. તેના કરતાં તે તમામના ગુણો અનંતગુણા છે. તેના કરતાં તેના પર્યાયો અનંતગુણા છે. આ સર્વનો

વર્ગ કરીએ તેટલા અર્થાત્ સર્વથી વધારે કેવલજ્ઞાન અને કેવળદર્શનના પર્યાયો છે.

છ દ્રવ્યો, અને તેના પ્રદેશો તે પ્રદેશોમાં રહેલાં ગુણો અને તે ગુણોની હીનાધિકતા રૂપે પરિવર્તના આ સર્વ અનંતા તો છે, પરંતુ આ સર્વે માત્ર અસ્તિ સ્વરૂપે જ ગણાવ્યા છે. જ્યારે કેવળજ્ઞાન - કેવળ દર્શન તો જેમ અસ્તિભાવોને જાણે છે તેમ નાસ્તિભાવોને પણ જાણે છે. અને અસ્તિભાવો કરતાં નાસ્તિ ભાવો અનંતગુણા હોય છે. આ રીતે હે પરમાત્મા ! આપશ્રીનું કેવળજ્ઞાન અને કેવળ દર્શન સર્વોપરિ અનંતગુણ છે. આ સર્વ ભાવોને તો આપ જ જાણી શકો. અન્ય કોઈની તેને જાણવાની તાકાત નથી. આવા સર્વશ્રેષ્ઠ અને અનંતાનંતભાવવાળા કેવળજ્ઞાનાદિ ગુણોના ધારક આ પ્રભુજી છે. આપશ્રીના કેવળજ્ઞાન, કેવળદર્શનના પર્યાયો કેવલીપરમાત્મા વિના બીજા કોઈ જાણી શકે નહીં. જોઈ શકે નહિ. હે પ્રભુ ! તમારૂં આ રીતે અમાપ જ્ઞાન-દર્શન છે. અને અકલ્પનીય સ્વરૂપ છે.॥ ૩ ॥

• • •

**કેવળ દર્શન એમ અનંતુ, ગ્રહે સામાન્ય સ્વભાવ જી ।**
**સ્વપર અનંતથી ચરણ અનંતુ, સ્વરમણ સંવરભાવ જી ॥ ૪ ॥**

ગાથાર્થ :- જેમ કેવળજ્ઞાન અનંતુ છે. તે જ પ્રમાણે સામાન્ય ધર્મને જાણવાના સ્વરૂપે કેવળદર્શન પણ અનંતુ છે તથા સ્વભાવની રમણતા અને પરભાવની વિરમણતા સ્વરૂપે ચારિત્રગુણ પણ હે પરમાત્મા! અનંતો છે. તથા સંવરભાવ પણ અનંતો છે આમ શાસ્ત્રાનુસારી સ્મરણ થાય છે. ॥ ૪ ॥

**વિવેચન :-** હે પરમાત્મા ! જેમ કેવળજ્ઞાન સર્વથી અધિક અનંતની સંખ્યાવાળું છે. તેમ કેવળ દર્શન નામનો ગુણ પણ સર્વથી

અધિક અનંતની સંખ્યાવાળો છે. કારણ કે જેમ કેવળ જ્ઞાન વિશેષભાવોને જાણે છે તેમ કેવળ દર્શન સામાન્યભાવોને જાણવાના સ્વભાવવાળું છે. જેમ વિશેષભાવો અનંતાનંત છે. તેમ સામાન્યભાવો પણ અનંતાનંત છે. આ રીતે આ બન્ને ગુણો અપરિમિત અનંતભાવવાળા છે.

તથા સ્વભાવની રમણતા અને પરભાવની વિરમણતારૂપે ચારિત્ર-ગુણ પણ અનંતાનંત છે. તથા આશ્રવભાવોને અટકાવવા રૂપે સંવરભાવો પણ આપશ્રીમાં અનંતાનંત છે. આમ આગમશાસ્ત્રોથી સ્મૃતિગોચર થાય છે. હે વીતરાગપ્રભુ ! આપશ્રીનું તો સઘળુય સ્વરૂપ અનંતુ અનંતુ છે. કેવળજ્ઞાની વિના કોઈ જોઈ શકે તેમ નથી તથા સમજી શકે તેમ પણ નથી. કહી શકાય તેમ તો છે જ નહીં. ॥ ૪ ॥

● ● ●

**દ્રવ્યક્ષેત્ર ને કાલ ભાવ ગુણ, રાજનીતિ એ ચાર જી ।**
**ત્રાસ વિના જડ ચેતન પ્રભુની, કોઈ ન લોપે કાર જી ॥૫॥**

**ગાથાર્થ :-** આપશ્રીના સર્વે પણ ગુણો અને સર્વે પણ પર્યાયો દ્રવ્યથી ક્ષેત્રથી કાળથી અને ભાવથી એમ ચાર પ્રકારની રાજનીતિથી પણ અનંતા અને અપરિમિત છે. સર્વે પણ જડ પદાર્થો અને ચેતનપદાર્થો કોઈ પણ જાતના ત્રાસ વિના (ભયવિના) સંપૂર્ણપણે પ્રભુની આજ્ઞા પાળે છે. આજ્ઞાનો જરા પણ કોઈ લોપ કરતા નથી. ॥ ૫ ॥

**વિવેચન :-** હે પરમાત્મા ! તમારામાં અનંતાનંત જ્ઞાન દર્શન ચારિત્ર અને વીર્યાદિ ઘણા ઘણા ગુણો છે. તે સર્વે પણ ગુણો દ્રવ્યથી ક્ષેત્રથી કાળથી અને ભાવથી વિચારીએ તો તેની કોઈ ગણના જ ન થાય તેવા અપરિમિત અનંતાનંત છે.

જેમ શામ દામ દંડ અને ભેદ આમ રાજનીતિ ચાર પ્રકારની હોય છે. પ્રથમ શાન્તિથી શત્રુરાજાને સમજાવવો તે શામનીતિ. તેમ છતાં તે ન માને ત્યારે દબડાવવો તે દામનીતિ, અને દબડાવવા છતાં

જો વશ ન થાય તો મારવો દંડ કરવો તે ત્રીજી દંડનીતિ અને તેમ છતાં તે વશ થાય તેમ ન હોય તો તેમને સહાય કરનારા મિત્રભૂત રાજાઓમાં અથવા તેના પરિવારમાં ભેદ પડાવવો તે ચોથી ભેદનીતિ આ જેમ રાજનીતિ ચાર પ્રકારની છે. તેમ પ્રદેશોનો સમુદાય તે દ્રવ્ય, તેના આધારભૂત જે પદાર્થ તે ક્ષેત્ર, તેની જે વર્તના તે કાળ, અને તેતે પદાર્થનું જે મૂલસ્વરૂપ તે ભાવ આમ પદાર્થની નીતિ પણ ચાર પ્રકારે છે.

તથા વળી હે પરમાત્મા ! આમની આજ્ઞા સર્વદ્રવ્યો માને છે રાજાની આજ્ઞા કોઈ માને કોઈક ન માને ચક્રવર્તી જેવા મહારાજાઓની આજ્ઞા પણ કોઈ ન માને અને યુદ્ધો કરવાં પડે આવું બને છે પરંતુ વીતરાત્ર પ્રભૂની આજ્ઞા ન માને એવું ક્યારેય બનતું નથી. કારણકે જે કાળે જે દ્રવ્યનો જે પર્યાય જેમ બનવાનો છે તે દ્રવ્યનો તે પર્યાય તે રીતે જ કેવળજ્ઞાનમાં ઝળકે છે (દેખાય છે) માટે કોઈ આજ્ઞા બહાર જતું નથી

હે પરમાત્મા ! તમે કેવળજ્ઞાનથી સર્વદ્રવ્યોના સર્વપર્યાયો જે રીતે જાણો છો. તે દ્રવ્યોના તે તે પર્યાયો તે તે રીતે જ થાય છે તમે કોઈ ને કંઈ કહેતા નથી. કોઈને કંઈ ત્રાસ આપતા નથી. કોઈનો કંઈ દંડ કરતા નથી કોઈને ભય પમાડતા નથી તો પણ સર્વ દ્રવ્યો તમારા કેવળજ્ઞાનમાં જેમ દેખાયું હોય તે ભાવે જ વર્તે છે. અલ્પમાત્રાએ પણ આપશ્રીના જ્ઞાન બહાર ચાલતા નથી કંઈ પણ રોકરોક કે ભયત્રાસ આપ્યા વિના સર્વે દ્રવ્યો પોતપોતાના પર્યાયોમાં તેમજ વર્તે છે કે આપશ્રીને કેવળજ્ઞાનમાં જેમ દેખાતુ હોય.

આ રીતે આપશ્રીની આજ્ઞાને કોઈ અલ્પમાત્રાએ પણ લોપતું નથી.॥ ૫ ॥

• • •

**શુદ્ધાશય થિર પ્રભુ ઉપયોગે, જે સમરે તુઝ નામ જી ।**
**અવ્યાબાધ અનંતુ પામે, પરમ અમૃત સુખ ધામજી ॥ ૬ ॥**

**ગાથાર્થ :-** શુદ્ધ આશય રાખીને સ્થિરપરિણામી બનીને જે જીવ ઉપયોગપૂર્વક પ્રભુને આરાધે છે. પ્રભુનું નામસ્મરણ કરે છે તે જીવ અનંત અવ્યાબાધ સુખ પ્રાપ્ત કરે છે. જે અવ્યાબાધસુખ પરમઅમૃતસુખનું ધામ (સ્થાન) છે. ॥ ૬ ॥

**વિવેચન :-** પરમાત્માની ભક્તિ કરનારો જે આત્મા શુદ્ધ આશય રાખીને ક્ષુદ્રાદિક ચિત્તના દોષોને ટાળીને આત્મકલ્યાણની સાધના કરે છે. તે જીવ અવ્યાબાધસુખ અવશ્ય પામે છે. ક્ષુદ્રાદિક ચિત્તના આઠ દોષો આ પ્રમાણે છે. પૂજ્ય શ્રી હરિભદ્રસૂરિજી મહારાજશ્રીએ કહ્યું છે કે-

**क्षुद्रोः लोभरतिर्दीनो, मत्सरी भयवान् शठः ॥**
**अज्ञो भवाभिनन्दी च, निष्फलारम्भसाधकः ॥**

જે ક્ષુદ્રસ્વભાવ ૧, લોભની જ વધારે પ્રીતિ ૨, દીનતા ૩, ઈર્ષ્યાળુ પ્રકૃતિ ૪, ભયભીતાવસ્થા ૫, લુચ્ચાઈવાળી પ્રકૃતિ ૬, અજ્ઞાની અવસ્થા (જડતા અથવા મૂર્ખતા) ૭, અને ભવાભિનંદિપણું (સંસારરસિકતા) ૮, આ આઠ દોષોવાળો જીવ ધર્મઆરાધન કદાચ કરે તો પણ તે નિષ્ફલ આરંભ જાણવો.

ચિત્તના આ આઠ દોષો રહિત જે ધર્મની આરાધના કરે છે તે જ આરાધના અવ્યાબાધ અનંતસુખને આપનાર બને છે.

તથા વિષાનુષ્ઠાન - ગરલાનુષ્ઠાનાદિ અનુષ્ઠાનોના દોષોને ત્યજીને કરાયેલું ધર્માનુષ્ઠાન જ જીવને ઉપકાર કરનારૂં બને છે. આ ભવના સાંસારિક સુખોની ઈચ્છા રાખીને જે ધર્માનુષ્ઠાન કરાય તે

વિષાનુષ્ઠાન, અને આવતા ભવમાં સંસારનાં સુખો મળે એવી આશા રાખીને જે ધર્માનુષ્ઠાન કરાય તે ગરાનુષ્ઠાન, ઉપયોગની શૂન્યતાએ જે અનુષ્ઠાન કરાય તે અનનુષ્ઠાન.

ઉપરોક્ત દોષોને ટાળીને જિનેશ્વરપ્રભુની આજ્ઞા પ્રમાણે શાસ્ત્રોક્ત વિધિપૂર્વક જે અનુષ્ઠાન કરાય તે તદ્‌હેતુ અનુષ્ઠાન અને અમૃતાનુષ્ઠાન આ બે પ્રકારનાં અનુષ્ઠાનો જે છે તે જીવનો ઉપકાર કરનારાં બને છે.

તથા વળી તે અનુષ્ઠાનોના ચાર ભેદ પણ છે. પ્રીત્યનુષ્ઠાન. ભક્ત્યનુષ્ઠાન, વચનાનુષ્ઠાન અને અસંગાનુષ્ઠાન. પ્રેમપૂર્વક જે અનુષ્ઠાન કરાય તે પ્રીત્યનુષ્ઠાન, અને હૈયાના અહોભાવ પૂર્વક (બહુમાન સાથે) જે અનુષ્ઠાન કરાય તે ભક્તિઅનુષ્ઠાન, જિનેશ્વર પરમાત્માનું વચન છે આમ તેઓ ઉપરના વિશ્વાસથી જે અનુષ્ઠાન કરાય તે વચનાનુષ્ઠાન અને સાંસારિક કોઈ પણ જાતની કામના વિના જે અનુષ્ઠાન કરાય તે અસંગાનુષ્ઠાન.

આ પ્રમાણે વચનાનુષ્ઠાન અને અસંગાનુષ્ઠાનમાં સ્થિર થઈને ઉપયોગપૂર્વક પરમાત્માનું નામ જે જીવો સ્મરે છે આપશ્રીનું નામસ્મરણ કરવામાં શંકાદિ અતિચારો જે લગાડતા નથી ચપળતા - ચંચળતા - અસ્થિરતા આદિ દોષોને ટાળીને પરમાત્માના સ્વાભાવિક ગુણોને લક્ષ્યમાં લઈને પોતાના ઉપયોગ પૂર્વક અતિશય એકાગ્ર થઈને સમતા રસથી ભરેલા શ્રી શીતલનાથ પરમાત્માનું ધ્યાન કરવા માટે શીતલનાથપ્રભુના નામનું સ્મરણ જે સાધક આત્મા કરે છે તે જીવ આવા પ્રકારના શ્રેષ્ઠગુણી પુરુષનું આલંબન લઈને આત્મોપાદાની બનીને જ્યારે સર્વથા કર્મરહિત બને છે. ત્યારે અનંત એવું અવ્યાબાધ સુખ, પરદ્રવ્યના સંગ વિનાનું કેવળ આત્મિક એવું આધ્યાત્મિક સુખ પ્રાપ્ત કરે છે.

આ સુખ કેવું છે ? તેનું વર્ણન કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે આ સુખ પરમસુખ છે. ઉત્કૃષ્ટસુખ છે અમૃતતુલ્ય સુખ છે. અવિનાશીસુખ છે. સ્વાભાવિક સુખ છે. જ્ઞાનાદિ ગુણોના આનંદસ્વરૂપ આ સુખ છે. આ ભૌતિક સુખ નથી. પુદ્ગલદ્રવ્યાશ્રિત નથી. તથા મોહોદય જન્ય સુખ નથી. શાસ્ત્રમાં જ કહ્યું છે કે -

शिवमयलमरुयमणंतमक्खयमव्वाबाहमपुणराविति सिद्धिगइनामधेयं ठाणं संपत्ताणं એટલે કે મુક્તિનું સુખ કેવું છે ? (૧) કલ્યાણરૂપ છે (૨) અચલિત - ક્યારેય નાશ ન પામે તેવું. (૩) રોગરહિત - કોઈપણ જાતના રોગોથી રહિત (૪) અનંત - અનંતકાળ રહેવાવાળું (૫) અક્ષત (ક્યારેય ક્ષય ન પામે તેવું. (૬) કોઈપણ જાતની બાધા - પીડા વિનાનું. (૭) જ્યાં ગયા પછી પાછા ક્યારેય પણ આવવાનું નથી તેવું. (૮) સિદ્ધિ ગતિ છે નામ જેનું એવું આ મુક્તિનું સ્થાન છે. તેને પામેલા જિનેશ્વર પરમાત્માને મારા નમસ્કાર હોજો.

સમ્મતિતર્ક નામના ગ્રંથમાં પણ કહ્યું છે કે -

**अह सुइय सयल जगसिहर, मरुअ निरुवम सहावसिद्धिसुहं ।**
**अनिहणमव्वाबाहं तिरयणसारं अणुहवंति ॥**

અતિશય પવિત્ર, સકલજગતના શિખરભૂત, રોગરહિત એવું, ઉપમા વિનાનું, અનિધન (અંતવિનાનું અર્થાત્ અનંત) વ્યાબાધા વિનાનું, રત્નત્રયીના સારભૂત એવું સ્વાભાવિક મુક્તિનું સુખ સિદ્ધ પરમાત્માઓ અનુભવે છે.

આવા પ્રકારનું સુખ મુક્તિમાં છે ભૌતિક એટલે પુદ્ગલને આધીન જે સુખ છે તે સુખ જ નથી. માત્ર સુખનો ભ્રમ જ છે. ॥૬॥

• • •

**આણા ઈશ્વરતા, નિર્ભયતા, નિર્વાંછકતા રૂપજી ।**
**ભાવસ્વાધીન તે અવ્યયરીતે એમ અનંતગુણ ભૂપજી ॥ ૭ ॥**

**ગાથાર્થ :-** આ પરમાત્માની આજ્ઞા સર્વમાન્ય છે. તથા તેઓમાં પરમ ઐશ્વર્યતા, પરમનિર્ભયતા, અને કોઈ પણ વસ્તુની ઈચ્છા ન કરવાપણું પોતાના ભાવો પોતાને જ આધીન (પરદ્રવ્યથી સર્વથામુક્ત) અને ક્યારેય નાશ ન પામે તેવા ગુણોવાળા એમ આ પરમાત્મા અનંત અનંત ગુણોના રાજા છે. ॥ ૭ ॥

**વિવેચન :-** તથા આ પરમાત્મામાં કેવી પ્રભુતા છે ! તે આ ગાથામાં સમજાવે છે કે -

(૧) જેઓની આજ્ઞા કોઈ લોપતું નથી. સર્વે પણ જીવો જેઓની આજ્ઞામાં જ વર્તે છે. ત્રિપદીમય જગત છે. આવી પ્રભુજીની આજ્ઞા છે અને જગતના સર્વે પણ પદાર્થો પર્યાયને આશ્રયી ઉત્પાદ - વ્યયવાળા અને દ્રવ્યને આશ્રયી ધ્રુવ આમ ત્રિપદીમય છે. એટલે સર્વે પણ દ્રવ્યો તેઓની આજ્ઞાને માનવાવાળાં છે.

(૨) પરમાત્માની ઈશ્વરતા અદ્ભૂત છે. દુનીયાના રાજાઓ પરિમિત ક્ષેત્રના જ ઐશ્વર્યવાળા છે અને તે પણ સાદિ-સાન્ત કાળ વાળા છે. જ્યારે પરમાત્માની ઠકુરાઈ તો અપરિમિત અને અનંતી છે. આ પરમાત્મા તો સમસ્ત જગત્નો ઉપકાર કરે તેવી અમાપ સંપત્તિના સ્વામી છે. માટે ઈશ્વરતા પણ તેઓમાં અદ્ભૂત છે.

(૩) અનુપમ નિર્ભયતાગુણ-સાંસારિક રાજાઓને માત્ર પોતાના રાજસેવકો તરફથી જ નિર્ભયતા હોય છે, પરંતુ પરચક્ર આદિ થી તથા મહાપ્રતાપી રાજાઓથી સદા ભયભીત હોય છે તથા મરણ- રોગ- શોક આદિથી પણ સદા ભયભીત હોય છે, પરંતુ અમારા આ તીર્થંકર ભગવંત તો પરચક્રથી કે અન્ય રાજાઓથી કે મરણાદિ સાત ભયોથી પણ સર્વથા નિર્ભયતાવાળા છે. તેથી જ તેઓશ્રી નિર્મળ આનંદથી ભરપૂર ભરેલા આ વીતરાગદેવ તો સદા પરિપૂર્ણ નિર્ભયતાવાળા જ છે.

(૪) પોતાના આત્મામાં જ રહેલી તથા પોતાના ગુણમય અને નિર્મળાનંદના કારણભૂત એવી અને સદાકાળ રહે તેવી અખંડ અને અવિનાશી સંપદાથી યુક્ત છે. છતાં અતિશય નિર્ભયતાવાળા છે. તેમની સંપત્તિ કોઈ લુંટી શકે તેમ નથી.

(૫) સંસારમાં સુખી ગણાતા ઈન્દ્રમહારાજા, ચંદ્ર, સૂર્ય અને ચક્રવર્તી જેવા રાજાઓ પણ પોતાની પાસે ઘણી સંપત્તિ હોવા છતાં પણ તૃષ્ણાના કારણે સદાકાળ પરસંપત્તિને લૂંટવાની ઈચ્છા વાળા જ હોય છે સદાકાળ ઈચ્છાઓથી ભરેલા જ છે માટે પોતે અપૂર્ણ જ હોય છે. જ્યારે આ પરમાત્મા પરિપૂર્ણ છે.

(૬) તથા અનંતજ્ઞાન - અનંતદર્શન અવ્યાબાધસુખ ઈત્યાદિ પોતાની જ ભાવથી જે ગુણસંપત્તિ છે તે પોતાને સંપૂર્ણ પણે સ્વાધીન છે. કોઈ પણ કર્મોનાં આવરણો હવે જેમને નડતરરૂપ નથી. આવી સ્વાધીન ભાવગુણસંપત્તિવાળા આ પરમાત્મા છે.

(૭) તથા પ્રગટ થયેલી આ અનંત ગુણસંપત્તિ પણ સદાકાળ રહેનારી છે. ક્યારેય નાશ પામનારી નથી.

આ રીતે આ વીતરાગપરમાત્મા, ઉપર સમજાવ્યા પ્રમાણે અનંત અનંત ગુણોના રાજા-મહારાજા છે. ॥ ૭ ॥

• • •

**અવ્યાબાધ સુખ નિર્મલ, તે તો કરણજ્ઞાને ન જણાય જી ।**
**તેહજ એહનો જાણગ ભોક્તા, જે તુમસમ ગુણરાયજી ॥૮॥**

ગાથાર્થ :- આપશ્રીમાં જે અવ્યાબાધસુખનો નિર્મળગુણ છે તે ગુણ તો કરણજ્ઞાનથી (એટલે ઈન્દ્રિયજન્ય મતિ - શ્રુત જ્ઞાનથી) જાણી શકાય તેમ નથી. જે આત્મા તમારા સમાન અનંત જ્ઞાની અને અનંતગુણોનો રાજા બને છે તે જ આ ગુણોનો જાણકાર બને છે અને ભોક્તા (અનુભવ કરનાર) પણ બને છે. ॥ ૮ ॥

**વિવેચન :-** વેદનીય કર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલું અને કોઈ પણ જાતની બાધા - પીડા વિનાનું તથા અતીન્દ્રિય એવું આપશ્રીમાં જે અવ્યાબાધસુખ છે. જે ગુણ નિર્મળપણે પ્રગટ થયો છે, તે ગુણ કરણજ્ઞાનથી એટલે કે ઇન્દ્રિયોથી થનારા મતિ - શ્રુતજ્ઞાનથી અને ઉપલક્ષણથી ક્ષાયોપશમિક ભાવના અવધિજ્ઞાન અને મનઃપર્યય જ્ઞાનથી પણ જાણી ન શકાય તેવો આ ગુણ છે ક્ષાયોપશયિક ભાવનાં ચારે જ્ઞાનોથી ન જાણી શકાય તેવું અવ્યાબાધ અનંત સુખ આપશ્રીમાં વર્તે છે.

જે આત્મા ઘાતીકર્મોનો ક્ષય કરીને તમારા સમાન અનંતગુણોનો રાજા બને છે કેવળજ્ઞાની કેવળદર્શની - સર્વજ્ઞ અને સર્વદર્શી બને છે તે જ આત્મા આ ગુણોનો જાણગ - જાણકાર બને છે અને આવા ગુણોનો ભોકતા પણ તે જ આત્મા બને છે.

આ ગુણો ક્ષાયિકભાવના છે. એટલે અતીન્દ્રિયગુણો છે. તેના ભોકતા અને જ્ઞાતા સિદ્ધભગવંતો અર્થાત્ કેવલજ્ઞાની ભગવંતો જ થાય છે. ॥ ૮ ॥

• • •

**એમ અનંત દાનાદિક નિજગુણ, વચનાતીત પંડુર જી ।**
**વાસન ભાસન ભાવેં દુર્લભ, પ્રાપ્તિ તો અતિ દૂર જી ॥ ૯ ॥**

**ગાથાર્થ :-** આ પ્રમાણે અનંત દાનાદિક પોતાના આત્માના જ ગુણો છે અને તે વચનોથી ન કહી શકાય તેવા છે તથા તે ગુણો પંડુર છે. (અતિશય મોટાગુણો છે) આવા ગુણોની શ્રદ્ધા કરવી અને જ્ઞાન પ્રાપ્ત કરવું. આ પણ દુર્લભ છે તો તે ગુણોની જીવનમાં પ્રાપ્તિ કરવી તો અતિશય દૂર જ છે. ॥ ૯ ॥

**વિવેચન :-** આ પ્રમાણે હે વીતરાગ પરમાત્મા ! આપશ્રીમાં અનંતદાન - અનંતલાભ - અનંતગુણોનો ભોગ અને અનંત ગુણોનો ઉપભોગ ઇત્યાદિ પારાવાર (અપાર) પોતાના ગુણો પોતાનામાં જ પ્રગટ થયેલા વર્તે છે. જે વચનોથી વર્ણવી શકાતા નથી. અવર્ણનીય

છે. તથા પંડુર એટલે આ તો ઘણા મોટા મોટા ગુણો કહ્યા છે. નાના નાના ગુણો તો અપાર છે જ.

આવા પ્રકારના અનંતગુણોની શ્રદ્ધા કરવી. જ્ઞાન કરવું તે પણ દુર્લભ છે. તો પછી તેવા ગુણોની જીવનમાં પ્રાપ્તિ થવી તો અતિશય ઘણી જ દુષ્કર છે. ॥ ૯ ॥

● ● ●

**સકલ પ્રત્યક્ષપણે ત્રિભુવનગુરુ, જાણું તુઝ ગુણ ગ્રામ જી ।**
**બીજું કાંઈ ન માગું સ્વામી, એહિ જ કરો મુજ કામ જી ॥૧૦॥**

**ગાથાર્થ :-** હે ત્રિભુવનગુરુ ! તાહરી પાસે અનંતગુણસંપત્તિ જે છે તે જ સકલ પ્રત્યક્ષપણે મને પ્રગટ થાય. આટલું જ હું તારી પાસે માગું છું. હે સ્વામી ! આ ગુણસંપત્તિ વિના બીજું કંઈ જ માગતો નથી. મને મારી ગુણસંપત્તિ આપવાનું આટલું કામ કરો. ॥ ૧૦ ॥

**વિવેચન :-** હે ત્રણ ભુવનના ગુરુ તીર્થંકર પરમાત્મા ! તમારી પાસે ક્ષાયિકભાવની અનંત અનંત ગુણોની સંપત્તિ પ્રગટ થયેલી છે. તે સર્વ આપની સંપત્તિને "હું પ્રત્યક્ષપણે જાણતો થાઉં - પ્રત્યક્ષપણે દેખતો થાઉં" આટલું જ તમારી પાસે માગું છું. આટલી જ મારી ઈચ્છા છે. મારે તમારૂં આટલું જ કામ છે. તમારી પાસે મારે આટલું જ કામ કરાવવાનું છે. જે તમારી સંપદા કેવલજ્ઞાની આત્માઓ પ્રત્યક્ષ દેખી શકે છે તેની જેમ હું પણ તમારી સર્વ સંપત્તિને પ્રત્યક્ષપણે જોઈ શકું એવી મારી ગુણસંપત્તિ રૂપ જે શક્તિ છે તે અર્થાત્ મારાં કેવળજ્ઞાન અને કેવળદર્શન માગું છું તે કૃપા કરીને મને આપો. બીજું કંઈ જ મારે જોઈતું નથી. આટલું મારૂ કામ હે પ્રભુ! તમે કરો તમે કરો એમ ઈચ્છું છું. ॥ ૧૦ ॥

● ● ●

**એમ અનંત પ્રભુતા સદહતાં, અર્ચે જે પ્રભુરૂપ જી ।**
**દેવચંદ્ર પ્રભુતા તે પામે, પરમાનન્દ સ્વરૂપ જી ॥ ૧૧ ॥**

ગાથાર્થ :- આ પ્રમાણે વીતરાગ પરમાત્મામાં રહેલી અનંત પ્રભુતાની શ્રદ્ધા કરીને જે આત્મા પરમાત્માને પૂજે છે તે આત્મા દેવોમાં ચંદ્રમા સમાન એવી વીતરાગપણાની પ્રભુતાને પામે છે. જે પરમ આનંદના સ્વરૂપના વિલાસ રૂપ છે. (ગર્ભિત રીતે **દેવચંદ્ર પ્રભુતા** આ પદમાં કર્તાએ પોતાનું નામ સુચવ્યું છે.) ॥ ૧૧ ॥

વિવેચન :- આ પ્રમાણે શ્રી શીતલનાથ પ્રભુમાં રહેલી અનંતી પ્રભુતા, પરમાત્મદશા, સર્વ આત્મપ્રદેશોમાં નિરાવરણતા રૂપે પ્રગટ થયેલી અનંત અનંત શુદ્ધ પર્યાયતા તથા કેવળજ્ઞાન કેવળદર્શનાદિ સકલ ગુણોની સંપૂર્ણપણે નિરાવરણતા (સર્વગુણોનો સંપૂર્ણપણે આવિર્ભાવ) આવા પ્રકારની અનંતી આત્મશક્તિ જે અનાદિકાળથી કર્મો વડે અવરાયેલી હતી. તેનો પ્રાદુર્ભાવ - પ્રગટીકરણ થયું છે. ઈત્યાદિની ભાવના ભાવતાં ભાવતાં તેની સાચા હૃદયથી શ્રદ્ધા કરતાં કરતાં સમ્યક્ત્વ ગુણ પ્રગટ થાય અને તેના દ્વારા પરમાત્માના ઉપરોક્ત સર્વગુણોની બહુમાનપૂર્વક યથાર્થ શ્રદ્ધા કરતાં કરતાં જે આત્મા પરમાત્માને પૂજે છે. તે આત્મા સર્વદેવોમાં ચંદ્રમા સમાન એવા વીતરાગ શ્રી અરિહંતપ્રભુની પ્રભુતાને પ્રાપ્ત કરે છે. જે પ્રભુતા પરમ આનંદ સ્વરૂપવાળી છે.

જેમ ઈયળ ભમરીનું ધ્યાન કરતી છતી ભમરી પણાને પામે છે. તેમ આ સંસારી આત્મા પરમાત્માનું બહુમાનપૂર્વક ધ્યાન કરતો છતો તે પોતે જ વીતરાગ અવસ્થાને પામે છે. આવા પ્રકારનો વીતરાગપ્રભુનો બહુ પ્રતાપી પ્રભાવ છે. ॥ ૧૧ ॥

(ગર્ભિત રીતિએ **દેવચંદ્ર પ્રભુતા** આ પદમાં કર્તાએ પોતાનું નામ સુચવ્યું છે.) ॥ ૧૧ ॥

**શ્રી શીતલનાથ પરમાત્માનું સ્તવન સમાપ્ત થયું.**

—o—

## અગ્યારમા શ્રી શ્રેયાંસનાથ પરમાત્માનું સ્તવન

**શ્રી શ્રેયાંસ પ્રભુતણો, અતિ અદ્‌ભૂત સહજાનંદ રે ।**
**ગુણ એકવિધત્રિક પરિણમ્યો, એમ ગુણ અનંતનો વૃંદ રે ॥ ૧ ॥**
**"મુનિચંદ જિણંદ અમંદ દિણંદ પરે નિત્ય દીપતો સુખ કંદ રે ॥**

**ગાથાર્થ :-** શ્રી શ્રેયાંસનાથ પરમાત્માનો અતિશયઉત્કૃષ્ટ અને આશ્ચર્યકારી એવો સહજાનંદ (પોતાના ગુણોમાં જ સ્વાભાવિક આનંદ માણવો) એ સ્વરૂપવાળો ગુણ એક જ પ્રકારનો છે, પરંતુ કરણ - કાર્ય અને ક્રિયા એમ ત્રિવિધિરૂપે પરિણામ પામ્યો છે. આ રીતે આ પરમાત્મા અનંતાનંત ગુણોના સમૂહસ્વરૂપ છે. મુનિઓમાં ચંદ્રમા સમાન આ પ્રભુ તેજસ્વી સૂર્યની પેઠે પ્રતિક્ષણે તેજસ્વી દેદીપ્યમાન અને અનંત સુખનું મૂળ છે. ॥ ૧ ॥

**વિવેચન :-** અગિયારમા શ્રી શ્રેયાંસનાથ પરમાત્મા સર્વથા નિરાવરણ થયા છે. પોતાના શુદ્ધસ્વરૂપના ભોગી થયા છે સર્વથી ઉત્કૃષ્ટ અને અદ્‌ભૂત (આશ્ચર્યકારી) એવા "પોતાના આત્મસ્વરૂપના" ભોગી થયા છે. જેથી "સ્વાભાવિક અનંતાનંત આનંદમય" બન્યા છે. સાધનભૂત જે રત્નત્રયી હતી તેના પરિણામયુક્ત બન્યા છે. સર્વથા શુદ્ધ અને નિરાવરણ એવા અસંખ્યાત આત્મપ્રદેશોવાળા સિદ્ધ દશાપણે પરિણામ પામ્યા છે. અનંતગુણો અને ક્ષાયિકભાવના શુદ્ધ અનંતપર્યાયો જેમાં પ્રગટ થયા છે એવા આ પરમાત્મા છે.

પરમાત્મા સ્વગુણોના કર્તા અને ભોક્તા છે. કરણ - કાર્ય અને ક્રિયા આ ત્રણે ભાવો ગુણોમાં જ છે. કોઈપણ વિવક્ષિત એક ગુણ બીજા ગુણોની પ્રાપ્તિનું અસાધારણ કારણ છે. તેથી કરણ કહેવાય છે. નવા નવા ગુણોની પ્રાપ્તિ કરવી તે કાર્ય છે. અને તે માટે પૂર્વકાલમાં પ્રાપ્ત થયેલા ગુણોમાં જે રમણતા કરવી તે ક્રિયા છે. આમ એકવિધ ગુણ કરણ

કાર્ય અને ક્રિયાના લીધે ત્રિવિધ ભાસે છે.

સિદ્ધાવસ્થામાં પહોંચેલો આત્મા આ ત્રણે ભાવોમાં અભેદપણે વર્તે છે પોતે ગુણોનો કર્તા પણ છે. જ્ઞાનરમણતાએ કરણ પણ છે. પર્યાયને આશ્રયી નવા નવા જ્ઞાનાદિગુણોની પ્રાપ્તિ કરવી તે કાર્ય પણ છે અને તેમાં જ તન્મય થઈને વર્તવું તે ક્રિયા પણ છે. આમ અભેદભાવે રત્નત્રયી છે.

આમ કાલને આશ્રયી અભેદતા પણ છે અને સંજ્ઞા સંખ્યા તથા લક્ષણાદિની સપેક્ષાએ ભેદ પણ છે.

મુનિઓમાં ચંદ્રમા સમાન અર્થાત્ સામાન્ય કેવલી ભગવંતોમાં તીર્થંકર પદથી વિભૂષિત એવા તથા તેજસ્વી સૂર્યની જેમ પ્રકાશ કરનારા, સૂર્યની જેમ પ્રતિદિન દેદીપ્યમાન એવા આત્મિકસુખના મૂલકારણ તુલ્ય એવા શ્રી શ્રેયાંસનાથ પરમાત્માના સર્વે પણ ગુણો પ્રગટ થયેલા હોવાથી પ્રગટ એવા તે ગુણો સ્વકાર્ય કરે છે. ॥ ૧ ॥

**અવતરણ :-** આ આત્માના અનંતગુણો છે. તેમાં ઉપયોગગુણ સૌથી પ્રધાન છે. તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે કે उपयोगो लक्षणम् તે ઉપયોગ બે પ્રકારે છે. જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ. સર્વે પણ લબ્ધિઓ જ્ઞાનોપયોગવંત જીવને થાય છે. માટે પ્રથમ જ્ઞાનગુણની ત્રિવિધતા જણાવે છે -

**નિજજ્ઞાને કરી જ્ઞેયનો, જ્ઞાયક જ્ઞાતાપદ ઈશ રે ॥**
**દેખે નિજદર્શન કરી, નિજ દશ્ય સામાન્ય જગીશ રે ॥ ૨ ॥**
**॥ મુનિચંદ ॥**

**ગાથાર્થ :-** હે પરમાત્મા ! તમે પોતાના જ્ઞાનગુણે કરીને સર્વ પ્રકારના ત્રૈકાલિક જ્ઞેયના જ્ઞાયક (જાણકાર) છો. માટે જ્ઞાતાપદના સ્વામી છો. તથા પોતાના દર્શનગુણે કરીને પોતાના આત્મામાં રહેલા સર્વપ્રકારના સામાન્ય ધર્મોને જોનારા - દેખનારા પણ આપ છો. આ રીતે હે જગદીશ્વર આપશ્રી અનંત જ્ઞાન-દર્શનગુણવાળા છો. ॥ ૨ ॥

**વિવેચન :-** સંપૂર્ણ એવા લોકાકાશમાં તથા અલોકાકાશમાં જે બન્યું છે. જે બને છે. અને જે બનશે એમ ત્રણે લોકના ત્રણે કાળના સર્વદ્રવ્યોના સર્વભાવોને આપશ્રી જાણવાવાળા છો. આ પ્રમાણે હે પરમાત્મા ! આપશ્રી આપના પોતાના જ્ઞાનગુણે કરીને સમસ્ત વિશ્વને જાણનારા છે. તથા પ્રતિસમયે આ જાણવાનું કામ કરો છો. એક પણ સમય એવો નથી કે જે સમયમાં જાણવાનું અને જોવાનું કામ ન થતું હોય. તેથી જાણવાપણાનું કાર્ય કરવામાં આપશ્રી સતત પ્રવૃત્તિશીલ છો માટે તેવી જાણવાની ક્રિયા પણ છે. આમ કર્તા એવા તમારા આત્મામાં ગુણોનું કરણપણું, ગુણોનું કાર્યપણું અને ગુણોનું ક્રિયાપણું આમ ત્રિવિધતા સમાયેલી છે.

તથા આ કર્તા - કરણ - કાર્ય અને ક્રિયાનો કથંચિદ્ ભેદ પણ છે. તે તે કારકની અપેક્ષાએ કથંચિદ્ ભેદ પણ અવશ્ય છે આ જ પ્રમાણે પોતાના જ આત્મામાં વર્તતા દર્શનગુણે કરીને પોતાના જ આત્મામાં અનંતદર્શનગુણને પણ પરમાત્મા જાણે છે. જગતના સર્વ પદાર્થોમાં રહેલા અનંત સામાન્યભાવોને દેખવા રૂપે દર્શનગુણ પણ આ આત્મામાં અનંત છે અને પરમાત્મા તેને દેખે છે. આ જીવ જેમ જેમ નિજદર્શન (પોતાના આત્માને આગમના અનુસારે) દેખે છે. તેમ તેમ અનંત દૃશ્યને પણ દેખે છે. આવી આત્મશક્તિ છે. ॥ ૨ ॥

**નિજરમ્યેં રમણ કરો, પ્રભુ ચારિત્રે રમતા રામ રે ।**
**ભોગ્ય અનંતને ભોગવો, ભોગે તેણે ભોકતા સ્વામ રે ॥ ૩ ॥**
**॥ મુનિચંદ ॥**

**ગાથાર્થ :-** રમણ કરવાલાયક એવા પોતાના ગુણોમાં આપ નિત્ય રમણતા કરો છો તે ચારિત્રગુણની રમણતાના આપ સ્વામી છો. અને ભોગવવા લાયક એવી આત્મગુણોની અનંત સંપત્તિને આપ ભોગવો છો. તેના ભોગથી હે પ્રભુ ! આપશ્રી અનંત ગુણોના ભોક્તૃત્વના સ્વામી છો. ॥ ૩ ॥

**વિવેચન :-** હે પરમાત્મા ! આ આત્માનો જે ચારિત્ર ધર્મ છે. પોતાના આત્મસ્વભાવમાં જ રમવું તે ગુણમાં આપશ્રી નિરંતર પ્રવૃત્તિવાળા છો. હકિકતથી આપશ્રી ચારિત્રગુણના કરણવડે આપશ્રીનું કાર્ય પણ આ જ છે. તેને જ આચરવાની ક્રિયા કરો છો. આમ આત્મસ્વભાવમાં રહેવારૂપે કરણતા-કાર્યતા અને ક્રિયાવત્તા આ ત્રણે ભાવો નિજભાવના જ માત્ર છે. આવી જ રીતે ભોગગુણની પણ ત્રિવિધિતા આપશ્રીમાં વર્તે જ છે. તમે સ્વગુણોના ભોગની કરણતા કાર્યતા અને ક્રિયાભાવના કર્તા છો. સતત સ્વગુણોને જ ભોગવો છો. તેની જ લગની લાગી છે. અલ્પમાત્રાએ પણ ક્યારેય વિભાવદશાના ભોકતા કે કર્તા થતા નથી.

સાદિ-અનંતકાળ સુધી કેવળ સ્વગુણોનો જ ભોગ આપશ્રીમાં સંભવે છે. ભોગાંતરાયકર્મનો સર્વથા ક્ષય કર્યો છે. તેના કારણે આપશ્રી સર્વથા સ્વગુણોના જ પરિપૂર્ણપણે ભોકતા છો. આત્મગુણોની જે અનંતસંપદા છે તેને જ નિરંતર ભોગવનારા છો.

ભોગગુણની કરણતાને લીધે પોતાના ગુણોને જ ભોગવવાનું કાર્ય કરનારા છો. નિરંતર તેને જ ભોગવવાની ક્રિયા વાળા છો આ રીતે આપશ્રી ભોકતા ગુણના પણ કરણ કાર્ય અને ક્રિયારૂપે સ્વામી છો. ॥ ૩ ॥

**દેય દાન નીત દીજતે, અતિદાતા પ્રભુ સ્વયમેવ રે ।**
**પાત્ર તુમેં નિજ શક્તિના, ગ્રાહક વ્યાપકમય દેવ રે ॥ ૪ ॥**
**॥ મુનિચંદ ॥**

**ગાથાર્થ :-** આપવા યોગ્યનું આપવું આવા દાનગુણવડે પ્રતિદિન દાન કરતા એવા આપ સ્વયં હે પ્રભુ પરમદાતા છો. તથા પોતાના આત્માની જે સ્વગુણોની રમણતાની અનંતશક્તિ છે. તેના જ વ્યાપકપણે ગ્રાહક છો. આ પ્રમાણે સર્વગુણો સ્વભાવમાં જ પરિણામ પામ્યા છે. ॥૪॥

**વિવેચન :-** હે પરમાત્મા ! આ સંસારમાં ઘણા જીવો ધન - વસ્ત્ર - સોના - રૂપાનું દાન કરે છે, પરંતુ આ પદાર્થો આ જીવના છે જ નહીં. પરપદાર્થો છે. કાયિક યોગથી ગ્રહણ કર્યા છે અને આ આત્માથી ભિન્ન જ સદા રહે છે. ક્યારેય પોતાનાં થતાં જ નથી શાસ્ત્રમાં જ કહ્યું છે કે -

**જોગવશે જે પુદ્ગલ ગ્રહ્યાં, નહિ જીવનાં તેહ ।**
**જીવ છે તેહથી જુજુઓ, વળી જુજુઓ દેહ ॥**

હવે જે વસ્તુ પોતાની હોય જ નહીં. પોતાથી ભિન્ન જ હોય તે બીજાને આપીએ તો તેને દાન કેમ કહેવાય ? તેથી આપશ્રી સ્વગુણોના જ દાતા છો. ઉપદેશ દ્વારા પણ આપશ્રી આત્મગુણોને જ પ્રગટાવનારા છો. આપશ્રીની દૃષ્ટિમાં આપવા યોગ્ય ગુણો જ દેખાય છે. તેનું જ નિરંતર દાન કરતા છતા અનંતદાનગુણવાળા છો.

તથા હે પરમાત્મા ! તમે નિજશક્તિના એટલે આત્માની જે અનંતગુણમયશક્તિ છે. તેના જ તમે પાત્ર છો. નિરંતર તે આત્મગુણોની રમણતાની શક્તિના જ ગ્રાહક છો. તેનો લાભ ઉઠાવનારા છો. વ્યાપકપણે આપશ્રીમાં આત્મગુણોની રમણતાનો લાભ જ રહેલો છે. એક ક્ષણ પણ ક્યારેય વિભાવદશામાં પ્રવર્તતા નથી. હે પરમાત્મા ! આવા ગુણો તો તમારામાં જ છે. અન્ય દેવોમાં ક્યાંય દેખાતા નથી. ॥ ૪ ॥

**પરિણામિક કારજ તણો, કર્તાગુણ કરણેં નાથ રે ।**
**અક્રિય અક્ષય સ્થિતિમયી, નિઃકલંક અનંતી આથરે ॥ ૫ ॥**
**॥ મુનિચંદ ॥**

**ગાથાર્થ :-** પરિણામી એવા કાર્યના કર્તાગુણવાળા અને કરણગુણ વાળા પણ હે નાથ ! તમે જ છો. તથા આપશ્રી યૌગિક ક્રિયાની અપેક્ષાએ અક્રિય છો અને આયુષ્યકર્મ ન હોવાથી અક્ષય સ્થિતિવાળા છો. મોહનીય કર્મ ન હોવાથી નિષ્કલંક એવી અનંતી આત્મ ગુણોની સંપત્તિવાળા છો. ॥ ૫ ॥

**વિવેચન :-** હે પરમાત્મા ! તમે સર્વ કર્મોનો ક્ષય કર્યો છે. એટલે પોતાના સ્વરૂપાત્મક જે અનંતગુણો છે તે સંપૂર્ણપણે પ્રગટ થયા છે તેમાં જ પ્રતિક્ષણે આપશ્રી પરિણામ પામો છો. પરદ્રવ્ય કંઈ જ ખપતું નથી. પરદ્રવ્યને સ્પર્શતા પણ નથી. તેથી સ્વગુણોમાં જ પરિણામ પામવા રૂપ કાર્યના કરવા રૂપે કર્તા ગુણે કરીને આપ વર્તો છો. તથા કરણરૂપે પણ સ્વગુણોનો જ ઉપયોગ કરો છો.

આપશ્રી મન-વચન-કાયાની યૌગિકક્રિયા કે જે કર્મબંધનું કારણ છે. તેનાથી આપશ્રી રહિત છો. માટે અક્રિય નામનો ગુણ પણ આપશ્રીમાં વ્યાપ્ત છે. જો કે સ્વગુણોની રમણતાની અનંતી ક્રિયા કરનારા છો. પરંતુ તે ઉપયોગાત્મક છે. યોગાત્મક નથી. માટે નવા નવા કર્મબંધનું કારણ બનતી નથી.

તથા આપશ્રીએ આયુષ્ય કર્મનો ક્ષય કરેલો છે એટલે જે મુક્તિઅવસ્થા પામ્યા છો. તે ક્યારેય ક્ષય ન તાય તેવી સ્થિતિવાળી છે.અર્થાત્ અક્ષયસ્થિતિવાળી છે તેથી જ મોક્ષે ગયા પછી પાછા ક્યારેય સંસારમાં પુનઃ જન્મ ધારણ કરવાના નથી. આ કર્મની લાયમાં ફસાતા નથી. વળી મોહનીયકર્મ ક્ષય કર્યું હોવાથી કોઈ પણ વ્યક્તિમાં કે કોઈપણ પદાર્થમાં રાગીથવા રૂપે કે દ્વેષી થવારૂપે કલંકિત થતા નથી. સદાકાળ અકલંકિત જ રહો છો.

તથા અંતરાયકર્મનો ક્ષય કરેલ હોવાથી આદિ-અનંત કાળ સુધી આપશ્રીસદા અનંતી આથવાળા એટલે આત્મગુણોની અનંતી સંપત્તિવાળા છો અને આવાને આવા જ અનંતગુણોની આથ (સંપત્તિ)વાળા જ રહો છો. આપશ્રીમાં પ્રગટ થયેલી આ સંપત્તિ કોઈ લુટી શકતું નથી અને આ સંપત્તિ ક્યાંય જતી નથી. તેમાં હાનિ-વૃદ્ધિ થતી નથી ॥ ૫ ॥

**પરિણામિક સત્તાતણો, આવિર્ભાવ વિલાસ નિવાસ રે ।**
**સહજ અકૃત્રિમ અપરાશ્રયી, નિર્વિકલ્પને નિઃપ્રયાસ રે ॥ ૬ ॥**
**॥ મુનિચંદ ॥**

**ગાથાર્થ :-** આ આત્મામાં પારિણામિકભાવે જે અનંતગુણોની સત્તા પડેલી છે. તેના જ આવિર્ભાવના વિલાસમાં હે પ્રભુ ! આપશ્રી નિવાસ કરનારા છો. આપશ્રીની આ ગુણસંપત્તિ સ્વાભાવિક છે. અકૃત્રિમ છે. પરાધીનતા વિનાની છે. મોહના વિકલ્પો વિનાની છે. અને કાયિક-વાચિક કે માનસિક પ્રયત્ન વિનાની છે. ॥ ૬ ॥

**વિવેચન :-** હે જિનેશ્વર પ્રભુ ! આપશ્રીના પોતાના આત્મામાં પારિણામિકભાવે (પોતાના સ્વરૂપે) જે કેવલજ્ઞાન - કેવલદર્શન ક્ષાયિકભાવનું ચારિત્ર અનંતવીર્ય ઇત્યાદિ સત્તાગત અનંતગુણોની સંપત્તિ સ્વયં છે જ. હતી જ. તેનો સંપૂર્ણપણે આપશ્રીએ આવિર્ભાવ કર્યો છે. એટલે પોતાની જ ગુણસંપત્તિ આપશ્રીને પ્રગટ થઈ છે તેના કારણે આપશ્રી તેનો જ વિલાસ કરો છો. તેને જ ભોગવો છો. તેમાં જ નિવાસ કરો છો.

કોઈ પણ માણસ પ્રથમ ભાડાના ઘરમાં લગભગ વસે છે. પછી ધંધો કરે અને પૈસા કમાય એટલે પોતાની માલિકીનું ઘર લે છે અને તેમાં જ વસે છે. ભાડાનું ઘર છોડે છે. તેમ આપશ્રીનો આત્મા અનાદિકાળથી પૌદ્ગલિકસામગ્રી કે જે પરદ્રવ્ય છે. એકભવથી બીજાભવમાં સાથે આવતી નથી. તેવી સામગ્રીનો જ ભોક્તા હતો, પરંતુ કર્મોનો ક્ષય કરીને ઔદયિકભાવની સંપત્તિને ત્યજીને પોતાની આત્મસ્વરૂપાત્મક ક્ષાયિકભાવની સંપત્તિ આપશ્રીએ પ્રગટ કરી છે. આપશ્રી તેના જ ભોક્તા - તેના જ વિલાસી. તેમાં જ નિવાસ કરનારા છો. પરદ્રવ્યનો સંયોગ પણ નથી.

તથા આપશ્રીની આ સ્વગુણસંપત્તિ કેવી છે ? તો પ્રથમ તો સહજ છે. એટલે કે સ્વાભાવિક છે જેમ મીઠામાં રહેલી ખારાશ, મરચામાં રહેલી તીખાશ. સાકરમાં રહેલું ગળપણ આ બધા સ્વાભાવિક ગુણો છે. તે ગુણો ક્યારેય ગુણી એવા દ્રવ્યથી છુટા પડ્યા નથી. પડતા નથી. અને

છુટા પડશે પણ નહીં. તેમ જ આ આત્મામાં જે ગુણસંપત્તિ છે. તે સ્વાભાવિક છે સદા રહેનારી છે અક્ષય છે. એટલે કે ક્યારેય તેનો નાશ થતો જ નથી. સદાકાળ આત્માની સાથે જ રહેનારી છે.

તથા વળી અપરાશ્રયી છે. ખાવા-પીવાનું સુખ ખાવા પીવા યોગ્ય પુદ્ગલસામગ્રીને આધીન છે. પહેરવાનું સુખ વસ્ત્રાદિને આધીન છે. શરીરશોભાનું સુખ સુવર્ણ-રૂપા આદિને આધીન છે. આમ સંસારનું તમામ ભૌતિકસુખ પર એવા પુદ્ગલદ્રવ્યને આધીન છે. સિદ્ધપરમાત્મામાં પ્રગટ થયેલું સ્વગુણોનું જે સુખ છે તે સંપૂર્ણપણે પરાધીનતાવિનાનું એટલે કે પરદ્રવ્યના સંબંધમાત્ર વિનાનું છે. કોઈ પણ પ્રકારના પરદ્રવ્યનો આશ્રય ન લેવો પડે તેવું આ સુખ છે.

પુદ્ગલ સાથે સંબંધ ન હોવાથી મારા - તારાપણાના મોહના વિકલ્પો વિનાનું છે. ક્યાંય રાગાદિ ન થાય તેવું પરમપવિત્ર અતિશય નિર્વિકલ્પભાવવાળું આ સુખ છે.

તથા સાંસારિક સુખ માટે દ્રવ્ય ઉપાર્જન કરવા માટે સવારથી સાંજ સુધી નોકરી - ધંધો પરની સેવા ઇત્યાદિ ઉપાયો અપનાવવા રૂપે પ્રયાસ કરવો જ પડે છે. આવો પ્રયાસ કરીએ છતાં મળે પણ ખરૂ અને ન પણ મળે આવું સાંસારિકસુખ છે. જ્યારે આ ગુણસંપત્તિનું સુખ ક્યાંય લેવા જવું પડતું નથી. ક્યાંયથી બહારથી આવતું નથી. માટે કાયિક પ્રયત્ન વિનાનું છે. તેથી નિઃપ્રયાસથી સાધી શકાય તેવું છે. ॥ ૬ ॥

**પ્રભુ પ્રભુતા સંભારતાં, ગાતાં કરતાં ગુણગ્રામ રે ॥**
**સેવક સાધનતા વરેં, નિજસંવર પરિણતિ પામ રે ॥ ૭ ॥**
**॥ મુનિચંદ ॥**

**ગાથાર્થ :-** પ્રભુજીની પ્રભુતા સંભાળતાં એટલે સ્મૃતિગોચર કરતાં તથા પ્રભુજીના ગુણસમૂહને ગાતાં ગાતાં સેવક પણ પોતાના ગુણોની

પ્રગટતાની સાધનતાને પામે. જેના દ્વારા પોતાની સંવરભાવની પરિણતિ પ્રગટ થાય ॥ ૭ ॥

**વિવેચન :-** પ્રભુજીની સેવાનું ફળ સમજાવે છે કે શ્રી વીતરાગ પરમાત્મા શ્રી શ્રેયાંસનાથપ્રભુ સર્વકર્મમલના રોગથી રહિત છે માટે નિરામયી છે. સર્વગુણો ઉપરનાં આવરણો ક્ષય કર્યાં હોવાથી નિરાવરણી છે. આ કારણે આ પરમાત્માની પ્રભુતા અનંતગુણમય સવંસંવરભાવમય અનંત આત્મિક સંપત્તિમય અને આનંદરૂપ છે.

આવા પ્રકારની પ્રભુની ક્ષાયિકભાવની ગુણસંપત્તિને સંભાળતાં અને મધુરસ્વરે ગાતાં ગાતાં સેવક એવા શિષ્યને પોતાના આત્મામાં પણ આવી ગુણસંપત્તિ ભરેલી છે તેની સ્મૃતિ તાજી થતાં તેને જ પ્રગટ કરવામાં આ સાધનતાભાવવાળી બને છે. જેમ કોઈ ચિત્રકાર એક સુંદરચિત્રને સામે રાખીને બીજા કાગળ ઉપર કે પાટીયા ઉપર સુંદર ચિત્ર ચિતરે છે તેમ પરમાત્માની ગુણસંપત્તિ જોઈ જોઈને ગાઈ - ગાઈને પોતાના આત્મામાં જ દબાયેલી ગુણસંપત્તિને પ્રગટ કરવામાં - ખોળવામાં આ સાધનતારૂપે બને છે.

પરમાત્માની ગુણસંપત્તિને નિરંતર ચિંતવવાથી નિજસંવર પરિણતિ - પોતાના આત્મામાં જ કર્મોથી દૂર રહેવાના સ્વરૂપવાળી આત્મપરિણતિ પ્રાપ્ત કરવાનું કાર્ય કરનારો આ જીવ બને છે.

જેમ દર્પણમાં દેખાતા પ્રતિબિંબને જોઈ જોઈને પોતાના માથાના વાળને ઓળવાનું અને સુવ્યવસ્થિત કરવાનું કામ આ જીવ કરે છે. તેમ પરમાત્માને જોઈ જોઈને તેઓશ્રીની વીતરાગતાનું આલંબન લઈને પોતાની વીતરાગતાને આ જીવ પ્રગટ કરે છે.

માથાનો કચરો દર્પણમાં દેખવાથી દૂર કરાય છે તેમ આ જીવમાં ઘર કરી ગયેલા બાધક ભાવો - મોહદશા આદિ દોષો પરમાત્માની ગુણસંપત્તિને દેખતાં જ આ જીવ દૂર કરે છે. આ રીતે પોતાની મલિનતાના

નાશમાં અસાધારણ કારણ અને પોતાના આત્માની ગુણસંપત્તિ ખોલવામાં પણ અસાધારણ કારણ જો કોઈ હોય તો વીતરાગપ્રભુના ગુણોનું દર્શન અને વીતરાગપ્રભુના ગુણોનું સ્મરણ તથા વીતરાગ પ્રભુના ગુણોનું ગાન જ અસાધારણ કારણ છે. માટે નિત્ય તેને જ અનુસરીએ. ॥ ૭ ॥

**પ્રગટતત્ત્વતા ધ્યાવતાં, નિજતત્ત્વનો ધ્યાતા થાય રે ॥**
**તત્ત્વરમણ એકાગ્રતા, પૂરણતત્ત્વે, એહ સમાય રે ॥ ૮ ॥**
**॥ મુનિચંદ ॥**

**ગાથાર્થ :-** પરમાત્મામાં પ્રગટ થયેલી અનંતગુણોની સંપત્તિરૂપ તત્ત્વતાનું ધ્યાન કરતો કરતો આ જીવ પોતાના આત્મામાં રહેતી આવી અનંતગુણસંપત્તિનો ધ્યાતા બને છે. પૂર્ણતત્ત્વ પામેલા આત્માનું આલંબન લઈને તત્ત્વરમણતા કરવી તેમાં જ એકાગ્ર બનવું. આ જ તેના ઉપાયો છે. ॥ ૮ ॥

**વિવેચન :-** આપણા પોતાના સંસારી આત્મામાં આવી અનંતગુણસંપત્તિ છે જ, પરંતુ તે કર્મોથી આવૃત્ત થયેલી છે. દેખી શકાય તેમ નથી. તેથી તેને જાણવી અને જોવી અતિશય દુર્લભ છે. પરંતુ શ્રી વીતરાગ પરમાત્મામાં આ ગુણસંપત્તિ પ્રગટ થયેલી છે. તે કારણે પરમાત્મામાં પ્રગટ થયેલી અનંત અનંત ગુણોની જે સંપત્તિ છે. તેનું ધ્યાન કરતાં કરતાં આ જીવ પોતાના આત્માની સત્તાગત જે અનંતગુણસંપત્તિ છે, તેને જાણે છે. દેખે છે અને તત્ત્વથી સમજે છે. કારણ કે દ્રવ્યથી બન્ને દ્રવ્યો સમાન છે. પરમાત્માનો આત્મા અને સાધકનો આત્મા એમ બન્ને આત્મા દ્રવ્યપણે સમાન હોવાથી જેવી આત્મગુણોની સંપત્તિ પરમાત્મામાં છે તેવી જ આત્મગુણોની સંપત્તિ સાધકમાં (મારામાં) પણ છે. આમ ચિંતવતાં ચિંતવતાં ધ્યાનના બળે આ સાધક જીવ પણ પોતાની વીતરાગદશાને પ્રગટ કરે છે.

જેઆત્માઆવાપ્રકારનીતત્ત્વરૂચિવાળોથાયછેતેઆત્માતત્ત્વમય બનીનેએકાગ્રતાપૂર્વકતેનુંજધ્યાનકરતોછતોપોતેજપૂર્ણતત્ત્વમયદશાને પ્રાપ્ત કરે છે. આ જ મોક્ષની પ્રાપ્તિનો પરમ ઉપાય છે.

અનાદિ કાળથી આ જીવ મિથ્યાત્વ અવિરતિ પ્રમાદ કષાયાદિ કર્મબંધના હેતુઓના સેવનને કારણે પરભાવદશામાં પરિણામ પામ્યો હતો. સમયે સમયે કર્મોને બાંધતો છતો ચલિત આત્મપ્રદેશોવાળા આ આત્માને અનેકાન્ત દૃષ્ટિવાળું પૂર્ણસ્યાદ્વાદમય શુદ્ધ આત્મસ્વરૂપના શ્રવણની પ્રાપ્તિ થવી તે પણ અતિશય દુર્લભ છે.

શ્રી વીતરાગપરમાત્માની સેવાભક્તિથી તેમનાં વ્યાખ્યાનોના શ્રવણથી જિનેશ્વરનું સ્વરૂપ જણાય છે. તેથી તે સ્વરૂપની ઘણી જ રૂચિ કરવી. પ્રીતિ કરવી. પોતાની ગુણસંપત્તિ પ્રગટ કરવા માટે વીતરાગ પરમાત્માની પ્રગટ થયેલી ગુણસંપત્તિને પુરેપુરી લક્ષ્યમાં લેવી તેના દ્વારા સ્વરૂપરમણતાની રૂચિ પ્રગટ કરવી. પોતાના આત્માના ગુણો તે જ સ્વસંપત્તિ છે. સ્વધર્મ છે. તે જ પ્રાપ્ત કરવા લાયક છે. આવી રૂચિવાળો થયેલો આ જીવ તેની પ્રાપ્તિ તરફનો ઉદ્યમ કરતો છતો પોતાની ગુણસંપત્તિને અવશ્ય પ્રગટ કરે જ છે.

કાલાન્તરે આ જ આત્મા પોતાની અનંતગુણસંપત્તિ પામીને મોહદશાથી અતિશય નિર્વિકલ્પદશાવાળો બન્યો છતો આત્મસમાધિને પ્રાપ્ત કરે છે. ॥ ૮ ॥

**પ્રભુ દીઠે મુઝ સાંભરે, પરમાતમ પૂર્ણાનંદ રે ।**
**દેવચંદ્ર જિનરાજના, નિત્ય વંદો પય અરવિંદ રે ॥ ૯ ॥**

**॥ મુનિચંદ્ર ॥**

ગાથાર્થ :- પરમાત્માને દેખતાંની સાથે મને મારૂં પૂર્ણઆનંદવાળું પરમાત્માપણું યાદ આવી જાય છે. દેવોમાં ચંદ્રમા સમાન એવા જિનરાજના (જિનેશ્વર પ્રભુના) ચરણ કમળને નિત્ય વંદના કરો. ॥૯॥

**વિવેચન :-** પરમાત્માનાં દર્શન કરે છતે (પરમાત્મા હાલ જીવંતપણે વિદ્યમાન ન હોવાથી તેમની જીવંત આકૃતિને સૂચવતી) તેમની મૂર્તિ (સ્થાપના નિક્ષેપા)ને દેખે છતે વીતરાગ પરમાત્મા સાંભળે (એટલે

સ્મૃતિગોચર થાય છે). જે વીતરાગ પરમાત્મા અતિશય શુદ્ધ - નિર્મળ એવી સિદ્ધદશાને પામેલા છે તે દશામાંથી ક્યારેય પણ ચલિત થવાના નથી માટે અચલ છે. અશરીરી હોવાથી સાંસારિક ભોગોના અભોગી છે. કાયા આદિ યોગોથી રહિત છે માટે અયોગી છે. સર્વથા કર્મોના આશ્રય વિનાના છે.

પોતાના આત્માના સંપૂર્ણ ગુણોના આવિર્ભાવવાળા છે. ક્ષાયિક ભાવના પર્યાયોથી યુક્ત છે. ત્રણે કાળે અવિનાશી એવા અનંત આનંદનો અનુભવ કરનારા છે. ગુણમય જીવન જીવનારા છે. આવા પરમાત્મા મને વારંવાર સાંભળે છે. એટલે યાદ આવે છે. સ્મૃતિગોચર થાય છે. મારા પોતાના આત્માનું પણ આ જ સ્વરૂપ છે. પરમાત્માને જોઈ જોઈને મને મારૂ શુદ્ધ સ્વરૂપ સ્મૃતિગોચર થાય છે.

તેને પ્રાપ્ત કરવાનો પણ આ જ ઉપાય છે કે વીતરાગપ્રભુની પ્રતિમાને જોયા જ કરૂં જોયા જ કરૂં અને મારા આવા જ પ્રકારના શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરવાનો આ જ એક ઉપાય છે. માથાને ચોખ્ખુ કરવાનો ઉપાય જેમ દર્પણમાં દેખાતું પ્રતિબિંબ છે તેમ મારા આત્માની મેલાશને દૂર કરવાનો આ જ ઉપાય છે કે ભાવથી વીતરાગ પરમાત્માને નિરખવા.

દેવચંદ્ર એટલે દેવો જે નિર્ગ્રંથ એવા મહામુનિઓ કે જેઓ રાગ-દ્વેષને જિતીને વીતરાગદેવ બન્યા છે તે સર્વમાં ચંદ્રમા સમાન જે જિનેશ્વરપરમાત્મા (તીર્થંકરપ્રભુ) શ્રી શ્રેયાંસ નાથ ભગવાન છે. તેમના (પય અરવિંદ) ચરણકમલને નિત્ય નિત્ય ભાવથી વંદન કરો.

સંસાર તરવાનો અને કેવલજ્ઞાનની પ્રાપ્તિનો આ એક જ ઉપાય છે. આ વીતરાગ પરમાત્માનું આલંબન જ સંસારસાગરથી તારનાર છે. આ વાત હૃદયના ભારપૂર્વક સમજો.

**અગિયારમા શ્રી શ્રેયાંસનાથ પરમાત્માનું સ્તવન સમાપ્ત થયું.**

—o—

# બારમા શ્રી વાસુપૂજ્ય પરમાત્માનું સ્તવન

હવે બારમા શ્રી વાસુપૂજ્યસ્વામી પરમાત્માનું સ્તવન કહેવાય છે. ચાર નિક્ષેપે પરમાત્માની સ્તવના થાય છે. નામ-સ્થાપના-દ્રવ્ય અને ભાવ આમ ચાર નિક્ષેપા જાણવા. શ્રી વિશેષાવશ્યકભાષ્યમાં ચારે નિક્ષેપાના આ પ્રમાણે અર્થો જણાવ્યા છે.

**पज्जायाभिधेयं, ठियमन्नत्थ तयत्थनिरवेक्खं ।**
**जाइच्छियं च नाम, जाव दव्वं च पायेणं ॥ १ ॥**

પર્યાયવાચી શબ્દોથી જે અનભિધેય હોય, અને જેનું જે નામ પાડવામાં આવે. તેનો વાસ્તવિક અર્થ અન્યમાં રહેલો હોય પણ જેનું નામ પાડો ત્યાં તેના અર્થથી નિરપેક્ષ હોય. આ પ્રમાણે પોતાની ઈચ્છા પ્રમાણે જે નામ પડાય તે "નામનિક્ષેપ" કહેવાય છે. આ નામ ઘણું કરીને જ્યાં સુધી દ્રવ્ય રહે ત્યાં સુધી રહેનાર હોય છે. ॥ ૧ ॥

**जं पुण तयत्थसून्नं, तयभिप्पाएण तारिसागारं ।**
**कीरइ व निरागारं, इत्तरमियरं च सा ठवणा ॥ २ ॥**

તથા વળી જેનું જે નામ પાડવામાં આવે છે ચિત્ર દોરવામાં આવે છે. ત્યાં તેના અર્થથી શૂન્ય હોય, પણ તેવા અભિપ્રાયથી આકાર બનાવવામાં આવ્યો હોય તે વસ્તુ મૂળભૂત પદાર્થના જેવા આકારવાળી હોય અથવા તેવા આકારવાળી કદાચ ન પણ હોય વળી તે અલ્પકાળ માટે સ્થપાય કે યાવત્કાલ માટે સ્થપાય તે સઘળી સ્થાપના કહેવાય છે.

**दव्वए दुवए दोरवयवो, विगारो गुणाणं संदावो ।**
**दव्वं भव्वं भावस्स, भूयभावं च जं जोगं ॥ ३ ॥**

द्रवति - જે દ્રવીભૂત થાય. અર્થાત્ રૂપાન્તર થાય. द्रूयते -

જેના વડે દ્રવીભૂત થવાય તે. તથા "द्रोः अवयवः" - મૂલભૂત પદાર્થના અવયવો - અવશેષો, જે વિકારને પામે, અથવા જે ગુણોનો આધાર હોય તે સઘળુંય દ્રવ્ય કહેવાય છે.

તથા જે ભાવિકાળમાં પર્યાય નિપજવાનો હોય તેને પણ દ્રવ્ય કહેવાય છે. જે ભૂતકાળમાં ભાવનિક્ષેપે બની ચુક્યું હોય તેને પણ દ્રવ્ય કહેવાય છે. આ સઘળી દ્રવ્યની વ્યાખ્યા જાણવી. ॥ ૩ ॥

**भावो विवक्षितक्रियानुभूतियुक्तो हि विधिः समाख्यातः ।**
**सर्वज्ञैरिन्द्रादिवद्वंदनादिक्रियानुभवात् ॥ ४ ॥**

વિવક્ષિત ક્રિયાના અનુભવથી જે યુક્ત હોય, જે પદાર્થ કથિતપર્યાયવાળો હોય તેને સર્વજ્ઞભગવંતો વડે ભાવનિક્ષેપો કહેવાયો છે જેમ વંદનાદિ ક્રિયાના અનુભવવાળા પદાર્થને ઇન્દ્રાદિ કહેવાય છે. તેમ અહીં પણ સમજવું. આમ સર્વજ્ઞ ભગવંતો વડે કહેવાય છે. ॥૪॥

આ પ્રમાણે ચાર નિક્ષેપા જાણવા. આ ચાર નિક્ષેપા ભિન્ન ભિન્ન વસ્તુમાં પણ હોય છે. અને એક વસ્તુમાં ચારે સાથે હોય આમ પણ બને છે. ભાવનિક્ષેપે વર્તતી વસ્તુમાં જે નામાદિ ચાર નિક્ષેપા હોય છે. તે જ કામના છે. પૂજ્ય વ્યક્તિના ચારે નિક્ષેપા પૂજ્ય બને છે અને અપૂજ્ય વ્યક્તિના ચારે નિક્ષેપા અપૂજ્ય બને છે. જે પૂજ્ય અને ઉપકારી વ્યક્તિ હોય છે. તેના ચારે નિક્ષેપા પૂજ્ય અને ઉપકારી બને છે. બાકીના વ્યક્તિના નિક્ષેપા ઉપકાર કરનારા બનતા નથી. પૂજ્ય શ્રી જિનભદ્ર પ્રગણિજીએ વિશેષાવશ્યકભાષ્યમાં કહ્યું છે કે -

**इह भावोच्चिय वत्थु, तयत्थसून्नेहिं किंच सेसेहिं ।**
**नामादओ वि भावा, जं ते वि हु वत्थुपज्जाया ॥ १ ॥**

અહીં ભાવનિક્ષેપો એ જ ઉપકાર - અપકાર કરનારો છે. તેના અર્થથી શૂન્ય એવા શેષ નામાદિ ત્રણ નિક્ષેપાઓથી સર્યું તેની કંઈ

જ જરૂર નથી. નામ - સ્થાપના અને દ્રવ્ય ઈત્યાદિ જે ભાવો છે તે પણ વસ્તુના કથંચિત્ પર્યાયો છે. ॥ ૧ ॥

કોઈ પણ વિવક્ષિત એક વસ્તુમાં પણ આ ચાર નિક્ષેપા અવશ્ય હોય છે. જેમ કે ઘટ નામના પદાર્થનું "ઘટ" આ પ્રમાણે બે અક્ષરનું જે નામ છે. તે નામનિક્ષેપ. તે ઘટમાં ઘટાકારતા છે તે સ્થાપના નિક્ષેપ, ઘટમાં વપરાયેલી જે માટી દ્રવ્ય છે તે દ્રવ્ય નિક્ષેપ અને પાણી ભરાય એવું જે વ્યવસ્થિત આધારરૂપે બનાવાયું છે. તે ભાવનિક્ષેપ છે આમ પરસ્પર સાપેક્ષપણે આ ચારે નિક્ષેપા એક વસ્તુમાં પણ હોય છે. પાલીતાણામાં રહેલી શ્રી ઋષભદેવપ્રભુની પ્રતિમાનું "ઋષભદેવ" એવું જે નામ છે તે નામનિક્ષેપ છે. તેમાં પ્રભુજીનો જે આકાર કોતરવામાં (બનાવવામાં) આવ્યો છે તે સ્થાપનાનિક્ષેપ છે. તેમાં વપરાયેલ પાષાણ આદિ જે પદાર્થ છે તે દ્રવ્યનિક્ષેપ છે અને તેમાં કરાયેલી અંજનશલાકા આદિ વિધિ દ્વારા પ્રાણપ્રતિષ્ઠા તે ભાવનિક્ષેપ જાણવો.

આ રીતે એક જ વસ્તુમાં પણ ચારે નિક્ષેપા હોય છે. આ નામાદિ ચારે નિક્ષેપાને સાપેક્ષપણે સમજીએ અને સાપેક્ષપણે સ્વીકારીએ તો સમ્યગ્દર્શન કહેવાય છે, પરંતુ એકાન્તે સ્વીકારીને બીજા નિક્ષેપાઓ નો જો નિષેધ જ કરાય તો નયાભાસ અથવા દુર્નય કહેવાય છે, તેને મિથ્યાદષ્ટિ કહેવાય છે. આ પ્રમાણે એકાન્તે પોતપોતાની વાતના આગ્રહી થયા છતા નયો વિવાદ સર્જે છે. તેથી સમ્યગ્જ્ઞાન થતું નથી, પરંતુ કલેશની જ વૃદ્ધિ થાય છે. વિશેષાવશ્યકભાષ્યમાં જ કહ્યું છે કે-

एवं विवयंति नया, मिच्छाभिनिवेसओ परोप्परओ ॥ આ પ્રમાણે મિથ્યા આગ્રહના કારણે નયો પરસ્પર વિવાદ કરે છે.

શ્રી વિશેષાવશ્યક ભાષ્યમાં જ કહ્યું છે કે -

**नामादि भेयसद्दत्थ, बुद्धिपरिणामभावओ निययं ।**
**जं वत्थु अत्थि लोए, चउपज्जायं तयं सव्वं ॥ १ ॥**

નામાદિ (નામ - સ્થાપના અને દ્રવ્ય વિગેરે) ભેદો સૂચક શબ્દો તે તે અર્થના, તેવી તેવી બુદ્ધિના અને તેવા તેવા પારિણામિક ભાવના અવશ્ય કારણ બને જ છે. તેથી જ આ લોકમાં જે જે વસ્તુ છે. તે સઘળી પણ વસ્તુ ચાર પર્યાયવાળી છે. ॥ ૧ ॥

આમ આ ચારે નિક્ષેપે જિનેશ્વરપરમાત્મા પરજીવના કલ્યાણ કરનારા છે. તે જ વાત વધારે વિસ્તારથી સ્તુતિકાર સમજાવે છે-

**પૂજના તો કીજે રે બારમા જિનતણી રે, જસુ પ્રગટ્યો પૂજ્ય સ્વભાવ।**
**પરકૃતપૂજા રે જે ઇચ્છે નહી રે, સાધક કારજ દાવ ॥ ૧ ॥**
**॥ પૂજના તો ॥**

**ગાથાર્થ :-** ખરેખર બારમા જિનેશ્વર શ્રી વાસુપૂજ્યસ્વામીજીની સેવાભક્તિ - પૂજા કરો કે વાસ્તવિક પૂજ્યપણાનો સ્વભાવ જેનામાં પ્રગટ થયો છે. જે પરમાત્મા પરવ્યક્તિની કરાયેલી પૂજાને કદાપિ ઈચ્છતા નથી, છતાં સાધકનું કાર્ય થાય તેના ઉપાયરૂપ બને છે ॥૧॥

**વિવેચન :-** જો આત્માના કલ્યાણની ઈચ્છા જોરદાર હોય તો બારમા શ્રી વાસુપૂજ્ય સ્વામીની તમે પૂજા કરો. કારણ કે આ બારમા શ્રી વાસુપૂજ્યસ્વામી પરમાત્માના સર્વ ગુણો નિરાવરણ થયા છે એટલે કે સર્વગુણો ઉઘડ્યા છે. પરમચારિત્રવાળા પુરુષ છે. સર્વથા નિર્વિકારી પરમજ્ઞાની છે. આશ્રવના કારણભૂત મનયોગાદિથી રહિત એટલે કે અયોગી છે. સાંસારિક ભોગસુખવિનાના છે. પરંતુ આત્મગુણોના પૂર્ણપણે ભોગી છે.

લેશ્યા વિનાના, વિકારીભાવસ્વરૂપ વેદ વિનાના, કોઈની પણ સહાય નહીં લેનારા, ક્રોધાદિ ચારે કષાયોથી સર્વથા મુક્ત,

અશરીરી હોવાથી રૂપરહિત અર્થાત્ અરૂપી, આત્માના ક્ષાયિક ભાવવાળા શુદ્ધસ્વરૂપમાં જ રમનારા, પરભાવના સર્વથા અભોગી, પૌદ્ગલિક સર્વભાવોથી રહિત અને સંપૂર્ણપણે પૂજ્યભાવ જેમનામાં પ્રગટ થયો છે. એવા આ વીતરાગપ્રભુ છે.

આવા વીતરાગ પરમાત્માની પૂજા કરો. જે આ વીતરાગ પ્રભુ પોતાની પૂજા-ભક્તિ કરે તેના રાગી થતા નથી. તથા પોતાની પૂજા-ભક્તિ ન કરે તેના દ્વેષી થતા નથી. સારાંશ કે સર્વથા રાગ-દ્વેષ આદિ કષાયો વિનાના છે વીતરાગ છે અને સર્વજ્ઞ છે માટે જ પૂજવા યોગ્ય છે તેથી તેઓની પૂજા કરો.

ચામર-છત્ર-સિંહાસન આદિ બાહ્યવિભૂતિ તો માયાવી દેવોમાં પણ વૈક્રિયલબ્ધિ હોવાથી હોય છે. માટે આ પરમાત્મા ચોત્રીસ અતિશયવાળા છે તેથી જ પૂજ્ય છે આમ નથી પરંતુ તેઓમાં વીતરાગતા- સર્વજ્ઞતા અને તીર્થંકરતા છે તેથી તેઓ પૂજ્ય છે.

તથા વળી વિશાળ પુણ્યાઈવાળા છે. માટે ઘણા દેવો માનવો અને પશુ પક્ષીઓ પણ તેમની પૂજા ભક્તિ કરે છે. પરંતુ પરમેશ્વરપ્રભુ પોતે કોઈની પૂજા-સ્તવના-કે વંદનાને હૃદયથી ક્યારેય પણ ઈચ્છતા નથી. ઈચ્છાદોષ વિનાના આ પ્રભુ છે. પરભાવનો સંગ કે પરકૃતપૂજા આ પરમાત્મા ક્યારેય પણ ઈચ્છતા નથી. સંપૂર્ણપણે નિરીહ છે. રાગાદિ દોષોથી રહિત છે. વીતરાગ છે આવા નિરીહ અને નિઃસ્પૃહ જે પૂજ્ય હોય છે તે જ સાચા પૂજ્ય ગણાય છે.

પોતે કોઈની સેવા ઈચ્છતા નથી, પરંતુ આ પરમાત્માની ભાવથી જે સેવા કરે છે તે જીવ માર્ગાનુસારી થઈને અનુક્રમે સમકિતી-દેશવિરતિધર સર્વવિરતિધર-સંવેગપરિણામી મુનિરાજ થઈને સંપૂર્ણપણે સિદ્ધ દશાને અવશ્ય પામે જ છે. આ પરમાત્માની પૂજના-સેવના એ જ તે સિદ્ધિ પદના પરમ ઉપાયો છે. પરમસાધનતા છે.

આવા પ્રકારની વીતરાગ પરમાત્માની પૂજા સેવાથી જ અનંતા જીવો કલ્યાણ પ્રાપ્ત કરી મુક્તિગામી બન્યા છે. માટે આ પરમાત્મા ભલે પૂજા - સેવાના અવાંચ્છુક છે, પરંતુ ભાવથી જે તેઓને પૂજે છે તે જીવો પોતાની ઉત્તમ પરિણામની ધારાથી અવશ્ય પરમાનંદની પૂર્ણતા પ્રાપ્ત કરે જ છે. તેથી તમે પણ ભાવથી આ પરમાત્માને પૂજો. ॥ ૧ ॥

• • •

**દ્રવ્યથી પૂજા રે કારણ ભાવનું રે, ભાવ પ્રશસ્ત ને શુદ્ધ ॥**
**પરમ ઇષ્ટ વલ્લભ ત્રિભુવનધણી રે, વાસુપૂજ્ય સ્વયં બુદ્ધ ॥ ૨ ॥**
**॥ પૂજના તો ॥**

**ગાથાર્થ :-** દ્રવ્યથી કરાયેલી પૂજા એ ભાવપૂજાનું કારણ બને છે. અને ભાવપૂજા બે પ્રકારની છે. ૧. પ્રશસ્તભાવપૂજા અને ૨. શુદ્ધભાવપૂજા. ત્રણ ભૂવનના સ્વામી શ્રી વાસુપૂજ્ય જિનેશ્વર પ્રભુ સ્વયંબુદ્ધ છે. આમ સમજીને તેમના ઉપર ઉપકારીભાવે પરમ ઇષ્ટતાબુદ્ધિ થવી અને અતિશય ભક્તિભાવવાળો પ્રેમ ઉપજવો તે પ્રશસ્તાભાવપૂજા કહેવાય છે. (શુદ્ધભાવપૂજા બીજી ગાથામાં સમજાવવામાં આવશે). ॥ ૨ ॥

**વિવેચન :-** પરમાત્માની મૂર્તિનું વિલેપન કરીએ. જલાભિષેક કરીએ. ચંદનપૂજા - પુષ્પપૂજા આદિ જે પૂજા કરીએ તે સઘળી દ્રવ્યથી પૂજા જાણવી. પૌદ્ગલિકપદાર્થો દ્વારા કરાતી પૂજા તે દ્રવ્યપૂજા. આ પૂજામાં જો કે હિંસા આદિ પાપ સ્થાનકોનો અંશ હોય છે, પરંતુ ભાવવિશેષનું કારણ હોવાથી અવિરત અને દેશવિરત જીવો માટે કર્તવ્ય બને છે.

પરમાત્મા માર્ગદર્શક છે. માર્ગ ઉપર ચડાવનાર અને ચલાવનાર છે. ઉપકારી છે તે માટે તેમના ઉપર રાગ કરીએ તો પ્રશસ્તરાગ

કહેવાય અને જ્યાં ભોગસુખોની પ્રાપ્તિ છે તથા તેવાં તેવાં ભોગસુખો માણવા માટે જે રાગ કરાય ને અપ્રશસ્તરાગ કહેવાય છે.

પરમાત્મા ગુણોના ભંડાર છે. તેમની પૂજના-સ્તવના કરવાથી આપણો આત્મા પણ કલ્યાણ પામે છે. આમ સમજીને જે પૂજા કરાય છે તે ભાવપૂજા છે. આ ભાવપૂજા બે પ્રકારની છે એક પ્રશસ્તભાવપૂજા અને બીજી શુદ્ધભાવ પૂજા.

ત્યાં વીતરાગ પરમાત્માને વીતરાગપણે બરાબર ઓળખી જાણીને તેઓ ગુણોના ભંડાર હોવાથી તેમના ઉપર બહુમાનવાળો પૂજ્યતાના ભાવવાળો જે રાગ ઉત્પન્ન થાય. તેવી ભક્તિ અને રાગપૂર્વક શ્રી વીતરાગદેવની જે પૂજા કરાય તે પ્રશસ્તભાવપૂજા જાણવી. ગુણવાન મહાત્માઓ ઉપર ગુણોના કારણે જે અહોભાવપૂર્વક રાગ થાય તે પ્રશસ્તરાગ કહેવાય છે.

શાસ્ત્રમાં જ કહ્યું છે કે -

अरिहंते सुयरागो, सुगुणिसु पवयणेसु य ॥

અરિહંત પરમાત્મા ઉપર શ્રુતજ્ઞાન ઉપર ઉત્તમ મુનિઓ ઉપર અને જિનેશ્વરપ્રભુના પ્રવચન ઉપર જે રાગ તે પ્રશસ્તરાગ કહેવાય છે.

પાંચ ઇન્દ્રિયોના વિષયો ઉપર, ધનાદિના પરિગ્રહ ઉપર ભોગસુખો ઉપર અને ભોગસુખોનાં સાધનો ઉપર જે રાગ કરાય તે અપ્રશસ્તરાગ છે. જે કર્મબંધનું અને નરકનિગોદના ભવોની પ્રાપ્તિનું કારણ બને છે. આ રાગ આત્માનો ઉપકાર કરનાર બનતો નથી.

તથા અનુકંપા એટલે દયા અર્થાત્ કરૂણા કરવા જેવી છે. પરંતુ જે જીવો નિર્ગુણ હોય લાચાર પરિસ્થિતિવાળા હોય. જેનું ભોજન - પાણી - રહેઠાણ બધુ મનુષ્યને આધીન છે. આવા નિર્ગુણ જીવો ઉપર કરૂણા કરવી તે પ્રશસ્ત જરૂર છે, પરંતુ પુણ્યબંધનું કારણ છે. પુણ્યાનુબંધી પુણ્ય બંધાવે છે. એટલે પ્રારંભ દશામાં કર્તવ્ય બને છે.

પરંતુ આગળ જતાં ત્યજવા લાયક પણ બને છે. કારણ કે આ જીવ જેટલો અનુકંપા આદિ ભાવોમાં જોડાયેલો રહે તેટલો સ્વભાવદશામાં જલ્દી આવી શકે નહીં જેમ કાદવથી ખરડાયેલા પગ કરતાં તેને ધોઈ નાખીએ તો ધોયેલો પગ સારો જરૂર કહેવાય. પરંતુ કાદવથી ખરડાયેલો જ ન હોય તે પગ, ખરડાઈને ધોવાયેલા કરતાં જેટલો વધારે સારો કહેવાય તેટલો ધોયેલો પગ સારો ન કહેવાય. તેમ અહીં પણ પાપ બંધ કરતાં પુણ્યબંધ સારો પરંતુ નિર્જરા અને સંવર જેટલાં સારાં છે તેટલો પુણ્યબંધ સારો નહીં. કારણ કે પુણ્યબંધ પણ સોનાની બેડી તુલ્ય છે. આખર પણ એ તો કર્મબંધ જ છે.

ગૌતમસ્વામીજીને મહાવીરપ્રભુ ઉપરનો જે રાગ હતો તે ઘણા ઉપકારી ઉપર રાગ હતો. કોઈ દુષિત રાગ ન હતો છતાં પણ તે બંધનનો હેતુ બન્યો. ગૌતમ સ્વામી જેમને જેમને દીક્ષા આપે તેઓને કેવળજ્ઞાન થાય પરંતુ ગૌતમ સ્વામિને પોતાને ન થાય. આ રીતે શુદ્ધદશાની અપેક્ષાએ આ રાગ પણ બંધનકર્તા કહેવાય.

વીતરાગ પરમાત્માના ક્ષાયિકભાવવાળા ગુણોને અનુસરનારી જે પ્રવૃત્તિ થાય તે શુદ્ધભાવપૂજા જાણવી. આ પૂજા છેલ્લી આવે છે તે માટે અપ્રશસ્તરાગાદિભાવને કાઢવા પ્રશસ્તરાગાદિભાવોનું આલંબન લેવું, અને અપ્રશસ્ત રાગાદિ દૂર થયા પછી પ્રશસ્તરાગાદિભાવોમાંથી પણ સ્વયં દૂર થઈ જવું જેમ પગમાં લાગેલા કાંટાને કાઢવા માટે સોય નાખવાની (પરંતુ સોય પગમાં નાખવા જેવી છે. આમ નથી.) એટલે જ જેવો કાંટો નીકળી જાય એટલે તરત જ સોય પણ કાઢી જ નાખવાની હોય છે. તેમ અહીં સમજવું.

સંસારીભાવોનો રાગ ઘટાડવા માટે શ્રી વીતરાગપરમાત્મા ઉપર પ્રથમ રાગ કરવો. જેથી પરમાત્મા ત્રણભુવનના નાથ, પરમઈષ્ટ અત્યન્ત વલ્લભ લાગે. આમ તેમના તરફ આકર્ષાતાં સંસારિક ભાવોનો

રાગ તુટે મોળો પડે માટે આ પણ અપેક્ષાએ ઉપકારી છે. તેથી પ્રારંભમાં પ્રશસ્ત રાગપૂર્વક અહોભાવપૂર્વક ભાવપૂજા કરવી. (પણ અંતે તે રાગ પણ ત્યજવાનો છે.) ॥ ૨ ॥

• • •

**અતિશય મહિમા રે અતિ ઉપકારિતા રે, નિર્મળ પ્રભુ ગુણરાગ ।**
**સુરમણિ સુરઘટ સુરતરુતુચ્છ છે રે, જિનરાગી મહાભાગ ॥ ૩ ॥**
**॥ પૂજના તો ॥**

**ગાથાર્થ :-** પરમાત્મા અતિશય મહિમાવાળા છે. અતિશય ઉપકાર કરનારા છે. સર્વથા મલ રહિત આ પરમાત્મા છે. આમ સમજીને તેઓ ઉપર જે રાગ કરાય છે તે પ્રશસ્તરાગ છે. ચિંતામણિરત્ન, કામકુંભ અને કલ્પવૃક્ષ પણ આ જિનરાજની સામે તુચ્છ છે. આમ સમજીને જે જિનેશ્વરપ્રભુનો રાગી થાય તે મહાભાગ્યશાળી પ્રશસ્તરાગવાળો કહેવાય છે. ॥ ૩ ॥

**વિવેચન :-** આ પરમાત્મા ૩૪ અતિશયોના પ્રભાવવાળા છે. આઠ મહાપ્રાતિહાર્યથી યુક્ત છે. આ પ્રમાણે વિસ્મયકારી જીવનવાળા છે. તથા અતિશય ઉપકાર કરનારા છે. આ સંસારસાગરથી તારનારા છે. મહા મોહરૂપી અંધકારમાં ડુબી ગયેલા જીવોને આ અંધકાર નિવારવા માટે ઉત્તમ એવી ધર્મદેશના આપીને અનાદિકાળથી વિસરી ગયેલા પોતાના આત્મધર્મને દેખાડનારા આ પરમાત્મા છે. એટલે અતિશય ઉપકાર કરનારા છે.

તથા આ પરમાત્મા સર્વસંદેહને ટાળનારા છે. ભાવ ધર્મને આપનારા છે તેથી ભાવ આજીવિકાના કરનારા છે. તત્ત્વ માર્ગથી જે જે જીવો મોહને વશ ભૂલા પડેલા છે તે સર્વને તત્ત્વનો માર્ગ દેખાડનારા છે. લોકોને કલ્યાણના માર્ગે દોરનારા છે. આ રીતે પરમ ઉપકારી છે.

પરમાત્માનો અનુપમ મહિમા અને પરમ ઉપકારિતા આ ગુણો છે. તથા નિર્મળતા - સંપૂર્ણપણે મોહના મેલથી રહિત છે. આવા આવા અનેકગુણો જાણીને તેઓ ઉપર ઘણો જ ગુણાનુરાગ પ્રગટ થયો છે.

પરમાત્મા પ્રત્યે પ્રગટ થયેલો આ જે ગુણાનુરાગ છે તેના આનંદની સામે સુરમણિ (ચિંતામણિરત્ન) સુરઘટ (કામકુંભ) અને સુરતરુ (કલ્પવૃક્ષ)નાં સુખોને પણ આ જીવ તુચ્છ સમજે છે. કારણ કે સુરમણિ આદિથી જે સુખો મળે છે તે આ લોકના ભૌતિક સુખજ પ્રાપ્ત થાય છે. એટલે ચિંતામણિ આદિ માત્ર ઈહલોકના સુખનાં જ કારણો છે અને તેમાં પણ મોહદશા પ્રગટતાં અનંતદુઃખનાં કારણો પણ બને છે. માટે તજજન્યસુખ તુચ્છ છે અલ્પમાત્રાવાળું છે. સુખ થોડું છે અને દુઃખ ઘણું છે માટે તુચ્છ છે.

શ્રી વાસુપૂજ્ય પરમાત્મા ઉપરનો રાગ તો આત્માના ગુણોની વૃદ્ધિનું કારણ છે. પરંપરાએ આત્માના અનંતગુણાત્મક સુખનું કારણ છે. કારણ કે આ જિનરાજ પરમદયાળ છે. પરમોપકારી છે. મારી તત્ત્વસંપત્તિને દેખાડનારા છે. તેની પ્રાપ્તિના માર્ગને સમજાવનારા છે.

આ પ્રમાણે પરમાત્મા અનેક ગુણોના સ્વામી છે. આમ સમજીને જે રાગ ઉત્પન્ન થાય છે તે ગુણાનુરાગ કહેવાય. આ ગુણાનુરાગ જીવનો ઉપકાર કરનારો રાગ છે. સ્નેહરાગ-દૃષ્ટિરાગ અને કામરાગ એ જીવને સંસારમાં ભમાવનારા રાગ છે.

જ્યારે ગુણાનુરાગ એ મુક્તિમાર્ગ ઉપર ચડાવનાર રાગ છે. માટે જે આત્મા જિનેશ્વર પરમાત્માનો રાગી થાય તે મહાભાગ્ય શાળી જાણવો. નિકટભવોમાં મોક્ષે જનારો જાણવો. આ પ્રમાણે પ્રશસ્તરાગ સમજાવ્યો. ॥ ૩ ॥

• • •

**દર્શન જ્ઞાનાદિક ગુણ આત્મના રે, પ્રભુ પ્રભુતા લયલીન ।**
**શુદ્ધસ્વરૂપી રૂપે તન્મયી રે, તસુ આસ્વાદન પીન ॥ ૪ ॥**

**ગાથાર્થ :-** પ્રભુની પ્રભુતા દ્વારા આત્માના દર્શન અને જ્ઞાનાદિક ગુણો તેમાં લયલીન બન્યા છે. પરમાત્માના ગુણોની સાથે એકમેક બન્યા છે. ત્યાં આત્માના શુદ્ધસ્વરૂપમાં આ જીવ તન્મય થયો છતો તે પરમાત્માના ગુણોનું આસ્વાદન કરતો કરતો જ પુષ્ટ બને છે. ॥૪॥

**વિવેચન :-** સાધકના પોતાના આત્મામાં જે દર્શન અને જ્ઞાનાદિ (જ્ઞાન - દર્શન - ચારિત્ર - વીર્ય ઇત્યાદિ) ગુણો પ્રગટ થયા છે તે સર્વે પણ ગુણો ક્ષયોપશમભાવના છે. હજુ ક્ષાયિકભાવના ગુણો પ્રગટ થયા નથી. આવા પ્રકારનો આત્મગુણોનો સાધક આ આત્મા પરમાત્મામાં પ્રગટ થયેલી ક્ષાયિક ભાવની અનંતગુણોવાળી જે પ્રભુતા છે તેની સાથે લયલીન થયો છતો તેના ધ્યાનમાં જ ડુબી જાય છે. ક્ષાયિકભાવના ગુણો પ્રાપ્ત કરવાનો જ રસ લાગે છે. પોતાના આત્માની બધી જ આત્મશક્તિને પરમાત્માના ક્ષાયિકભાવના શુદ્ધગુણોમાં એકાકાર કરીને પોતે પણ મોહદશાને હળવી કરતો કરતો ક્ષાયિકભાવ તરફ આગળ વધે છે. તે શુદ્ધભાવપૂજા જાણવી.

પરમાત્મા સંપૂર્ણનિર્ણયાત્મક જ્ઞાનના સ્વામી છે. તેના ઉપરની પરમશ્રદ્ધા, તેના જ આનંદમાં મગ્ન થઈને વર્તવું. શ્રી વીતરાગ પરમાત્મા તમામ વસ્તુઓના વસ્તુધર્મને સંપૂર્ણપણે જાણે છે તેમની જ્ઞાન દશા બહાર કંઈ થતું નથી અને થયું નથી. તેથી તેમની જ્ઞાનાદિ ગુણમયદશામાં જ લયલીન થવું. તેનાથી જ પીન એટલે કે પુષ્ટ બનવું.

કેવલી પરમાત્મા શુદ્ધ સ્વરૂપને જોનારા અને જાણનારા છે. તે રૂપમાં જ તન્મય એકાકાર થઈને તેમના ગુણોમાં જ એકાકાર બની

જવું તે ગુણોના રસના આસ્વાદનથી અતિશય પીન (પુષ્ટ) બનવું તે શુદ્ધ ભાવપૂજા જાણવી. ॥ ૪ ॥

• • •

**શુદ્ધતત્ત્વ રસરંગી ચેતના રે, પામે આત્મસ્વભાવ ।**
**આત્માવલંબી નિજગુણ સાધતો રે, પ્રગટે પૂજ્યસ્વભાવ ॥ ૫ ॥**
**॥ પૂજના તો ॥**

**ગાથાર્થ :-** શુદ્ધ તત્ત્વના રસથી રંગાયેલી ચેતના જ્યારે બને છે ત્યારે આ આત્મા પોતાના ક્ષાયિકભાવવાળા શુદ્ધ આત્મસ્વભાવને પ્રાપ્ત કરે છે. આ જીવ જ્યારે આત્મદશાનું અવલંબન લે છે અને પોતાના ગુણોની સાધના કરે છે. ત્યારે આ જ આત્મા પૂજયસ્વભાવ વાળો બને છે. એટલે કે અરિહંત પદ અથવા સિદ્ધપદ પ્રાપ્ત કરે છે. ॥ ૫ ॥

**વિવેચન :-** આ આત્માની ચેતના જયારે શુદ્ધતત્ત્વને પ્રાપ્ત કરેલા (ક્ષાયિકભાવના નિર્મળ ગુણોને પામેલા) એવા અરિહંતપરમાત્મા અને સિદ્ધ પરમાત્માના રસથી રંગાયેલી બને છે. મોહદશાના અન્ય વિકલ્પો ટાળીને શ્રી વીતરાગ પરમાત્માના ક્ષાયિકભાવના નિર્મળગુણોના રસની રંગિલી આ ચેતના જયારે બને છે તે જ વખતે આ ચેતન પોતાના ક્ષાયિક ભાવવાળા આત્મસ્વભાવને (કેવળજ્ઞાનાદિ ગુણસમૂહને) પામે છે.

આ જ રીતે આગળ વધતો આ જીવ પોતાના શુદ્ધ આત્મસ્વભાવની રૂચિવાળો, શુદ્ધ આત્મસ્વભાવનો જ્ઞાની, અને શુદ્ધ આત્મસ્વભાવની રમણતાવાળો બને છે.

નિમિત્તના આલંબને સ્વાભાવિક શુદ્ધ દશા પ્રગટ કરીને પછી ઉપાદાનભૂત પોતાના આત્માની આવિર્ભૂત નિર્મળદશાનું જ આલંબન લઈને પોતાના ક્રમિક ગુણોને પ્રગટ કરતો અને દોષોની હાનિ કરતો

આ જીવ ગુણોનો પ્રાગ્ભાવ (પ્રગટીકરણ) કરતો છતો સ્વરૂપની સાથે એકત્વવાળો બનીને સ્વરૂપાનુભવી થયો છતો તે ભાવમાં અતિશય લીન થઈને પોતાના આત્મામાં અનાદિકાળથી સત્તામાં પડેલો જે પૂજ્યસ્વભાવ છે. તેને પ્રગટ કરે છે.

એટલે હું જ (મારો આત્મા પણ) અનંતગુણી છું. મારો આત્મા જ પરમપૂજ્ય છે અનંતલબ્ધિનિધાન છે. આવું જ્ઞાન થયા પછી તે ગુણોની સત્તાનું પ્રગટીકરણ કરવાની મહેનત ચાલુ કરે છે. જેમ જેમ ગુણસંપત્તિ પ્રગટ થતી જાય છે. તેમ તેમ ક્ષાયિકભાવમાં આ જીવ આગળ વધે છે. કેવલજ્ઞાનાદિ ગુણો પ્રાપ્ત કરીને અયોગી - અશરીરી થઈને પોતાની શુદ્ધ દશાને પ્રાપ્ત કરે છે.

આ રીતે અરિહંતપ્રભુને ધ્યાનપૂર્વક પૂજવાથી પોતાના આત્માનો પૂજ્યસ્વભાવ આ આત્મા પ્રગટ કરે છે. ॥ ૫ ॥

• • •

**આપ અકર્તા સેવાથી હુવે રે, સેવક પૂરણસિદ્ધિ ॥**
**નિજધન ન દીએ પણ આશ્રિતલહે રે, અક્ષય અક્ષર રિદ્ધિ ॥૬॥**
**॥ પૂજના તો ॥**

**ગાથાર્થ :-** હે પરમાત્મા ! આપશ્રી પરજીવના ગુણો પ્રગટ કરવાના અકર્તા છો. તો પણ આપશ્રીની સેવાથી સેવક એવા જીવને પોતાના સંપૂર્ણગુણો પ્રગટ થવાની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. ભલે આપશ્રી આપના પોતાના ગુણો કોઈને આપતા નથી, તો પણ આપની સેવાથી આપનો આશ્રિત આત્મા પોતાની ક્યારેય ક્ષય ન પામે તેવી અને ક્યારેય ચાલી ન જાય તેવી ઋદ્ધિ સિદ્ધિ પામે છે. ॥ ૬ ॥

**વિવેચન :-** હે વીતરાગપ્રભુ ! તમે વીતરાગસ્વભાવ વાળા હોવાથી કોઈ પણ વ્યક્તિ પ્રત્યે મારાપણાના ભાવ રાખતા નથી

મારાપણાના ભાવવિનાના છો. તેથી પરજીવના મોક્ષભાવના અકર્તા છો. તમે પરના વ્યવહારમાં જોડાતા જ નથી. તો પણ હે પ્રભુ ? આપની સેવાથી સેવકની પોતાની પૂર્ણગુણોની સિદ્ધિ અવશ્ય થાય જ છે.

જો કે કોઈ પણ એક દ્રવ્ય પોતાના ગુણો બીજા દ્રવ્યને આપે નહીં, અને ગુણો પણ પોતાના દ્રવ્યને છોડીને બીજા દ્રવ્યમાં જાય નહીં કોઈ પણ એક દ્રવ્ય અન્ય દ્રવ્યના ગુણો પોતામાં ગ્રહણ કરે નહીં. સર્વે પણ દ્રવ્યો પોતપોતાના ગુણોના જ સ્વામી છે. તે માટે અરિહંત પરમાત્મા પણ પોતાના કેવલજ્ઞાનાદિ ગુણો સેવકજીવને આપતા નથી, આપી શકાતા પણ નથી.

પરંતુ અગ્નિના યોગે જલાદિ ઉષ્ણ થાય છે તેમ એટલે કે અગ્નિ પોતે પોતાની ઉષ્ણતા જલમાં આપતો નથી. જો આપતો હોય તો જલ જેમ જેમ ઉષ્ણ થાય તેમ તેમ અગ્નિ શીતલ થવો જોઈએ. પણ આમ બનતું નથી. તેથી અગ્નિ પોતે પોતાની ઉષ્ણતા જલને આપતો નથી. છતાં પણ અગ્નિના યોગે જલ પોતે પોતાની શીતલતા છોડીને ઉષ્ણતાને પામે છે. તેમ આ સેવક જીવ અરિહંતપ્રભુની સેવા પામીને પોતાના દોષોનો ક્ષય કરીને પોતાની અનાદિકાળથી દબાયેલી ગુણસંપત્તિ અવશ્ય પ્રાપ્ત કરે જ છે.

હે પરમાત્મા ! તમે પોતે પોતાની ધનસંપત્તિ અલ્પમાત્રાએ પણ પરને આપતા નથી. તો પણ અગ્નિના યોગે પાણી પોતે પોતાની શીતળતા ત્યજીને પોતે જ ઉષ્ણ બને છે તેમ આપશ્રીને આશ્રિત થયેલો એવો સેવકજીવ આપના સાનિધ્યમાત્રથી જ જે સંપત્તિનો ક્યારેય ક્ષય ન થાય તેવી અને અલ્પમાત્રાએ પણ ઓછી ન થઈ જાય તેવી પોતાની જ ગુણસંપત્તિને ઋદ્ધિ - સિદ્ધિને આ જીવ અવશ્ય પ્રાપ્ત કરે જ છે.

તમે પોતે પોતાના ગુણોના દાતા નથી. તો પણ આશ્રિત જીવ આપશ્રીના સાનિધ્યથી તેની પોતાની ગુણસંપત્તિને અવશ્ય પ્રગટ કરી

શકે છે. આ જ આપશ્રીનો મોટો ઉપકાર છે. આપશ્રીની ભક્તિ એ જ સેવકના પોતાના આત્માની ગુણસંપત્તિ પ્રગટ કરવાનો શ્રેષ્ઠ ઉપાય છે. ॥ ૬ ॥

• • •

**જિનવર પૂજા રે તે નિજપૂજના રે । પ્રગટે અન્વયશક્તિ ॥**
**પરમાનંદવિલાસી અનુભવે રે । દેવચંદ્ર પદ વ્યક્તિ ॥ ૭ ॥**
**॥ પૂજના તો ॥**

**ગાથાર્થ :-** જિનેશ્વર પરમાત્માની પૂજા કરવી તે પોતાની જ પૂજા છે. કારણ કે આમ કરવાથી જ પોતાના આત્મામાં અન્વયપણે સત્તામાં રહેલી અનંતગુણશક્તિ પ્રગટ થાય છે. તથા આમ કરવાથી જ આ આત્મા પરમ આનંદનો વિલાસી થયો છતો તેને અનુભવતાં અનુભવતાં દેવચંદ્રપદ (શુદ્ધદશા) પ્રગટ કરે છે. (ગર્ભિત રીતિએ **દેવચંદ્ર પદ** આ પદમાં કર્તાએ પોતાનું નામ સુચવ્યું છે.) ॥ ૭ ॥

**વિવેચન :-** જેમ દીપક પ્રકાશમય છે. તે પોતે કોઈ પણ જીવને પોતપોતાના કામમાં જોડાવાની પ્રેરણા કરતું નથી. પરનો કર્તા નથી તો પણ દીપકનો પ્રકાશ પ્રાપ્ત કરીને સર્વે પણ જીવો પોત પોતાના કાર્યમાં પ્રવૃત્તિમય બની જાય છે.

તેની જેમ વીતરાગપ્રભુ કોઈ પણ અન્યજીવના કર્તા - ભોક્તા નથી. તો પણ તે જિનેશ્વર પ્રભુની પૂજા કરતાં કરતાં આ આત્મા પોતાની પૂજ્યતા પ્રગટ કરે છે. કારણ કે આ આત્મામાં જ અનંતી અનંતી ગુણસંપત્તિ સત્તામાં પડેલી જ છે તેને જ પ્રભુની પૂજા દ્વારા પ્રગટ કરે છે.

એટલે પરમાત્માની પૂજા સેવક આત્માની પૂજ્યતાને પ્રગટ કરવામાં પરમ આલંબનભૂત છે. આ અનંત ગુણોની સંપત્તિ સેવકજીવમાં પોતામાં જ અન્વયશક્તિથી પડેલી જ છે, રહેલી જ

છે. માત્ર તેને પ્રગટ કરવામાં પ્રભુજીની ભક્તિ અસાધારણ નિમિત્તકારણ છે.

આ પ્રમાણે દેવોમાં ચંદ્રમા સમાન એવું જે આ આત્માનું પદ (સ્થાન) છે. તે પદ અરિહંતપરમાત્માની ભક્તિથી વ્યક્ત થાય છે. પ્રગટ થાય છે.

આ આત્માની પોતાની જે અનંતગુણશક્તિ છે જે કર્મોથી ઢંકાયેલી છે. તે અરિહંત પરમાત્માની ઉપાસનાથી કર્મોનો ક્ષય થતાં પ્રગટ થાય છે. તે માટે નિરંતર જિનેશ્વર પ્રભુની ભક્તિમાં જ લીન રહેવું. કારણ કે તે ભક્તિ જ પોતાની અનંતશક્તિની વ્યક્તતાનું અસાધારણ કારણ છે.

પરમાત્મા પરભાવના કર્તા નથી. પોતાની ગુણસંપત્તિ કોઈને આપતા નથી. કોઈ પણ એક દ્રવ્યના ગુણો બીજા દ્રવ્યમાં ટ્રાન્સફર થતા નથી. છતાં પણ અન્ય જીવદ્રવ્યના પોતાના ગુણો પ્રગટ કરવામાં પરમાત્મા (પરમાત્માની ભક્તિ) અસાધારણ નિમિત્તકકારણ અવશ્ય બને જ છે.

તે માટે હે આત્માર્થી જીવો ? તમે પોતે પોતાના ગુણો પ્રગટ કરવામાં પ્રબળ કારણભૂત એવાશ્રી અરિહંત પરમાત્માની પૂજના વિધિપૂર્વક કરો. સાંસારિક કોઈપણ ઇચ્છાઓ હૃદયમાંથી ત્યજીને નિરભિલાષપણે "આત્મગુણોની સંપત્તિ" સાધવાના જ માત્ર ધ્યેયથી આ પૂજા કરો.

અરિહંત પરમાત્માની પૂજા એ જ પોતાની ગુણસંપત્તિ પ્રગટ કરવાનો પરમમાં પરમ શ્રેષ્ઠ ઉપાય છે. ॥ ૭ ॥

(ગર્ભિત રીતિએ **દેવચંદ્ર પદ** વ્યક્તિ આ પદમાં કર્તાએ પોતાનું નામ સુચવ્યું છે.)

**બારમા શ્રી વાસુપૂજ્યસ્વામીનું સ્તવન સમાપ્ત થયું**

પૂજ્ય શ્રી દેવચંદ્રજી કૃત ચોવીશી એટલે ઊંડામાં ઊંડો અધ્યાત્મરસનો ખજાનો. પૂજ્યશ્રી ભક્તિમાર્ગમાં અતિશય લયલીન હતા. જેથી તેમના મુખે આ સ્તવનોમાં અદ્‌ભૂત વાણી પ્રગટ થઈ છે, જાણે ગાયા જ કરીએ...ગાયા જ કરીએ. તે કાળે ખાવા-પીવાનું વિગેરે તમામ કામો વીસરી જવાય તેવું કવિપણું અને ભાવોના ઉદ્‌ગારો આ સ્તવનોમાં ભર્યા છે.

મહાન પુણ્યોદયે આવી મહાત્માની મધુરી વાણી ગાવાની-સાંભળવાની અને સમજવાની તક મળી છે તેને જરા પણ ન વેડફીએ. ઉમદાભાવથી આ સ્તવનો ગાવામાં, અર્થ સમજવામાં અને બીજાને સમજાવવામાં ઘણો જ ઘણો પ્રયત્ન કરીએ, તેમાં જ આપણા માનવજીવનની સાર્થકતા છે.

ટાઇટલ પેજ ૧ ઉપર આપેલ પૂજ્યશ્રી દેવચંદ્રજી મહારાજની ચરણપાદુકા હરિપુરા અમદાવાદ મધ્યે આવેલ છે.

-ધીરજલાલ ડી. મહેતા

BHARAT GRAPHICS - Ahmedabad-1
Ph. : 079-22134176, M : 9925020106